ગુજરાતી

યુવકભારતી

ધોરણ-બાર

ભારતનું સંવિધાન

ભાગ ૪ ક

નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

અનુચ્છેદ ૫૧ ક

મૂળભૂત કર્તવ્ય – ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે –

(ક) દરેક નાગરિકે સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.

(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.

(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.

(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.

(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.

(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.

(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.

(જ) વૈજ્ઞાનિક દૃષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.

(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.

(ઞ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા-શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.

(ટ) ૬થી ૧૪ વય જૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી.

શાસન નિર્ણય ક્રમાંક : અભ્યાસ - ૨૧૧૬/(પ્ર.ક્ર.૪૩/૧૬) એસડી - ૪ દિનાંક ૨૫-૦૪-૨૦૧૬ અન્વયે સ્થાપિત થયેલ સમન્વય સમિતિની દિનાંક ૩૦-૦૧-૨૦૨૦ રોજની બેઠકમાં આ પાઠ્યપુસ્તક શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧થી નિર્ધારિત કરવાની માન્યતા આપવામાં આવી છે.

ગુજરાતી

યુવકભારતી

ધોરણ-બાર

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે - ૪૧૧ ૦૦૪.

તમારા સ્માર્ટફોનમાં DIKSHA App દ્વારા પાઠ્યપુસ્તકના પહેલા પાના પરના Q.R. Codeથી ડિજીટલ પાઠ્યપુસ્તક તથા અધ્યયન-અધ્યાપન માટે ઉપયોગી દૃશ્ય-શ્રાવ્ય સાહિત્ય ઉપલબ્ધ થશે.

N9D6E5

ઋણસ્વીકાર

પ્રસ્તુત પુસ્તકમાં જે જે રચયિતાઓની તથા કૉપીરાઈટ ધારકોની કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, તેમનો પાઠ્યપુસ્તક મંડળ વિશેષ આભાર માને છે. દરેક સંભવિત પ્રયત્નો કર્યા બાદ પણ કેટલાક સાહિત્યકારોના તથા કૉપીરાઈટ ધારકોના અનુમતિપત્ર પ્રાપ્ત થયા નથી. મંડળ તે દિશામાં કાર્યરત છે.

- પાઠ્યપુસ્તકમાં રાષ્ટ્રધ્વજની રંગછટામાં ફેરફાર પ્રશ્નપત્રની રૂપરેખા આધારિત છે.

પ્રથમાવૃત્તિ : ૨૦૨૦
પુનર્મુદ્રણ : ૨૦૨૨

© મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે - ૪૧૧ ૦૦૪.

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈપણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.

ગુજરાતી ભાષા વિષય સમિતિ
ડૉ. મધુબેન સંપટ
શ્રી. છોટુભાઈ બી. પટેલ
ડૉ. દક્ષા બિપીન માવદિયા
શ્રીમતી દીપ્તિબેન બુચ
શ્રીમતી હેમાબેન નાયર
શ્રીમતી હીનાબેન પરમાર
શ્રીમતી સપનાબેન ધકાણ
શ્રીમતી ધર્મિકા ધીરેન દોશી
શ્રી. ધીરેન મનસુખલાલ દોશી
શ્રીમતી કેતકી નિતેશ જાની, સદસ્ય-સંયોજક

સંયોજન પ્રમુખ
શ્રીમતી કેતકી નિતેશ જાની
વિશેષાધિકારી, ગુજરાતી વિભાગ
પાઠ્યપુસ્તક મંડળ, પુણે -૪૧૧ ૦૦૪.

મુખપૃષ્ઠ
શ્રી. વિવેકાનંદ પાટીલ

ચિત્ર
શ્રી. સંજયભાઈ પટેલ

ડિઝાઇન-ટાઈપસેટિંગ
સમર્થ ગ્રાફિક્સ,
૫૨૨, નારાયણ પેઠ, પુણે-૪૧૧ ૦૩૦.

નિર્મિતિ
શ્રી. સચ્ચિદાનંદ આફળે
મુખ્ય નિર્મિતિ અધિકારી

શ્રી. રાજેંદ્ર ચિંદરકર
નિર્મિતિ અધિકારી

શ્રી. રાજેંદ્ર પાંડલોસકર
સહાયક નિર્મિતિ અધિકારી

કાગળ
70 GSM Creamwove

મુદ્રણાદેશ
123

મુદ્રક
ABC
A

પ્રકાશક
શ્રી. વિવેક ગોસાવી, નિયંત્રક
પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ,
પ્રભાદેવી, મુંબઈ - ૪૦૦ ૦૨૫.

ભારતનું સંવિધાન

આમુખ

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો

તથા તેના સર્વ નાગરિકોને :

સામાજિક, આર્થિક અને રાજકીય ....ન્યાય

વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,

ધર્મ અને ઉપાસનાની ....સ્વતંત્રતા

દરજ્જા અને તકની ....સમાનતા

પ્રાપ્ત થાય તેમ કરવાનો

અને તેઓ સર્વમાં

વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની

એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી ....બંધુતા

વિકસાવવાનો

ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

અમારી સંવિધાનસભામાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ આથી આ સંવિધાન અપનાવી, તેને અધિનિયમિત કરી અમને પોતાને અર્પિત કરીએ છીએ.

રાષ્ટ્રગીત

જનગણમન – અધિનાયક જય હે
ભારત – ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જયગાથા.
જનગણ મંગલદાયક જય હે,
ભારત – ભાગ્યવિધાતા.
જય હે, જય હે, જય હે,
જય જય જય, જય હે.

પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

પ્રસ્તાવના

પ્રિય વિદ્યાર્થીમિત્રો,

ધો-૧૨માં આપનું સ્વાગત છે. ગુજરાતી યુવકભારતી આ પાઠ્યપુસ્તક આપના હાથમાં મૂકતાં અમે આનંદ અનુભવીએ છીએ.

ભાષા એ માનવીની એક વિશેષતા છે. ભાષાના ઉપયોગથી જ માનવે જગતના જીવોમાં અનન્ય સ્થાન પ્રાપ્ત કર્યું છે. માણસની બૌદ્ધિક, સામાજિક, સાંસ્કૃતિક પ્રગતિમાં ભાષાનો મોટો ફાળો છે. માટે જ તમારે પ્રસ્તુત પાઠ્યપુસ્તક 'ગુજરાતી યુવકભારતી'નો અભ્યાસ એક વિષય તરીકે નહીં પણ ભાષાની દૃષ્ટિએ કરવો જોઈએ.

પ્રસ્તુત પાઠ્યપુસ્તક રાષ્ટ્રીય શિક્ષણ નીતિને અનુસરીને તૈયાર કરવામાં આવ્યું છે. સાથે જ ભાષિક કૌશલ્યો તથા ધો.૧૨ માટેના અપેક્ષિત ક્ષમતા વિધાનોને પણ ધ્યાનમાં રખાયાં છે. આ પાઠ્યપુસ્તકમાં બોધાત્મક, ગુણાત્મક, જ્ઞાનાત્મક, લાગણી સભર કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે તમારા વૈજ્ઞાનિક, સામાજિક અને બૌદ્ધિક દૃષ્ટિકોણના વિકાસમાં સહાયક સિદ્ધ થશે.

આ પાઠ્યપુસ્તકના માધ્યમથી તમે વિવિધ સાહિત્યપ્રકારો તો શીખશો જ સાથેસાથે જુદાજુદા સાહિત્યકારોની જુદીજુદી લેખનશૈલીનો પણ તમને પરિચય થશે. આ પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ રચનાઓના અભ્યાસથી તમારો શબ્દભંડોળ તો સમૃદ્ધ થશે જ સાથેસાથે તમે માનવીય સંવેદના, પ્રાણીપ્રેમ, વિપરિત પરિસ્થિતિનો સામનો, પર્યાવરણનું સંવર્ધન, પ્રકૃતિપ્રેમ, માતૃપ્રેમ, સકારાત્મક દૃષ્ટિકોણ, વાંચનરુચિ જેવાં મૂલ્યો પણ આત્મસાત્ કરી શકશો. જીવનમાં આવતા પડકારોનો હિંમતથી સામનો કરવાની પ્રેરણા અને જોશ મળશે. વિશેષ સાહિત્યપ્રકાર વિભાગમાં 'ટૂંકી વાર્તા'નો સમાવેશ કરવામાં આવ્યો છે. વાર્તા તો તમને સૌને ગમે જ છે. અહીં ટૂંકી વાર્તાના સાહિત્યસ્વરૂપની વિશેષતા જાણવાની સાથેસાથે આપેલી વાર્તાનો આસ્વાદ પણ માણી શકશો.

ઉચ્ચ માધ્યમિક સ્તરે ધો.૧૨માં ગુજરાતી વિષયનું મૂલ્યમાપન કૃતિપત્રિકાના માધ્યમથી કરવામાં આવશે. કૃતિપત્રિકામાં આપવામાં આવતી કૃતિઓને ઉકેલવા માટે પાઠ્યપુસ્તકમાં દરેક કૃતિ પછી આપવામાં આવેલા સ્વાધ્યાય તમને મદદરૂપ થશે. સ્વાધ્યાયમાં આપેલી વિવિધ કૃતિઓ તમારી શબ્દસમૃદ્ધિ વધારશે તથા તમારી આકલન શક્તિ, તાર્કિક વિચારશક્તિ, સ્વમત અભિવ્યક્તિને પણ ખીલવશે. સરળ પદ્ધતિથી આપેલું વ્યાકરણ તમારા ભાષાભ્યાસને વધુ દૃઢ બનાવશે. રૂઢિપ્રયોગ, કહેવતો, શબ્દસમૂહો, ઉપમાઓ, વિશેષણો, ઉચ્ચાર સામ્ય – અર્થભેદવાળા શબ્દો તમને 'શબ્દકોશ' તરફ વાળશે. 'વિશેષ વાંચન' દ્વારા તમારી વાંચનકળા ખીલશે. લેખન કૌશલ્ય વિભાગમાં સમાવિષ્ટ અરજી લેખન, મુલાકાત, વક્તવ્ય, માહિતી રૂપાંતરણ, સ્વસર્જન, જેવા ઘટકો દ્વારા તમારી લેખન રુચિ તો વધશે જ સાથે સાથે તમને ભાષાભ્યાસને વ્યાવહારિક, વ્યાવસાયિક જીવન સાથે સાંકળવામાં પણ સહાયક થશે. પુસ્તકમાં સમાવિષ્ટ પ્રકલ્પો તમારી કલ્પનાશક્તિને વેગ આપશે. 'ચિત્રવર્ણન' તમારી સમજણશક્તિ અને વર્ણન ક્ષમતા વિકસાવશે. આ પાઠ્યપુસ્તક તમને જાતે નવું લખવા તથા બોલવાની તક આપશે. તો 'સાહિત્ય ઝરૂખો' સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીમાં સહાયક સિદ્ધ થશે.

પુસ્તકમાં સમાવિષ્ટ કૃતિઓ દ્વારા તમે કૉમ્પ્યૂટર અને ઇન્ટરનેટનો રચનાત્મક ઉપયોગ કરવા પ્રેરાશો. 'એપ'ના માધ્યમથી ક્યૂ.આર. કોડ દ્વારા આપને વિશેષ સાહિત્ય ઉપલબ્ધ થશે જે તમને ચોક્કસ ઉપયોગી થશે. પાઠ્યપુસ્તકના અધ્યયન દ્વારા આપ સૌ વર્ષાંતે ચોક્કસ અપેક્ષિત ક્ષમતાઓ સાધ્ય કરશો એવી ખાતરી છે. આપનાં સૂચનો અને પ્રતિભાવોનું સ્વાગત છે. આપ સર્વને શુભેચ્છા !

(વિવેક ગોસાવી)
કાર્યકારી સંચાલક
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ
અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

પુણે
તા. : ૨૧-૦૨-૨૦૨૦
ભારતીય સૌર દિનાંક : ૨ ફાગણ, ૧૯૪૧

અપેક્ષિત અધ્યયન ક્ષમતા વિધાનો

- ભાષાના લયમાધુર્ય અને નાદમાધુર્યનો આનંદ માણે.
- વિવિધ સાહિત્યપ્રકારોનું (પ્રભાતિયું, સૉનેટ, હાઈકુ, શૌર્યગીત, પ્રવાસવર્ણન, નાટક, ટૂંકીવાર્તા) શ્રવણ કરી આનંદ મેળવે.
- વિવિધ પ્રસારમાધ્યમોમાં પ્રસારિત થતાં ચર્ચા, સંવાદ વિશે પોતાનો મત વ્યક્ત કરતા આવડે.
- સાર્વજનિક સ્થળોએ આપવામાં આવતી સૂચનામાંથી પોતાના સંદર્ભે સંબંધિત સૂચના ધ્યાનમાં લે.
- ઇન્ટરનેટ પરની લિંક્સ, ક્યૂ.આર. કોડ, વીડિયો, યુ-ટ્યૂબ, પ્રસારમાધ્યમો, જેવા દશ્યશ્રાવ્ય માધ્યમોના ઉપયોગથી અપેક્ષિત અધ્યયન પૂરક સંદર્ભ વિકસિત કરે.
- વિષયને અનુરૂપ પોતાના વિચારો સ્પષ્ટ રીતે રજૂ કરે.
- પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ ઘટકોની રજૂઆત કરે.
- સાહિત્યપ્રકારોની વિશિષ્ટતાનું વર્ણન કરે.
- વર્ગમાં આયોજિત ચર્ચા, પરિસંવાદમાં ભાગ લઈ યોગ્ય તર્ક રજૂ કરે.
- ભાષણ-સંભાષણ કૌશલ્યને આત્મસાત કરી પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરે.
- નિબંધ, અરજીપત્ર, અનુવાદિત કૃતિ, મુલાકાત, જેવી સાહિત્યકૃતિઓનું વાંચન કરે.
- પાઠ્યપુસ્તકમાં આપેલ કૃતિની મૂળ સાહિત્યકૃતિનું તથા તેની સાથે સંબંધિત સંદર્ભ સાહિત્યનું વાંચન કરે.
- ઇન્ટરનેટ પર ઉપલબ્ધ ઈ-બુક્સ, ઈ-ન્યૂઝ અને ઈ-સાહિત્ય તથા તેની સાથે સંબંધિત સંદર્ભ સાહિત્ય શોધીને વાંચન કરે.
- સ્પર્ધા પરીક્ષાની તૈયારી માટે ભાષા વિષય સંબંધિત ઉપયોગી ઘટકોનું વાંચન કરે.
- સાહિત્યનું વાંચન કરી આસ્વાદ મેળવે.
- કૃતિના આશય, મુખ્ય વિચાર બાબતે પોતાનો મત, પોતાના શબ્દોમાં લખે.
- નિરીક્ષણ, અનુભવને લેખિત સ્વરૂપે વ્યક્ત કરી શકે.
- મુલાકાત લેવા માટે પ્રશ્નો તૈયાર કરતાં આવડે.
- અરજીલેખન કરતાં આવડે.
- વક્તવ્ય તૈયાર કરતાં આવડે.
- આપેલી માહિતીનું રૂપાંતરણ કરી કોષ્ટક, ચાર્ટના રૂપમાં રજૂ કરતાં આવડે.
- સંદર્ભ માટે કોશનો ઉપયોગ કરતા આવડે.
- વિવિધ સામાજિક બાબતોનું આકલન કરી તે વિશે પોતાના વિચારો સ્પષ્ટ રીતે વ્યક્ત કરે.
- ઇન્ટરનેટની મદદથી વ્યવહાર કરતા આવડે.
- સંગણક પર ઉપલબ્ધ વિવિધ શૈક્ષણિક એપ્લિકેશન્સનો કૃતિયુક્ત ઉપયોગ કરતાં આવડે.
- વિવિધ ભાષા શીખવાની જિજ્ઞાસા નિર્માણ થાય.
- પ્રસારમાધ્યમોનો જવાબદારીપૂર્વક યોગ્ય ઉપયોગ કરવા બાબત સજાગ બને.
- અલંકાર, નવરસ શીખે અને તેનો ઉપયોગ કરતાં આવડે.
- ઉચ્ચારસામ્ય - અર્થભેદવાળા શબ્દો શીખે.
- સમાન અર્થ ધરાવતી અને વિરોધી અર્થ ધરાવતી કહેવતો જાણે.

શિક્ષક સાથે સંવાદ

શિક્ષકમિત્રો,

ગુજરાતી યુવકભારતી ધોરણ-બારનું આ પાઠ્યપુસ્તક અધ્યયન-અધ્યાપન માટે, આપને સોંપતા આનંદ અનુભવીએ છીએ.

મિત્રો, આપ સૌ જાણો જ છો કે હાલમાં આપણે શિક્ષણ માટે ક્ષમતા કેન્દ્રી અભિગમ અપનાવ્યો છે. આમાં શિક્ષણનું લક્ષ્ય કેવળ વિષયવસ્તુ પીરસી દેવી કે ભણાવી દેવી તે ન રહેતાં વિદ્યાર્થીઓમાં અપેક્ષિત ક્ષમતાઓ વિકસાવવી તે છે. માટે જ પ્રસ્તુત પાઠ્યપુસ્તકની રચના કરતી વખતે ધોરણ બાર ગુજરાતી ભાષા વિષયના ઉદ્દેશોને, ક્ષમતા વિધાનોને નજર સામે રાખવામાં આવ્યાં છે. આપના અને વિદ્યાર્થી તથા વાલીના સંદર્ભ માટે પાઠ્યપુસ્તકની શરૂઆતમાં જ આ ક્ષમતા વિધાનો આપવામાં આવ્યાં છે. વર્તમાન સમય સાથે સુસંગત, આજના વિદ્યાર્થીઓના ભાવવિશ્વને અનુરૂપ તથા કૃતિયુક્ત અધ્યયન-અધ્યાપન દ્વારા વિદ્યાર્થીઓની આકલનક્ષમતા, શબ્દભંડોળ, સ્વમત અભિવ્યક્તિ વિકસિત થાય એ દૃષ્ટિકોણથી પ્રસ્તુત પાઠ્યપુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. પાઠ્યપુસ્તકમાં વિદ્યાર્થીઓના ભાષિક કૌશલ્યને વધારે તેવા ગદ્ય, પદ્ય, ઉપક્રમ , પ્રકલ્પ, સ્વાધ્યાય તથા આશય અનુરૂપ ચિત્રો જેવા અનેક ઘટકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. નિશ્ચિત, મર્યાદિત સંખ્યામાં જ ગદ્ય-પદ્ય લેવાનાં હોવાથી કેટલીક દીર્ઘકૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં આવેલા અઘરા શબ્દોના અર્થ પરિશિષ્ટમાં આપવામાં આવ્યા છે.

પદ્ય-ગદ્યનું અધ્યાપન કરાવતી વખતે 'માર્ગદર્શક સ્તંભ'માં આપેલા મુદ્દાઓનો ઉપયોગ કરી શકાય. એ સિવાય પણ આપની કલ્પનાશક્તિ અને અનુભવનો ઉપયોગ કરી એ કૃતિમાંથી વ્યક્ત થતો સંદેશ, મૂલ્ય, કૃતિનો મુખ્ય સાર, વ્યક્ત થતી માનવીય સંવેદનાઓ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા; કૃતિના અધ્યાપન દરમ્યાન વિદ્યાર્થીઓને પણ સતત સક્રિય રાખવા, સહભાગી કરવા, કૃતિ નીચે મૂકેલા સ્વાધ્યાય ઉકેલતી વખતે તમારે માર્ગદર્શકની ભૂમિકા ભજવવાની છે. વ્યાકરણ વિષયક પ્રશ્નો વિદ્યાર્થીઓ સરળતાથી ઉકેલી શકે તે માટે અત્યાર સુધી શીખી ગયેલા વ્યાકરણ ઘટકોનું પુનરાવર્તન કરાવવું. શબ્દોના અર્થ શોધવા માટે વિદ્યાર્થીઓને શબ્દકોશનો ઉપયોગ કરવા પ્રેરિત કરવા. વર્ગમાં પ્રશ્નોત્તરી, ચર્ચા દ્વારા વિદ્યાર્થીઓને સ્વમતવિષયક પ્રશ્નોના ઉત્તર આપવામાં સહાયકની ભૂમિકા ભજવી શકાય. દરેક કૃતિ પછી આપેલ સંભાષણ વિષયક પ્રશ્નો, પ્રકલ્પ, ઉપક્રમ, વિશેષવાંચન તથા દરેક કૃતિના અંતે આપેલા સુભાષિત પણ અપેક્ષિત ક્ષમતા વિધાન પર આધારિત છે. આથી તે બધાં માટે પણ યોગ્ય સમય ફાળવી, પોતાના માર્ગદર્શનમાં જ કરાવવા અપેક્ષિત છે. પાઠ્યપુસ્તકમાં પદ્ય-ગદ્યની મર્યાદિત સંખ્યા તમને દરેક કૃતિને પૂરતો સમય ફાળવવામાં મદદરૂપ થશે. આ પાઠ્યપુસ્તકમાં આપવામાં આવેલા સાહિત્ય પ્રકાર વિભાગમાં ટૂંકી વાર્તાના સ્વરૂપ વિશે પ્રાથમિક પરિચય આપ્યા બાદ રસપ્રદ વાર્તાઓ પણ આપવામાં આવી છે. આજના સ્પર્ધાત્મક યુગમાં વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તે માટે 'સાહિત્ય ઝરૂખો' વિભાગ આપવામાં આવ્યો છે. પાઠ્યપુસ્તકમાં વ્યાકરણ ખૂબ સરળ રીતે રજૂ કરાયું છે. વિદ્યાર્થીઓ પણ સરળતાથી એ ઘટકોને અભ્યાસી શકે તેવી કૃતિઓ તૈયાર કરી તેમને પૂરતો મહાવરો આપવો. લેખનકૌશલ્ય વિભાગ વિદ્યાર્થીઓ માટે તદ્દન નવો છે. ખૂબ સંક્ષેપમાં, મુદ્દાસર રીતે એ ઘટકોનો પરિચય પુસ્તકમાં અપાયો છે. પરંતુ, એ ઘટકોના અધ્યાપન વખતે આવશ્યકતા જણાય ત્યાં વધુ માહિતી પૂરી પાડી શકાય. લેખનકૌશલ્ય વિભાગ વિદ્યાર્થીઓને વ્યાવસાયિક દૃષ્ટિકોણથી મદદરૂપ થાય તે માટે ખૂબ સહજતાથી, તેના વિવિધ પાસાઓ વિશે ચર્ચા કરી પૂરતો મહાવરો કરાવવો અપેક્ષિત છે. સમગ્ર પાઠ્યપુસ્તકના અધ્યાપન દરમિયાન વિદ્યાર્થીઓની નિરીક્ષણ ક્ષમતા, વિચારક્ષમતા, કૃતિશીલતા વધે તેનું ધ્યાન રાખવું અપેક્ષિત છે. આધુનિક તંત્રજ્ઞાનનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને વિશેષ સંદર્ભ પૂરો પાડી શકાય.

પ્રસ્તુત પાઠ્યપુસ્તક આપ સૌ સહર્ષ આવકારશો, તેવી ચોક્કસ ખાતરી છે. અસ્તુ !

અનુક્રમણિકા

ક્રમ	કૃતિ	સર્જક	પૃષ્ઠ ક્ર.
	પદ્ય વિભાગ		
૧.	જે ગમે જગતગુરુ દેવ જગદીશને	નરસિંહ મહેતા	૧
	★ ઉપક્રમ		૪
૨.	ચિત્રલેખાનું સખીકૃત્ય	પ્રેમાનંદ	૫
	★ વિશેષ વાંચન - બીક ના બતાવો !	અનિલ જોશી	૧૦
૩.	ના હઠવું	નર્મદ	૧૧
	★ વિશેષ વાંચન - વિસામો	વેણીભાઈ પુરોહિત	૧૪
૪.	તીર્થોત્તમ	બાલમુકુંદ દવે	૧૫
	★ ચિત્રવર્ણન		૧૮
૫.	પહેલો વરસાદ	હરીન્દ્ર દવે	૧૯
	★ વિશેષ વાંચન -ફૂલોના ગાલમાં ખંજન	ચંદ્રેશ મકવાણા 'નારાજ'	૨૨
૬.	હાઈકુ	ઝીણાભાઈ રતનજી દેસાઈ	૨૩
	★ વિશેષ વાંચન -મુક્તકો	ડૉ. એસ. એસ. રાહી	૨૬
	ગદ્ય વિભાગ		
૧.	હરદ્વાર	સ્વામી આનંદ	૨૭
	★ ચિત્રવર્ણન		૩૬
૨.	સોયનું નાકું	જયંતિ દલાલ	૩૮
	★ વિશેષ વાંચન- કચરાનું વ્યવસ્થાપન		૫૧
૩.	પત્રવ્યવહાર	શિરિષ પંચાલ	૫૨
	★ અપઠિત ગદ્યાંશ		૫૮
૪.	લીમડો ઝૂકે લેલૂંબ રે	સ્વાતિ મેઢ	૫૯
	★ વિશેષ વાંચન - પિતા...		૬૫
૫.	દીપા મલિક - કંઈજ અશક્ય નથી !	પ્રફુલ શાહ	૬૬
	★ અપઠિત ગદ્યાંશ		૭૨
૬.	હું લક્ષ્મી...	કિશોર ગૌડ	૭૩
	★ વિશેષ વાંચન - મીંદડી	ઈજ્જતકુમાર ત્રિવેદી	૭૯
●	સાહિત્ય પ્રકાર - ટૂંકીવાર્તા		૮૦
	૧. અંજળપાણી	પીતામ્બર પટેલ	૮૨
	૨. શહીદનો દીકરો	મોહનલાલ પટેલ	૮૭
	૩. સરપ્રાઈઝ	કનુ અડાસી	૯૪
	૪. બૅન્ક બૅલેન્સ	ધર્મેન્દ્રસિંહ રાઠોડ	૧૦૧
●	સાહિત્ય ઝરૂખો		૧૦૩
●	વ્યાકરણ		૧૦૫
●	લેખનકૌશલ્ય ★ અરજીપત્ર લેખન		૧૧૫
	★ મુલાકાત/સાક્ષાત્કાર		૧૧૭
	★ વક્તવ્ય		૧૧૮
	★ માહિતી રૂપાંતરણ		૧૧૯
	★ સ્વ-સર્જન		૧૨૧
●	પરિશિષ્ટ		૧૨૪

પદ્ય વિભાગ

૧. જે ગમે જગતગુરુ દેવ જગદીશને

નરસિંહ મહેતા

ગુજરાતી સાહિત્યના આદિકવિ નરસિંહ મહેતાનો જન્મ પંદરમા શતકમાં ભાવનગરના તળાજા ગામમાં થયો હતો. પંદરમા શતકમાં ભારતમાં શરૂ થયેલા ભક્તિ આંદોલનનો રંગ ગુજરાતને લગાડનારા નરસિંહ મહેતાનાં પદોમાં આકર્ષક ભાવવિશ્વ, વાણીનું માધુર્ય, રમ્ય અને ભવ્ય કલ્પનાશક્તિ, ગહન-તત્ત્વ દૃષ્ટિ તથા જ્ઞાન-ભક્તિ અને વૈરાગ્યનો ત્રિવેણી સંગમ જોવા મળે છે. ઝૂલણા છંદમાં લખાયેલાં તેમનાં પ્રભાતિયાં આજે પણ ઘરે ઘરે ગવાય છે. 'શામળશાનો વિવાહ', 'શ્રાદ્ધ', 'હૂંડી', 'કુંવરબાઈનું મામેરું', 'ચાતુરીઓ' તેમની પ્રખ્યાત કૃતિઓ છે.

સૂર કૃતિનો

પ્રસ્તુત પ્રભાતિયામાં કવિએ 'ધાર્યું તો ધણીનું થાય'ના ભાવને ઉદાહરણસહિત રજૂ કર્યો છે. કવિના મતે આ સમગ્ર સૃષ્ટિના રચયિતા અને નિયંતા ઈશ્વર જ છે. માટે મનુષ્યે કર્તા ભાવ લાવી અહમ્ રાખવો યોગ્ય નથી. ગાડાની નીચે ચાલી રહેલું કૂતરું જો એમ વિચારે કે આ ગાડું હું જ ખેંચી રહ્યો છું તો એક મિથ્યાભિમાન છે. તે જ રીતે 'ઈશ્વરેચ્છા મહાબલવાન' માની જે વસ્તુ કે ઘટના મનુષ્યના હાથમાં નથી તેનો વ્યર્થ શોક કરવો કે ચિંતા કરવી નહીં. જો માનવનું ધાર્યું થઈ શકતું હોત તો માણસ પોતાના બધા શત્રુઓને મારી નાખી માત્ર પોતાના મિત્રોને જ જીવાડત. આ સૃષ્ટિમાં કોઈ દુઃખી ન હોત, અમીર-ગરીબનો ભેદ જ જોવા ન મળત કારણ કે બધા જ અમીર બની જાત. દરેકના ઘર પર છત્ર હોત. કવિના મતાનુસાર જે રીતે ઋતુ અનુસાર જ ફળ આવે છે તે રીતે જેના નસીબમાં જે સમયે જે થવાનું લખ્યું હોય તે થઈને જ રહે છે. આજે અવકાશને આંબી ગયેલો માનવી પણ જન્મ-મૃત્યુ, કુદરતી આપદા જેવી અનેક બાબતોમાં હજી પણ લાચાર છે. માટે કવિ ઈશ્વરના સર્વોપરીપણાને સ્વીકારી કૃષ્ણભક્તિમાં લીન બનવાનો બોધ આપે છે. 'હરિના જન તો મુક્તિ ન માગે, માગે જન્મોજન્મ અવતાર રે...' ગાનાર નરસિંહ મહેતા આ પ્રભાતિયામાં પણ દરેક જન્મમાં કૃષ્ણભક્તિની ખેવના રાખે છે.



જે ગમે જગતગુરુ દેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો; (ટેક)
આપણો ચિંતવ્યો અર્થ કંઈ નવ સરે, ઊગરે એ જ ઉદ્વેગ ધરવો.
'હું કરું હું કરું', એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે;
સૃષ્ટિમંડાણ છે સર્વ એણી પેરે, જોગી જોગેશ્વરા કોઈક જાણે. - જે.
નીપજે નરથી તો કોઈ નવ રહે દુઃખી, શત્રુ મારીને સૌ મિત્ર રાખે;
રાય ને રંક કોઈ દૃષ્ટે આવે નહીં, ભવન ભવન પર છત્ર દાખે. - જે.
ઋતુ લતા-પત્ર-ફળ-ફૂલ આપે યથા, માનવી મૂર્ખ મન વ્યર્થ શોચે,
જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું, તેહને તે સમે તે જ પહોંચે. - જે.
સુખ સંસારી મિથ્યા કરી માનજો, કૃષ્ણ વિના બીજું સર્વ કાચું,
જુગલ કર જોડી કરી નરસૈંયો એમ કહે : જન્મ-પ્રતિજન્મ હરિને જ જાચું. - જે.

માર્ગદર્શક સ્તંભ

આ કૃતિનું અધ્યાપન કરાવતાં પહેલાં વિદ્યાર્થીઓને ગુજરાતી સંત સાહિત્યથી પરિચિત કરાવી શકાય. તેમને નરસિંહ મહેતાના જીવનના પ્રસંગોથી માહિતગાર કરાવી શકાય. પ્રભાતિયાના સાહિત્ય પ્રકાર વિશે પણ સમજૂતી આપી શકાય. આ પ્રભાતિયાનું વર્ગમાં સમૂહગાન કરાવી શકાય. આ પ્રભાતિયાના મુખ્ય ભાવો 'હું જ બધું કરું છું એવું મિથ્યાભિમાન ટાળવું' અને 'જે સંજોગો પર આપણો કોઈ વશ નથી તેનો અફસોસ કે ચિંતા ન કરવાં'ને ઉદાહરણસહિત ચર્ચી વિદ્યાર્થીઓમાં દૃઢ કરવા. સાથે જ કાળા માથાનો માનવી ધારે તે બધું જ કરી શકે છે. જે પણ પ્રાકૃતિક હોનારતો, ઘટના, પ્રસંગો માનવ ટાળી નથી શકતો તેનાથી પણ તે હારતો નથી. કમર કસી, સખત પુરુષાર્થથી પાછો ઊભો થાય છે અને આગળ વધે છે તે પણ સમજાવવું.

સ્વાધ્યાય

(અ) ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.

(૧) નસીબ (૨) ચિંતા (૩) ગાડું (૪) મકાન

(૫) ખોટું (૬) વેલ (૭) જોડું (૮) પસ્તાવો

૨. ઉદાહરણ મુજબ એક શબ્દના અનેક અર્થ લખો :

(૧) પત્ર - ચિઠ્ઠી, પાંદડું, છાપું (૨) ફળ (૩) નવ (૪) અર્થ

(૫) કર (૬) ભાર (૭) કાચું (૮) છત્ર

૩. નીચેના તળપદા શબ્દો માટે માન્ય ભાષાના શબ્દો લખો :

(૧) તણો (૨) સમે (૩) એણી પેરે (૪) દાખે

૪. કૌંસમાંથી શોધી યોગ્ય અર્થ લખો. (બચે, મળે, ખેંચે, શોક કરે)

(૧) તાણે - (૨) શોચે - (૩) ઊગરે - (૪) પહોંચે -

(આ) ૧. મને ઓળખો :

(૧) બધું મારી ઇચ્છાથી જ થાય છે. -

(૨) સૃષ્ટિનું વાસ્તવિક સત્ય અમે જાણીએ છીએ. -

(૩) લોકો મને મારીને મિત્રને રાખે છે. -

(૪) મારા વિના બધું વ્યર્થ છે. -

(૫) હું દરેક જન્મે હરિને જ યાચું છું. -

(૬) હું ગાડાના વહનનો વહેમ રાખું છું. -

(૭) હું કર્તાપણાનું મિથ્યાભિમાન રાખું છું. -

૨. આકૃતિબંધ પૂર્ણ કરો :

(૧) ઋતુ અનુસાર આવે

(૨) મનુષ્યની ઇચ્છા મુજબ બધું થાય તો

૩. કાવ્યના આધારે લખો :

(૧) કવિ મિથ્યા માનવા કહે છે -

(૨) જે પ્રભુને ગમે તેનો ન કરાય -

(૩) કૃષ્ણ વિના બધું છે -

(૪) કવિ દરેક જન્મે માંગે છે -

(૫) જુગલ કર જોડે છે -

૪. નીચેના અર્થ દર્શાવતી પંક્તિ લખો :

(૧) સમયથી પહેલાં અને નસીબથી વધારે કોઈને કંઈ નથી મળતું. -

(૨) ચિંતા કરવાનો કોઈ અર્થ નથી. -

(૩) ગાડા નીચે ચાલતો કૂતરો માને છે કે ગાડું તે ખેંચે છે. -

(૪) દરેક જન્મે પ્રભુને જ મેળવવા માંગું છું. -

(૫) સંસારનાં સુખો સઘળાં ખોટાં જાણવાં. -

(ઇ) ૧. કાવ્યમાં આવેલા વર્ણાનુપ્રાસ , શબ્દાનુપ્રાસ, અંત્યાનુપ્રાસ અલંકારનાં દષ્ટાંત લખો.

૨. સંધિ છોડો :

(૧) જગદીશ (૨) જોગીશ્વર (૩) સંસાર (૪) વ્યર્થ

૩. સમાસનો વિગ્રહ કરી પ્રકાર લખો :

(૧) જગતગુરુ (૨) વ્યર્થ (૩) ફળફૂલ (૪) સૃષ્ટિમંડાણ

૪. નીચેની પંક્તિઓમાં સમાવિષ્ટ રસ ઓળખો.

(૧) મને જુદ્ધે ચડવાના કોડ રે બાળારાજા રે...

(૨) આખરે મળી પ્રભુનાં ચરણોમાં પરમ શાંતિ.

(૩) સુસવાટા મારતા પવનથી અથડાતી બારીઓ...
વીજળી ગુલ અને બળતી માત્ર એક મીણબત્તી

(૪) મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે.

(ઈ) ૧. આ કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.

૨. કાવ્યપંક્તિ સમજાવો – 'હું કરું હું કરું' એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે.

૩. 'ઈશ્વર ઇચ્છા બળવાન, નહીં માનવ બળવાન' વિશે તમારો મત જણાવો.

(ઉ) ૧. 'આજે પણ પ્રકૃતિ પાસે માનવ પાંગળો છે.' વિષય પર વર્ગમાં સમૂહ ચર્ચા કરો.

૨. ઇન્ટરનેટ પરથી/ગ્રંથાલયમાંથી નરસિંહ મહેતાનાં અન્ય પદ/પ્રભાતિયાં મેળવી તેનો વર્ગમાં રસાસ્વાદ કરાવો.

(ઊ) ગુજરાતી સંતસાહિત્ય વિશે માહિતી મેળવી ઉપક્રમ તૈયાર કરો.

ઉપક્રમ

- છેલ્લે 'રણ' આવે તેવા ત્રણ, ચાર અને પાંચ અક્ષરના શબ્દ લખી 'રણ'નું તોરણ પૂરું કરો.



- આપેલા શબ્દમાંથી એક અક્ષર બદલી નવો અક્ષર બનાવો નવા બનેલા શબ્દમાંથી પણ એક શબ્દ બદલી નવો શબ્દ બનાવો.

દા.ત. ૧. સુંદર – આદર – આદત – આફત – મફત

૨. વિવાદ –

૩. ક્ષમતા –

૪. ચાકર –

૫. સંદેશ –

૬. લખાણ –

ભણતાં પંડિત નીપજે, લખતા લહિયો થાય,
ચાર ચાર ગાઉ ચાલતા, લાંબો પંથ કપાય. – દલપતરામ

૨. ચિત્રલેખાનું સખીકૃત્ય

પ્રેમાનંદ

'કવિ શિરોમણિ' પ્રેમાનંદ ગુજરાતી ભાષાના ઉત્તમ આખ્યાનકાર અને માણભટ્ટ તરીકે ઓળખાય છે. પ્રેમાનંદનાં જીવન અને સમય વિશે મતમતાંતર પ્રવર્તે છે. પ્રેમાનંદે તેમનાં આખ્યાનો દ્વારા પ્રજાના સંસ્કારોને પોષવાની મહત્ત્વની કામગીરી બજાવી છે. પ્રેમાનંદ તેમનાં આખ્યાનોમાં પાત્રપ્રસંગોને ચિત્રાત્મક, સ્વભાવોક્તિ પૂર્ણ અને અલંકાર સભર બનાવીને આપણી નજર સમક્ષ તાદશ કરી દે છે. પ્રેમાનંદ આપણા રસસિદ્ધ કવિ છે. 'નળાખ્યાન', 'ચંદ્રહાસ આખ્યાન', 'સુદામા ચરિત', 'કુંવરબાઈનું મામેરું' તેમનાં પ્રસિદ્ધ આખ્યાનો છે.

સૂર કૃતિનો

પ્રસ્તુત કૃતિ પ્રેમાનંદ રચિત આખ્યાન 'ઓખાહરણ'નું ૧૧મું કડવું છે. આજે પણ ચૈત્ર માસમાં ઘરે ઘરે ઓખાહરણ ગવાય છે. બાણાસુર અને બાણમતીની પુત્રી ઓખાના જન્મ સમયે એવી આગાહી કરવામાં આવે છે કે ઓખાનો પતિ બાણાસુરનો પરમ શત્રુ નીવડશે, માટે બાણાસુર એક મહેલમાં ઓખાને રાખે છે, જ્યાં કોઈ પણ પુરુષનો પ્રવેશ નિષેધ છે. ઓખાની જવાબદારી ચિત્રલેખાને સોંપવામાં આવી. નાનપણથી બંને એકબીજાની સાથે જ રહી. યુવાવસ્થામાં પ્રવેશતા ઓખા સ્વપ્નમાં અનિરુદ્ધને જોઈ મનથી તેને પોતાનો સ્વામી માની લે છે. ચિત્રલેખાને વિનંતી કરે છે કે મારા સ્વામીને કંઈ પણ કરીને મારી પાસે લઈ આવ, તો જ મને શાતા વળશે. ચિત્રલેખા ઓખાએ કરેલા વર્ણનને આધારે અનિરુદ્ધનું ચિત્ર દોરે છે. ઓખા ચિત્ર જોઈને કહે છે, ''હા, આજ મારા સ્વામી છે, એને લઈ આવ.'' ચિત્રલેખા પહેલાં તો ના પાડે છે કે, ''હું કઈ રીતે ત્યાં જઈ શકું ? અગિયારસો યોજન દૂર આવેલી દ્વારિકાની રક્ષા સ્વયં શ્રીકૃષ્ણનું સુદર્શન ચક્ર કરે છે. ત્યાંથી શ્રીકૃષ્ણના પૌત્રનું અપહરણ કરી અહીં કઈ રીતે લાવું ?'' ઓખાની વારંવારની વિનવણીથી ચિત્રલેખા પક્ષીરૂપ ધારણ કરી દ્વારિકા નગરી પહોંચે છે. શ્રીકૃષ્ણ તો અંતર્યામી છે. તેઓ આ પ્રકરણ વિશે બધું જ જાણતા હોવા છતાં ભાવિના ભાવને ઓળખીને ચિત્રલેખાને રોકવાને બદલે અપ્રત્યક્ષપણે તેને મદદ કરી રહ્યા હતા. તેમની પ્રેરણાથી નારદઋષિ ચિત્રલેખાને સુદર્શન ચક્રથી બચાવે છે. દ્વારિકા નગરીનું કરેલું વર્ણન પણ મનોરમ્ય બની રહે છે. બધાંને નિદ્રાવશ બનાવી ચિત્રલેખા અનિરુદ્ધને હિંડોળાસહિત ઓખા પાસે લાવીને મૂકે છે. આમ, આ આખ્યાનમાં શૃંગાર રસ, અદ્‌ભુત રસની સાથે વીરરસનું સુભગ સંયોજન જોવા મળે છે. પોતાની સખી માટે ચિત્રલેખાએ કરેલું સાહસ, પરમ મૈત્રીનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ પૂરું પાડે છે.



ઓખા કહે, 'સુણ રે સાહેલી, લાવ નાથને વહેલી વહેલી,
બાઈ, તું છે સુખની દાતા, લાવ સ્વામીને, થાય સુખશાતા.'
ચતુરાને કહે ચિત્રલેખા, 'બાઈ, આણ્યાના ઉપાય કેવા ?
દૂર પંથ છે દ્વારામતી, કયમ જવાયે મારી વતી ?
તાંહાં તો જઈ ન શકે રાય શક્ર, રક્ષા કરે સુદર્શન ચક્ર.

ત્યાંથી જીવતાં કયમ અવાય, ત્યાં તો નિશ્ચે મસ્તક છેદાય.
જાવું જોજન શત અગિયાર, ત્યારે આવે તારો ભરથાર.'
નયણે નીરની ધારા વહે છે, કર જોડીને કન્યા કહે છે :
'બાઈ, તારી ગતિ છે મોટી, તુંને કોઈ ન કરી શકે ખોટી.
સહિયરને સહિયર હોય વહાલી, બાઈ, તેં મુને હાથે ઝાલી.
આપણ બે જણ બાળસંઘાતી, પ્રાણદાતા છું રે વિધાત્રી.
માતપિતા વેરી છે મારાં, મેં તો ચરણ સેવ્યાં છે તમારાં.
વિધાત્રી તું છે દીનદયાળ', એમ કહીને પગે લાગી બાળ.
ચિત્રલેખાએ ધારણ દીધી, પછી દેહ તે પક્ષણી કીધી.
આપ્યું વાયક એક પ્રમાણી, 'ક્ષણ બેમાં તે આપું આણી.'
ઓખા કહે છે જે 'રહેજે રૂડે આચરણે, રખે અનિરુદ્ધને તું પરણે;
જતન કરજે સ્વામીનું સબળ, જેમ આંખને રાખે કાજળ.'
પછી વળાવી રે વિધાત્રી, પંખિણી પવનવેગે જાતી;
દ્વારકા જઈ પોંતી કામિની, છેલ્લી દોઢ પો'ર રહી જામિની;
જેવું દુર્ગમાં પેસે સ્ત્રીજન, તેવું ધાયું તે સુદર્શન.
જેવું મસ્તક છેદે પળમાં, કન્યા પેઠી ગોમતીજળમાં.
એવે નારદજી તાં આવી, કન્યા ચક્ર થકી રે મુકાવી.
નારદ કહે 'રે સુદર્શન, એને લઈ જવા દેજે તન,
એ તો કામ છે કૃષ્ણને ગમતું, માટે તું એને રખે દમતું'
ગયું ચક્ર તે પશ્ચિમ દિશ, ઋષિ નારદ ગયા આકાશ,
હવે અલ્પ રહી છે રાત્રિ, ચાલી ગામ જોતી વિધાત્રી,
ચાલી પક્ષણી જોતી ગામ, સામા સામી દીસે છે ધામ.
સપ્ત ભૂમિ તણા આવાસ, જોતાં ક્ષુધાતૃષા થાય નાશ.
બહુ કળશ ધજા રે વિરાજે, જોતાં અમરાપુરી તે લાજે.
શોભે છજાં ઝરૂખા ને માળ, સ્તંભ મણિમય ઝાકઝમાળ.
વાંકી બારી ને ગોખ જાળી, નીલા કાચ મૂક્યા છે ઢાળી.
ઝળકે મંડપ હેમની થાળી, પટમાંહે જડી પરવાળી.
ભલાં ચૌટાં ને શેરી પોળ, સામા સામી હારોની ઓળ.
ભીંતે લીંપી કનકની ગાર, ચળકે કાચ ને મીનાકાર.
ઘેર ઘેર વાટિકા રે કુંજ, કરે ભમરા તે ગુંજાગુંજ.
થાય ગાનઘોષ તે કાળે, રસ જામ્યો વાજિંત્રને તાલે;
મોટા મદગળ ઘૂમે ને ડોલે, ગુણ ગાંધર્વ બંદીજન બોલે.
દ્વારકા તે વૈકુંઠ સરખી, ચિત્રલેખાએ નગરી નિરખી.
દુર્ગ કોસીસાં રૂડાં બિરાજે, ચોફેર રત્નાકર ગાજે.
ત્યાં તો ગોમતીનો રે સંગમ, ઉદ્ધરે સ્થાવર ને જંગમ.





ઘેર ઘેર હરિગુણ ગાય, ચિત્રલેખા તે જોતી જાય;
વસુદેવનાં ઘર નિહાળી, ત્યાંથી વિદ્યાત્રી આઘેરી ચાલી.
સોળ સહસ્ર કૃષ્ણની નારી, સઘળે દીઠા દેવ મોરારી;
હરિના સાઠ લાખ છે તન, જોયાં તેહતણાં ભુવન;
જોયું ધામ કામ ઝાત્કાર, દીઠો મેડીએ રાજકુમાર.
અનિરુદ્ધ સૂતો છે હિંડોળે, દાસી ચાર તે વાયુ ઢોળે;
શોભે દીપક ચારે પાસ, કોઈ ચરણ તળાંસે દાસ.
તાંહાં બાવનચંદન મેહેકે, હિંડોળે ફુમતડાં લેહેકે,
કામકુંવર કામના જેવો, ચિત્રલેખાને ચોરી લેવો.
કુંવર હરવાનું કારણ, સમર્યું નિદ્રાનું ધારણ.
રાતે જે કોઈ જાગતું હતું, પછી જે જેમ તેમ તે સૂતું.
ધારણ ભારણ ભરી છે કાયા, વપુમાંહે વસી જોગમાયા.
અનિરુદ્ધ તણી કિંકરી, તે તો સૂતી છે નિદ્રાએ ભરી.
ચિત્રલેખા તે ઘરમાં ગઈ, પણ કુંવરે તે જાણી નહિ.
વિચાર અંતરમાં કીધો, આંકડેથી હિંડોળો લીધો.
બેઉ સાંકળ કરમાં ઝાલી, ખેચરી ગત ચતુરા ચાલી.
ગોઠવણ ગોવિંદે કીધી, જાણી જોઈને જાવા દીધી.
ઘેર ઓખા જુએ છે વાટ, નાવ્યો નાથ ને થાય ઉચાટ.
એવે સાંભળી પાંખ જ વાગી, ઓખા નિદ્રામાંથી જાગી.
'લાવી', ચિત્રલેખા કહેવા લાગી, 'આપ વધામણી મુખમાગી.
આ નાથ તારો હિંડોળે, તમે તરુણી મળોની ટોળે.'

વલણ

ટોળે મળો તારુણી, આ તારો ભરથાર રે;
પછી ઓખાએ ચિત્રલેખાને આપ્યા સોળ શણગાર રે.

માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવતાં પહેલાં આખ્યાન સાહિત્ય સ્વરૂપથી વિદ્યાર્થીઓને પરિચિત કરી શકાય. પ્રેમાનંદના જીવન કવન તથા તેમનાં અન્ય સર્જન વિશે વાત કરી 'માણભટ્ટ' શબ્દ પર વધુ પ્રકાશ પાડી શકાય. સમગ્ર કાવ્યના વિષયવસ્તુને વાર્તારૂપે રજૂ કર્યા પછી પ્રશ્નોની મદદથી કાવ્યનું અધ્યાપન કરાવી શકાય. કાવ્યમાંથી પંક્તિઓ શોધાવીને તેમને થયેલા આકલનની ખાતરી કરી શકાય. ઓખાહરણનું આ અગિયારમું કડવું છે. માટે વિદ્યાર્થીઓને આની પહેલાના કડવામાં વર્ણવેલા પ્રસંગોથી વાકેફ કરવા. મૈત્રીનો સંબંધ બધા સંબંધોમાં વડો છે તે વાત વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવી. પરમ મિત્રો તરીકે અમર થયેલા કૃષ્ણ-સુદામાના પ્રસંગને યાદ કરાવી શકાય. વર્તમાનમાં વિદ્યાર્થીઓ આવા બીજા મિત્રો વિશે જાણતા હોય તો તે વિશે બોલવા તેમને પ્રેરણા આપવી.

સ્વાધ્યાય

(અ) ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.

(૧) દાસી (૨) વેણ (૩) શરીર (૪) પુત્ર
(૫) રાત (૬) ગવાક્ષ (૭) ધીરજ (૮) ઇન્દ્ર

૨. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

(૧) સારા દેખાવવાળું –
(૨) ગરીબ પર દયા કરનાર –
(૩) ખુશખબર લાવનારને અપાતી ભેટ –
(૪) પ્રારબ્ધની અધિષ્ઠાત્રી દેવી –
(૫) બાળપણથી સાથે હોય એ –
(૬) બારી બહાર કાઢેલું ઝૂલતું બાંધકામ –

૩. નીચેના શબ્દો માટે અન્ય પર્યાયી શબ્દો લખો.

(૧) ઘર (૨) પતિ (૩) રાત્રિ (૪) સોનું
(૫) સેવિકા (૬) મિત્ર (૭) શરીર (૮) હાથ

૪. ઉદાહરણ પ્રમાણે લખો : ગમતું – અણગમતું

(૧) સ્થાવર (૨) ગુણ (૩) વહેલી (૪) રાય
(૫) વહાલી (૬) દેવ (૭) વેરી (૮) સબળ

(આ) ૧. કોણ તે કહો.

(૧) દ્વારિકાની રક્ષા કરનાર –
(૨) ઓખાની બાળપણની સખી –
(૩) માતાપિતા જ જેના વેરી બન્યાં છે તે –
(૪) સુદર્શનથી ચિત્રલેખાની રક્ષા કરનાર –
(૫) દ્વારિકાની ચારે બાજુ ગાજે છે –
(૬) દ્વારિકા નગરીના ગુણ ગાય છે –
(૭) વૈકુંઠ જેવી નગરી –
(૮) ચિત્રલેખાએ જેનું રૂપ લીધું તે –
(૯) અનિરુદ્ધના અપહરણની ગોઠવણ કરનાર –
(૧૦) ઓખાએ જેને પતિ માન્યા છે તે –

૨. નીચેની ઘટનાઓને ક્રમ પ્રમાણે ગોઠવો.

૧. (૧) ચિત્રલેખાએ ઓખા પાસે વધામણી માંગી.
(૨) ચિત્રલેખા દ્વારિકા નગરીમાં પરિભ્રમણ કરે છે.
(૩) ચિત્રલેખા હિંડોળાસહિત અનિરુદ્ધને લઈ ચાલી.
(૪) પાંખના અવાજથી ઓખા નિદ્રામાંથી જાગી.

૨. (૧) ચિત્રલેખા પાછળ સુદર્શન દોડ્યું.
(૨) ચિત્રલેખાએ પંખી રૂપ લીધું.
(૩) ઓખાએ ચિત્રલેખાને અનિરુદ્ધને લાવવાની વિનંતી કરી.
(૪) નારદજીએ ચિત્રલેખાની સુરક્ષા કરી.

૩. અંકમાં જવાબ લખો.

(૧) કૃષ્ણની રાણી –
(૨) ઓખાએ ચિત્રલેખાને શણગાર આપ્યા –
(૩) અનિરુદ્ધને ચામર ઢાળનાર દાસી –
(૪) શ્રીકૃષ્ણના દીકરા –
(૫) ચિત્રલેખાના દ્વારિકા પ્રવેશ સમયે બાકી રહેલી રાત્રિ –
(૬) દ્વારિકા નગરીનું અંતર (યોજનમાં) –

૩. આકૃતિ બંધ પૂર્ણ કરો.

(૧)



(૨)



૪. લખો.

(૧) કૃતિમાં આવેલાં શરીરનાં અંગો –

(૨) ઓખાએ અનિરુદ્ધ માટે કરેલાં સંબોધન –

(૩) ઓખાએ ચિત્રલેખા માટે કરેલાં સંબોધન –

(૪) કાવ્યમાં આવેલાં શ્રીકૃષ્ણનાં નામ –

૫. કાવ્યના આધારે લખો.

(૧) ઓખાએ ચિત્રલેખાને અનિરુદ્ધને લાવવાનું કહેતા ચિત્રલેખાએ આપેલો જવાબ –

(૨) અનિરુદ્ધને લેવા જઈ રહેલી ચિત્રલેખાને ઓખાએ આપેલી સૂચના –

(૩) ચિત્રલેખાએ અનિરુદ્ધને જોયો તે સમયની અનિરુદ્ધની સ્થિતિ –

(૪) ચિત્રલેખાએ આ રીતે અનિરુદ્ધનું હરણ કર્યું –

(ઇ) ૧. સમાસનો વિગ્રહ કરી પ્રકાર લખો.

(૧) સપ્તભૂમિ (૨) હરિગુણ (૩) સુદર્શન (૪) માતાપિતા

૨. અલંકાર ઓળખો.

(૧) દ્વારિકા તે વૈકુંઠ સરખી.

(૨) ગોઠવણ ગોવિંદે કીધી.

(૩) જતન કરજે સ્વામીનું સબળ,
જેમ આંખને રાખે કાજળ.

(૪) બાઈ, તું છે સુખની દાતા,
લાવ સ્વામીને, થાય સુખ શાતા.

૩. કૃતિમાં આવેલા જોડશબ્દો શોધીને લખો.

૪. કાવ્યમાં આવેલા શબ્દાનુપ્રાસ અલંકારનાં ઉદાહરણ લખો.

૫. યોગ્ય વિરામચિહ્નો મૂકો.

(૧) નારદ કહે રે સુદર્શન એને લઈ જવા દે જે તન

(૨) ચતુરાને કહે ચિત્રલેખા બાઈ આણ્યાના ઉપાય કેવા

(૩) આપ્યું વાયક એક પ્રમાણી ક્ષણ બેમાં તે આપું આણી

(૪) દૂર પંથ છે દ્વારામતી કયમ જવાયે મારી વતી

(ઈ) ૧. આખ્યાનનો ભાવાર્થ વાર્તારૂપે તમારા શબ્દોમાં લખો.

૨. ઓખા અને ચિત્રલેખા વચ્ચેનો વાર્તાલાપ સંવાદ રૂપે લખો.

૩. ચિત્રલેખાના સખીકૃત્યને તમારા શબ્દોમાં વર્ણવો.

૪. તમે તમારા મિત્રને કરેલી કોઈ મદદનો પ્રસંગ વર્ણવો.

(ઉ) ૧. પ્રેમાનંદ રચિત અન્ય આખ્યાન મેળવી વર્ગમાં રજૂ કરો.

૨. 'મિત્ર એવો કીજીએ જે ઢાલ સરીખો હોય; સુખમાં પાછળ પડી રહે, દુ:ખમાં આગળ હોય.' વર્ગમાં ચર્ચા કરો.

૩. મિત્રતા- શ્રેષ્ઠ મિત્રો વિશેનાં સુવાક્યો, કહેવતો કે તેનાં ઉદાહરણો વિષયક ઉપક્રમ તૈયાર કરો.

વિશેષ વાંચન

બીક ના બતાવો !

મારી કોઈ ડાળખીમાં પાંદડાં નથી
મને પાનખરની બીક ના બતાવો !

પંખી સહિત હવા ચાતરીને જાય
એવું આષાઢી દિવસોમાં લાગે.

આંબાનું સાવ ભલે લાકડું કહેવાઉં
પણ મારામાં ઝાડ હજી જાગે.

માળામાં ગોઠવેલી સળી હું નથી,
મને વીજળીની બીક ના બતાવો !

એકેય ડાળીથી હવે ઝીલ્યો ન જાય,
કોઈ રાતી કીડીનોય ભાર.

એક પછી એક ડાળ-ખરતી જોઈને પૂછું:
પડવાને કેટલી છે વાર ?

હું બરફમાં ગોઠવેલું પાણી નથી,
મને સૂરજની બીક ના બતાવો !

મારી કોઈ ડાળખીમાં પાંદડાં નથી
મને પાનખરની બીક ન બતાવો !

– અનિલ જોશી

આજ ઊઠશું કાલે ઊઠશું લંબાવો નહીં દાડા,
વિચાર કરતાં વિઘ્નો મોટાં વચમાં આવે આડા. – નર્મદ

૩. ના હઠવું

નર્મદ

૨૪ ઑગસ્ટ, ૧૮૩૩ના રોજ સુરતમાં જન્મેલા નર્મદાશંકર લાલશંકર દવે 'અર્વાચીન ગદ્ય-પદ્યના આદ્યપ્રણેતા' છે. કવિ અને સમાજસુધારક એવા નર્મદે લેખિનીને ખોળે માથું મૂક્યું હતું. શ્રી નર્મદના જન્મદિવસને આજે પણ ગુજરાતી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. તેમનાં જીવન અને કવનમાં શૌર્ય અને પ્રેમનું તેજ પ્રગટે છે. ગુજરાતી ભાષાની પ્રથમ આત્મકથા – 'મારી હકીકત', પ્રથમ શબ્દકોશ – 'નર્મકોષ ભાગ ૧ થી ૪' વ્યાકરણ ગ્રંથ – 'નર્મ-વ્યાકરણ' જેવાં સાહિત્ય સ્વરૂપ આપનાર પ્રહરી નર્મદે 'ડાંડિયો' સામયિકમાં સુધારાવિષયક વિચારો વ્યક્ત કરી 'સુધારાનો સેનાની'નું બિરુદ પણ મેળવ્યું હતું. ૨૬ ફેબ્રુઆરી, ૧૮૮૬ના રોજ તેમનું અવસાન થયું હતું.

સૂર કૃતિનો

પ્રસ્તુત શૌર્યગીતમાં કવિ એકવાર લીધેલી પ્રતિજ્ઞા, નિશ્ચિત કરેલા ધ્યેય માટે સતત આગળ વધવાની પ્રેરણા આપે છે. કવિ કહે છે કે ભલે આકાશ તૂટી પડે કે ધરતી ફાટી પડે અર્થાત્ મોટાંમાં મોટાં સંકટો આવે તો પણ પોતાના લક્ષથી પીછેહઠ કરાય નહીં. ગમે એવાં વિઘ્નો આવે તો પણ કુનેહપૂર્વક તેનો સામનો કરવો, સામી છાતીએ લડવું. કાં તો સફળતા મેળવી આગળ વધવું અન્યથા મરી ફીટવું પણ પાછાં ડગલાં ન ભરવાં. હિંમતપૂર્વક સંકટોનો સામનો કરી આગળ વધનાર શૂરવીર જ જશ પ્રાપ્ત કરે છે. વીરરસથી સભર આ કૃતિ વાચકમાં શૂરવીરતા જગાડી જાય છે.

ડગલું ભર્યું કે ના હઠવું ના હઠવું;
વેણ કાઢ્યું કે ના લટવું ના લટવું. (ટેક)

સમજીને તો પગલું મૂકવું, મૂકીને ના બીવું;
જવાય જો નહિ આગળ તોયે, ફરી ન પાછું લેવું. ડગલું.

સંકટ મોટું આવી પડતે, મોઢું ન કરવું વીલું;
કળે બળે ખૂબ લડવું પણ ના કરવું ફરવા ઊંચું. ડગલું.

જ્યાં ઊભા ત્યાં ચોંટી રહીને, વચન લેવું સબળું;
આભ પડો કે પૃથ્વી ફાટો, તોય ન કરીએ નબળું. ડગલું.

ફતેહ કરીને આગળ વધશું, અથવા અહીંયાં મરશું;
પણ લીધેલું તે પાળીશું, રે વજ્જરનું કરશું. ડગલું.

તજી હામ ને ઠામ મૂકવા, ખૂણા જે કો ખોળે;
ધિક્ કાયર તે અપજસરૂપી, ખાળકૂંડીમાં બોળે. ડગલું.

પોતાનો પસ્તાવો થાયે, જખ મારી રે ભારે;
મુઆ નહિ કાં કરી પરાક્રમ, રણે ઊઠાવ્યું જ્યારે. ડગલું.

શૂરવીર તે જસનો લોભી, હિંમતમદિરા પીએ;
ઉમંગથી તે ઘસી વધે વા, ખૂબ ટકાવી રાખે. ડગલું.

ભણી ગણી જન પુખ્ત વિચારે, પાયો નાખે મજબૂત;
કો કાળે પણ જસ મોટો લે, નર્મદકેરું સાબૂત. ડગલું.

માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવતાં પહેલાં આ ગીતનું વર્ગમાં સમૂહગાન કરાવી શકાય. 'સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી'ની વાત કરી, જીવનમાં ધ્યેય હાંસલ કરવા માટે સતત પ્રયત્નશીલ રહેવા, માર્ગમાં આવતાં કંટકો, સંકટો, ઠોકરોથી ન ડગવા પ્રેરણા આપી શકાય. અશક્ય જણાતા ધ્યેયને પ્રાપ્ત કરવા દૃઢ મનોબળ રાખી સતત સંઘર્ષોનો સામનો કરવા છતાં આગેકૂચ કરનારા અને સિદ્ધિને વરનારા મહાનુભાવોનાં દૃષ્ટાંત આપી શકાય. વિદ્યાર્થીઓને પણ તેઓ જાણતાં હોય એવાં ઉદાહરણો કહેવાં પ્રેરિત કરી શકાય. વિદ્યાર્થીઓમાં 'હિંમતે મર્દા'ના ભાવ દૃઢ કરાવી શકાય.

સ્વાધ્યાય

(અ) ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.

(૧) શરમિંદુ (૨) પાકટ (૩) જીત (૪) હિંમત

(૫) સ્થાન (૬) મજબૂત (૭) પ્રતિજ્ઞા (૮) ઉત્સાહ

૨. નીચેના શબ્દસમૂહો માટે એક શબ્દ આપો.

(૧) ખાળના મેલા પાણીની કૂંડી –

(૨) લડાઈનું મેદાન –

(૩) પાછા ફરવું –

(૪) પાછા પડવું –

(૫) જાહેર કે આગળ ઉઘાડું ન હોય એવું સ્થાન –

૩. 'અપ' ઉપસર્ગ લગાડી બનતા શબ્દો લખો.



૪. વિસંગત શબ્દ ઓળખો.

(૧) વેણ વચન વાત પણ

(૨) હઠવું ફરવું લટવું ડગવું

(૩) હામ હિંમત બહાદુરી શૂરવીર

(આ) ૧. કોણ તે કહો.

(૧) ધિક્કાર અને અપજસ મેળવે છે. –

(૨) જસનો લોભી હોય છે. –

(૩) ઉમંગથી આગળ ધસે છે. –

૨. શું ન કરવું તે કહો.

(૧) ડગલું ભર્યા પછી (૨) વેણ આપ્યા પછી (૩) પગલું મૂક્યા પછી

૩. કેવી રીતે તે કહો (કાવ્યના આધારે)

(૧) પગલું મૂકવું

(૨) ખૂબ લડવું

(૩) આગળ વધવું

(૪) ઊભા રહેવું

(૫) ધસી જવું

૪. આકૃતિ બંધ પૂર્ણ કરો.



(ઇ) ૧. કાવ્યમાંથી વર્ણાનુપ્રાસ, શબ્દાનુપ્રાસ, અંત્યાનુપ્રાસ અલંકારનાં દૃષ્ટાંત શોધી લખો.

૨. સમાસનો વિગ્રહ કરી પ્રકાર લખો.

(૧) હિંમતમદિરા (૨) કળેબળે (૩) ખાળકૂંડી (૪) નબળું

૩. રૂઢિ પ્રયોગના અર્થ લખો.

(૧) મોઢું વીલું કરવું (૨) જખ મારવી (૩) આભ તૂટી પડવું

૪. કાવ્યને આધારે યોગ્ય વિશેષણ લખો.

(૧) ----સંકટ (૨) ----મોઢું (૩) ----વચન (૪) ----વિચાર

૫. અર્થ બદલ્યા વગર વાક્યનું રૂપાંતર કરો.

(૧) સમજીને પગલું ભરવું જોઈએ. (૨) શૂરવીર હંમેશાં આગળ વધે છે.

(૩) પુખ્તજન મજબૂત પાયો નાખે છે. (૪) કાયર મેદાન છોડી નાસી જાય છે.

(ઈ) ૧. કાવ્યનું રસદર્શન કરાવો.

૨. કાવ્યપંક્તિ સમજાવો : ફતેહ કરીને આગળ વધશું, અથવા અહીંયાં મરશું.

૩. શૂરવીર અને કાયરનો ભેદ સમજાવો.

૪. લક્ષ્યપ્રાપ્તિ માટેના જરૂરી ગુણો તમારા શબ્દોમાં વર્ણવો.

(ઉ) ૧. 'કદમ અસ્થિર હોય એને રસ્તો કદી જડતો નથી;

અડગ મનના મુસાફરને હિમાલય પણ નડતો નથી.'

– આ પંક્તિ વિશે વર્ગમાં તમારા મનોભાવ વ્યક્ત કરો.

૨. વીરરસ સભર અન્ય કોઈ શૌર્યગીત વર્ગમાં ગાઈ સંભળાવો અને તેનો રસાસ્વાદ કરાવો.

(ઊ) સાહસ બળે સફળતાની ઇમારત ચણનાર શિલ્પીઓ વિશે એક કોલાજ તૈયાર કરો.

વિશેષ વાંચન

વિસામો

થાકે ન થાકે છતાં યે તું માનવી ! ન લેજે વિસામો !
ને ઝૂઝજે એકલ બાંયે-હો માનવી ! ન લેજે વિસામો !

તારે ઉલ્લંઘવાના મારગ ભુલામણા, તારે ઉદ્ધારવાનાં જીવન દયામણાં :
હિમ્મત ન હારજે તું ક્યાંયે - હો માનવી ! ન લેજે વિસામો !

જીવનને પથ જતાં તાપ-થાક લાગશે, વધતી વિટંબણા સહતાં તું થાકશે :
સહતાં સંકટ એ બધાંયે - હો માનવી ! ન લેજે વિસામો !

જાજે વટાવી તુજ આફતનો ટેકરો, આગે આગે હશે વણખેડ્યાં ખેતરો :
ખંતે ખેડે એ બધાંયે; હો માનવી ! ન લેજે વિસામો !

ઝાંખા જગતમાં એકલો પ્રકાશજે, આવે અંધાર તેને એકલો વિદારજે;
છોને આ આયખું હણાયે- હો માનવી ! ન લેજે વિસામો !

લેજે વિસામો ન ક્યાંયે હો માનવી ! દેજે વિસામો !
તારી હૈયા-વરખડીને છાંયે હો માનવી ! દેજે વિસામો !
ન લેજે વિસામો !-

વેણીભાઈ પુરોહિત



નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે,
ખબર છે એટલી કે માતાની હાકલ પડી છે. – ઝવેરચંદ મેઘાણી

૪. તીર્થોત્તમ

બાલમુકુંદ દવે

કવિ અને પત્રકાર બાલમુકુંદ દવેનો જન્મ ૭ માર્ચ, ૧૯૧૬ના રોજ વડોદરા જિલ્લાના મસ્તુપુરા ગામમાં થયો હતો. પ્રકૃતિ, પ્રણય અને પ્રભુભક્તિ એમનાં મુખ્ય કવન વિષયો રહ્યાં છે. તેમનાં પ્રકૃતિકાવ્યોમાં વાદળી-ચાંદની, નભ, તલાવડી વગેરે પ્રકૃતિનાં અંગો પાત્રરૂપે જીવંત બની સંવેદન પ્રગટ કરે છે. તેમની કસાયેલી કલમે આલેખાયેલાં સૉનેટો ગુજરાતી સાહિત્યની અમૂલ્ય મૂડી છે. 'પરિક્રમા', 'કુંતલ', 'સોનચંપો', 'અલ્લક દલ્લક', 'ઝરમરિયા' તેમની પ્રખ્યાત કૃતિઓ છે. તેમના ઉત્તમ કાવ્યસર્જન માટે તેમને ૧૯૪૮માં કુમાર સુવર્ણચંદ્રક એનાયત કરાયો છે. ૨૮ ફેબ્રુઆરી, ૧૯૯૩ના રોજ તેમનું અવસાન થયું હતું.

સૂર કૃતિનો

પ્રસિદ્ધ કૃતિ 'તીર્થોત્તમ' બાલમુકુંદ દવે રચિત પ્રસિદ્ધ સૉનેટ છે. આઠ પંક્તિઓનું પ્રથમ અષ્ટક તથા ભાવને વળાંક આપતું છ પંક્તિઓનું બીજું જૂથ એવી પેટ્રાર્કશાઈ પ્રકારની રચના ધરાવતું પ્રસ્તુત સૉનેટ શિખરિણી છંદમાં આલેખાયું છે. પ્રથમ અષ્ટકમાં કવિ સરળ શબ્દોમાં સ્વાનુભૂતિ વર્ણવતાં કહે છે કે – 'હું ભારતનાં દરેક પ્રસિદ્ધ યાત્રાધામો, તીર્થસ્થળોમાં ફર્યો. ગંગાજળ પણ લાવ્યો. તેમ છતાં મને એક પણ એવું પુનિત તીર્થ ના મળ્યું જ્યાં મારી દર્શનની પ્યાસ બુઝાઈ શકે.' એમની શોધ સતત ચાલતી જ રહી. બીજા જૂથમાં કવિ જણાવે છે કે એક સાંજે તેઓ પોતાના ઘરના ઓટલે પોતાની પત્ની સાથે વાતોએ વળગ્યા હતા. ત્યારે પોતાના ખોળામાં પોઢેલી નવજાત પુત્રીને અમૃતપાન કરાવી રહેલી અને એ સમયે વાત્સલ્ય નીતરતા નયને પુત્રીને નિહાળતી પત્નીની આંખોમાં કવિને જગતના ઉત્તમોત્તમ તીર્થનાં દર્શન થાય છે. સૉનેટની શરૂઆતમાં 'ભમ્યો' શબ્દથી વ્યક્ત થતી વ્યર્થ રઝળપાટની ઉત્તમ તીર્થનાં દર્શન સુધીની યાત્રા પ્રસ્તુત સૉનેટમાં વર્ણવાઈ છે.



ભમ્યો તીર્થે તીર્થે ધરી ઉર મનીષા દરશની
પુરી, કાશી, કાંચી, અવધ, મથુરા ને અવર સૌ
ભમ્યો યાત્રાધામો, અડસઠ જલે સ્નાન કરિયાં;
વળી સાથે લાવ્યો વિમલ ઘટ ગંગોદક ભરી,
છતાં રે ના લાધ્યું પ્રભુ ! પુનિત એકે તીરથ, જ્યાં
શકે મારી છીપી ચરમ મનીષા તું દરશની !
અને એવા ઝાઝા દિન વહી ગયા શોધન મહીં,
વહ્યા એથી ઝાઝા સતત ઘટમાળે જીવનની !
અમે બે સાંજુકાં સહજ મઢીઓટે નિત પેઠે
વળ્યાં'તાં વાતોએ, નયન નમણાં ને સખીતણાં
ઢળ્યાં'તાં વાત્સલ્યે, મૃદુલ નવજાતા કલી પરે-
ઝૂકી, ઢાંકી જેને અરધપરધા પાલવ થકી
ઉછંગે પિવાડી અનગળ રહી અમૃતઝરા !
મને એ ચક્ષુમાં પ્રભુ ! જગતતીર્થોત્તમ મળ્યું.

માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કૃતિના અધ્યાપનની શરૂઆત કરતાં પહેલાં વિદ્યાર્થીઓને સૉનેટ સાહિત્ય પ્રકારથી પરિચિત કરાવી શકાય. સૉનેટનું બંધારણ, તેના પ્રકાર વિશે વિગતવાર વાત કરી શકાય. 'ઘરમાં કાશી, ઘરમાં મથુરા.' કાવ્ય સંભળાવી વિદ્યાર્થીઓને ગણેશજીએ માતા-પિતાની પ્રદક્ષિણા કરીને પ્રથમ પૂજ્યનું માન મેળવ્યાની વાત કરવી. અડસઠ તીરથ માતા-પિતાને ચરણે જ રહેલાં છે તે ભાવ વિદ્યાર્થીઓના હૃદયમાં દૃઢ કરવો. માતાજીના મંદિરમાં ચૂંદડી ભલે ચડાવો, પણ ઘરમાં રહેલી માની આંખોમાં આંસુ ન આવે તે જુઓ. તીર્થભ્રમણ ભલે કરો પણ જીવંત તીર્થ સમાન માતા-પિતાની ઉપેક્ષા ન કરો તે વાત દૃઢતાપૂર્વક સમજાવવી. માતા-પિતાની સેવા કરી અમર થયેલા શ્રવણની અને આજના યુગમાં પણ શ્રવણ બની માતા-પિતાની સેવા કરતાં સંતાનોનાં દૃષ્ટાંતો આપી વિદ્યાર્થીઓમાં 'માતૃ દેવો ભવઃ' અને 'પિતૃદેવો ભવઃ'ના સંસ્કાર રોપિત કરી શકાય.

સ્વાધ્યાય

(અ) ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.

(૧) ઇચ્છા (૨) ઇતર (૩) કોમળ (૪) સ્વાભાવિક
(૫) અપાર (૬) ઘડો (૭) પવિત્ર (૮) નિર્મળ

૨. નીચેના તળપદા શબ્દો માટે માન્ય ભાષાના શબ્દો લખો.

(૧) પેઠે (૨) પરે (૩) લાધ્યું (૪) દરશ

૩. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

(૧) પહેરેલા સાડલાનો લટકતો છેડો (૨) સુંદર વળાંકવાળા
(૩) તરતની જન્મેલી (૪) યાત્રા માટેનું ધામ

૪. નમૂના મુજબ શબ્દ લખો. ઝાઝાં - થોડાં

(૧) વિમલ (૨) સહજ (૩) મૃદુલ
(૪) અમૃત (૫) ઉત્તમ (૬) ચરમ

(આ) ૧. શબ્દજાળ પૂર્ણ કરો.



૨. કાવ્યના આધારે લખો.

(૧) કવિના દિલમાં ઇચ્છા હતી - (૨) ઝાઝા દિન વીતી ગયા -
(૩) એથી પણ વધુ દિન વિત્યા - (૪) કવિ પત્ની સાથે વળગ્યા હતા -
(૫) કવિપત્નીનાં નયનો ઢળ્યાં હતાં - (૬) કવિ સાથે લાવ્યા -

૩. શું તે કહો.

(૧) કવિ પોતાની સાથે લાવ્યા
(૨) ઘણી ભ્રમણા છતાં કવિને ના મળ્યું
(૩) કવિને વાત્સલ્ય નીતરતી પત્નીની આંખોમાં મળ્યું
(૪) કવિ પત્નીએ નવજાતા પુત્રીને ઢાંક્યો

૪. ક્યાં તે કહો.

(૧) કવિ ભમ્યા –
(૨) કવિ પત્ની સાથે બેઠા હતા –
(૩) નવજાતા પુત્રીને પોઢાડી હતી –
(૪) કવિને ઉત્તમ તીર્થનાં દર્શન થયાં –
(૫) કવિએ સ્નાન કર્યાં –

(ઇ) ૧. સમાસનો વિગ્રહ કરી પ્રકાર લખો.

(૧) યાત્રાધામ (૨) તીર્થોત્તમ (૩) મઢીઓટે (૪) વિમલ

૨. સંધિ છોડો.

(૧) ગંગોદક (૨) સંસાર (૩) પ્રત્યક્ષ (૪) તીર્થોત્તમ

૩. નીચેનાં શબ્દયુગ્મો પૂરાં કરો.

(૧) ----પરધા (૨) પૂજા---- (૩) અગડં---- (૪) મોજ----

૪. નીચેની પંક્તિઓમાંથી વિશેષણ શોધી પ્રકાર લખો.

(૧) અને એવા ઝાઝા દિન વહી ગયા શોધન મહીં
(૨) અડસઠ જલે સ્નાન કરિયાં
(૩) અમે બે સાંજુકાં સહજ મઢીઓટે નિત પેઠે
(૪) ઢળ્યાં'તાં વાત્સલ્યે, મૃદુલ નવજાતા કલી પરે

(ઈ) ૧. પ્રસ્તુત કાવ્યનો રસાસ્વાદ કરો.

૨. કાવ્યપંક્તિ સમજાવો – મને એ ચક્ષુમાં પ્રભુ !
જગતતીર્થોત્તમ મળ્યું

૩. 'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ' – તમારો મત વ્યક્ત કરો.

(ઉ) ૧. ઇન્ટરનેટ/ગ્રંથાલયમાંથી 'જૂનું ઘર ખાલી કરતાં' મેળવી વાંચો અને વર્ગમાં તેનો રસાસ્વાદ કરાવો.

૨. 'જનરેશન-ગેપ'ના નામે માતા-પિતાની થતી અવહેલના – વિષય પર વર્ગમાં પરિસંવાદનું આયોજન કરો.

(ઊ) માતાનો મહિમા વર્ણવતી રચનાઓનો સંગ્રહ કરી ઉપક્રમ તૈયાર કરો.

શમેના વેરથી વેર, ટળે ના પાપ પાપથી
ઔષધ સર્વ દુ:ખોનું, મૈત્રીભાવ સનાતન. – સ્નેહરશ્મિ

ચિત્રવર્ણન



૫. પહેલો વરસાદ

હરીન્દ્ર દવે

પત્રકાર, કવિ, નવલકથાકાર, નિબંધકાર એવા હરીન્દ્ર દવેનો જન્મ ૧૯ સપ્ટેમ્બર, ૧૯૩૦ના રોજ કચ્છમાં થયો હતો. તેમણે કાવ્ય, નવલકથા, નાટક, ચિંતન, વિવેચન, જેવાં વિવિધ સાહિત્ય ક્ષેત્રે ખેડાણ કર્યું છે. છતાં એમ કહી શકાય કે હરીન્દ્ર દવે નખશિખ કવિ છે. પ્રેમ અને મૃત્યુ તેમની કવિતાના વિષય રહ્યા છે. 'આસવ', 'અર્પણ', 'સૂર્યોપનિષદ' , 'પળના પ્રતિબિંબ', 'માધવ ક્યાંય નથી' તેમની નોંધપાત્ર કૃતિઓ છે. તેમના ગઝલસંગ્રહ 'હયાતી' માટે તેમને દિલ્હી સાહિત્ય અકાદમીનો પુરસ્કાર પ્રાપ્ત થયો છે. ૧૯૮૨માં તેમને રણજિતરામ સુવર્ણચંદ્રકથી નવાજવામાં આવ્યા છે. ૨૯ માર્ચ, ૧૯૯૫ના રોજ મુંબઈમાં તેમનું અવસાન થયું હતું.

સૂર કૃતિનો

પ્રસ્તુત વર્ષાગીતમાં મોસમના પહેલા વરસાદની વાત કરી છે. પ્રકૃતિની સાથે પ્રણયના ભાવને પણ વણી લેવાયા છે. મોસમના પહેલા વરસાદની સાથે પાંગરતાં તરણાંની જેમ કવિના હૃદયમાં પ્રિયપાત્રની યાદ ફોરી ઊઠે છે. ધગધગતા ઉનાળાના તાપથી તપ્ત ધરાને પહેલા વરસાદથી જે રીતે ઠંડકનો અનુભવ થાય એ જ રીતે પ્રિયપાત્રના વિરહથી તપ્ત કવિ હૃદયને શીતળતાનો અનુભવ થાય છે. પ્રસન્નચિત્ત બનેલા કવિ વાદળનાં ઓવારણાં લે છે. તેમ જ ખળખળ વહેતાં પાણીમાં પગ બોળી આનંદ વ્યક્ત કરે છે. ઝરમર વરસતા વરસાદના ધ્વનિમાં તેમને પ્રિયપાત્રના સાદનો ભાસ થાય છે. લીલી ચૂંદડી ધારણ કરી તેમજ ભીની માટીની મહેકથી મહેકતી પૃથ્વી, આભથી ધરા સુધીના વરસાદના પ્રવાસને જોઈ કવિના હૃદય પર પ્રિયતમાના સ્મરણનો કેફ છવાઈ જાય છે. વર્ષાઋતુમાં રમાતી વાદળ-સૂર્યની સંતાકૂકડી, નભનાં બદલાતાં રૂપ અને રચાતાં અદ્‌ભુત પ્રાકૃતિક સૌંદર્ય સાથે ખીલી ઊઠતા પ્રણયને કવિએ રસાળ વાણીમાં રજૂ કર્યો છે.



મોસમનો પહેલો વરસાદ, ઘણી ખમ્મા,
તરણે કોળે છે તારી યાદ, ઘણી ખમ્મા,
ઝૂકેલાં વાદળનાં લઉં હું ઓવારણાં,
ને ઊભરતે ઝરણે બોળું પાય,
તાપે ધગેલા મારા અંતરને અમરતની
શીળી આ લ્હેરખી વીંટાય,
ઝરમરનો ગમતીલો સાદ, ઘણી ખમ્મા,
મોસમનો પહેલો વરસાદ, ઘણી ખમ્મા,
લોચનમાં પાંદડાંનો લીલો છે રંગ,
ભીની માટીની મ્હેક ભરી શ્વાસે,
રુદિયે છે કેફ, તને નીકળતો જોઈ
પેલા આભથી આ ભોમના પ્રવાસે,

ગેબ થકી ગુંજરતો નાદ, ઘણી ખમ્મા,
મોસમનો પહેલો વરસાદ, ઘણી ખમ્મા
આથમતા સૂરજની દીવડી ન દેખાઈ,
નવલખ તારાના નહીં ચાસ,
તારો આ ઘેઘૂર દીદાર જોઈ શરમાતી
પૂનમની રાતમાં અમાસ,
રાધા-મોહનનો સંવાદ, ઘણી ખમ્મા,
મોસમનો પહેલો વરસાદ, ઘણી ખમ્મા.

માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કૃતિના અધ્યાપનની શરૂઆત કરાવતાં પહેલાં આ વર્ષાગીતનું સમૂહગાન કરાવી શકાય. ભારતીય સંસ્કૃતિમાં દરેક ઋતુનું આગવું મહત્ત્વ છે. તેમાં વર્ષા એ તો ઋતુઓની રાણી છે તે જણાવી વરસાદનું - જળનું મહત્ત્વ, વર્ષાઋતુ સાથે જ અનાયાસે જોડાયેલા પ્રણયનો ભાવ, માનવીય સંવેદનાઓનું વર્ણન કરી શકાય. વર્ષાઋતુમાં ખીલી ઊઠતાં પ્રાકૃતિક સૌંદર્યનું રસપ્રદ શૈલીમાં વર્ણન કરી આજે પ્રકૃતિથી દૂર થઈ રહેલા વિદ્યાર્થીઓને પ્રકૃતિનું સાનિધ્ય માણવા પ્રેરિત કરી શકાય. સાથે જ જળ એ જ જીવન છે તે સમજાવી જળસંવર્ધન, આજે વિશ્વ સામે ઊભેલા જળસંકટના પ્રશ્ન સંબંધે જાગૃત કરી શકાય.

સ્વાધ્યાય

(અ) ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.

(૧) મુસાફરી (૨) નશો (૩) વાતચીત (૪) ઠંડું
(૫) ઘનઘોર (૬) ઋતુ (૭) વિભાવરી (૮) નયન

૨. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

(૧) આશીર્વાદ આપવાની એક રીત (૨) વરસાદની ફરફર
(૩) ન દેખાય એવું (૪) ખેડવાથી પડતો લાંબો આંકો

૩. કૃતિને આધારે યોગ્ય વિશેષણ લખો.

(૧) ----વરસાદ (૨) ---- વાદળ (૩) ----ઝરણું (૪) ---- સાદ
(૫) ----રંગ (૬) ----માટી (૭) ----તારા (૮) ----દીદાર

૪. નીચેના શબ્દો માટે પર્યાયી શબ્દો આપો.

(૧) પાંદડું (૨) સાદ (૩) અંતર (૪) વરસાદ
(૫) આભ (૬) ભોમ (૭) સૂરજ (૮) મ્હેક

(આ) ૧. ક્યાં તે લખો.

(૧) ભીની માટીની મહેક ભરી છે (૨) કેફ છે
(૩) ઠંડી લહેરખી વીંટળાય છે (૪) પાંદડાંનો લીલો રંગ છે

૨. શું તે લખો.

(૧) તરણે કોળે છે

(૨) કવિ ઝૂકેલાં વાદળનાં લે છે

(૩) ઊભરતા ઝરણામાં કવિ બોળે છે

(૪) વરસાદ આભથી ભોમ સુધી કરે છે

(૫) કવિને ન દેખાયા

(૬) વિરહના તાપથી ઘગી ગયું છે

૩. આકૃતિબંધ પૂર્ણ કરો.



૪. નીચેનાં પ્રાકૃતિક તત્ત્વ સંબંધિત કવિની પ્રતિક્રિયા લખો.

(૧) વાદળ (૨) ઝરણું (૩) માટી

(ઇ) ૧. કાવ્યમાંથી પ્રાસયુક્ત શબ્દોની જોડી શોધી લખો.

૨. અર્થ બદલ્યા વિના વાક્યનું નકારાત્મકમાં રૂપાંતર કરો.

(૧) ઊગતા સૂરજને સહુ પૂજે છે.

(૨) પૂનમની રાતે પૂર્ણ ચંદ્રમા હોય છે.

(૩) ભીની માટીમાંથી સુગંધ આવે છે.

૩. 'નું'નું યોગ્ય રૂપ લખી ખાલી જગ્યા પૂરો.

(૧) ઝૂકેલાં વાદળ---- ઓવારણાં

(૨) મોસમ---- પહેલો વરસાદ

(૩) ભીની માટી ---- મહેક

(૪) આથમતા સૂરજ ---- દીવડી

૪. નીચેની પંક્તિઓમાંથી વ્યક્ત થતો રસ જણાવો.

(૧) એક લસરકે ઊગી નીકળ્યાં જંગલ જંગલ ઝાડ,
ટપકે ટપકે ફૂટી નીકળ્યા, ધરતી પરથી પ્હાડ !

(૨) રડે છે પ્રકૃતિ માતા,
દૂઝે છે દિલ દુ:ખડાં.

(૩) તારી આંખનો અફીણી, તારા બોલનો બંધાણી
તારા રૂપની પૂનમનો પાગલ એકલો...!

(૪) મારા કેસરભીના કંથહો !
સિધાવો જી રણવાટ.

(ઇ) ૧. પ્રસ્તુત કાવ્યનો રસાસ્વાદ કરાવો.

૨. કાવ્યપંક્તિ સમજાવો :

તાપે ધગેલા મારા અંતરને અમરતની
શીળી આ લ્હેરખી વીંટાય,
ઝરમરનો ગમતીલો સાદ, ઘણી ખમ્મા,
મોસમનો પહેલો વરસાદ, ઘણી ખમ્મા.

૩. મોસમના પહેલા વરસાદની કવિ હૃદય પર થયેલી અસર તમારા શબ્દોમાં વ્યક્ત કરો.

(ઉ) ૧. 'વર્ષાઋતુ અને પ્રણય' - વર્ગમાં સમૂહ ચર્ચા કરો.

૨. વર્ષાઋતુનો તમારો એકાદો યાદગાર પ્રસંગ વર્ગમાં વર્ણવો.

(ઊ) ૧. 'વરસાદનાં વિવિધ રૂપો' - વિશે ઉપક્રમ તૈયાર કરો.

૨. ઇન્ટરનેટ/ગ્રંથાલયમાંથી બીજાં વર્ષાગીત/પ્રકૃતિકાવ્યો/પ્રણયકાવ્ય મેળવી વાંચો.

વિશેષ વાંચન

ફૂલોના ગાલમાં ખંજન

રાચી નથી રહ્યું ને ઝાકળ એ ખ્યાલમાં ?
સૂરજ ન મોકલાવે તડકો ટપાલમાં
ભમરાએ કાનમાં જઈ એવું તે શું કહ્યું ?
ખંજન પડી રહ્યાં છે ફૂલોના ગાલમાં.
નીકળી છે પાયમાલી બાંધીને બિસ્તરા;
સીધી અહીં જ આવશે એ આજકાલમાં,
પીડા મટીને પીડા અવસર બની ગઈ;
એવું શું ભેળવ્યું' તું એણે વહાલમાં ?
દાટી દીધી ઉદાસી ઓઢીને કામળો;
બાળી દીધાં ફટાફટ ડૂસકાં મશાલમાં.

– ચંદ્રેશ મકવાણા 'નારાજ'



શબના સરઘસ નીકળે, નહિ લે જીવતા કેરી ભાળ,
પૂતળા કેરી પૂજા થાતી ને માનવી ઠેબા ખાય. – પ્રહ્‌લાદ પારેખ

૬. હાઈકુ

ઝીણાભાઈ રતનજી દેસાઈ

'સ્નેહરશ્મિ'ના ઉપનામથી જાણીતા ઝીણાભાઈ દેસાઈનો જન્મ ૧૬ એપ્રિલ, ૧૯૦૩ના રોજ વલસાડ જિલ્લાના ચીખલી ગામે થયો હતો. હાઈકુ કાવ્યના પ્રણેતા, ઊર્મિકવિ સ્નેહરશ્મિની કવિતામાં લાલિત્ય, રવમાધુર્ય વિશેષ ધ્યાન ખેંચે છે. 'અર્ધ્ય', 'પનઘટ', 'ગાતા આસોપાલવ', 'હીરાના લટકણિયા', 'અંતરપટ', 'મારી દુનિયા' એમની પ્રખ્યાત કૃતિ છે. જન્મજાત શિક્ષક એવા ઝીણાભાઈને શ્રેષ્ઠ શિક્ષકનો રાષ્ટ્રપતિ ઍવોર્ડ, રણજિતરામ સુવર્ણચંદ્રક અને નર્મદ ચંદ્રકથી નવાજવામાં આવ્યા છે. ૬ જાન્યુઆરી, ૧૯૯૧ના રોજ તેમનું અવસાન થયું હતું.

સૂર કૃતિનો

પ્રસ્તુત કૃતિમાં સમાવિષ્ટ દરેક હાઈકુ જુદાજુદા ભાવ ધરાવે છે. પહેલા હાઈકુમાં વાત્સલ્ય છલકાય છે. અખિલ વિશ્વમાં માની ગોદ એક માત્ર એવું સ્થાન જ્યાં શિશુ નિર્ભય, નિશ્ચિંત બની સલામતી અનુભવે છે. તો બીજું હાઈકુ આપણને સંદેશ આપે છે કે ઘેરા અંધકારની પરવા કર્યા વિના દીપ પ્રજ્વળે છે એમ સંકટ ગમે તેટલાં હો, પ્રશ્ન ગમે તેટલો વિકટ હો, મારા એકલાથી શું થશે એવો વિચાર કર્યા વિના આપણાથી બનતા તમામ પ્રયત્નો કરવા. પોતાની તમામ શક્તિઓ કામે લગાડવી. ત્રીજા હાઈકુમાં આખો દિવસ લોકોની – વાહનોની અવરજવરથી વ્યસ્ત રસ્તો રાતના સૂમસાન બની જાય છે અને એકલતા અનુભવે છે તેનું વર્ણન કર્યું છે. ચોથા હાઈકુમાં કવિ નાવીન્યપૂર્ણ રમ્ય કલ્પના કરે છે કે ઝાકળ એ તો ચંદ્રમાંનું અશ્રુબિંદુ છે જેને સૂર્ય આવીને લૂછે છે. પાંચમા હાઈકુમાં માટલીને તૃષાથી વ્યાકુળ માનવોને શીતળ જળ પીવડાવનાર પરબ કહી છે. છઠ્ઠા હાઈકુમાં પ્રિયજનનાં રિસામણાંને કવિ યાદ કરે છે. સાતમા હાઈકુમાં પ્રિયપાત્રનો પ્રેમ અને સાથ બળબળતા તાપમાં પણ શીતળતા અર્પે છે તેમ કવિ જણાવે છે. આઠમા હાઈકુમાં ચારે બાજુ લીલાં પાન વચ્ચે સૂકી ડાળી પર બેઠેલા પોપટ દ્વારા વૈરાગ્ય ભાવ વ્યક્ત કર્યો છે. નવમું હાઈકુ સંદેશ આપે છે કે જિંદગી કેટલી જીવ્યા તેના કરતાં કેવી જીવ્યા તે વધુ મહત્ત્વનું છે. જીવન ભલે ઝાકળ જેવું અલ્પકાલીન હોય પણ એવું જીવો કે લોકો તમને યાદ કરે. દસમું હાઈકુ જીવનના પરમ સત્યને વ્યક્ત કરતાં કહે છે કે જીવન તો નશ્વર છે. કોઈના જવાથી કંઈ અટકતું નથી. જેમ જળમાંથી આંગળી નીકળે અને જગા પૂરાઈ જાય એમ ભલભલા ચમરબંધીઓના ગયા પછી પણ સંસાર તો અવિરત ચાલે જ છે. માટે મારા વિના તો કંઈ ન થાય એવો મિથ્યાભ્રમ આપણે ન સેવવો એવો સંદેશ અહીં વ્યક્ત થાય છે.

(૧) જાગ્યું બાળક
પેખી માને મલકી
ફરીથી પોઢ્યું.

(૨) ફરતી પીંછી
અંધકારની : દીપ
નહીં રંગાય.



(૩) સીમમાં ઊભી
વાટ એકલી રુએ
આખીએ રાત.



(૪) ઝાકળબિંદુ
ચંદરમાનું આંસુ
લૂછે સૂરજ.

(૫) કોરી મટકી
શીતળ પાણી, એણે
પરબ માંડી.

(૬) વીતી વસંત
રૂસણે તારે તોય
હજી તે તાજી.

(૭) તું હો પડખે
તડકો છોને ઉગ્ર :
શીળી ચાંદની.

(૮) સૂકેલી ડાળે
પોપટ બેઠો : પાન
ચોગમ લીલાં.



(૯) ઝાકળ જેવું,
જીવી ગઈ તું, હવે
સ્મરણો ભીનાં.

(૧૦) પતંગિયું ત્યાં
થયું અલોપ : શૂન્ય
ગયું રંગાઈ.



માર્ગદર્શક સ્તંભ

આ કૃતિનું અધ્યાપન કરાવતાં પહેલાં વિદ્યાર્થીઓને હાઈકુ મૂળ જાપાનનો કાવ્યપ્રકાર છે તે જણાવી, હાઈકુનું બંધારણ સમજાવી શકાય. હાઈકુ સ્વરૂપે વામન છતાં શક્તિમાં વિરાટ છે, હાઈકુ એક શબ્દ ચિત્ર છે. તેની સમજૂતી આપી શકાય. આ કૃતિમાં સમાવિષ્ટ એક એક હાઈકુ એક સ્વતંત્ર વિષય ધરાવતું હોઈ દરેક હાઈકુ દ્વારા પ્રાપ્ત થતો સંદેશ પણ ભિન્ન છે. માટે એક એક હાઈકુને સ્વતંત્રતાથી સમજાવવા, એ હાઈકુ દ્વારા વ્યક્ત થતો ભાવ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા લઘુત્તરી પ્રશ્નોત્તરી, દૃષ્ટાંતો, ચર્ચાનાં માધ્યમ પણ અપનાવી શકાય.

સ્વાધ્યાય

(અ) ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.

(૧) શુક (૨) રસ્તો (૩) તુષાર (૪) યાદ
(૫) આકરું (૬) દિવાકર (૭) માટલી (૮) અદૃશ્ય

૨. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

(૧) ખેતર કે ગામની હદ –
(૨) સૂર્યનો ગરમ પ્રકાશ –
(૩) ચારે દિશામાં –
(૪) ચંદ્રનો પ્રકાશ –
(૫) રસ્તામાં મુસાફરને પાણી પાવાની ધર્માદા જગા –

૩. કાવ્યના આધારે યોગ્ય વિશેષણ લખો.

(૧) ----મટકી (૨) ----પાણી (૩) ----સ્મરણ (૪) ----તડકો
(૫) ----ચાંદની (૬) ----પાન (૭) ----ડાળ

૪. કૃતિમાંથી વિરુદ્ધ અર્થ ધરાવતા શબ્દોની જોડી શોધી લખો.

(આ) ૧. કોણ તે કહો.

(૧) અંધારાથી ન રંગાનાર –

(૨) અલોપ થઈ જનાર –

(૩) સૂકી ડાળે બેસનાર –

(૪) સીમમાં એકલી ઊભી રોનાર –

૨. આકૃતિ બંધ પૂર્ણ કરો.

(ક)



(ખ)



૩. કાવ્યના આધારે લખો.

(૧) પીંછી ફરે છે –

(૨) આખી રાત વાટ રડે છે –

(૩) એણે પરબ માંડી છે –

(૪) એ ચંદ્રમાનું આંસુ છે –

૪. સમજીને કારણ લખો.

(૧) બાળક માને જોઈ ફરી સૂઈ ગયું કારણ કે –

(૨) વસંત વીતી ગયા પછી પણ યાદ તાજી છે કારણ કે –

(૩) ઉગ્ર તડકામાં પણ કવિ શીતળતા અનુભવે છે કારણ કે –

(૪) દીપક પર અંધકારની અસર નથી થતી કારણ કે –

૫. યોગ્ય જોડકાં જોડો.

'અ' જૂથ	'આ' જૂથ
(૧) મટકી	(અ) તડકો
(૨) ચંદ્ર	(આ) પાણી
(૩) સૂરજ	(ઇ) ચાંદની
(૪) અંધકાર	(ઈ) દીપક

(ઇ) ૧. સમાસનો વિગ્રહ કરી પ્રકાર લખો.

(૧) ઝાકળબિંદુ (૨) લોકગીત (૩) ક્ષણભંગુર (૪) નવરસ

૨. અલંકાર ઓળખો.

(૧) ઝાકળ જેવું જીવી ગઈ તું.

(૨) સીમમાં ઊભી વાટ એકલી રુએ.

(૩) ઝાકળબિંદુ ચંદરમાંનું આંસુ.

(૪) તડકો છોને ઉગ્ર શીળી ચાંદની.

૩. સંધિ કરો.

(૧) નિસ્ + ફળ (૨) પ્ર + ઊઢ (૩) વિ + આકરણ (૪) પૃથુ + ઈ

૪. નીચેના હાઈકુઓ દ્વારા વ્યક્ત થતો રસ જણાવો.

(૧) કુપ્રથા સામે
લડે સામી છાતીએ
તે સાચો વીર.

(૨) છુપાયેલી છે
વાંસળીના સૂરોમાં
રાધાની ખુશી !

(૩) સોળ શૃંગાર
સજીને જોઉં છું,
હું રાહ તમારી.

(૪) આખરે મળી
પ્રભુના ચરણોમાં
પરમશાંતિ.

(ઈ) ૧. હાઈકુમાંથી વ્યક્ત થતો ભાવ સમજાવો.

પતંગિયું ત્યાં
થયું અલોપ : શૂન્ય
ગયું રંગાઈ.

૨. આપેલા હાઈકુમાંથી મળતો સંદેશ તમારા શબ્દોમાં લખો.

ફરતી પીંછી
અંધકારની : દીપ
નહીં રંગાય.

૩. માના ખોળામાં બાળકને અનુભવાતી નિશ્ચિંતતા તમારા શબ્દોમાં વર્ણવો.

(ઉ) ૧. જીવનની ક્ષણભંગુરતા અને અલ્પ જીવનકાળમાં મહાન કાર્યો કરનાર મહાનુભવો વિશે વર્ગમાં ચર્ચા કરો.

૨. 'રિસામણાં - મનામણાંની સંબંધો પર થતી અસર' વિશે પરિસંવાદનું આયોજન કરો.

(ઊ) ઇન્ટરનેટ/ગ્રંથાલયમાં ગુજરાતીમાં લખાયેલાં અન્ય હાઈકુ મેળવીને પ્રકલ્પ તૈયાર કરો.

વિશેષ વાંચન

મુક્તકો

સ્મિતનો ટુકડો

પૂછ મા કેવી રીતે જીવું છું હું
ઝાંઝવાની પ્યાલીઓ પીઉં છું હું
સ્મિતનો ટુકડો હું આપું છું સહજ
એ રીતે સંબંધને સીવું છું હું.

અનુભવ

એક પણ કડવો અનુભવ ના થયો
ઝાંઝવાં પણ સાવ ખારાં નીકળ્યાં
દોસ્તો કેવા હશે કોને ખબર
દુશ્મનો તો ખૂબ સારા નીકળ્યા.

શોધ

સમય ધીરે ધીરે સરે તોય શું
ફરીથી અતીત જો ખરે તોય શું
પુરાયો છું સંબંધની જેલમાં
કોઈ શોધ મારી કરે તોય શું ?

આંસુઓને

યાદને પંપાળવા કોશિશ કરો
જાતને સંભાળવા કોશિશ કરો
થઈ જશે આંખો સલામત આપની
આંસુઓને પાળવા કોશિશ કરો.

સમણાંની ભીંતો

ઘર હજી અકબંધ છે મારું છતાં
હું નવાં સમણાંની ભીંતો કાં ચણું
હસ્તરેખાઓ નથી ગમતી મને
પણ હથેળી છોડી મારે ક્યાં જવું ?

લાવ તારો હાથ

બારણાં - બારી તુરત મ્હેકી ઊઠ્યાં
આંગણે આવી ગઈ તું જ્યારથી
લાવ તારો હાથ, મારા હાથમાં
હાથને ના થાય મારું કોઈ નથી.

આયખું

મોત આવ્યા પછી ખબર થઈ કે
કોઈ હેતુ વગર જિવાયું છે.
મારું પોતાનું થઈ શક્યું ના એ
આયખું કેટલું પરાયું છે !

સંબંધ

ચાંદનીના તેજને માપો નહીં
આગિયાને આયનો આપો નહીં
બંધ દ્વારો બંને પક્ષે હોય પણ
આપણો સંબંધ તો કાપો નહીં.

ઉખાણું

તારી નજરોનું કામ સાદું છે
સ્મિત તારું બહુ જ દાદુ છે
ક્યાં ઉકેલાય છે છતાં કોઈથી
તારો ચહેરોય એક ઉખાણું છે.

– ડૉ. એસ. એસ. રાહી

નિશાનચૂક માફ, નહીં માફ નીચું નિશાન – બ.ક.ઠાકોર

ગદ્ય વિભાગ

૧. હરદ્વાર

સ્વામી આનંદ

ક્રાંતિકારી અને સાચા સાધુ સ્વામી આનંદનું મૂળ નામ હિંમતલાલ રામચંદ્ર દવે છે. તેમનો જન્મ ઈ.સ. ૧૮૮૭માં સૌરાષ્ટ્રમાં થયો હતો. સ્વામી આનંદે 'કેસરી', 'નવજીવન', 'યંગ ઇન્ડિયા' જેવા સામયિકોમાં કાર્ય કર્યું હતું. ગુજરાતી, મરાઠી, સંસ્કૃત, હિન્દી, ઉર્દૂ અને અંગ્રેજી ભાષાનું સારું જ્ઞાન ધરાવનાર સ્વામી આનંદે આ બધી જ ભાષાઓમાં લેખનકાર્ય કર્યું છે. 'ઉત્તરાપથની યાત્રા', 'હિમાલયનાં તીર્થસ્થળો', 'ગાંધીજીનાં સંસ્મરણો', 'આંબાવાડિયું', 'બચપણનાં બાર વર્ષ', 'માનવતાના વેરી' જેવું સર્જન લોકઆસ્વાદ્ય રહ્યું છે. ૨૫ જાન્યુઆરી, ૧૯૭૬ના રોજ મુંબઈમાં તેમનું અવસાન થયું હતું.

સૂર કૃતિનો

'ઉત્તરાપથની યાત્રા'માંથી લેવામાં આવેલા પ્રસ્તુત પ્રવાસવર્ણનમાં લેખકે હરદ્વારના પ્રવાસનું અલંકારિક છતાં સરળ શબ્દોમાં વર્ણન કર્યું છે, જેમાં હરદ્વારની દરેકેદરેક વિગતોને વિસ્તારથી વર્ણવી છે. હરદ્વારનું સાંસ્કૃતિક મહત્ત્વ, ભૌગોલિક રચના, બજાર, શહેરની બાંધણી, હરદ્વાર તરફ આવતાં વાહનો, ત્યાંનાં મંદિરો, આશ્રમો, ગ્રંથાલય, અન્ય સંસ્થાઓનું વિસ્તૃત વર્ણન એવું તો જીવંત કર્યું છે કે આપણી સામે હરદ્વારનું સાક્ષાત્ ચિત્ર ખડું થઈ જાય છે. હરદ્વારમાં થતી વિવિધ પ્રવૃત્તિઓ, ભજનમંડળીઓ, બજારોમાં મળતી વિવિધ વસ્તુઓ, સાથે જ મનભાવન મીઠાઈઓનું અદ્ભુત વર્ણન કર્યા બાદ લેખક હરદ્વારનાં તમામ આકર્ષણોમાં સૌથી વધુ આકર્ષક દીપસમર્પણ અને ગંગાઆરતીનું પણ વર્ણન કરે છે. પ્રસ્તુત પ્રવાસવર્ણન દ્વારા લેખકે કરાવેલી હરદ્વારની માનસયાત્રા આપણને પ્રત્યક્ષ યાત્રા કરવા પ્રેરિત કરે છે. પ્રસ્તુત પ્રવાસવર્ણન 'સબ તીરથ એકબાર, હરદ્વાર બારબાર' વિધાનને યથાર્થ ઠેરવે છે.

દુનિયાના કેટલાક દેશોની જેમ આર્યાવર્તની સંસ્કૃતિ નદીઓનાં ધાવણ ધાવીને ઊછરી છે, સિંધુ-સતલજને કાંઠે એ જન્મી, ગંગા-જમનાને ખોળે ઊછરી, નર્મદા-ગોદાયે એને મહાલવા વાટ દીધી ને કૃષ્ણા-કાવેરીયે એને ગોદ લીધી.

સ્વર્ગથીયે શ્રેષ્ઠ એવી જન્મદાત્રી જનનીની જોડાજોડ જન્મભૂમિને મૂકવાની કલ્પના આર્યલોકમાં ઉદય પામી છે. બલકે, માને પણ દુન્યવી જીવનનો શ્રેષ્ઠતમ સંબંધ તૂટ્યા બાદ ગંગાસ્વરૂપ કહેવાનો રિવાજ પાડીને એમણે નદીને અગ્રપૂજાનું માન આપ્યું.

આ આર્યાવર્તની નદીઓનું પિયેર ને ગંગા-જમના-સિંધુ-સતલજનું ઉગમસ્થાન હિમાલયનો ઉત્તરાખંડ હિંદુ-પુરાણોમાં બહુ ગવાયો છે. હિમાલયના આ આગલાપાછલા ઢોળાવો પર જ આર્યોના વડવા મૂળ વસેલા ને ત્યાં જ એમણે પોતાનાં તપ-તિતિક્ષા ને સંશોધનો દ્વારા મોટા મોટા પુરુષાર્થો સિદ્ધ કરેલા. અહીં જ મહાન ભગીરથે તપસ્યાને બળે સ્વર્ગની ગંગાને આપણા મર્ત્યલોક પર ઉતારી ને અહીં જ તેણે દેવોના દેવ મહાદેવને પ્રસન્ન કરીને સુરલોકની એ ગંગાને પોતાની જટામાં ઝીલવા રોકેલા.

હિમાલયનો આ ઉત્તરાખંડને નામે પંકાએલ પ્રદેશ અસંખ્ય હિંદુઓને માટે જીવનના પહેલા કે

છેલ્લા પુરુષાર્થનું સ્થાન અને આખરી આશ્વાસન છે. વારાણસી, કાશી હિંદુઓની મોક્ષપુરી તો હિમાલય હિંદુઓનું મોસાળ છે.

હરની જટા હિમાલયનું પ્રવેશદ્વાર તે હરદ્વાર. ઉત્તરાખંડનો દરવાજો. પાંડવોથી માંડીને આજના કાળ લગીનાં લાખો કરોડો શ્રદ્ધાળુ ભારતવાસી નરનારી આ મહાપંથે ચાલ્યાં ને એમની સમજણ પ્રમાણેનો મોક્ષ કે પુણ્ય પામ્યાં. અસંખ્ય સાધુસંત, તપસ્વી, મુમુક્ષુ, મોક્ષવાદી ને નિવૃત્તિવાંછુઓની આ પ્રસ્થાનભૂમિ.

હરદ્વારનું સ્થાન ભારતવર્ષના લોકમાનસમાં કાશીથી ખચીત પ્રાચીન હશે. પંજાબીઓનું તો એ જાગતું મોસાળ, સાંજસવારે ને છાશવારે દોડી આવે. લાહોર-અમૃતસરથી એકબે ટ્રેનો રોજેરોજ સેંકડો સ્ત્રીપુરુષોથી લદાઈને સીધી હરદ્વાર આવે. દિલ્હી-કલકત્તાથી પણ આવે. વરસે દહાડે ૫-૭ લાખ જાત્રાળુ હિંદુસ્તાનને ખૂણે ખૂણેથી અહીં આવે. બાર વરસે કુંભમેળો ભરાય ત્યારે હજુ આજે પણ એકે દિવસે વીસ લાખ હિંદુ નરનારી અહીં ગંગાસ્નાન કરે.

સાંકડી પહાડખીણોમાંથી મોકળું મેદાન મળતાવેંત છૂટે દોર દોડવા માંડેલ બે-ચાર-પાંચ ગંગાપ્રવાહોને પર્વતોની છેલ્લી શિવાલિક હારમાળાઓએ અહીં અદબપૂર્વક કોરે ઊભીને જગા આપી દીધી છે. આથમણે આવી એક પર્વતમાળાને ઘસીને જતી રેલવે લાઈન અને ઉગમણે ગંગાની એક મોટી પ્રવાહધારા એ બે વચ્ચે કનખલ-કાંગડી-જ્વાલાપુર સુધી ઉત્તરદક્ષિણ પાઘડીપને હરદ્વાર આવેલું છે. સામે ઉગમણે ચંડી પર્વતવાળી ડુંગરમાળ ઊભી છે. બે વચ્ચે ગંગાના નાના મોટા પ્રવાહો ઘૂઘવાટ કરતા ધસમસ્યા જાય છે. પાછલી પર્વતમાળાની તળેટીએ લીલાંછમ ગીચ તરાઈ જંગલો વચ્ચે થઈને આસ્તે કદમ જતી રેલવે ટ્રેનો રાફડામાં સર્પ પેસે તેમ પર્વત-બોગદા(ટનલ)માં પેસતી દેખાય. ચોમેર નિસર્ગ વરસી પડી છે. આખું દશ્ય અનુપમ કુદરતી સૌંદર્યથી લદબદ છે.



લાખ-બે લાખ ઉતારુઓને સામટાં ઉતારે એવડાં લાંબાં લપસીંદર ને અનેક ફાટકોવાળાં વિશાળ રેલવે પ્લૅટફૉર્મ, મસમોટા બુકિંગ હૉલ, તેવા જ વિશાળ ને ફર્લાંગો લાંબા ગંગાઘાટ, અસંખ્ય દેવમંદિરો, ધર્મશાળાઓ ને જાત્રાળુઓ માટેનાં વિશ્રામસ્થાનો, રસ્તાઓ પર, બજારોમાં ને ગંગાઘાટે હૈયેહૈયું દળાય એવા જનસમુદાય વચ્ચે નચિંતપણે ફરતા અસંખ્ય સાધુસંન્યાસી, ઉદાસી વૈરાગીઓ ને તેટલા જ નચિંતપણે ફરતા માણસોને ઘસીખસેડીને નિરાંતે રસ્તો કાઢતા નંદિપોઠિયા ને ગાયો ! કાશીમાં વિશ્વનાથ મંદિર ફરતે પણ ગાયપોઠિયા આટલી જ નફકરાઈથી ફરતાં હોય છે. માત્ર વાચા નથી હોતી. બાકી શિંગપૂંછવાળાં માણસ જ.

ગામનાં બજારો ને મકાનો લગભગ ગંગાકિનારે ઘાટોની સપાટી પર છે. માત્ર 'હર કી પૈડી' આગળ મનસાદેવીના ડુંગરની એક પાંખના ઢોળાવ પહોંચેલા

હોવાથી સહેજ ઊંચાણ છે. આથી ત્યાં નીચે ગંગાપ્રવાહ સુધી પહોંચવા ૩૦-૪૦ પગથિયાં ઊતરવાં પડે છે. આને જ 'હર કી પૈડી' (પૈડી-પાયરી, પગથિયાં) કહે છે. આ પગથિયાં નીચે હેઠાણે વહેતા ગંગાના એક નાનકડા પ્રવાહને વાળીને બનાવેલા અરધો ફર્લાંગ લાંબા લંબચોરસ વહેતા પાણીના કુંડને જઈને અડે છે. આને જ બ્રહ્મકુંડ કહે છે. હરદ્વાર તીર્થસ્થાન તે આ. કુંડની વચ્ચોવચ ગંગા મૈયાનું મંદિર ઊભું છે. આ કુંડના વહેતા પ્રવાહમાં સ્નાન કરી જાત્રાળુઓ દાનપુન્ય, દેવદર્શન કરે છે. મૃતનાં અસ્થિનિક્ષેપ વિધિ પણ અહીં જ એક નક્કી કરેલી જગાએ થાય છે.

આ કુંડનો પ્રવાહ મુખ્ય ઘાટના વિશાળ પ્લૅટફૉર્મને વીંધીને તુરત જ હેઠવાડે મોટા ગંગાપ્રવાહને મળી જાય છે. કુંડની બેઉ બાજુએ પ્રવાહ પર કમાનદાર નાના પુલ બાંધેલા છે, જે પર થઈને મોટા ઘાટ પ્લૅટફૉર્મો પર જવાય છે. હર કી પૈડી પર જોડા પહેરીને જવાની રજા નથી ને ઉપલી સરિયામ સડક પર બાંધેલી વંડી પરથી ડોકાઈને કુંડમાં નહાતાં સ્ત્રી-પુરુષોને જોવાની કે ફોટા લેવાની પણ મનાઈ છે.

કુંડની આસપાસ અસંખ્ય દેવદેવીઓનાં મંદિર આવેલાં છે. પુલોથી સંધાએલા ઉત્તર બાજુના ઘાટ પ્લૅટફૉર્મ પર બિરલા કુટુંબે બાંધેલું મોટું ટાવર છે. બધા ઘાટ પ્લૅટફૉર્મો પાકી ઈંટોને ઊભી જડીને બનાવેલાં છે. દક્ષિણ બાજુએ લાંબે સુધી આ વિશાળ ઘાટ પ્લૅટફૉર્મો ચાલ્યાં ગયાં છે. આ ઘાટોની પાછળ મંદિરો-મકાનોની લાઇન, તે પાછળ બજારો, તેની પાછળ શહેરની મુખ્ય કૉંક્રીટ સડક ને તેની પાછળ રેલવે લાઈન એવી શહેરની બાંધણી છે. ગાડી-ઘોડા-મોટરો માટે આટલી આ એક સડક ઉત્તર-દક્ષિણ આવેલી છે જે દક્ષિણે સ્ટેશન નજીક પહોંચ્યા પછી વિશાળ મેદાનોમાં થઈ કનખલ, જવાલાપુર વગેરે પરાંઓમાં ને દૂરનાં શહેરો સુધી જતી સડકોમાં વહેંચાઈ જાય છે.

હરદ્વાર જિલ્લાનું શહેર નથી. જિલ્લા-મથક સહારનપુર છે. પણ જિલ્લામથકની બલકે દિલ્હીથી ઉત્તરે આવેલાં ઘણાં જિલ્લાશહેરોની બરોબરી કરે કે ટપી જાય એટલું મહત્ત્વનું મથક જનમાનસની દૃષ્ટિએ હરદ્વાર છે. All roads lead to Rome એમ જાણે કે દિલ્હી મૂક્યા પછી આ તરફની ટ્રેનોનો ઘણો મોટો સિવિલ ટ્રાફિક હરદ્વાર ભણી જ જનારો હોય એવો ભાસ ઘણી વાર મુસાફરને થાય છે.

ગંગાના ત્રણચાર મોટા પ્રવાહોમાંના એકબેને લગામ નાંખીને તેમાંથી ગંગાની સૌથી મોટી નહેર અહીંથી કાઢેલી છે. આ નહેર વાટે કરોડો ગૅલન પાણી ઉત્તર હિંદનાં ખેતરોને હરિયાળાં ને કિંમતી પાકે લચી પડતાં કરવા માટે રાતદિવસ વહ્યે જાય છે. ગંગાપ્રવાહ ઉપર બેત્રણ જગ્યાએ મોટાં ગરનાળાં બાંધી જરૂર મુજબ વધુઓછાં પાણી નહેરમાં છોડી શકાય ને મોટાં પૂર વખતે પાણીને બીજી તરફ ફંટાવી મુકાય એવા મજબૂત લોખંડી દરવાજા મૂકેલા છે. આ દરવાજા ઉપલી બાજુએ મૂકેલા મોટી લોખંડી સાંકળોવાળા તોતિંગ ઊંટડા(ક્રેઈન) વડે જરૂર મુજબ ઊંચાનીચા કરી શકાય એવી ગોઠવણ કરેલી હોય છે. આ બધી ઈજનેરી ગોઠવણોને ગંગાના બીજા પ્રવાહોના મનસ્વીપણાથી બચાવવા આ નહેરકામોની અને એ આઝાદપ્રવાહોની વચ્ચે માઈલ લાંબો ને લગભગ ૩૦ ફૂટ જેટલો ઊંચો એક જબ્બર બાંધ ગંગાપટના ગોળમટોળ સફેદ પથરાઓ સીંચીને દૂર લગી નાંખેલો છે. આ બધાં ઈજનેરી કામો વરસો સુધી ને વરસોવરસ ચાલ્યાં જ કરે. તેથી નહેરખાતાના તેમ જ ઈજનેરી ખાતાના સરકારી અમલદારો અને માણસોનો એક ખાસો સ્ટાફ અહીં કાયમ મથક કરીને વસે છે.

હરદ્વાર મોટું તીરથધામ અને દેવસ્થાનો, ધર્મસ્થાનો, સાધુસ્થાનો ને પંડાગોરોનું ગામ છે; અનેક આશ્રમો, સંસ્થાઓ, સેવામંડળો અને સુધારપ્રવૃત્તિઓનું કેન્દ્ર છે. આર્યસમાજ ગુરુકુળના આદ્યસંસ્થાપક મહાત્મા મુન્શીરામજી(સ્વામી શ્રદ્ધાનંદ)એ અહીં જ દાયકાઓ

સુધી પોતાની તપસ્યા અને કર્મયોગ રેડ્યાં ને વૈદિક શિક્ષણપદ્ધતિનો આધુનિક પ્રયોગ ભારતવર્ષને કરી બતાવ્યો. ગંગાપાર આવેલી તેમની મૂળ તપોભૂમિને ગંગા તાણી ગઈ તેથી છેલ્લાં કેટલાંક વર્ષોથી આ પાર જ્વાલાપુર નજીક નહેરકાંઠે વિશાળ ભૂમિ પર કાંગડી ગુરુકુળની નવી વસાહત ઊભી થઈ છે. તેમાં મહાવિદ્યાલય, છાત્રાલય, આયુર્વેદ ફાર્મસી, અધ્યાપકો તેમજ અતિથિઓ માટેના નિવાસ વગેરે આવેલાં છે. ઋષિકુળ વગેરે પાછળથી નીકળેલી બીજી સનાતનધર્મી સંસ્થાઓ, રામકૃષ્ણ મિશનનું સેવાશ્રમ અને હૉસ્પિટલ, વગેરે અનેક નાનીમોટી સંસ્થાઓ કનખલ, જ્વાલાપુર, વગેરે ઠેકાણે આવેલી છે. હરદ્વારમાં સાધુસંન્યાસી ગરીબ-ગુરબાં માટે અનેક અન્નક્ષેત્રો સદાવ્રતો છે. નવરા ને લાંઠ વ્યસની સાધુ-બાવાઓના અખાડા તેમ જ તેવાઓને સુધારવા સ્થપાએલાં સાધુસુધારમંડળો પણ છે. થોડાં વર્ષથી સાધુસંન્યાસીઓ ને જાહેરના લાભાર્થે હજારો કિંમતી ગ્રંથોવાળું શ્રવણનાથ ગ્રંથાલય પણ સ્થપાયું છે ને તેને સારી સંખ્યામાં દૈનિક અઠવાડિક હિંદી-ઉર્દૂ-અંગ્રેજી છાપાંવાળું વાંચનાલય પણ જોડવામાં આવ્યું છે, બેઉનો ઠીક ઠીક લાભ લેવાય છે.

પરાં સહિત હરદ્વારની કાયમી વસતિ લાખ જેટલી હશે. સિવાય રોજ આવનારાં સેંકડો-હજારો યાત્રાળુ ઉપરાંત સાધુસંન્યાસી, ગોર(પંડા) ને રઈસો(શ્રીમંતો)ની આવજા હંમેશાં ચાલુ. આપણી તરફનાં રાજારજવાડાં કે શ્રીમંતો જેમ મુંબઈ, પુણા કે રાજકોટમાં પોતાના બંગલા ઉતારા રાખે, તેમ આ તરફ ઉત્તર હિંદ કે પંજાબનો દરેક રાજા રઈસ, શ્રીમંત, શાહુકાર કે દાનેશ્વરી હરદ્વાર ખાતે એકાદ આલેશાન મકાન, વિશ્રામસ્થાન, ધર્મશાળા કે પોતાનાં સગાંવહાલાંનું સ્મારકચિહ્ન બાંધે જ.

આવાં નિવાસો, ધર્મશાળાઓ, દેવસ્થાનો ઇત્યાદિ અહીં નિતનવાં બંધાતાં જ હોય. ઉપરાંત હૃષીકેશ, લક્ષ્મણઝૂલા જતાં જાત્રાળુઓને લઈને દર પા-અરધા કલાકે છૂટતી મોટરબસો, મોટર સર્વિસ કંપનીઓની ઑફિસો, તાર, ટપાલ, ટેલિફોન, મ્યુનિસિપલ, ઈજનેરી તથા નહેરખાતાની ઑફિસો, વિમાન ઑફિસ, શિલાજીત વેચનારાની દુકાનો તેમજ ટાંગા-મોટર જાત્રાળુઓને મુસાફરોની રોજની ભીડથી હરદ્વાર હરહંમેશ વ્યસ્ત ને ભર્યું ભર્યું રહે છે. એકબે સીનેમા પણ થોડું થયાં નીકળ્યાં છે જે અહીંના વાતાવરણમાં બંધબેસતાં નથી લાગતાં.

અહીંની મ્યુનિસિપાલિટીને રોજનું કામ હરદ્વારને માથે રોજ-બરોજ ઊતરી પડતાં ટોળાંઓના દબાણ નીચે કપરાં બનતાં સફાઈ-સૅનીટેશન સાચવીને શહેરની સુખાકારી જાળવવાનું ને રોગચાળા ફાટી નીકળતા અટકાવવાનું જ રહેતું હશે. શું મ્યુનિસિપાલિટીને કે શું યુક્ત પ્રાંતની સરકારના આરોગ્યખાતાને, કાશી પ્રયાગ કરતાં પણ અહીં જ જાત્રાળુઓની, જંગમ વસતિ (ફ્લોટિંગ પોપ્યુલેશન) જોડે બાથોડિયાં ભરવાનું કામ બારે દહાડા વધુ રહેતું હોય છે.

બજારોમાં પૂજાપાના સામાન, દર્ભાસનો, ઓરસિયા, 'મર્તબાન' (ચીની માટીની બરણીઓ), તુલસી કે રુદ્રાક્ષની માળા, ચોપડીઓ, પથ્થર કે ધાતુની મૂર્તિઓ, દેવદેવીઓનાં ચિત્રો ને છબીઓ, જાત્રામાર્ગની ચોપડીઓ, પહાડો ચડવાની લાકડીઓ, ટૉર્ચ, ફાનસ, મીણકાપડ, છત્રીઓ, ધાબળા, ચટાઈઓ, ભજનભક્તિ પૂજાઅર્ચા ને દેવદેવાદિને લગતાં ધાર્મિક પુસ્તકો, જેવો સાધુ, ભગત ને જાત્રાળુઓના ખપનો માલ જ જ્યાંત્યાં વિશેષ જોવામાં આવે. આમ છતાં દાંતિયા, સુગંધી તેલ, સાબુ પફપાવડર, બ્લેડો, વૅસેલીન તથા એવા જ બીજા સસ્તા દેશી વિલાયતી તકલાદી માલ અને શોખની ચીજો પણ નથી હોતી એમ નહીં. પબ્લીક રેડિયો પણ બજારોમાં એકબે જગાએ મ્યુનિસિપાલિટીએ મૂકેલ છે જ્યાં લોકોનાં નાનાંમોટાં ઝુંડઝૂમખાં તાજી ખબરો સાંભળવા ઊભાં રહે છે.

પણ હરદ્વારનું સૌથી મોટું આકર્ષણ ને એની

ખાસ અનોખી રોનક તો છે એનું સાંજ વેળાનું હર કી પૈડી ને ગંગાઘાટો પરનું દૃશ્ય. ચોપાટીનાં આતવારિયાં ટોળાંને ભુલાવે તેવું. મુંબઈગરાં ટોળાં, ભેળપુરીવાળા ભૈયા કે લીલાં નાળિયેરવાળા મોપલાવાળાં દશ્યો કરતાં અહીંની રોનકમાં ઘણી વધુ વિવિધતા ને દેશીયતા હોય છે. ઉપરાંત એક અબોલ ધર્મભાવનાનું વાતાવરણ બધે છવાએલું રહે છે ને સૌ કોઈના હૃદયમનને મૂંગું મૂંગું ભીંજવતું હોય છે. ગંગાના લાંબે લગી પથરાએલા એ વિશાળ ઘાટો પર સાંજના પાંચ વાગ્યાથી માંડીને સેંકડો જાત્રાળુ ને સહેલાણી કુટુંબો બાળબચ્ચાંસહિત શેતરંજીઓ, ચટાઈઓ, ખાવાપીવા, ગાવાબજાવવા, વિનોદપ્રમોદની બધી સાજસામગ્રી સમેત ઉજાણીએ આવ્યાં હોય તેમ ઊતરી પડે છે ને પાણીઘારે પાથરણાં પાથરી ટોપલા-કરંડિયા છોડી ખાઈ-પી-ગાઈ-બજાવી આનંદ કરે છે ને રોજ સાંજના ત્રણચાર કલાક નિરાંતે અહીં ગાળે છે.

શોખીન કે ઉત્સાહી તરવૈયા જુવાનો ગંગાના ઠંડાગાર મસ્ત વેગીલા પ્રવાહમાં તરવા પડે છે ને એકબીજાની સરસાઈ હરીફાઈ કરતાં ઘણે દૂર લગી હેઠવાડે જઈ નીકળે છે. બીજા ઓછી હિમ્મતવાળા કે શિખાઉ હર કી પૈડીવાળા કુંડના નાના પ્રવાહમાં તુંબડાં, ટીન ડબા કે રબ્બર-કેનવાસનાં બોયાં બાંધીને પડે છે ને તરતાં શીખે છે. સંસ્થાઓના વિદ્યાર્થીઓ પણ આમાં હોય છે. ૨૦-૨૫ જણ સમાય એવડી એક બે હોડીઓ પણ સામે પાર બીજી ગંગાધારા ફંટાતી હોય ત્યાં સુધી આવજા કરતી હોય છે. તેમાં કેટલાક સહેલાણીઓ બેસે છે ને સામા કાંઠાની સહેલ કરે છે. વેગીલા પ્રવાહમાં હોડી હાલકડોલ થાય છે. પણ સુકાની હોડી પરનો કાબૂ ગુમાવતો નથી ને હોડી જોકે સીધી સામે પાર નથી જઈ શકતી, છતાં બહુ ઠેકાણે જઈને પણ તે સામે કિનારે નાંગરે છે ને ઉતારુઓને સહીસલામત ઉતારે છે; કાં પાછો આ કાંઠે આણે છે. મજધાર વહેતી ને તણાતી હોડીને કાબૂમાં રાખવા સુકાનીને ખાસી મથામણ કરવી પડે છે.

રોજેરોજ સાંજવેળાએ મોડે સુધી આ ઘાટમેળા જામ્યા રહે છે. એકેએક વિશાળ ઘાટ માનવમેદનીથી ઊભરાય છે. આમાં બાજઠ જેવા મંચ પર ઊભી કરેલી હાથઊંચી હાટડીઓ પર બેસી એક પૈસામાં જોડા કપડાં સાચવનારાથી માંડીને દેશી રમકડાં ને દેવછબીઓ વેચનારા, ફૂલગજરા, ધૂપદીપ, પૂજાપાની સામગ્રી વેચનારા ને હલવા(શીરો) પૂરી કે દસ રૂપિયે શેરની વિવિધ દેશી મીઠાઈઓ તથા પકવાનો વેચનારા ખૌંચાવાલા(ખૂમચાવાળા) સુધીના હોય છે. આ દેશી બનાવટની મીઠાઈઓ ને પકવાનોમાં પંજાબની ને આ તરફની ખાસ ચુનંદી વાનગીઓ હોય છે. તેના પ્રકાર અને બનાવટો પરાપૂર્વની પણ પરપ્રાન્તવાળાને હેરત પમાડે તેવી અનોખી હોય છે. મોંઘી છતાં તે પાછળની મહેનત જોતાં સોંઘી લાગે. આ મીઠાઈઓ બનાવનારા શબનમની મલમલો કે હમરૂ મશરૂનાં વણાટ કરનારા

તંતુવાદ્ય વણકરોની જેમ પેઢી દર પેઢીથી ચાલતા આવેલા કારીગરો હોય છે જેમને પાકસિદ્ધિ વરેલી હોય છે. એમની આગળ ગ્રાન્ટ રોડ, સી.પી.ટેંકના મીઠાઈનાં 'ગંજાવર' કારખાનાં ચલાવનારા ભોટ લાગે. આ મીઠાઈઓ અને પકવાનોનાં નામો તેમજ બનાવટસામગ્રી ને પદ્ધતિ બધું ઠેઠ સો ટકા દેશી ને ઘરગથ્થુ હોય છે. આ બધું એટલું તો સુંદર ને લોભામણું હોય છે કે તેનાં નામો તથા બનાવટમાં વપરાતાં અનાજ, સામગ્રી વગેરે જાણવાની આપણને સહેજે જિજ્ઞાસા થાય. એબ માત્ર એટલી જ હોય છે કે આટલી બધી સુંદર ને કિંમતી ખાદ્યસામગ્રી ખુલ્લા ખૂમચાઓમાં (ઘણી વાર તળિયે ધીમા સળગતા કોલસાની સગડી રાખીને) વેચે છે ! ક્યારેક અહીં નર્યા માવાની બનાવેલ બદામ, લીચી, અખરોટ, બનારસી બોર, વગેરે આબેહૂબ કુદરતી રંગરૂપનાં ને માણસ ખસૂસ ભુલાવો ખાય એવી અણિશુદ્ધ બનાવટવાળા વેચનારા ખૂમચાવાળા પણ જોવા મળે છે.

ઠેરઠેર નાનામોટા લાકડી મંચ ઊભા કરી ભજનમંડળીઓ, ભજનિકો, ઉપદેશકો, વ્યાખ્યાતાઓ ને કથાકારો બેઠા કે ઊભા હોય ને તેમનાં વ્યાખ્યાનો, ઉપદેશ, ભજનો, ઇત્યાદિ સંગીત વાદ્ય ને સૂર ઝીલનારા સાગરીતો સાથે ચાલતાં હોય; દરેક મંચ સામે પાથરેલ પાથરણાંઓ પર શ્રદ્ધાળુ સ્ત્રીપુરુષોનું નાનુંમોટું કે શ્રોતામંડળ જામેલું હોય; બીજા ઊભાં હોય; સ્ત્રી ઉપદેશકો કે ભજનિકો પણ હોય; આશ્રમો કે સંસ્થા-ઓના છાત્રોને પણ અહીં સમૂહ સંગીતમાં ભજનો કે પ્રચાર-ગીતો ગાઈ સંસ્થા માટે મદદ માંગવા કોઈ સંચાલક કે 'ભ્રાતાજી'(સુપરીટેન્ડેન્ટ) લાવ્યો હોય; ક્યાંક ધૂણીવાળો ખાખીબાવો બેઠો હોય; સામે જ વળી સાધુવર્ગમાં સુધારા થવાની તીવ્ર અગત્ય વિષે કોઈ સંસ્કારી સાધુ-સંન્યાસીનું વ્યાખ્યાન પણ ચાલતું હોય. સવારથી બપોર સુધી આ ઘાટો પર વિધિસરનાં પિતૃશ્રાદ્ધ ગંગાસ્નાન ઇ. કરાવનારા ભાવિક જાત્રાળુઓનાં 'ક્ષૌર' કરનારા 'નાઈઓ' પણ લાઈનબંધ બેસીને વતાં કરતા હોય.

સાંજના અંધારાની રૂંઝ્યું વળતી જાય તેમતેમ તમામ ઘાટ નાનામોટા દીવાદીવટીઓથી ઝળાંઝળાં થઈ ઊઠે. ક્યાંક કોઈ દૂર પ્રાન્તની કમ્મરેથી વળી ગએલ ને વર્ષો લગી સંચેલી ૫૦-૭૫ની મૂડી પર યાત્રાએ નીકળેલ માતા આનો બે આના પૂજાપા પાછળ ખરચી નાંખી, લીલા પાનના ફૂલે ભર્યા પહોળા દડિયામાં ઘીએ બોળેલ ઊભી દીવેટ ખરીદીને ગદ્‌ગદ કંઠે ગંગાજીની આરતી ગાતી પૂજાપા સાથે દીવેટ સળગાવેલ દડિયો ગંગાના પ્રવાહમાં વહેતો મૂકી કૃતકૃત્ય થતી ને સુખનાં આંસુએ છલકાતી દુખણાં લેતી હોય. બાજુમાં જ કોઈ સુખી શ્રીમંત કુટુંબની માતા ને તેની નાનીમોટી પુત્રીઓ ને વહુવારુઓ ડઝનબંધ દડિયા ખરીદી દીવા પર દીવાના દડિયા ઘાટ-પગથિયેથી પ્રવાહમાં વહેતા મૂક્યે જતી હોય ને ગંગાના વક્ષઃસ્થલ પર નાચતા ને ડોલતા જતા એવા અસંખ્ય દીવડાઓ વચ્ચે પોતે મૂકેલ દીવાઓની ગતિ, પ્રગતિ ને વિલયની રોનક નિહાળતી ન ધરાતી હોય. અંધારપછેડો ઓઢવા લાગેલી ગંગાના જલરાશિના આખા ઘાટ પરથી પ્રવાહમાં મુકાતા આવા અસંખ્ય દડિયા-દીપોથી રહી રહીને દીપી ઊઠે, સાથે જ આ ગંગામંદિરની સહસ્ર દીવેટોની આરતી શરૂ થાય તેવા જ ઘાટકિનારે ઊભેલાં અસંખ્ય દેવમંદિરોમાં સંધ્યાઆરતીના ઘંટારવ, નગારાં ને શંખનાદ બધે સામટાં ગુંજી ઊઠે. અસંખ્ય આરતીઓ, અસંખ્ય દીવા, અસંખ્ય માનવીઓના અંતર-બધું ઘડી વાર એકતાર બનીને જાણે આમાં તાલ પૂરે ને શ્રદ્ધાજડ માનવીને પણ આસ્તિકતાનાં ઘેન ચડાવે. હર કી પૈડી- રંગાઘાટ પરની આવી એક સાંજ અસંખ્ય બળ્યાંઝળ્યાં અંતરને મેઘવાદળીની ગરજ સારે છે ને માનવીના ક્ષુબ્ધ, ત્રસ્ત, રૂક્ષ જીગરને શ્રદ્ધાભીનું ને સુરીલું બનાવે છે.

હરદ્વારનાં તમામ આકર્ષણોમાં સંધ્યાવેળાના આ દીપસમર્પણ ને આરતીઓ, આ દડિયા દીપના સરઘસો ને દેવમંદિરોના ગુંજારવ, મને હંમેશાં સૌથી વધુ આકર્ષક ને પાવનકારી લાગ્યાં છે.

માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવતાં પહેલાં 'જીવનમાં પ્રવાસનું મહત્ત્વ' - વિશે વર્ગમાં ચર્ચા કરી શકાય. વિદ્યાર્થીઓએ કરેલા પ્રવાસ વિશે, પ્રવાસના તેમના અનુભવો વિશે બોલવા તેમને પ્રેરિત કરી શકાય. પ્રવાસ એટલે શું તેના ખરા અર્થથી વિદ્યાર્થીઓને પરિચિત કરવા. માત્ર સમાજમાં લોકોને કહી શકાય એ ભાવથી કોઈ એકાદ સ્થળની લીધેલી મુલાકાત એ પ્રવાસ નથી એ વાત વિદ્યાર્થીઓને સમજાવવી. જે પણ સ્થળે પ્રવાસ અર્થે જઈએ ત્યાંના પર્યાવરણને હાનિ ન પહોંચાડવી, ગંદકી ન કરવી, એ આપણી પવિત્ર ફરજ છે. એ ભાવ પણ વિદ્યાર્થીઓ સુધી અવશ્ય પહોંચાડવો.

સ્વાધ્યાય

(અ) ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.

(૧) માંચડો (૨) દુકાન (૩) ખામી (૪) સેતુ
(૫) આશ્ચર્ય (૬) સાથી (૭) મોહક (૮) મુંડન

૨. નીચેના આપેલા શબ્દોમાંથી કૃતિના આધારે વિશેષણ વિશેષ્યની જોડી શોધી લખો.

(૧) મોકળું (૨) નાના (૩) મોટાં
(૪) લોખંડી (૫) પ્રયોગ (૬) વિશાળ
(૭) ઘાટ (૮) ગરનાળાં (૯) આધુનિક
(૧૦) પુલ (૧૧) દરવાજા (૧૨) મેદાન

૩. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

(૧) ઓગળી જવું તે -
(૨) ખાસ પસંદ કરેલી -
(૩) વેચવાની વસ્તુઓનો ભરેલો થાળ -
(૪) પરિણીતાનાં માબાપનું ઘર -
(૫) દીન ભૂખ્યાંને અન્ન અપાય છે તે સ્થળ -
(૬) મોક્ષની ઇચ્છાવાળા -

૪. નમૂના પ્રમાણે શબ્દ લખો. આગમન - પ્રસ્થાન

(૧) આથમણું (૨) શિખર (૩) અંધારું (૪) જાહેર
(૫) પ્રવૃત્તિ (૬) કુદરતી (૭) સાંકડાં (૮) ચઢાવ

૫. કોષ્ટક પૂર્ણ કરો :

ક્રમ	શબ્દ	કૃતિમાં વપરાયેલા પર્યાયવાચી શબ્દો
૧	માર્ગ	
૨	નગ	
૩	માતા	
૪	દેવલોક	

(આ) ૧. કોણ તે કહો.

(૧)	આર્યાવર્તની નદીઓનું પિયર	–	(૨)	ગંગાને પોતાની જટામાં ઝીલનાર	–
(૩)	હિંદુઓનું મોસાળ	–	(૪)	હિમાલયનું પ્રવેશદ્વાર	–
(૫)	જિલ્લામથકથી ટપી જાય એટલું મહત્ત્વનું મથક	–	(૬)	સ્વર્ગથી પણ શ્રેષ્ઠ	–
(૭)	ગંગાને મર્ત્યલોકમાં ઉતારનાર	–	(૮)	અસંખ્ય હિંદુઓનું આશ્વાસન	–

૨. અંકમાં જવાબ આપો.

(૧)	વરસે દહાડે હરદ્વાર આવતા યાત્રાળુ	–	(૨)	કુંભમેળો ભરાય છે	–
(૩)	કુંભમેળામાં દરરોજ ગંગાસ્નાન કરનાર લોકો	–	(૪)	હર કી પૈડીનાં પગથિયાં	–

૩. શું તે લખો.

(૧)	કુંડની બેઉ બાજુએ બાંધેલા છે	–	(૨)	પતિના મૃત્યુ બાદ સ્ત્રીઓને કહેવાય	–
(૩)	દુન્વયી જીવનનો શ્રેષ્ઠતમ સંબંધ	–	(૪)	બ્રહ્મકુંડની વચ્ચોવચ્ચ આવેલું છે	–

૪. આકૃતિબંધ પૂર્ણ કરો.

(૧)



(૨)



(૩)



(૪)



(ઇ) ૧. સંધિ છોડો.

(૧)	હિમાલય	(૨)	પુરુષાર્થ	(૩)	વાતાવરણ	(૪)	ગ્રંથાલય
(૫)	વ્યાખ્યાન	(૬)	ઇત્યાદિ	(૭)	દર્ભાસન	(૮)	સંસાર

૨. સમાસનો વિગ્રહ કરી પ્રકાર લખો.

(૧) દેવમંદિર (૨) સેવાશ્રમ (૩) રાજારજવાડાં (૪) પ્રચારગીત

(૫) રાતદિવસ (૬) સાધુસંન્યાસી (૭) નાનામોટા (૮) સ્ત્રીપુરુષ

૩. કૃતિને આધારે જોડશબ્દ પૂરો કરો.

(૧) ખાવા----- (૨) -----ઊતર (૩) હરવું ----- (૪) ----- જાવન

(૫) ગાયન----- (૬) હાલક ----- (૭) બળ્યાં ----- (૮) ગાવા-----

૪. અલંકાર ઓળખીને પ્રકાર લખો.

(૧) હિમાલય એટલે ઉત્તરાખંડનો દરવાજો.

(૨) ભારતીય સંસ્કૃતિને કૃષ્ણા-કાવેરીએ ગોદ લીધી.

(૩) તેઓ પાણીધારે પાથરણાં પાથરે છે.

(૪) મોંઘી છતાં તે પાછળની મહેનત જોતાં સોંઘી લાગે.

(૫) ગંગાઘાટનું દૃશ્ય ચોપાટી પરના દૃશ્યથી ચડિયાતું છે.

(૬) બાજઠ જેવા મંચ પર હાટડી આવેલી હતી.

૫. સૂચના અનુસાર કાળ બદલો.

(૧) તેઓ અહીં ત્રણચાર કલાક ગાળે છે. (ભવિષ્યકાળ)

(૨) બધાં ખાઈ-પી-ગાઈ-બજાવી આનંદ કરતાં હતાં. (વર્તમાનકાળ)

(૩) આખું દૃશ્ય અનુપમ કુદરતી સૌંદર્યથી લદબદ છે. (ભૂતકાળ)

(ઈ) ૧. હરદ્વાર ગામનું વર્ણન કરો.

૨. બ્રહ્મકુંડનું વર્ણન કરો.

૩. ઉત્તરાખંડ શહેરની બાંધણી વર્ણવો.

૪. 'ભારતીય સંસ્કૃતિમાં ગંગાનું મહત્ત્વ વર્ણવો.

૫. હરદ્વારની બજારોમાં મળતી વસ્તુઓ વર્ણવો.

૬. ગંગાઘાટ પરનું સાંજનું દૃશ્ય - તમારા શબ્દોમાં વર્ણવો.

૭. હરદ્વાર મ્યુનિસિપાલિટીનાં કાર્ય વિશે માહિતી આપો.

૮. 'પ્રવાસ એટલે હાલતી ચાલતી વિદ્યાપીઠ' - તમારું મંતવ્ય સ્પષ્ટ કરો.

(ઉ) ૧. ખૂબ પ્રસિદ્ધ અને વ્યસ્ત રહેતાં યાત્રાધામોની સમસ્યા અને ઉપાયો - વર્ગમાં સમૂહ ચર્ચા કરો.

૨. 'પ્રવાસ દરમિયાન પર્યટનસ્થળનાં સૌંદર્યને માણો ચોક્કસ, હણો નહીં.' - વર્ગમાં તમારા વિચારો રજૂ કરો.

(ઊ) ભારતનાં દર્શનીય સ્થળો વિશે ઉપક્રમ તૈયાર કરો.

> સરવાળો સત્કર્મોનો, ગુણનો ગુણાકાર,
> બાદબાકી બુરાઈની, ભ્રમનો ભાગાકાર. – જયંત પાઠક

ચિત્રવર્ણન

ચિત્રવર્ણન

૨. સોયનું નાકું

જયંતિ દલાલ

ઉત્તમ નાટ્યકાર તથા નવલિકાકાર જયંતિ દલાલનો જન્મ ૧૮ નવેમ્બર, ૧૯૦૯ના રોજ અમદાવાદમાં થયો હતો. ગુજરાતી એકાંકીના વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપનાર જયંતિ દલાલે મોટે ભાગે વ્યંગલક્ષી એકાંકીઓને વૈવિધ્યપૂર્ણ સંવાદ છટાથી અણિયાળાં અને આકર્ષક બનાવ્યાં છે. વ્યંગપ્રધાન ચમકદાર શૈલી, વિનોદ લહેરો લહેરાવતા સંવાદો અને ચોટદાર અંત તેમની એકાંકીની વિશેષતા રહી છે. ‘શહેરની અડખેપડખે’, ‘કથરોટમાં ગંગા’, ‘જવનિકા’, ‘ધીમુ અને વિભા’, ‘રંગપગલી’ તેમની આસ્વાદ્ય કૃતિઓ છે. તેમના અનન્ય સાહિત્ય સર્જનને બિરદાવતા તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક અને નર્મદ સુવર્ણચંદ્રકથી નવાજવામાં આવ્યા છે. ૨૪ ઑગસ્ટ, ૧૯૭૦ના રોજ તેમનું અવસાન થયું હતું.

સૂર કૃતિનો

‘સનશાઈન’ એકાંકીસંગ્રહમાંથી લેવામાં આવેલ પ્રસ્તુત એકાંકીમાં શેઠ નંદનંદનના અવસાન બાદ ભરાયેલી શોકસભાનું દશ્ય અને ચિત્રગુપ્તના દરબારમાં કરેલાં શેઠ નંદનંદનનાં કાળાંકર્મોના હિસાબકિતાબનું દશ્ય, સમાંતર દર્શાવીને નાટ્યકારે માનવસ્વભાવનું માર્મિક નિરૂપણ કર્યું છે. માનવી સારો બનવા માટે નહીં પણ સારા દેખાવા માટે મથામણ કરતો હોય છે. તે વાત લેખકે શેઠ નંદનંદનના ‘નામ બડે ઔર દરશન છોટે’ જેવા જીવન દ્વારા સુપેરે સમજાવી છે. શોકસભામાં જુદી જુદી વ્યક્તિઓ દ્વારા ગવાતી શેઠની યશોગાથા બાદ તુરંત જ ચિત્રગુપ્ત દ્વારા નંદનંદનના એકએક પાપોનું કરાતું વર્ણન માનવની ભીતર છુપાયેલા ભેદને ઉઘાડા પાડે છે. પડદાના ઉપયોગ વિના પ્રકાશસજ્જાના માધ્યમે વાસ્તવિકતા અને વહેમને એક સાથે રજૂ કર્યાં છે.

પાત્રો : *પાર્ષદ, કાર્યકર્તા, શ્રી. ભાઈસાહેબ, શેઠ નંદનંદન, નાગરદાસ, અગ્નિકુમાર, ઉત્તમચંદ, મૂળી ડોશી, શક્તિશરણ, ચિત્રગુપ્ત, ચેતન, ભોગીલાલ, પ્રેક્ષકો...*

[*નાટકના પ્રેક્ષકો રંગમંચ પર જગા લેતા જાય છે ત્યારે એમને પહેલો ખ્યાલ એ જાય છે કે સામાન્ય રંગભૂમિ કરતાં આ કાંક જુદું જ છે. અહીં પ્રેક્ષક અને નટને અલગ પાડતો પડદો નથી. જેમ પ્રેક્ષાગૃહમાં ખુરશીઓ છે, તેવી જ રીતે રંગમંચ પર પણ અર્ધચંદ્રાકારે ગોઠવેલી ખુરશીઓ છે. રંગમંચ પર વચ્ચોવચ એક મોટું મેજ છે. મેજ પર બિછાવેલી ચાદર એ જ એકમાત્ર જવનિકા છે.*]

થોડોક સમય વીતે છે. પ્રેક્ષકો આવતા જાય છે અને ઘણા તો સીધા રંગમંચ ઉપરની ખુરશીઓમાં ગોઠવાય છે. સહુના ચહેરા ગંભીર છે. કોઈ આપસઆપસમાં વાત પણ નથી કરતું. એક વધુ ગંભીર દેખાતા કાર્યકર્તા ટેબલ પાસે હાથમાં એક પત્રિકા જેવું લઈને બેઠા છે.

સહુનું ધ્યાન દરવાજામાંથી દાખલ થતા એક પીઢ ગૃહસ્થ પર કેન્દ્રિત થાય છે. ગાંધી ટોપી, પહેરણ, પહેરણની બાંય ઉપર બાંધેલી ઘડિયાળ અને એની સોનેરી સાંકળી, હાથમાં લાકડી અને એ સર્વ સાથે બંને હાથ જોડી કરેલા નમસ્કાર ; આ નમસ્કાર એક રીતે નાટકની નાન્દીની ગરજ સારે છે.

નાટક શરૂ થાય છે અને પેલા કાર્યકર્તા ભાઈ એક પત્રિકા વાંચે છે :

''આપણા શહેરના અગ્રગણ્ય નાગરિક, જાણીતા ઉદ્યોગપતિ, સુપ્રસિદ્ધ દાનવીર અને આપબળે આગળ આવેલા શેઠ નંદનંદનના શોકજનક અવસાન બદલ શોક પ્રદર્શિત કરવા શહેરીઓની એક જાહેરસભા ગુરુવારે સાંજના છ વાગતાં સભાગૃહમાં મળશે.'' (કાગળને વાળતાં) આજની આ સભાનું પ્રમુખસ્થાન શ્રી ભાઈસાહેબને લેવાની હું વિનંતી કરું છું. શ્રી ભાઈસાહેબની ઓળખ શહેરને આપવાની જરૂર હું જોતો નથી. છેલ્લાં ત્રીસ વર્ષથી શહેરની કોઈ પણ કલ્યાણકારી પ્રવૃત્તિની પ્રેરણા અને સંચાલન શ્રી ભાઈસાહેબે જ કર્યાં છે અને શેઠ નંદનંદન સાથે પણ એમને અત્યંત નિકટનો સંબંધ હતો.

[*પોતાનું સ્થાન લે છે. શ્રોતાગણમાંથી એકાદ તાલી પડી જાય છે.*]

નાગરદાસ : પ્રમુખસ્થાન માટે શ્રી ભાઈસાહેબની જે દરખાસ્ત મૂકવામાં આવી છે, તેને હું ટેકો આપું છું.

[*શ્રી. ભાઈસાહેબ અધ્યક્ષસ્થાન લે છે. ખિસ્સામાંથી કાગળિયાં તથા ચશ્માનું ઘર કાઢે છે. વ્યવસ્થિત રીતે ચશ્માં પહેરી, કાગળ તરફ નજર નાખે છે. પડખે બેઠેલા કાર્યકર્તા સાથે કંઈક મસલત કરી લે છે. ત્યારબાદ પોતાનું વકતવ્ય શરૂ કરે છે.*]

ભાઈસાહેબ : ભાઈઓ તથા બહેનો, સ્વર્ગસ્થ શેઠ નંદનંદનભાઈ સાથેનો મારો સંબંધ જોતાં આજની સભામાં એમને વિશે કાંઈ બોલવું એ મારે માટે અઘરું કામ છે. દુનિયામાં જન્મેલાં સહુ કોઈ જીવતાં નથી. સહુને મૃત્યુને ભેટવાનું છે જ, પાછળ તો વ્યક્તિએ જીવનની જે સુવાસ મૂકી હોય તે જ જીવે છે અને ખરી રીતે જીવવાનો અધિકાર પણ એને જ છે. શેઠ નંદનંદનભાઈએ પોતાના પુરુષાર્થથી એ અધિકાર મેળવ્યો હતો. એમના પુરુષાર્થનો હું સાક્ષી રહ્યો છું. મારો અને એમનો સંબંધ આજકાલ કરતાં ત્રણ દાયકા થયાં ખૂબ ગાઢો અને નિકટનો રહ્યો છે અને મારી એ દૃઢ માન્યતા છે કે નંદનંદનભાઈના જીવનની સુવાસ એવી છે કે નંદનંદનભાઈની સ્મૃતિ ગુજરાત અને તેમાં પણ ખાસ કરીને આપણા શહેરમાં તો હરેક શહેરીના હૈયામાં કોતરાયેલી રહેશે. ઘણી નીચી કક્ષાથી એમણે શરૂઆત કરી અને પોતાના જ પુરુષાર્થથી એ પ્રથમ હરોળમાં પહોંચ્યા, એમને એમની સફળતા વિશે ગુમાન ન હતું, પણ પ્રયત્ન...

[*અચાનક રંગમંચ પર અંધારું થઈ જાય છે. પ્રેક્ષકોમાં થોડી ચણભણ થાય છે. પણ પ્રસંગની ગંભીરતાનો ભાર એમને વર્તનની મર્યાદામાં જકડી રાખે છે. રંગમંચ પર પ્રકાશ પડે છે ત્યારે પહેલાં તો, આંખ અંજાઈ જાય છે અને ત્યારબાદ વિસ્મયના ઉદ્ગાર નીકળી પડે છે. કારણ કે રંગમંચ પર હવે પેલું સભાગૃહ દેખાતું નથી. ત્યાં તો એક વિશાળ રાજમાર્ગ નજરે ચઢે છે. સ્ફટિકના સ્તંભોની વૈવિધ્યભરી હાર વચ્ચેથી લંબાતો રાજમાર્ગ ખૂબ જ સ્વચ્છ છે.*]

[*પ્રેક્ષકોનો વિસ્મય જરા કોઠે પડે એટલામાં શેઠ નંદનંદન દાખલ થાય છે.*]

નંદનંદન : આ તે કાંઈ રીત છે ? ક્યા માણસ જોડે કેવી રીતે વાત કરવી એનો વિવેક પણ છે કે નહિ ?

[*નંદનંદનની પાછળ આવતો - એટલે કે નંદનંદનને આગળ કરતો એક પડછંદ પાર્ષદ જવાબ આપે છે.*]

પાર્ષદ : માણસ કેવો છે એની ખબર તો હમણાં જ પડી જશે.

નંદનંદન : એટલે ? વાત કરતાં આવડે છે કે નહિ ? કોણ છે તારો સાહેબ ?

પાર્ષદ : સાહેબ અને એવું બધું તો રહ્યું, તમે જ્યાંથી આવ્યા ત્યાં.

નંદનંદન : ત્યારે અહીંયાં શું છે ?

પાર્ષદ : મામાનું ઘર કંઈ છેટું નથી.

નંદનંદન : મારે ત્યાં કોઈ માણસ આમ બોલે તો ચાર તમાચા મારીને કાઢી મૂકું.

પાર્ષદ : એ બધું તમને હમણાં જ યાદ આવી જશે.

નંદનંદન : બેવકૂફ ! પણ હજુ કોઈને મને લેવા પણ નથી મોકલ્યો ?

પાર્ષદ : કેમ હું આવ્યો છું ને ?

[*પાસેથી એક પાલખી પસાર થાય છે.*]

નંદનંદન : અરે અહીં કોણ બેવકૂફ કામ કરે છે ? પેલાને પાલખી અને હું પગપાળો ? એને ઓળખે છે ? નોકર હતો નોકર, મારે ત્યાં !

પાર્ષદ : જેને તમે ચાર તમાચા માર્યા હતા તે જ ને ?

નંદનંદન : ના, ના, એ નહિ. આ તો મારી મિલમાં કામ કરતો હતો. હમણાં ત્રણ દિવસ પર જ પટો ચડાવતાં પટામાં આવી ગયો હતો. એને પાલખી ?

પાર્ષદ : હાસ્તો, એને બિચારાને પગ જ ક્યાં છે ?

નંદનંદન : એમાં પગનો નહિ, પ્રતિષ્ઠાનો સવાલ હોવો જોઈએ.

પાર્ષદ : કઈ પ્રતિષ્ઠા ?

નંદનંદન : ક્યાંનો ઓડુ મળ્યો છે ! માણસને ઓળખતો જ નથી !

પાર્ષદ : માણસની કસોટી માટે જ તમે જઈ રહ્યા છો !

નંદનંદન : જઈ રહ્યા છો ? એટલે ? તમે મને ક્યાં લઈ જઈ રહ્યા છો ?

પાર્ષદ : કોઈ કોઈને લઈ જઈ નથી રહ્યું. માણસ મરે એટલે એને એના જીવનનાં પાપપુણ્યનો સરવાળો સમજી લેવા ચિત્રગુપ્તના દરબારમાં આવવું પડે.

નંદનંદન : ચિત્રગુપ્ત ? કોણ છે ચિત્રગુપ્ત ?

પાર્ષદ : હમણાં ખબર પડી જશે.

નંદનંદન : તેં કહ્યું કે પાપપુણ્યનો સરવાળો થાય. પછી શું થાય ?

પાર્ષદ : બાદબાકી અને પછી ગુણાકાર પણ એની તો તમને હમણાં જ ખબર પડી જશે, એટલે ઝાઝું કહેવાની જરૂર નથી.

નંદનંદન : ચિત્રગુપ્તના દરબારમાં વિવેક તો નથી જ. માણસની આમન્યા કેમ રાખવી એ પણ કોઈ જાણતું નથી લાગતું અને વર્તનમાં અન્યાય પણ ભારે છે.

પાર્ષદ : કેમ વારુ ?

નંદનંદન : જોને, પેલાને પાલખી અને હું પગપાળો ! ખબર છે તને હું કોણ છું તે ?



પાર્ષદ : એ મારે જાણવું નથી, પણ તમારું શું થશે એ હું જાણું છું.

નંદનંદન : શું થશે ?

પાર્ષદ : દેવાધિદેવને મોંએથી જ સાંભળજોને !

[*રંગમંચ ઉપર અંધારું છવાય છે. ફરીથી પ્રકાશ થાય છે ત્યારે સભાગૃહ નજરે ચડે છે. વક્તા તરીકે શ્રી ઉત્તમચંદ ભાષણ કરતા હોય છે.*]

ઉત્તમચંદ : હું આપણા સ્વર્ગવાસી શેઠ નંદનંદનને પોતાના જીવનની કારકિર્દી કેવા કપરા સંજોગોમાં શરૂ કરી હતી અને આપબળે, ખંત અને પ્રામાણિકતાથી એ કેવી રીતે આગળ વધ્યા તે કહેવા માગું છું. આ શહેરનાં વૃદ્ધ સ્ત્રીપુરુષોને હજુય એક જુવાનનો ચહેરો યાદ હશે. એ જુવાન ફેરી કરતો હતો; જે મળી શકે એની ફેરી કરતો. પોતાના હસમુખા ચહેરાથી એણે લોકોનાં મન હરી લીધાં હતાં. એની વેપારી કુનેહ અને વહેવારુ બુદ્ધિથી એણે અનેક વેપારીઓની પ્રીતિ સંપાદન કરી હતી અને ફેરીનાં બેત્રણ વર્ષ બાદ એણે નાનકડી દુકાન ખોલી. એ હતી સ્વર્ગસ્થ શેઠ નંદનંદનનાં વ્યાપારી જીવનની શરૂઆત...

[*અંધારું*]

[*પ્રકાશ થાય છે ત્યારે ચિત્રગુપ્તના દરબારમાં શેઠ નંદનંદન ઊભેલા છે.*]

નંદનંદન : એ વાતો કરવાનો તમને હક્ક શો છે ? હું જે કમાયો છું તે મારા કાંડાબાવડાના જોરે, બુદ્ધિના જોરે કમાયો છું.

ચિત્રગુપ્ત : માત્ર તમારી પોતાની શક્તિથી જ ?

નંદનંદન : હા, હા. મારી પોતાની શક્તિથી જ !

ચિત્રગુપ્ત : જુઓ. આવી બાબતોમાં સ્પષ્ટ રીતે જે બન્યું હોય તે કહી દેવું, એ તમારા પોતાના હિતની વાત છે.

નંદનંદન : એટલે તમે એમ કહેવા માગો છો કે હું જૂઠું બોલું છું ?

ચિત્રગુપ્ત : કદાચ તમારી આખી જિંદગીમાં તમે આ પહેલી જ વાર સાચું બોલ્યા.

નંદનંદન : આ અપમાન હું નહિ સહન કરી શકું.

ચિત્રગુપ્ત : અપમાનની વાત ન કરો, નંદનંદન ! તમારા જીવનની, તમારા મનની એકએક ઝીણામાં ઝીણી અને ખાનગીમાં ખાનગી વિગતની અહીં અમને જાણ છે. તમે પોતે એ કહી દો અને કબૂલ કરી દો. એ તમારા પોતાના ફાયદાની વાત છે એ હું તમને ફરીથી કહું છું.

નંદનંદન : મારે કાંઈ કહેવું નથી અને કશું સાંભળવું પણ નથી.

ચિત્રગુપ્ત : ભલે જેવી તમારી ઇચ્છા. (પાર્ષદને) જા પેલા ભોગીલાલને બોલાવી લાવ જોઉં.

[*પાર્ષદ જાય છે.*]

નંદનંદન : ભોગીલાલ !

ચિત્રગુપ્ત : એમ ! ત્યારે હજુ તમને એની યાદ છે ખરી ?

નંદનંદન : ભોગીલાલ ! ભોગીલાલ ! અહીં ક્યાંથી ? કેમ કરીને અહીં આવ્યો ?

ચિત્રગુપ્ત : તમે અહીં આવવાના છો એ સમાચાર મળ્યા એટલે એને તુરત જ હાજર રાખ્યો. આ આવી પહોંચ્યા ભોગીલાલ.

નંદનંદન : *(ભોગીલાલને જોઈ રહેતાં)* ભોગીલાલ, ભોગીભાઈ.

ભોગીલાલ : હા, નંદનંદન શેઠ, ઓળખાણ પડી તો ખરી !

નંદનંદન : ભાઈ, તમે અહીંયાં ?

ભોગીલાલ : શું કરીએ, ભાઈ ? આ એક એવી જગા છે જ્યાં નાના મોટા, ગરીબ તાલેવાન સહુને આવવાનું હોય છે.

નંદનંદન : ભોગીલાલ, શું કહેવું એ જ મને સમજાતું નથી.

ચિત્રગુપ્ત : લ્યોને હું સમજણ પાડું.

નંદનંદન : બેની વાતમાં તમે નાહકના શું કામ માથું મારો છો ?

પાર્ષદ : કેમ દુનિયાની ખુમારી હજુ ઊતરી નથી ?

ચિત્રગુપ્ત : નંદનંદન, તમે કહ્યું હતું કે તમે જિંદગીમાં આપબળે આગળ આવેલા, ખરું ?

નંદનંદન : હા, તદ્દન ખરું.

ચિત્રગુપ્ત : આ ભોગીલાલના દેખતાં પણ તમે એમ જ કહેશો ?

નંદનંદન : એ અમારે બેએ જોવાનું છે.

પાર્ષદ : અહીંયા કોઈ 'અમે' નથી. અહીં છીએ માત્ર 'હું અને તું !'

નંદનંદન : કેવો નાલાયક છે ! સ્વાર્થી !

ચિત્રગુપ્ત : નંદનંદન, તમારા સિવાય એ શબ્દો બોલવાનું બીજા કોઈનું ગજું નથી. કારણ કે સ્વાર્થને સારુ મિત્રને ગરદન મારનાર...

નંદનંદન : એ ખોટી વાત છે. મેં....

ભોગીલાલ : મેં પણ એમ ક્યાં કહ્યું છે ? મેં તો એટલું જ કહ્યું કે તમે જેને આપબળ કહો છો તેની પાછળ બેત્રણ વરસના સંબંધમાં તમે ઉચાપત કરેલા મારા દશ હજાર રૂપિયા હતા.

નંદનંદન : પણ... પણ...

ચિત્રગુપ્ત : હજુય હું તમને કબૂલ કરી દેવા કહું છું. અંતે તો તમારે કબૂલ કરવાનું જ છે.

નંદનંદન : પણ એમાં મારી દાનત ખોટી ન હતી, મારી પાસે પૈસા થાય એટલે તુરત જ એ ભોગીલાલને પાછા આપવા માગતો હતો. પણ ત્યાં ભોગીલાલ ગુજરી ગયા.

ચિત્રગુપ્ત : એટલે પછી તો તમને અવકાશ જ ન મળ્યો, પૈસા પાછા આપવાનો ! ખરું ને ?

નંદનંદન : હા... ના...

[*અંધારું*]

[*પ્રકાશ થાય છે. સભાગૃહ દેખાય છે. વક્તા તરીકે રાજેશ્રી અગ્નિકુમાર ભાષણ કરતા હોય છે.*]

અગ્નિકુમાર : સજ્જનો, સહુ કોઈને મોંએ આપણે સાંભળીએ છીએ કે પ્રામાણિકતા એ જ જીવનવહેવારનો પાયો હોવો જોઈએ. પ્રામાણિકતાનો અર્થ માત્ર રૂપિયા, આના, પાઈની લેવડદેવડ એટલો જ ન કરવો જોઈએ. કૈલાસવાસી નંદનંદન શેઠે આ વસ્તુને જીવનમાં આચરી બતાવી હતી. કેટલાક પ્રસંગોનો તો હું સાક્ષી રહ્યો છું. કોઈની પણ ખોટી પાઈ પોતાને ત્યાં રહી જાય એનું એમને ભારે દુઃખ હતું અને એના ખરા હક્કદાર માલિકને શોધી કાઢીને એને એ રકમ ન પહોંચાડે ત્યાં લગી એમને ચેન ન'તું પડતું. કેટલાંક અનાથ બાળકોની મિલકત કે વિધવાઓની પૂંજી એમને ત્યાં અનામતરૂપે રહેતી અને એમાંના એકએકની એ અંતરની દુવા પામતા. ગીતાનો આદર્શ તો એમણે જીવનમાં ઉતાર્યો હતો...

[*અંધારું*]

[*પ્રકાશ થાય છે ત્યારે ચિત્રગુપ્તનો દરબાર દષ્ટિસંમુખ આવે છે.*]

નંદનંદન : જૂઠી વાત, સાવ જૂઠી વાત.

મૂળી ડોશી : આખી જિંદગી એણે એની જૂઠી વાત મનાવી. પણ અહીં તો કબૂલ કર્યે જ છૂટકો છે.

નંદનંદન : પણ શું કબૂલ કરું ? તમારું કપાળ ?

ચિત્રગુપ્ત : નંદનંદન, તમારે ત્યાં અનેક જણ અનામત મૂકવા આવતા એ તો ખરું ને ?

નંદનંદન : હાસ્તો, એ તો શાખ વધારે એટલે સહુ કોઈ મૂકી જાય; મારે તો ઉપરથી નાગ જેમ એની ચોકી કરવાની. મળતરમાં આવી બદનામી.

મૂળી ડોશી : નંદુભાઈ, તમને મેં આવા નો'તા ધાર્યા.

નંદનંદન : મૂળીબાઈ, તમે મને શું ધાર્યો' તો એ સાથે હું કેટલી નિસ્બત ધરાવી શકું ? મારે બીજું પણ કામ કરવાનું છે કે નહિ ?

ચિત્રગુપ્ત : બીજું કામ એટલે તો ધનપ્રાપ્તિનું ને ? અર્થોપાર્જનનું જ ને ?

નંદનંદન : હાસ્તો, જે જવાબદારી હોય એ તો અદા કરવાની જ ને ?

ચિત્રગુપ્ત : હું એ જ કહેતો હતો ! અહીં એ ખુશાલ થતું હતું. આ અનામત રાખવી એ પણ એક અર્થોપાર્જન જ હતું ને ! કેટલાને તમે મૂડી પાછી આપી ? કેટલાને ખરો અવેજ પાછો આપ્યો ? કેટલાના ડબ્બા તમે ઓળવ્યા ?

નંદનંદન : આ ખોટી વાત છે.

ચિત્રગુપ્ત : આ મૂળીબાઈનાં નાણાં તમે પાછાં આપેલાં ?

નંદનંદન : ના, કારણ કે એ નાણાં એમનાં હતાં જ નહીં !

મૂળી ડોશી : ત્યારે કોનાં હતાં ?

નંદનંદન : ધર્માદાનાં. મૂળી ડોશીએ એમ કહીને જ મૂક્યાં હતાં.

મૂળી ડોશી : નરદમ જૂઠાણું છે, એવું મેં કહ્યું જ નથી.

નંદનંદન : એમાં કહેવાની જરૂર શી ? કોઈનો વંશવારસ હોય નહિ તો એનું ધન તો ધર્માદાનું જ કહેવાય ને ?

ચિત્રગુપ્ત : એટલે કે એના વારસ અને ઉપભોગ કરનાર તમે ખરું ને ?

નંદનંદન : તમે લોક માત્ર એક જ વિચાર કરો છો. એની જવાબદારી પણ સમજી લેવી જોઈએ.

ચિત્રગુપ્ત : કોઈની આખી જિંદગીની કમાણી તમે ઓળવી લો અને એને ભૂખે મરવાનો વારો આવે એવો વિશ્વાસઘાત કરો. એ જ તમારી જવાબદારી ને ?

નંદનંદન : મને અહીં ન્યાય મળે એમ લાગતું નથી.

ચિત્રગુપ્ત : કારણ કે તમે સાચો ન્યાય શો છે એ સમજતા નથી.

[*અંધારું*]

[*પ્રકાશ. સભાગૃહ. શ્રી ચેતન વ્યાખ્યાન આપતા હોય છે.*]

ચેતન : આપણા મનમાં એક માન્યતા એવી દઢ થઈ છે કે, દુનિયામાં માણસ જ્યારે કશું સત્કાર્ય કરે છે ત્યારે એની પાછળ એના મનમાં કીર્તિનો કે એવા કશાનો મોહ કામ કરતો હોય છે. નિર્ભેળ સેવા જાણે આ દુનિયાની નહિ, પણ અન્ય કોઈ દુનિયાની વસ્તુ હોય એવી જ માન્યતા બંધાઈ ગઈ છે. સ્વર્ગસ્થ શેઠ નંદનંદન આમાં અપવાદરૂપ હતા. એમ મારી જાત માહિતી ઉપરથી હું કહી શકું એમ છું. કીર્તિની લાલસા કે દુનિયાની વાહવાહ એ એમની સખાવતોનું કારણ ન હતું. નંદનંદનભાઈએ દુનિયાની લીલી અને સૂકી બંને જોઈ હતી. જીવનમાં ટાઢ અને તાપ બંને એમણે વેઠ્યાં હતાં. વસંત અને પાનખર બન્ને એમણે અનુભવ્યાં હતાં. એ અનુભવે એમનામાં સહાનુભૂતિ પ્રેરી હતી.

સંવેદના જગાવી હતી. હમદર્દીને ઢંઢોળીને જાગ્રત કરી હતી. કોઈના દુઃખ પર પોતાનો કીર્તિમિનાર રચવાની આકાંક્ષા એમણે રાખી ન હતી. એ કહેતા : કોઈનુંય દુઃખ તલભાર પણ હું ઓછું કરી શકું, એના જેટલો લાભ મને આ જિંદગીમાં બીજો શો મળવાનો છે ? મળી છે તે સંપત્તિનો ઉપયોગ, જો એ માટે થઈ શકે તો એના જેવું બીજું કયું સાર્થક હોઈ શકે ? અને એટલે જ એમણે ખુલ્લે હાથે, ઉદાર દિલે, વ્યક્તિ કે સંસ્થા, સહુને નભાવ્યાં છે. આજે જો નંદનંદન શેઠની હૂંફાળી છાંય ગુમાવી હોય તો તે પેલા, સમાજે તિરસ્કારેલાં અનાથોએ ગુમાવી છે.

[*અંધારું*]

[*પ્રકાશ, ચિત્રગુપ્તનો દરબાર*]

ચિત્રગુપ્ત : ત્યારે તમારું દાન કીર્તિદાન ન હતું એમ ?

નંદનંદન : કીર્તિ તો મને એટલી મળી કે મારે એને ખરીદવા જવું ન'તું પડતું.

ચિત્રગુપ્ત : ત્યારે તમારા દાન પાછળનો હેતુ શો હતો ?

નંદનંદન : તમેય કેવો સવાલ કરો છો ? દાન પાછળ શો હેતુ હોતો હશે ? દુઃખ દેખી ન ખમાય ત્યારે એને ઓછું કરવા કોશિશ કરીએ. બે પૈસા આપી છૂટીએ.

ચિત્રગુપ્ત : પણ દુઃખ દેખી ન ખમાય એ સ્થિતિ ક્યારે આવે ?

નંદનંદન : માણસ હોય અને એને દિલ હોય, તો એ સ્થિતિ આવવાની રાહ જ જોવી ન પડે.

ચિત્રગુપ્ત : એમ ને ? (વાત બદલતાં) તમે માલતીને તો ઓળખતા જ હશો ?

નંદનંદન : માલતી ! તમે શું બોલો છો ?

ચિત્રગુપ્ત : સ્મૃતિને તાજી કરી જુઓ. તમારા બંગલાની પડોશમાં જ એક કુટુંબ રહેતું હતું. ત્યાં વિધવા પુત્રવધૂ હતી. (થોડી વાર અટકી જઈ) હજુ વધારે કહું ? સ્મૃતિને તાજી કરવા ?

નંદનંદન : તાજી થઈ. હવે તેનું શું છે ?

ચિત્રગુપ્ત : મારે એટલું જ કહેવું છે કે અનાથાશ્રમ સાથેનો તમારો સંબંધ માલતી સાથેના તમારા સંબંધને લઈને હતો. ત્યારબાદ તો તમે વિધવાશ્રમનેય સહાય કરી. આવા જ કારણે.

નંદનંદન : તમે તો જાણે એવું દેખાડવા મથો છો કે મેં દુનિયામાં મોટું પાપ આચર્યું છે !

ચિત્રગુપ્ત : પાપની તમારી વ્યાખ્યા શી હશે એ હું નથી જાણતો. બાકી આ માલતીની વારંવાર થતી કફોડી દશામાં તમારા હિસ્સાનો જ્યારે તમને ખ્યાલ આવ્યો ત્યારે તમે અનાથાશ્રમને સહાય કરવા માંડી. એટલી તો સાચી હકીકત છે ને ?

નંદનંદન : આ બદલ તો ઊલટો માણસને સરપાવ આપવો જોઈએ.

ચિત્રગુપ્ત : સરપાવ તો તમને મળ્યો જ છે ! જીવતાં, અને મૂઆ બાદ પણ દુનિયા તમને દાનવીર કહે છે એટલો સરપાવ ઓછો છે ?

નંદનંદન : વ્યંગ અને કટાક્ષ બન્ને સમજાય એવી ચીજો છે, પણ એને હું પાપ માનતો નથી, ઊલટું ગીતાનો સારબોધ જીવનમાં ઉતાર્યાનું વાજબી અભિમાન...

પાર્ષદ : કર્મયોગીના આદર્શ ?...

[અંધારું]

[પ્રકાશ, સભાગૃહ દેશપ્રિય શક્તિશરણ વ્યાખ્યાન આપે છે.]

શક્તિશરણ : આપણા દેશમાં પૈસાદારોનું રાજકારણ એક જુદી જ વસ્તુ છે. એમનો પરમમાં પરમ સિદ્ધાંત, સ્વાર્થ સાધનાનો હોય છે. ધણીને ધા કહેવું અને ચોરને નાસી જવાની સહુલિયત કરી આપવી એવું એમનું વર્તન હોય છે. લોકલાગણીનો લાભ ઊઠાવવો એને જ એમણે દેશસેવા માની હોય છે. આવા સંજોગોમાં સદ્ગત નંદનંદનનો રાષ્ટ્રપ્રેમ, એમની જ્વલંત દેશભક્તિ, એમની સિદ્ધાંત-નિષ્ઠા અને દાનવીરતા એ સાચે જ અપ્રતિમ હતાં. ભોગ આપવાની વાતથી એ કદી પણ ડગ્યા નથી. અપમાન વેઠીને ટુકડો સ્વાર્થ સાધવાને એ ક્યારેય તૈયાર ન'તા. માથામાં વાગે એવો જવાબ એ આપતા. રાષ્ટ્રપ્રેમનાં જ્વલંત ઉદાહરણ એમના વ્યવહારમાં આપણને ઠામઠામ નજરે મળી આવશે.

[અંધારું]

[પ્રકાશ. ચિત્રગુપ્તનો દરબાર.]

ચિત્રગુપ્ત : નંદનંદનભાઈ, હવે આપણે તમારી દેશસેવાની વાત કરીએ.

નંદનંદન : એમાં વાત કરવા જેવું શું છે ? મારી ફરજ હતી અને એ મેં બજાવી.

ચિત્રગુપ્ત : બરાબર છે. તમારી અને સહુની ફરજ હતી. માત્ર શું બજાવ્યું એ જ સવાલ છે.

નંદનંદન : દેશસેવકોએ શરૂ કરેલા ફંડફાળામાં પૈસા આપવામાં મેં ક્યારે પણ આનાકાની કરી નથી.



અરે, એના વહીવટ વિશે પણ મેં એક સખુન નથી કાઢ્યો ! મેં તો પૈસા આપી દીધા, પછી એમને કરવું હોય તે કરે !

ચિત્રગુપ્ત : પણ તમે કાંઈ એકલા દેશસેવકોને જ પૈસા ન'તા આપતા. સરકારી અમલદારોને પણ સારી પેઠે પૈસા આપતા હતા.

નંદનંદન : ખરી વાત છે. તમારા જેવાઓને આ અજુગતું લાગે છે, કારણ કે તમે લોક વહેવારુ નથી, દુનિયામાં રહેતાં તમને આવડતું નથી. દુનિયામાં રહેવું હોય તો ધૂળનો પણ ખપ પડે અને ખપ પડે એ બધી વસ્તુને એની કિંમત હોય છે. મફત મળે એ હવાપાણીથી પેટ ઓછું ભરાય છે ?

ચિત્રગુપ્ત : ત્યારે આ ફંડફાળા તો જીવતરની કિંમત ચૂકવવાના સવાલ જેવા જ ને ?

નંદનંદન : એમાં ખોટું શું ? અને એ બહાને મારા થોડાઘણા દેશવાસીઓને સહાયભૂત પણ થતો.

ચિત્રગુપ્ત : પેલી સ્વદેશીની ચળવળનું શું ?

નંદનંદન : એના પ્રચાર પાછળ મેં લાખો રૂપિયા ખર્ચ્યા છે. દેશ જો બધું સ્વદેશી વાપરતો થાય તો પરદેશી સત્તાની પકડ આપોઆપ તૂટી જાય.

ચિત્રગુપ્ત : આમાં સરવાળે કેટલો નફો થયો ? સ્વદેશીની ભાવના અંગે તમારાં કારખાનાંને કેવુંક ઉત્તેજન મળ્યું ?

નંદનંદન : એ તો સાદા અર્થશાસ્ત્રનો સવાલ છે; માંગ જાગે એટલે પુરવઠો મળી રહે.

ચિત્રગુપ્ત : અને ક્યારેક માંગને ઊંઘમાંથી ઢંઢોળીને જગાડવી પડે !

નંદનંદન : હા, એમ પણ બને !

ચિત્રગુપ્ત : સ્વદેશીની તમે કેટલી સંકુચિત વ્યાખ્યા કરો છો !

ચિત્રગુપ્ત : તો, તમે વેચો તે બધું સ્વદેશી, એવી વ્યાખ્યા તમને માફક આવશે ?

નંદનંદન : એ તો ઠીક છે, બાકી પ્રજાની જરૂરિયાત પૂરી પાડવી એ મારી કાયમની નેમ છે.

ચિત્રગુપ્ત : તો પછી તમે કાળાં બજાર કેમ કર્યાં ?

નંદનંદન : સાચે જ તમારા જેવા સમજુ માણસ આમ બોલે છે ત્યારે મને કાળ વ્યાપે છે. પહેલી વાત તો એ છે કે બજાર માત્ર કાળું છે. ધોળાં બજાર તો હૈયાફૂટાઓની કલ્પનાનો વિષય છે. બીજી વાત એમ છે કે એમ કરીને દેશની વસ્તુ દેશમાં જ રહેવા દીધી એનો ગુણ તમારા હૈયામાં વસતો નથી. અને ત્રીજી વસ્તુ એ છે કે તમને પડેલા પડદા ઊંચકવાનો નકામો શોખ ભારે લાગે છે; હું તો હંમેશાં કહેતો કે, ભાઈઓ, થઈ ગયું તે થઈ ગયું; હવે પછીની વાત કરો.

ચિત્રગુપ્ત : તમે તો કાળાંબજારસંહારક સમિતિમાં હતા ખરું ને ?

નંદનંદન : એનો પ્રમુખ હતો.

ચિત્રગુપ્ત : એ વધુ સારું અને તમે તો વહેવારુ રહ્યા. તમારી સમિતિએ કામ કરવું હોય તો કાળાંબજાર હોવાં જ જોઈએ નહીં તો તમે સંહાર શેનો કરો ?

નંદનંદન : સાચું કહ્યું. ખરું પૂછો તો હવે મને તમારા વિશે કાંક શ્રદ્ધા બંધાતી જાય છે. મારો સહવાસ મળશે

તો તમને હું વહેવારુ તો બનાવી શકીશ.

ચિત્રગુપ્ત : હું દિલગીર છું. પણ મને એ લાભ નહિ મળી શકે.

નંદનંદન : કારણ ?

ચિત્રગુપ્ત : કારણ કે તમારો મુકદમો પૂરો થયો, હવે ફેંસલાનો વારો આવ્યો.

નંદનંદન : શેનો ફેંસલો ?

પાર્ષદ : પેલી મેં કહી હતી એ બાદબાકી. તે પતી હવે આવ્યો ગુણાકારનો વારો.

[અંધારું]

[પ્રકાશ. સભાગૃહ. ભાઈસાહેબ ઉપસંહાર કરતા હોય છે.]

ભાઈસાહેબ : આવા એક વીર પુરુષને ગુમાવ્યાથી શહેર આજે જાણે ભાંગેલું જણાય છે. જાય છે તેની જગ્યા પૂરવા માટે નાખી નજરે પણ માણસ મળતા નથી, એટલું જ માત્ર દુ:ખ નથી. દુ:ખ તો એ છે કે માણસનું મન સાંકડું થતું જાય છે. સમષ્ટિના કલ્યાણની ભાવના આજે પુસ્તકો પર જ રહી છે પણ મને એનુંય દુ:ખ નથી. એક રીતે કહું તો ઉપનિષદ્‌ના પરમ આદર્શ 'तेन त्यक्तेन भुञ्जीथा'નો એક નમૂનો, આપણા જીવનમાં આપણને વૈકુંઠવાસી નંદનંદનમાં જીવતો જોવા મળ્યો. તેને આપણું પરમ સૌભાગ્ય સમજવું જોઈએ. સ્મારકનો વિચાર અહીં સભામાં થયો અને જે ભાઈઓએ ઉત્સાહભેર તે કામ ઉપાડ્યું છે તે જોતાં એ સુયોગ્ય રીતે પાર પડશે એ વિશે પણ મને જરાકે શંકા નથી. અંતમાં મને બાઈબલનું પેલું વાક્ય – સોયના નાકામાંથી ઊંટ પસાર થાય, પણ સ્વર્ગના દ્વારમાંથી ધનવાન પસાર થઈ શકે નહિ – એ યાદ આવે છે. પણ સદ્‌ગત નંદનંદને એ ખોટું પાડી બતાવ્યું જીવીને જીવનની સાંકડી ઘાટીમાંથી, કાજળની કોટડીમાંથી એ જાત બચાવીને બહાર નીકળી ગયા. સોયના નાકાના એક અપવાદને પરમાત્મા અમર અને ચિરશાંતિ આપો.

[અંધારું]

[પ્રકાશ થાય છે ત્યારે રંગમંચનું સભાગૃહ ખાલી છે. પ્રેક્ષકગૃહમાંથી બહાર નીકળતાં તમાશબીનો ખાલી ખુરશીઓ પાસે અટવાતા પેલા શોકસભાના નિમંત્રણને કશીય લાગણી વિના જોઈ રહે છે. પડદો પડે છે.]

માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવતાં પહેલાં વિદ્યાર્થીઓને 'એકાંકી' સ્વરૂપથી પરિચિત કરાવી શકાય. લઘુત્તરી પ્રશ્નો દ્વારા શોકસભા, શોકસભામાં અપાતાં વક્તવ્યો, ચિત્રગુપ્ત, પાપપુણ્ય વિશેની લોકોની માન્યતા સંદર્ભે તેમનું પૂર્વજ્ઞાન અને તે વિશેના તેમના વિચારો જાણી શકાય. આવશ્યક ખૂટતી માહિતી આપી શકાય. સૌ પ્રથમ એકાંકીના વિષયવસ્તુને કથા સ્વરૂપે વર્ણવી વિદ્યાર્થીઓને વર્ગમાં આ નાટક ભજવવાની પ્રેરણા આપી શકાય. સારા હોવાનો દંભ કે દેખાડો કરવાને બદલે ખરેખર સારા માનવ, સારા નાગરિક બનવા વિદ્યાર્થીઓને પ્રેરણા આપી શકાય. રંગભૂમિ સાથે સંબંધિત વિવિધ કાર્યક્ષેત્ર વિશે માહિતી આપી સાહિત્યના અભ્યાસુ વિદ્યાર્થીઓ માટે નાટ્ય ક્ષેત્રે ઉપલબ્ધ વિવિધ વ્યાવસાયિક તક વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરાવી શકાય.

સ્વાધ્યાય

(અ) ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.

(૧) અભિમાન	(૨) ઠરેલ	(૩) આબરૂ	(૪) દાન
(૫) શાબાશી	(૬) પડદો	(૭) યુક્તિ	(૮) પરીક્ષા

૨. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલાં વિશેષણ શોધો.

(૧) ----માન્યતા	(૨) ----સંજોગો	(૩) ----દુકાન	(૪) ----સેવા
(૫) ----સૌભાગ્ય	(૬) ----રાજમાર્ગ	(૭) ----પુરુષ	(૮) ----બુદ્ધિ

૩. નીચેના શબ્દ સમૂહો માટે એક શબ્દ આપો.

(૧) ખોટી રીતે ઊઠાવી જવું, ઓળવવું -
(૨) જેના ઉપર નાટક થાય છે તે ઊંચી જગા -
(૩) સાથે મળીને થતી વિચારણા -
(૪) માણસો ઊંચકીને ચલાવે એવું એક વાહન -

૪. કૃતિમાં આવેલી વિરુદ્ધાર્થી શબ્દોની જોડી શોધીને લખો.

(આ) ૧. કોણ તે કહો.

(૧) નંદનંદન શેઠના મિત્ર -
(૨) કાળાંબજારસંહારક સમિતિના પ્રમુખ -
(૩) મૃતકોના પાપપુણ્યનો હિસાબ કરનાર -
(૪) નંદનંદન શેઠની સામે પાલખીમાં બેસી પસાર થનાર -
(૫) નંદનંદન શેઠને ચિત્રગુપ્તના દરબાર સુધી લઈ જનાર -
(૬) નંદનંદન શેઠને રાષ્ટ્રપ્રેમના જ્વલંત ઉદાહરણ કહેનાર -
(૭) નંદનંદન શેઠની શોકસભામાં પ્રમુખનું સ્થાન શોભાવનાર -
(૮) કોઈ જ વંશવારસ ન હોવાથી જેની અનામત નંદનંદન શેઠે પાછી ન વાળી -

૨. કૃતિના આધારે કોષ્ટક પૂર્ણ કરો.

કાર્યકર્તાઓએ આપેલો નંદનંદનનો પરિચય	
પીઢ ગૃહસ્થનો પહેરવેશ	
મૃતવ્યક્તિ માટે કૃતિમાં વપરાયેલા શબ્દો	
શક્તિશરણના મતે નંદનંદનના ગુણો	

૩. આકૃતિબંધ પૂર્ણ કરો.



૪. અંકમાં જવાબ આપો.

(૧) ભાઈસાહેબ અને નંદનંદનના સંબંધનો સમયગાળો -

(૨) નંદનંદને ઉચાપત કરેલા ભોગીલાલના રૂપિયા -

(૩) ભાઈસાહેબની કલ્યાણકારી પ્રવૃત્તિનો સમયગાળો -

(ઇ) ૧. સંધિ કરો.

(૧) અનાથ + આશ્રમ (૨) અર્થ + ઉપાર્જન (૩) સુ + અચ્છ (૪) સત્ + જન

(૫) પુરુષ + અર્થ (૬) સ્વ + અર્થ (૭) અતિ + અંત (૮) સમ્ + ચાલન

૨. સમાસનો વિગ્રહ કરી પ્રકાર લખો.

(૧) વિધવા (૨) દેશસેવા (૩) પાપપુણ્ય (૪) વીરપુરુષ

૩. રૂઢિપ્રયોગનો અર્થ લખી વાક્યમાં ઉપયોગ કરો.

(૧) મસલત કરવી (૨) હૈયામાં કોતરાયેલું રહેવું

(૩) ચણભણ થવી (૪) મન હરી લેવું

૪. કૃતિમાં આવેલા જોડશબ્દો શોધીને લખો.

(ઈ) ૧. ચિત્રગુપ્તે શેઠ નંદનંદન પર મૂકેલા આરોપો વર્ણવો.

૨. શોકસભામાં વર્ણવાયેલા શેઠ નંદનંદનના ગુણો અને સમાંતરે ચિત્રગુપ્તે વ્યક્ત કરેલી વિરોધી વાસ્તવિકતા કોષ્ટક રૂપે રજૂ કરો.

૨. 'સોયનું નાકું' શીર્ષકની યથાર્થતા સમજાવો.

(ઉ) વર્ગસભાનું આયોજન કરી નીચેની પંક્તિ વિશે પોતાના વિચારો વ્યક્ત કરો.

'મન મેલાં તન ઊજળાં, બગલા કપટી અંગ;
તેથી તો કાગા ભલા, તન મન એક જ રંગ.'

(ઊ) જાહેર જીવનમાં હોવા છતાં પ્રામાણિકતાની પ્રતિમૂર્તિ સમા 'લાલબહાદુર શાસ્ત્રી'નાં જીવનમૂલ્યો વિશે ઉપક્રમ તૈયાર કરો.

મારી નાની મોટી નિર્બળતાઓ જોઈ હું હતાશ નહિ બનું,
બીજાઓ કરતાં ચડિયાતી શક્તિ જોઈ ગર્વ નહિ કરું.

વિશેષ વાંચન

કચરાનું વ્યવસ્થાપન



મુંબઈના દેવનાર ડમ્પિંગ ગ્રાઉન્ડમાં કચરાથી લાગેલી આગની ઘટના પછી ભીના અને સૂકા કચરાને જુદા કરવાની ઝુંબેશે ફરી એકવાર વેગ પકડ્યો છે. ભીના અને સૂકા કચરાનું યોગ્ય વ્યવસ્થાપન દરેક ઘરોમાં થાય તો કચરાના ઢગલે ઢગલા ડમ્પિંગમાં જશે જ નહિ. કચરાના મુખ્ય પ્રકારો બે છે. (૧) ભીનો અને (૨) સૂકો.

કચરાનો નિકાલ કરવાનો સંપૂર્ણ વિચાર એટલે શૂન્ય કચરાનું ધ્યેય. આ ધ્યેય હાંસલ કરવા નીચેની બાબતોને ધ્યાનમાં રાખવાની જરૂર છે. ● આદત બદલીને સ્વયંશિસ્ત કેળવવી.● વસ્તુનો વ્યય ન કરવો અગર ઓછો કરવો. ● સાર્વજનિક સ્વચ્છતાનાં મૂલ્યોનું જતન કરવું. ● ચાલીસ માયક્રોન નીચેની પ્લાસ્ટિક થેલીનો ઉપયોગ ટાળવો. ● 'વાપરો અને ફરી વાપરો'ના સિદ્ધાંતનું અમલીકરણ કરવું. ● ભીના અને સૂકા કચરાને જુદો રાખવો. ● કચરામાંથી ખાતર બનાવવાની પ્રક્રિયાનો પ્રસાર કરવો.

★ કચરાનું વ્યવસ્થાપન કેવી રીતે ?

● ઉદ્યોગધંધાઓને લીધે થતો કચરો ઝેરી અને જોખમી હોવાથી ઉદ્યોગપતિઓને કચરાનું વર્ગીકરણ કર્યા પછી જ નાશ કરવાની ફરજ પાડવી. ધાતુના કચરાની લીલામી કરી કૉન્ટ્રૅક્ટરોને વેચી દેવો. ● વૈદ્યકીય કચરાને પીળા રંગની થેલીમાં ભરીને તેનો વૈજ્ઞાનિક રીતે નાશ કરવો. જંતુરહિત કર્યા પછી આ કચરાનો નાશ કરવો. મોટી મોટી જ્વલનભઠ્ઠીઓ તેમજ માયક્રોવેવમાં તેનો નાશ થઈ શકે છે. ● બાંધકામના કચરાનું પણ વિભાજન કર્યા પછી તેનો નિકાલ કરવો. તેમાંથી ઈંટો બનાવવાની ટેકનીકનો ઉપયોગ કરવો. સિમેન્ટ-ઈંટોનો ચૂરો કરી તેનો ઉપયોગ બાંધકામ ક્ષેત્રે જ ભરણી માટે કરી શકાય. ● સૅનેટરી કચરાને કાગળોમાં જુદો બાંધીને જ ફેંકવો.



★ આ કરવું શક્ય છે ?

● નિસર્ગદૂત બાસ્કેટ : 'સ્ત્રી સંગઠને તૈયાર કરેલી 'નિસર્ગદૂત બાસ્કેટ' ની મદદથી ઘરના કચરામાંથી ખાતર બનાવી શકાય છે. અત્યંત ઓછા દરે મળતી આ બાસ્કેટ ભીના કચરામાંથી ઉત્કૃષ્ટ ખાતર બનાવે છે. ● સોસાયટીઓમાં સાત દિવસના સાત લંબચોરસ સિમેન્ટના ખાડા બનાવી દરેક ઉપર જાળી લગાડીને સોસાયટીના ભીના કચરામાંથી દુર્ગંધરહિત ખાતર મેળવી શકાય છે. ● રસોડામાં થતા કચરા પર આપણે ઘરમાં જ પ્રક્રિયા કરીને ખાતર મેળવી શકીએ. વીસ લીટર-ઢાંકણાવાળી બે બાલદીના ઢાંકણામાં અંદરની બાજુ આઠથી દસ ચાંદલા જેવડાં કાણાં પાડવાં. તળિયે નાળિયેરના છોડા કે સૂકાયેલાં પાંદડાં નાંખવાં. આ બાલદીમાં કચરો નાંખીને જરૂરિયાત મુજબ પાણી છાંટીને ઘરમાં જ ખાતર બનાવવાનું શક્ય છે.



૩. પત્રવ્યવહાર

શિરિષ પંચાલ

વિવેચક, સંપાદક શિરિષ પંચાલનો જન્મ ૭ માર્ચ, ૧૯૪૩ના રોજ વડોદરામાં થયો હતો. તેમણે નવલકથા, નિબંધ, વિવેચન, સંપાદન, અનુવાદ જેવા સાહિત્યક્ષેત્રોનું ખેડાણ કર્યું છે. 'આયનો', 'વૈદેહી એટલે જ વૈદેહી', 'રૂપરચનાથી વિઘટન', 'વાત આપણા વિવેચનની' તેમની જાણીતી કૃતિઓ છે. તેમના બહુવિધ સાહિત્ય સર્જન માટે તેમને ધૂમકેતુ નવલિકા પુરસ્કાર અને સાહિત્ય પરિષદ પુરસ્કારથી સન્માનવામાં આવ્યા છે.

સૂર કૃતિનો

'પત્રવિશ્વ'માંથી લેવાયેલ પ્રસ્તુત પત્રમાં લેખકે શરીફા વીજળીવાળા પાસે સમાજમાં સ્ત્રીની સ્થિતિ વિશે પોતાની મનોવેદના વ્યક્ત કરી છે. એકવીસમી સદીમાં પ્રવેશેલો માનવ ઉપગ્રહો છોડતો થયો, પરંતુ જૂની પુરાણી રૂઢિની બેડીઓ તોડી શક્યો નથી. પ્રતિભાવાન સ્ત્રીઓની પ્રતિભાને ઘરની જવાબદારીના ઓઠા હેઠળ અવરોધી દેવામાં આવે છે. જન્મ થાય ત્યારથી જ પુત્ર અને પુત્રીના ઉછેરમાં, તેમના પ્રત્યેના વર્તનમાં ભેદભાવ કરવામાં આવે છે. સાસરે જઈને તો ચૂલો જ સંભાળવાનો છે એવું કહીને સ્ત્રીની સર્જનાત્મકતાને વિકસ્યા પહેલાં જ કચડી નાખવામાં આવે છે. પુરુષપ્રધાન સમાજ ફ્રાન્સની મુક્તિદાતા જોનને માત્ર સત્તર વર્ષે અનન્ય પરાક્રમ દાખવ્યા છતાં પણ ચોકની વચ્ચે સળગાવી દે છે. અમેરિકા જેવા ધનાઢ્ય દેશમાં પણ એક નર્સની થયેલી દુર્દશા વર્ણવી લેખકે સમાજને આયનો ધર્યો છે. આજે પણ પુત્રજન્મ માટે સ્ત્રીઓ પર દબાણ કરવામાં આવે છે અને સ્ત્રી ભ્રૂણની હત્યા કરી નાખવામાં આવે છે. આ બધા મુદ્દાઓ વિશે સમાજમાં જાગૃતિ આણવા, ઝુંબેશ ચલાવવા અને તેમાં સક્રિય સહભાગ લેવા લેખક આપણને પ્રેરણા આપે છે.

કેટલા બધા સમયથી તમને પત્ર લખી શક્યો નથી. સમયનો અભાવ એવો શબ્દપ્રયોગ કરીશ તો તો સુરતથી, અમદાવાદથી જ નહીં, છેક સિંગાપુરથી અવાજ આવશે, ખોટ્ટી વાત – ખોટ્ટી વાત. આ તો એક બહાનું છે, તમે કેટલા બધા વ્યસ્ત છો એ દેખાડવા માટે આવી આડાશો વચ્ચે વચ્ચે ઊભી કરો છો. કદાચ તમે બધાં સાચાં હો પણ ખરાં. પણ મનમાં ગડમથલો ચાલતી રહે છે. ચારેબાજુ માનવસંહાર જોવા મળે છે. જ્યારે બેનઝીર ભુત્તોની હત્યા થઈ ત્યારે પણ સવારની ચા કડવીવખ થઈ ગઈ હતી – અમારી જેમ ઘણાં બધાં દુ:ખી થયાં હશે. વધુ દુ:ખી થયાં હશે. વધુ દુ:ખ થવાનું એક બીજુંય કારણ હતું. આમેય આપણા સમાજમાં ('આપણા' શબ્દનો ઉપયોગ બહુ વ્યાપક રીતે, આખી દુનિયા એમાં તો આવી જાય.) સ્ત્રીઓને આગળ આવવાની તકો કેટલી બધી ઓછી હોય છે; અનેક માદામ ક્યૂરીઓ, હેલન કેલરો, જૉન ઑફ આર્ક, ઇન્દિરા ગાંધીઓ વગેરેવગેરે નીવડી શકે, પણ એમની પ્રતિભાઓને અકારણે ગૂંગળાવી દેવામાં નથી આવતી ? ઘરની, કુટુંબની જવાબદારીઓ એના પર હોય છે, અને એ નિભાવવા જતાં બહુ મોટો ભોગ આપવો પડે છે એ વાત સાચી, છતાં આપણા રૂઢિવાદી માનસે પોતાનાં જ સંતાનોમાં રહેલી શક્યતાઓ પારખી નહીં. એક વખત અમે એક સ્વજનને ત્યાં જઈ ચઢેલા, તેમને ચાર દીકરીઓ હતી, એક તો એટલી બધી તેજસ્વી– એણે પોતાનાં રેખાંકનો, ચિત્રો બતાવ્યાં... જ્યાં તમે કશી અપેક્ષા જ ન રાખી હોય ત્યાં આવી સર્જનાત્મકતા

જુઓ તો કોને આનંદ ન થાય ? આઠ-દસ મહિના પછી અમે પાછાં મળ્યાં, પૂછ્યું - ચિત્રકળા કેટલે પહોંચી ? એણે રડમસ ચહેરે કહ્યું : મમ્મી-પપ્પાએ ગુસ્સે થઈને ના પાડી દીધી છે - ખબરદાર, ચિતરામણના આવા રવાડે ચડી છે તો ! એ લોકોને કેટલું સમજાવ્યાં પણ ધરાર ના જ પાડી, અમારી છોકરીને એવું બધું ન પરવડે, સાસરે જશે તો આવા લીટા કોઈ પાડવા દેશે ? એ લોકો બોલ્યે ગયાં - ચિતરામણ, રવાડે, લીટા - શબ્દો ઘણની જેમ મગજ ઉપર ઝીંકાતા હતા. કદાચ એ માબાપનો વાંક નહીં હોય - અચાનક મને પ્રશ્ન થયો - એમને છોકરો હોત ને છોકરો ચિત્રો દોરતો હોત તો એમણે એને અટકાવ્યો હોત ? મનમાં ને મનમાં - ના, મનમાં શા માટે, ખુલ્લેઆમ; જુઓ, અમારો દીકરો કેવું કેવું કરી રહ્યો છે ? આપણી ન્યાતમાં આવું કોઈ કરે છે ? પેલીનો વલોપાત કેવો હશે, રાતે ઊંઘ નહીં આવતી હોય ત્યારે આંખો આગળ પેલા આકારો રમ્યા કરતા હશે, કદાચ કોઈ એ આકારોને અણઘડ કહી શકે, પણ એ અણઘડ આકારોની પાછળ ઘડાવાની ધીમી પ્રક્રિયા નહીં જ હોય એમ શા માટે માનવું ? તે જેમજેમ મોટી થાય તેમ તેમ ચકાચૌંધ કરી નાખતી દુનિયા જોતાં જોતાં એ પોતાનાં ભગ્ન સપનાંને યાદ કરતી કરતી આંખોના ખૂણા ભીંજવતી હોત, દીકરી પૂછત - મા, મા, શું થયું ? ત્યારે એ કશું ન બોલત - યાદ આવે છે. રવિશંકરના સંગીતવાળી 'અનુરાધા' ફિલ્મ - લીલા નાયડુ - બલરાજ સાહનીના અભિનયવાળી - 'સૂની મેરી વીણા - સંગીત બિના... હાય રે વો દિન ક્યું ન આયે ?' હવે આની સામે તમે સાવ નાની વયની ચિત્રકાર શૈલજા પટેલને મૂકી જુઓ - જાણીતા સાહિત્યકાર રાજેન્દ્ર પટેલ અને ચિત્રકાર દક્ષાબહેન પટેલની એ દીકરી. માતાપિતાના પ્રોત્સાહનને કારણે એણે નાની વયમાં કેવો અસામાન્ય વિકાસ સાધ્યો ! હવે તમે મને પૂછી શકો કે પેલી કન્યાનું આત્મબળ ઓછું પડ્યું; તેણે શા માટે પોતાની સર્જના અટકાવી દીધી ? તેની સર્જના અટકી ગઈ, કારણ કે પોતાના સર્જન માટે માત્ર નોટપેન્સિલથી ન ચાલે, કાગળ, ચૉક, રંગ, વગેરેવગેરેની જરૂર પડતી હોય છે. આ તો એક કિસ્સો જાણ્યો; આવા તો અગણિત કિસ્સાઓ છે - કિસકો ફુરસદ હૈ જો થામેં દિવાનોં કા હાથ...

છેલ્લા કેટલા બધા સમયથી હું બપોરે નિયમિત રીતે રેડિયો સાંભળું છું - રેડિયો અમને અમારા જૂના દિવસોની યાદ અપાવે છે - કોઈ મિત્ર રાતવાસો કરવા આવી ચઢે તો એને અમારે રસોડામાં સુવડાવવો પડે એવું નાનકડું ઘર. તે વખતે તો રેડિયો સિલોન અને ઑલ ઇન્ડિયાની ઉર્દૂ સર્વિસનો સુવર્ણયુગ ચાલતો હતો - રાતે પથારીમાં સાડા નવે પડીએ, તેમાંય જો આકાશવાણીનું સંગીત-સંમેલન હોય તો રાતના સાડા બાર સુધી એ સંગીતની મહેફિલ જામે- આજની જેમ આચમની કરાવવામાં એ લોકો માનતા ન હતા. અરે ગાડી આડા પાટે ચઢી ગઈ. આકાશવાણીનો એક કાર્યક્રમ બહુ સરસ છે. સોમથી શુક્ર (કે શનિ પણ ?) બપોરે ત્રણ વાગે

મમતા સિંઘ, નિમ્મી મિશ્રા, કાંચનબહેન, શહનાઝ અખ્તર 'સખી સહેલી' નિમિત્તે ભેગાં થાય; અને આ બધાંમાં શહનાઝબહેનનો અવાજ એવો નમણો, મીઠો, શિશુસહજ... બસ તમે સાંભળ્યાં જ કરો, સાંભળ્યા જ કરો. મને નથી ખબર કે આપણા સાહિત્યપ્રેમીઓમાંથી કેટલા સાંભળતા હશે ? જેમનેજેમને મેં પૂછ્યું છે તેમણે ના પાડી છે. જોકે મિત્ર યજ્ઞેશ દવે કહે છે કે આ કાર્યક્રમ ખૂબ જ લોકપ્રિય છે. એકાદ અઠવાડિયું જરા નિયમિત રીતે સાંભળી તો જુઓ. દેશભરમાંથી સ્ત્રીઓ આ સખીમંડળને ફોન કરે, ના – દેશભરમાંથી તો નહીં – કાર્યક્રમ હિંદીમાં છે એટલે દક્ષિણ ભારતની સ્ત્રીઓ ફોન ના કરે, કદાચ બંગાળની સ્ત્રીઓ ફોન ના કરે; ગુજરાતની સ્ત્રીઓ ભાગ્યે જ ટહુકે. મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, હરિયાણા, બિહારની સ્ત્રીઓ ઊલટભેર ભાગ લે. ઘણી બધી સ્ત્રીઓ પોતાની પરિસ્થિતિઓ વર્ણવતી જાય, એમના અવાજમાં દીનતાભાવ નહીં – કાકલૂદી નહીં; વળી આ સ્ત્રીઓએ કેટલું બધું લોકસાહિત્ય આત્મસાત કર્યું છે. કેટલીક સ્ત્રીઓ તો માંડ બેત્રણ ચોપડી ભણી હોય છે, કેટલી બધી ખેતરમજૂરી કરતી હતી; પણ પોતાની વાતને કેટલી બધી સરસ રીતે મૂકી આપતી હોય છે. ગુજરાતણોને આ સાંભળવાનું ગમતું નહીં હોય ? સાંભળતી હોય તો ક્યારેય રેડિયો પર પોતાને અભિવ્યક્ત નહીં કરતી હોય; આમ તો હૃદયમાં કેટલી બધી ગૂંગળામણ લઈને આપણે જીવતાં નથી ? કે પછી મેરી બાત રહી મેરે મન મેં, કુછ કહ ન સકી ઉલઝન મેં !

સ્ત્રીઓ ઉપર થતા જુલમોનો ઇતિહાસ તો કદાચ મહાભારતથીય મોટો બને. સદીઓથી આપણે એ જુલમો આચારતાં જ રહ્યાં, એ અટકતા જ નથી – અને કેવાં કેવાં વાહિયાત કારણસર.. ૧૪૧૨માં જન્મેલી ફ્રેન્ચ જૉન ઑફ આર્ક એ જમાનાની તો વીરાંગના હતી. ઘણું કરીને બર્નાર્ડ શૉએ પોતાનું એક નાટક આ નાયિકાને કેન્દ્રમાં રાખીને રચ્યું હતું. છેક નાનપણથી જોતી આવેલી કે પોતાના દેશવાસીઓ કેટલાય દાયકાઓથી લૂંટાતા રહ્યાં હતાં. માત્ર સત્તર વરસની વયે તેણે જીવનનું લક્ષ્ય નિયત કર્યું હતું. ફ્રાન્સને ઈંગ્લૅન્ડની ચુંગાલમાંથી મુક્ત કરવાનું ! આ માટે તે ફ્રાન્સના ભાવિ રાજા ચાર્લ્સ સાતમાને મળી પણ ખરી. તેની આ યોજનામાં કેટલાકને રસ પડ્યો. તેની યોજનાને બહાલી આપી. ૧૦,૦૦૦ ખેડૂતોને સૈન્ય આપ્યું. ૨૮મી એપ્રિલ, ૧૪૨૯ના રોજ તે ઓર્લિયન્સ નગરમાં કૂચ કરતી પેઠી. બીજે દિવસે નગર મુક્ત થયું. તેની કુશાગ્ર વ્યૂહરચનાને કારણે ઈંગ્લૅન્ડના અંકુશનાં એક પછી એક નગર મુક્ત થયાં. બધાંને લાગતું કે જૉનમાં દૈવી તેજ છે. ચાર્લ્સ ગાદીએ બેઠા પછી રાજ્યની સંમતિ વિના તેણે અંગ્રેજો વિરુદ્ધ એક બીજી લડત આદરી પણ તે પકડાઈ ગઈ અને અંગ્રેજોને સોંપી દેવાઈ. રાજાને પોતાની રાજગાદી જતી રહેવાનો ડર લાગ્યો એટલે તેના છુટકારા માટેની રકમ ન ચૂકવી. તેની સામે ખટલો ચાલ્યો, ચૌદ મહિનાની કાર્યવાહી પછી મૃત્યુદંડની સજા ફરમાવી. પાછળથી તેણે કેટલીક ભૂલો કબૂલી એટલે મૃત્યુદંડને બદલે તેને જનમટીપની સજા થઈ. જેલમાં તેણે પુરુષોનાં કપડાં પહેરવા માંડ્યાં અને માત્ર આ ગુનાસર તેના પર ફરી કામ ચાલ્યું અને નગરચોકમાં તેને સળગાવી દીધી. ફ્રાન્સની મુક્તિદાતાને પુરુષપ્રધાન સમાજે આ પુરસ્કાર આપ્યો !

આમ તો પુરુષોએ સ્ત્રીઓને શું આપ્યું ? સાચા હૃદયનો પ્રેમ ઝંખતી ઝંખતી મેરેલીન મનરો મૃત્યુ પામી, મીનાકુમારી મૃત્યુ પામી અને આવી નામી વ્યક્તિઓના જો આવા હાલ થતા હોય તો લાખો અનામી સ્ત્રીઓનું શું થતું હશે ? એમની કથાઓ અભિવ્યક્તિ સુધી ભાગ્યે જ પહોંચી હશે !

દાયકાઓ પહેલાં દુનિયાના સૌથી ધનાઢ્ય દેશ અમેરિકામાં બનેલી એક ઘટનાએ ઘણાં બધાંનાં કાળજાં કંપાવી નાખ્યાં હતાં. કોઈ હૉસ્પિટલમાં નોકરી કરતી નર્સ ઘેર આવીને જુએ છે તો સત્તાવાળાઓએ એને બીજા જ દિવસથી નોકરીમાંથી કાઢી મૂકી હતી. ઘર તો પોતાનું હતું નહીં, એટલે ખાલી કરવું પડ્યું. થોડા દિવસ તો મિત્રોને

ત્યાં રહી. પણ અમેરિકન ઔપચારિકતા આવું ક્યાં સુધી નભાવે ? એટલે સસ્તી હોટલોમાં રહી, પોતાની પાસે જે હતું તે વેચવા માંડ્યું. એ પણ ખલાસ થયું. રહેવા જગા તો હતી નહીં. ઝાડ નીચે, ફૂટપાથ પર જીવી જોયું. અમેરિકામાં તો કશું મફત નથી હોતું. તેના માસિકના દિવસોમાંય બદલવા માટેનાં કપડાં હતાં નહીં, હવે તો તે નહાવાધોવાના અભાવે ગંધાવા માંડી. કોઈ રસ્તો ન રહ્યો એટલે આપવીતી લખીને આત્મહત્યા કરી લીધી ! થોડા દિવસ છાપાંઓએ સનસનાટી મચાવી, પણ પછી બીજી કથાવાર્તાઓ તેમને તો મળવા માંડી એટલે એ આખી વાત વીસરાઈ ગઈ !

હમણાં હમણાં કેટલી બધી અનિચ્છનીય ઘટનાઓ બની રહી છે ! છાપાંમાં અપવાદ વિના અપમૃત્યુના કિસ્સાઓ આવતા રહે છે, અકસ્માતોમાં માર્યાં ગયેલાંઓની કોઈ વાત નથી, પણ પરીક્ષામાં



નિષ્ફળતા મળે કે નિષ્ફળતા મળવાનું લાગે તો કિશોરીઓ આત્મહત્યા કરી લે છે, લગ્નજીવન હજુ તો માંડ શરૂ થયું હોય અને સ્ત્રીઓ આત્મહત્યા કરી લે છે, અથવા નિર્દયપણે તેની હત્યા કરવામાં આવે છે. નાનીમોટી ઇચ્છા પૂરી ન થાય એટલે આત્મહત્યા ! જિંદગી આટલી બધી તો સસ્તી ક્યારેય નહોતી.

હજુ પણ પુત્રને જન્મ ન આપી શકનારી સ્ત્રીને અપશુકનિયાળ ગણીને એને મહેણાંટોણાં મારવાનાં, પિયરવાટ પકડાવી દેવાની. તમે સ્ત્રીઓને-પુરુષોને ગમે તેટલું જીવવિજ્ઞાન સમજાવો પણ એ સમજવા જ તૈયાર નથી કે પુત્ર કે પુત્રી માટે પુરુષ જવાબદાર છે, સ્ત્રી નહીં - ભણેલો વર્ગ પણ વિજ્ઞાન પચાવી શકતો નથી, આપણા પૂર્વગ્રહો એટલી હદે બળવાન છે ! આમાંથી જ પ્રશ્ન જન્મ્યો સ્ત્રી-ભ્રૂણહત્યાનો ! આપણે સ્ત્રીરોગ નિષ્ણાતોની ઇસ્પિતાલો જોઈએ, પ્રસૂતિગૃહો જોઈએ, સોનોગ્રાફીનાં કેન્દ્રો જોઈએ બધે સ્પષ્ટ જણાવવામાં આવતું હોય છે કે અહીં ગર્ભની જાતિનું પરીક્ષણ કરવામાં આવતું નથી. હવે પ્રશ્ન થાય કે તો પછી આવાં પરીક્ષણો ક્યાં થાય છે, કોણ કરે છે ? ડૉક્ટરોના સાથ સહકાર વિના આ થઈ જ ન શકે. આ અટકાવવા માટેનાં સરકારી પગલાં અધૂરાં છે. પોસ્ટકાર્ડ પાછળ 'બેટી બચાવો' છાપવાથી વાત અટકવાની નથી.

'ત્યારે કરીશું શું ?' - ટૉલ્સ્ટૉયે દાયકાઓ પહેલાં પૂછેલો પ્રશ્ન ફરી પૂછીએ - જુદા સંદર્ભમાં એક સૂચન કરવાનું મન થાય કે - જિલ્લેજિલ્લે ઝુંબેશ ચલાવીએ; ઇલાબહેન પાઠક, હિમાંશી શેલત જ નહીં - કેટલાક ડૉક્ટરોનો સાથ મેળવીએ, જયંત નારળીકરની એક વિજ્ઞાનકથા આ પ્રશ્ન વિશે છે, તેનો જોરશોરથી પ્રચાર કરીએ, આ દૂષણ તો જવું જ જોઈએ; નારીને મારી નાખીને 'યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે' તો બગભગતના જાપ બની જાય ! મારા જેવા કર્મશીલ નથી પણ આ બાબતમાં તો કર્મશીલ બનવાની પૂરી તૈયારી છે, તમારી ?

માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવતાં પહેલાં 'સમાજમાં સ્ત્રીઓના પ્રશ્નો અને તેના સમાધાન' વિશે ચર્ચાનું આયોજન કરી આ મુદ્દે વિદ્યાર્થીઓના વિચારો અને તેમનાં સૂચનો જાણી શકાય. આ સંદર્ભે તેમને પોતાના અનુભવો અથવા તેઓ જાણતાં હોય તેવાં ઉદાહરણો કહેવા પ્રેરી શકાય. વિશ્વમાં દરેક સ્થળે સ્ત્રીઓની સ્થિતિ સમાન જ છે, તેમ છતાં તેજોમય સિતારાની જેમ ચમકી ઊઠેલી દેશવિદેશની સ્ત્રીઓનાં દૃષ્ટાંતો આપી વિદ્યાર્થીઓને પ્રેરિત કરી શકાય. સમાજના સર્વાંગી વિકાસ માટે જૂની માનસિકતા છોડી મુક્ત વિચારોના ગગનમાં વિહરવું અતિ આવશ્યક છે તે વાત વિદ્યાર્થીઓમાં દૃઢ કરી શકાય. 'Pen-friendship' વિશે પણ વાત કરી શકાય.

સ્વાધ્યાય

(અ) ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.

(૧) ફેલાવો (૨) દોષ (૩) મિજલસ (૪) ઉત્તેજન
(૫) સકંચો (૬) કાબૂ (૭) મંજૂરી (૮) ધ્યેય

૨. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

(૧) દયા ઉપજાવે એવી આજીજી -
(૨) બહાદુર સ્ત્રી -
(૩) કુટુંબ કે સમાજવ્યવસ્થામાં પુરુષનું આધિપત્ય હોય તેવું -
(૪) પહેલેથી જ બંધાયેલો અભિપ્રાય -

૩. કૃતિમાંથી યોગ્ય વિશેષણ શોધો.

(૧) ---માનસ (૨) ---ચહેરો (૩) ---સપનાં (૪) ---આકાર
(૫) ---ઘર (૬) ---તેજ (૭) ---દેશ (૮) ---હોટલ

૪. કૃતિમાં આવેલા અંગ્રેજી શબ્દોની યાદી કરી શબ્દકોશની મદદથી તેના ગુજરાતી પર્યાય લખો.

(આ) ૧. કોણ તે કહો.

(૧) પુત્ર કે પુત્રીના જન્મ માટે જવાબદાર
(૨) ફ્રાન્સની મુક્તિદાતા
(૩) જૉન ઑફ આર્કને કેન્દ્રમાં રાખીને નાટક રચનાર
(૪) લેખકના મિત્ર
(૫) ફ્રાન્સના ભાવિ રાજા
(૬) 'ત્યારે કરીશું શું ?' પ્રશ્ન પૂછનાર
(૭) નાની વયની ચિત્રકાર
(૮) 'અનુરાધા' ફિલ્મના સંગીતકાર

૨. કોષ્ટક પૂર્ણ કરો.

(અ)

ચિત્રસર્જન માટે જરૂરી વસ્તુઓ	
કૃતિમાં આવેલા ફિલ્મ કલાકારો	
'સખી સહેલી' કાર્યક્રમમાં ભેગા થનાર	
'સખી મંડળ'ને જ્યાંથી ફોન આવે છે તે સ્થળો	
ખ્યાતનામ પ્રતિભાશાળી સ્ત્રીઓ	

(બ)

શહનાઝ બહેનના અવાજની વિશેષતા	
'જાતિ પરીક્ષણ નિષેધ' લખેલું જોવા મળે છે તે સ્થળો	
લેખકના મગજ ઉપર ઘણની જેમ ઝીંકાયેલા શબ્દો	
પુત્રને જન્મ ન આપી શકનારી સ્ત્રી સાથે કરાતો વ્યવહાર	
કૃતિમાં આવેલા વિદેશનાં નામ	

૩. કૃતિને આધારે લખો.

(૧) સવારની ચા કડવીવખ થવાનું કારણ -
(૨) પોસ્ટકાર્ડ પાછળ લખેલું સૂત્ર -
(૩) સાચા હૃદયના પ્રેમની ઝંખનામાં મૃત્યુ પામનાર -
(૪) છાપામાં અપવાદ વિના આવે છે -
(૫) નાની મોટી ઇચ્છા પૂરી ન થતાં કરવામાં આવે છે -
(૬) કિશોરીઓની આત્મહત્યાનું કારણ -

૪. નીચેનાં વાક્યોને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો.

અ. (૧) ઝાડ નીચે, ફૂટપાથ પર રહી
(૨) સત્તાવાળાઓએ એકાએક નર્સને નોકરીમાંથી કાઢી મૂકી
(૩) ઘર ખાલી કરી, મિત્રોને ત્યાં રહી,
(૪) પોતાની પાસે રહેલી વસ્તુઓ વેચી સસ્તી હૉટલમાં રહી.
(૫) પોતાની આપવીતી લખી આત્મહત્યા કરી.

આ. (૧) ઓર્લિયન્સ નગરને મુક્ત કર્યું.
(૨) સત્તર વર્ષની વયે ધ્યેય નક્કી કર્યું.
(૩) ફ્રાન્સના ભાવિ રાજા સાથે મુલાકાત કરી.
(૪) રાજ્યની સંમતિ વિના આદરેલી લડત દરમિયાન પકડાઈ ગઈ.
(૫) યોજનાને બહાલી આપી ૧૦,૦૦૦ ખેડૂતોનું સૈન્ય આપ્યું.

(ઇ) ૧. સમાસનો વિગ્રહ કરી પ્રકાર લખો.

(૧) મહાભારત (૨) નાનીમોટી (૩) લોકપ્રિય (૪) પિયરવાટ
(૫) અભાવ (૬) અગણિત (૭) માનવસંહાર (૮) કથાવાર્તા

૨. સંધિ છોડો.

(૧) વ્યસ્ત (૨) પરીક્ષા (૩) યજ્ઞેશ (૪) સંસાર
(૫) કુશાગ્ર (૬) નિર્દય (૭) ધનાઢ્ય (૮) રેખાંકન

૩. રૂઢિપ્રયોગના અર્થ લખો.

(૧) રવાડે ચડવું (૨) વલોપાત કરવું (૩) ગાડી આડા પાટે ચઢવી (૪) બહાલી આપવી

૪. અલંકાર ઓળખો.

(૧) શબ્દો ઘણની જેમ મગજ પર ઝીંકાતા હતા.
(૨) એ આકારો અણઘડ હતા.

(૩) નામી વ્યક્તિઓના આવા હાલ હોય તો અનામી વ્યક્તિઓનું શું થાય ?

(૪) સ્ત્રીઓ પર થતા જુલમનો ઇતિહાસ તો મહાભારતથી પણ મોટો બને.

(ઈ) ૧. વર્તમાનમાં વધી રહેલી આત્મહત્યાનાં કારણો જણાવો.

૨. 'બેટી બચાવો' ઝુંબેશ માટે તમે શું સહયોગ આપી શકો તે લખો.

૩. 'નારીને મારી નાખીને યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે તો બગભગતના જાપ બની જાય.' - વિધાન તમારા શબ્દોમાં સમજાવો.

(ઉ) ૧. 'સ્ત્રી ભ્રૂણ હત્યા - કારણો અને ઉપાયો' વિશે વર્ગમાં પરિસંવાદનું આયોજન કરો.

૨. સ્ત્રીભ્રૂણ હત્યાનાં સમાજ પર પરિણામ વિશે વર્ગમાં ચર્ચા કરો.

(ઊ) વિવિધ ક્ષેત્રે ખ્યાતિપ્રાપ્ત સ્ત્રીઓ વિશે કોલાજ તૈયાર કરો.

અપઠિત ગદ્યાંશ

૧. **નીચે આપેલો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો :**

પ્રખ્યાત સમાજસુધારક ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર સંસ્કૃત ભાષાના પણ મહાન પંડિત હતા. તેમની વિધવા માતાએ તેમને અનેક તકલીફો વેઠીને ભણાવેલા. દીકરાને ભણાવવા તેમણે પોતાનાં સોનાનાં ઘરેણાં પણ વેચી દીધેલાં. તેમણે ઘણી બધી મુશ્કેલીઓ સહન કરી હતી.

સમય પસાર થતાં ઈશ્વરચંદ્ર ભણીગણીને મોટા પ્રોફેસર બન્યા. એક દિવસ તેમણે માતાને કહ્યું, ''મા, આજે હું જે પણ કંઈ છું તે તારા ત્યાગ અને મમતાને પ્રતાપે છું. તારું ઋણ હું કદી ચૂકવી શકું તેમ નથી. મારા અભ્યાસ પાછળ તારાં કિંમતી ઘરેણાં વેચાઈ ગયાં. મારી ઇચ્છા છે કે હું તને નવાં ઘરેણાં લાવી આપું.''

માએ હળવેથી અને સુંદર જવાબ આપ્યો, ''બેટા ! મારે હવે એવાં ઘરેણાં શું કામનાં ? અને હા છતાં પણ તારી ઇચ્છા હોય તો હું કહું એવાં ઘરેણાં તૈયાર કરી આપ !'' ઈશ્વરચંદ્રે ઉત્સાહમાં આવી કહ્યું, ''મા ! બોલ તારે કેવાં ઘરેણાં જોઈએ છે ?'' માતાએ કહ્યું, ''તું ફી વિનાની શાળાઓ શરૂ કર. જ્યાં બાળકો મફત અને સારું શિક્ષણ મેળવે. લોકોનાં દર્દ અને પીડા દૂર થાય તેવાં ફી વિનાનાં દવાખાનાં શરૂ કર. ગરીબ અને અશક્ત, લાચાર લોકોને પેટ ભરીને જમવાનું મળે એવાં સદાવ્રત શરૂ કર. આવાં ઘરેણાં જ આપણી અને સમાજની શોભા બની રહેશે.''

ઈશ્વરચંદ્રે માતાની મનોકામના પૂરી કરવા માટે તે જ દિવસથી શુભ કાર્યનો આરંભ શરૂ કરી દીધો.

સ્વાધ્યાય

(અ) ગદ્યાંશને આધારે લખો.

(૧) ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની માતાએ માંગેલા ઘરેણાં -

(૨) ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર મહાન પંડિત હતાં -

(૩) ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરને ભણાવવા માતાએ વેઠેલી મુશ્કેલી -

(આ) આવાં ઘરેણાં જ આપણી અને સમાજની શોભા બની રહેશે- વિધાન સમજાવો.

પાર્થને કહો ચડાવે બાણ, હવે તો યુદ્ધ એ જ કલ્યાણ. - ન્હાનાલાલ

૪. લીમડો ઝૂકે લેલૂંબ રે

સ્વાતિ મેઢ

અનુવાદક, નિબંધકાર અને વાર્તાકાર સ્વાતિ મેઢનો જન્મ ૧૭ મે, ૧૯૪૯ના રોજ અમદાવાદમાં થયો હતો. ટૂંકાંવાક્યો, સરળ શબ્દો, સાદી શૈલી તેમની વિશેષતા છે. વિવિધ વર્તમાનપત્રો અને સામયિકોમાં તેમની કૃતિઓ પ્રકાશિત થાય છે. તથા તેઓ કટાર પણ લખે છે. 'આરસીની ભીતરમાં', ઊડી ઉગમણે દેશ', 'બહુરંગી', 'લાગણીસભર બાળઉછેર' તેમનાં પ્રસિદ્ધ પુસ્તકો છે.

સૂર કૃતિનો

પ્રસ્તુત નિબંધમાં લેખિકાએ લીમડાના વૃક્ષ સાથે જોડાયેલી બાળપણની સ્મૃતિઓને વાગોળી છે. 'મને એક એક ઝાડની માયા લાગી'ની જેમ લીમડો જાણે લેખિકાના બાળપણનો, કુટુંબનો, જીવનનો એક અંતરંગ હિસ્સો બની ગયો છે. લીલોતરીથી હર્યાભર્યા કમ્પાઉન્ડમાં ફેલાયેલા વિશાળ લીમડાને લેખિકા વૃક્ષરાજ કહીને સન્માને છે. વૃક્ષ પ્રકૃતિએ માનવને આપેલું શ્રેષ્ઠ વરદાન છે. વૃક્ષ માત્ર માનવ માટે જ નહીં પણ અનેક પશુ-પક્ષી જેમકે ખિસકોલી, વાંદરાં, કાગડા, કોયલ, ચકલી, એ સિવાય કીડી, મંકોડા જેવા કીટકોનું આશ્રય સ્થાન છે. લીમડો લેખિકાના બંગલાનું ઠંડકથી રક્ષણ કરે. લીમડાના છાંયે હીંચકે હીંચકતાં લેખિકાએ ભાવિનાં અનેક સપનાં જોયાં છે. મેદાનના પ્રહરી સમા લીમડાની હરિયાળીના સ્મરણે લેખિકાને જીવનના અણગમતા પ્રસંગોમાં ટાઢક આપી છે. વાનરટોળીની પિકનિક, કોયલ માતા-સંતાનનું યુગલગાન, લીમડા પર ચડતી-પડતી ખિસકોલીને જોતાંજોતાં લેખિકાનું બાળપણ વીત્યું. લેખિકા મોટાં થતાં બીજે રહેવા ગયાં, લીમડાનો સંગાથ છૂટ્યો પણ સ્મરણ નહીં. અંતરમાં છપાયેલી લીમડાની લીલીછમ છબીને કાળની થપાટો ભૂખરી ના કરી દે તેવું ઇચ્છતા લેખિકા કહે છે, 'સમય આવશે અને જશે, આપણે આવીશું અને જઈશું પણ ઝાડ તો હરહંમેશ રહેશે એક નહીં તો બીજા સ્વરૂપે.'

થોડા દાયકા પહેલાંની વાત છે. એ વખતે અમદાવાદ શહેરનું મોટા ભાગનું લોક શહેરની પોળો, ખડકીઓ, ખાંચાઓ, ડહેલાઓ, શેરીઓ અને વચ્ચે આવેલા રસ્તાઓ પરનાં ઘરોમાં વસતું હતું. ઉચ્ચ-નિમ્ન વર્ણો, ધનિકો, ગરીબો, નોકરિયાતો, વેપારીઓ બધાંય એ પોળો, ખડકીઓ, શેરીઓનાં નાનાં મોટાં ઘરોમાં રહેતાં. પછી આવ્યો મિલઉદ્યોગ અને પરિણામે વધુ ધન, અને વધુ ધનને પરિણામે શહેરની આસપાસ સોસાયટીઓ બનવા માંડી. ધનિક વર્ગ બંગલા બનાવે અને કાં તો પોતે એમાં રહે અથવા બંગલો ભાડે આપે.

આવો જ એક બંગલો હતો શહેરની પોળોથી થોડે દૂર. નાનકડો, બેઠા ઘાટનો, એક માળનો બંગલો. બંગલાની ડિઝાઇન બનાવનારે કોણ જાણે કેમ એમાં ઓરડા મોટા બનાવેલા અને બારણાં અને બારીઓ નાનાં, સાંકડાં બનાવેલાં. સૂર્યપ્રકાશ અને પવનને માંડ થોડુંઘણું અંદર આવવા મળે. બંગલો અંદરથી અંધારિયો અને ટાઢો પણ અંદરની ટાઢ અને અંધારાને ભુલાવી દે એવું મોટું કમ્પાઉન્ડ ધૂળમાટીથી ભરેલું અને એમાં નાનાંમોટાં, જાસુદ, કરેણ, સરગવો, પપૈયાં, લીંબુનાં ઝાડ અને મધુમાલતી અને બોગનવેલિયાની અતિસુવિકસિત વેલો. લીલોતરીથી હર્યુંભર્યું કમ્પાઉન્ડ અને આ બધાથી મોટો વૃક્ષરાજ જેવો શોભતો લીમડો. એવા એ બંગલામાં અમે થોડાં વર્ષ રહેતાં હતાં ભાડવાત તરીકે.

બંગલો કદાચ જૂનો હતો. એને દરવાજે મૂકેલી તકતીમાં ઝાંખુંઝાંખું વંચાતું હતું એ દેશને આઝાદી મળી પહેલાંનું કોઈ વર્ષ હતું ૧૯૩૯ અથવા ૧૯૨૯. લીમડોય એટલો જ જૂનો હતો. ખાસ્સું જાડું એનું થડ અને જાડી લાંબી ડાળીઓ. બંગલાના દરવાજાની જોડે ડાબી બાજુને છેડે એનો નિવાસ. મકાનનું પ્રવેશદ્વાર પશ્ચિમ તરફ ખૂલતું. લીમડો ઉનાળાની બપોર પછીના ઢળતા સૂરજનાં આકરાં કિરણોને બંગલામાં પ્રવેશવા ન દે. પોતે જ ઝીલી લે. જોકે એમ તો એ શિયાળાના સૂરજનાં કિરણોના પ્રવેશમાં પણ આડો આવે જ. બંગલાને ટાઢો હિમ રાખે. ઊતરતા શિયાળાના ધૂળભર્યા પશ્ચિમી પવનોમાં લીમડાની ડાળીઓ ઝૂલે, ફંગોળાય પણ બંગલાની અંદર એ પવનોને આવવા ન દે. વરસાદમાં જોકે લીમડો પોતે જ મજબૂર. શાંતિથી વર્ષાધારાઓ ઝીલતો રહે અને પલળતો રહે. બંગલાના માલિકે પૈસા ખૂટી પડ્યા હશે એટલે કે કંજૂસાઈ કરી હશે એટલે પણ બંગલાની છત બહુ મજબૂત નહોતી બનાવી. એનો ઇરાદો પહેલેથી જ મકાન ભાડે આપવાનો હશે. પોતે તો રહેવું નથી, ભાડવાતને રહેવું હોય તો રહે. એ નબળી છતમાંથી વરસાદનું પાણી ટીપેટીપે ટપક્યા કરે આખા ઘરમાં. લીમડાએ જે પાણી ઝીલ્યું હોય તેય વરસાદ બંધ થઈ ગયા પછી અગાસીમાં પડે અને ત્યાંથી ઘરમાં આવે, ટપકપદ્ધતિએ !

એ ઘેઘૂર લીમડાની છાંયે લોખંડની ફ્રેમ બનાવી, એમાં કડાં ગોઠવીને હીંચકો બાંધેલો. મોડી બપોરોના એકાદ-બે-કલાક સિવાય રાતદિ હીંચકો ઝૂલવા માટે સુપ્રાપ્ય. એ હીંચકે બેસીને કેટલીય સર્જનાત્મક, બૌદ્ધિક, જ્ઞાનની સિદ્ધિઓ મેળવવાનાં સપનાં મેં જોયેલાં. સપનાં હતાં એ સાચાં થોડાં પડે ? દિવસે જાગતાં જોઈએ કે રાતે ઊંઘતાં. સપનાં તો સપનાં જ.

સપનાંનીય આ મજા છે. પણ એ મજા તો જ મળે જો એ સપનાં સાચાં ન પડ્યાનો વસવસો ન કરીએ તો. આમેય તે સપનાં સાચાં પડવા માટે થોડાં હોય છે ?

એ તો આવે છે આનંદ આપવા માટે કે પીડા આપવા માટે. સપનાંમાં જોયેલા એ આનંદો સાચા નથી હોતા તો પીડાઓય ક્યાં સાચી હોય છે ? ઊંઘમાં જોયેલાં સપનાં તો બહુ યાદ પણ નથી રહેતાં પણ જાગતાં જોયેલાં સપનાં ? એ સપનાં આવે એને યાદ રાખીને પૂરાં કરવાં મહેનત કરવી પડે. પણ મહેનત કરતાંકરતાં અધવચ્ચે પેલું સપનું કદીક ભુલાઈ જાય, કદીક બદલાઈ જાય, કદીક ખોવાઈ પણ જાય ! એ પછી જુઓ નિર્ભ્રાંતિની મજા.

એવાં ઘણાં સપનાં મેં કમ્પાઉન્ડને હીંચકે બેસીને જોયેલાં. પણ એની વાત મૂકીએ પડતી અને લીમડાની વાત કરીએ.

બંગલાની સામે ખુલ્લી મોટી જગ્યા, એને મેદાન કહેતા. મેદાનની ફરતે બંગલા, અને એ બંગલાઓમાં અને બહાર લીમડાંનાં વૃક્ષો હતાં. મેદાન બહુ મોટું ન હતું. પણ ચારે તરફથી ખુલ્લી મોટી જગ્યાને મેદાન કહેવાય. પોળોમાં એને ચોકઠું કહે, હવેની સોસાયટીઓમાં કૉમન

પ્લૉટ. મેદાનમાંય ફરતે લીમડાનાં ઝાડ. જાણે મેદાનના પ્રહરીઓ.

ચોમાસામાં એ બધાય લીમડા પણ ધોવાઈને સ્વચ્છ થાય. પહેલા વરસાદ પછીની સવારે તો મેદાન એવું લીલુંછમ લાગે જાણે આંખોમાં ભરીને રાખી લઈએ. એ હરિયાળી ભરીય લીધેલી. જીવનમાં બીજા જાતજાતના રંગો જોયા. કોઈકોઈ અણગમતી રંગછાયાઓય જોવાની થઈ ત્યારેય એ હરિયાળીના સ્મરણે ટાઢક આપી છે. વર્ડ્ઝવર્થને પેલા ડેફોડિલ્સની બિછાતે આપી હતી તેવી.

શિયાળામાં એ નાનકડાં પાન પીળાં થઈને ખરી પડે. આખા મેદાનમાં, બંગલાઓના કમ્પાઉન્ડોમાં લીમડાનાં સૂકાં પાન પથરાઈ જાય. મોડે શિયાળે ઉત્તરપશ્ચિમથી વહી આવતા થોડા ગરમ, થોડા શીતળ પવનો એ પાંદડાંને આમતેમ ઉડાડે. જમીન પરની ધૂળ અને લીમડાનાં સૂકાં પાનની કુદરતસરજી સુંદર ડિઝાઈનો રચાય. હીંચકે ઝૂલતાં ચોપડીઓ ન વાંચવી હોય, સપનાં ન જોવાં હોય ત્યારે એ ડિઝાઇનો રચાવા-બદલાવાના કેલિડોસ્કોપ નીરખવાની મજા આવતી હતી. ખરું કહું તો એ મજાઓ જોવામાં જ હીંચકે બેસી જોયેલાં સપનાં સાચા પાડવાની મહેનત કરવાનું ચુકાઈ ગયું ! છે ને મજા !

શિયાળામાં લીમડાનાં પાન ખરી પડે, ડાળીઓ ખાલીખમ થઈ જાય ત્યારે મેદાનની આસપાસના બંગલાઓના ઉપરના માળ દેખાય. આસપાસના એ લગભગ બધા જ બંગલાઓ બે માળના હતા. પણ ઉપરના માળ જોવા મળે પાનખર ટાણે લીમડાની ખાલી થયેલી ડાળીઓની આરપાર. એ પછી નવાં પાન આવે. પહેલાં નાનકડાં, ઘેરા લાલ રંગનાં, પછી એ લીલાં થાય. ડાળીઓ થોડી વધારે વિસ્તરે, માળ દેખાતા બંધ થાય. પાન આવે પછી આવે મ્હોર. ઢળતી સાંજનો મંદ મંદ પવન એ મ્હોરની મહેકથી આખા મેદાનને ભરી દે, બંગલાઓને કરી દે તર-બ-તર. પછી લીંબોળીઓ. લીલી લીંબોળીઓ ડાળ પર ઝૂલતી દેખાય અને થોડા દિવસમાં તો પીળી થઈને ખરી પડે જમીન પર અને કરમાવા માંડે. હવે સૂકાં પાનની બિછાતનું સ્થાન લીંબોળીઓ લે. પણ લીંબોળીઓ બિચારી વજનદાર. ઊતરતા શિયાળાના જોરદાર પવનઝાપટાં પણ એને ખસેડી ન શકે. રાહદારીઓના પગ નીચે, સ્કૂટરો, સાઇકલો, મોટરો, લારીઓનાં પૈડાં નીચે બિચારી કચડાઈ જાય. કોઈક વળી ધૂળ નીચે દબાઈ જાય. બાકીની રસ્તો વાળનાર કર્મચારીના સાવરણામાં ઢસડાઈ જાય. પેલી દબાઈ ગયેલી લીંબોળીઓ ચોમાસામાં અંકુરિત થાય, પણ લીમડા ઓછા હતા મેદાનમાં કે નવાંકુરોનું કોઈ જતન કરે ? બંગલાના માલિકોએ રોકેલા માળીઓના હાથની ખૂરપીઓ અને નવાંકુરિત લીંબોળીઓ...

'જો હમારી મરજી (વહી) તુમ્હારી મરજી.' આવું તો માનવ-નવાંકુરોનુંય થાય જ છે ને ?

પવનમાં હીલોળાવું, પીળાં પાન વેરવાં, મ્હોરની મહેક વરસાવવી, આ લીમડાનાં કામ. છાંયડો આપવો કે પવનઝપાટાંને ઝીલી લેવાં એ તો એના હોવાની આડઅસરો. એ બધા વૃક્ષરાજો. એ મેદાનમાં તો બધા જ લીમડા વર્ચસ્વ ભોગવતા હતા. એમની વિશાળ વિસ્તરેલી ડાળીઓનાં ઝુંડ વાંદરાંઓનું પ્રિય ક્રીડાસ્થાન... ચીકુ, સરગવો, લીંબુ, પપૈયાં, બદામનાં ઝાડ પર મિજબાનીઓ થાય અને લીમડા પર પિકનિક, ટોળેટોળાં આવે. નાનાંમોટાં વાંદરાં. વાનરમાતાઓ બચ્ચાંને ગળે-છાતીએ વળગાડીને લાંબા કૂદકા મારે. બચ્ચાંય એવા મજબૂત રીતે વગળેલાં હોય કે એકેય વાર, એકેય બચ્ચું સરકીને નીચે ન પડે. જ્યારે વાનરટોળી પિકનિક કરવા આવે ત્યારે માનવો માટે કમ્પાઉન્ડ કરફ્યુ. સમજદાર લોકો ત્યાં ન જાય. છતાંય જો જાય તો પાંદડાંનો અભિષેક થાય ને ક્યારેક બીજા પ્રકારના ઘનપ્રવાહી પદાર્થોનો પણ. લીમડા પરથી અગાસીમાં ભૂસકા મારવાની એમની રમત અમારા રહેઠાણની નબળી છતને વધારે નબળી બનાવે. આવતે ચોમાસે થોડું વધારે પાણી ઘરમાં પડશે, બીજું શું ?

વાંદરા માટે લીમડો કૂદવા-ઝૂલવાનું સ્થાન તો કાગડા માટે એ માળા બનાવવાનું ઠેકાણું. કાગડા માળા બાંધે અને ઈંડાં મૂકે. કોયલ પણ છાનીમાની આવીને પોતાનાં ઈંડાં મૂકી જાય. ઉનાળાની વહેલી સવારે હજી રાતની ઠંડક ઓસરી ન હોય અને સૂર્યકિરણો 'આવીએ છીએ, આવીએ છીએ' એવો અણસાર માત્ર આપતા હોય એ સમયે કોયલો કૂઊઊઊઊ કરતી ગોઠડી માંડે. આમ તો એ દૂર બેઠે કાગડાના માળામાં રહેલાં પોતાનાં નવજાત બચ્ચાંને 'એ કોયલ છે, કાગડો નથી' એ સત્ય સમજાવવાના પ્રયાસો જ હોય. પણ એના ઉત્તર-પ્રતિઉત્તર પરોઢની મીઠી નીંદર માણતી માનવપ્રજાને એવો કંટાળો આપે ! 'આ કોયલો આટલી વહેલી શું કામ ઊઠતી હશે ? અને પછી અવાજ કરીને આપણીય ઊંઘ બગાડે છે.' લો, કોઈ વહેલું ઊઠીને કોઈને કશું શિખવાડે એમાં આપણે શીદને કંટાળવું ? પરંતુ માનવસ્વભાવની એ ખાસિયત છે. પોતે તો કશું શીખતાં કંટાળે જ, બીજું કોઈ બીજા કોઈને કશું શિખવાડે એમાંય કંટાળે. માનવપ્રજાનો કંટાળો કોયલને ઉડાડી મૂકવાના પ્રયત્નમાં વ્યક્ત થાય પણ ક્યા વૃક્ષરાજની લીલીછમ્મ, ઘેઘૂર ઘટામાં કોયલ બેઠી હોય ? એ દેખાય તો ને ? સાંભળ્યા કરવું પડે કૂઊઊઊઊ કૂઊઊઊઊનું માતા-સંતાનોનું યુગલગાન.

લીમડાનું થડ ખિસકોલીઓને રમવાની નિસરણી. વગર અટકે નીચી ડાળીઓ સુધી ચડી જાય અને ડાળીઓ પર સાતતાળી રમતી દોડે. કાળી કીડીઓ પણ થડ પર ચડવા જાય પણ ગબડી પડે. પડે આખડે તોય ચડતી રહે,ગબડે, વળી પાછી ચડે. સતત મિનિટો સુધી સાધના કરતી રહે... છેવટે થોડું ચડે અને પાછી વળી જાય. જાણે પુરવાર કરવું હોય કે, 'જુઓ હું ચડી શકું છું !' અદ્ભુત લાગતું હતું એ બધું કિશોરાવસ્થા અને યુવાનીના શરૂઆતનાં થોડાં વર્ષોમાં એ નાનકડા એકમાળિયા બંગલામાં. લીમડાના આગ્રહપૂર્ણ અસ્તિત્વ સાથે જીવવાનાં વર્ષો વીતી ગયાં ખાસ ખબર જ ન પડી, ભર્તૃહરિ કહે છે, 'કાલો ન યાતો વયમેવ યાતા:'એવું નથી કાળ પણ જાય છે અને આપણે પણ કાળના એ ખંડમાંથી જતા જ રહીએ છીએ, નવા કાળખંડમાં નવું જોવા, નવું જીવવા, નવું માણવા, નવું મહાલવા, નવું જીરવવા.

વર્ષો વીત્યાં. ભાડાનું ઘર હતું. છોડવાનું થયું તો છોડી દીધું. લીમડો સ્મરણમાં સાથે રહી ગયો.

ઘણાં વર્ષો વીતી ગયાં. લીમડા સાથે ગાળેલો એ સમય પાછળ ને પાછળ જતો ગયો. યાદ પણ ક્યારેક જ આવતો. ત્યાં એક વાર એ રહેઠાણના એક જૂના પડોશી મળ્યા. કહ્યું, 'હવે તો તમારાવાળા બંગલામાં ફ્લૅટો થઈ ગયા છે. સરસ ફ્લૅટો છે. જોવા આવવું છે ? આવજો, લઈ જઈશ.'

સંવેદનશીલ મારું મન ક્ષણિક લાગણીવશ થયું હતું. 'ચાલ એક વાર જોઈ આવું એ જગ્યા.' ત્યાં જ બુદ્ધિએ યાદ કરાવ્યું. 'પાછું વાળીને ન જોઈશ, પત્થર થઈ જવાય.' આ વિધાનનો ગર્ભિત અર્થ જે હોય તે પણ

એ વાત યાદ આવતાં જ મન અટકી ગયું. મેં સહજ પૂછી લીધું 'ત્યાં ખૂબ બધા લીમડા હતા તે છે ?' 'ના રે ના કોણ રહેવા દે ?' ઉપરના માળને આડે ન આવે ? એકાદ જ રહ્યો છે.'

તો ખોવાઈ ગયો મારો એ લીમડો અને એની સાથે ઝૂલતા, ઝૂમતા, હર્યાભર્યા બીજા લીમડા પણ ગયા. હું એ સ્થળે જવાનું ટાળું છું. મનમાં સંઘરેલા રંગભર્યા ચિત્રને વેરવિખેર કરી દે એવા આઘાતના ભૂખરા રંગો મારે એના પર ફેલાવા દેવા નથી. એ લીમડા કપાઈ ગયા કે કાળક્ષય પામ્યા... જે હોય તે. મેદાનના એ પ્રહરીઓ હવે ત્યાં નથી. વર્તમાન જ વાસ્તવ છે. સ્વીકારી લીધું. છતાં શી ખબર કેમ મારો લીમડાનો સાથ હજીય એમ જ છે. સ્મરણમાં પણ અને વાસ્તવમાં પણ. અમારી ચારમાળી ઇમારતોની વિશાળ સોસાયટીમાં કૉમન પ્લૉટની ચોતરફ, ફ્લૅટોની ઇમારતોની વચ્ચેના રસ્તાઓ પર પણ લીમડા છે. એવા જ ઝૂલતા, ઝૂમતા આસપાસની સૃષ્ટિ પર જાણે રાજ કરતા હોય તેમ વિસ્તરતા લીમડા. અહીં તો કોઈ કોઈ નવાંકુરો પણ ઊગી, વિકસીત નાનકડાં વૃક્ષો બની ગયા છે ! એ વૃક્ષો પર પણ એ જ લીલાઓ, એ જ રમતો, એ જ ક્રિયાકલાપો ભજવાતા રહે છે. જોકે પ્રકાશ અને પવનની આડશ બનતા એ વૃક્ષરાજોને સોસાયટીના સંચાલકો દર વર્ષે થોડા થોડા કપાવી નાખે છે. થોડા મહિનામાં એ વૃક્ષરાજો પાછા વિસ્તરવા માંડે છે.

જાણે કહેતા હોય, 'તમે કહો છો તેમ સમય ભલે જાય અમે તો એમ નહીં જવાના. એક ઠેકાણે નહીં તો બીજે ઠેકાણે, એક ઝાડ નહીં તો બીજું ઝાડ બનીને અમે તો રહેવાના, ન કાલો યાન્તિ, ન વયમેવ યાતા.'

મને સંભળાય છે અતીતરાગની એ જ સુમધુર સુરાવલિઓ નવી આવૃત્તિઓ, નવાં આવર્તનો સાથે.

માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવતાં પહેલાં વર્તમાનની પર્યાવરણવિષયક સમસ્યાઓ, બદલાતું ઋતુચક્ર, વર્ષાનો સમયગાળો, એ બધાંની માનવજીવન પર થતી તત્કાલિન અને દીર્ઘકાલિન અસરો વિશે ચર્ચા કરી શકાય. પર્યાવરણનો હ્રાસ થવાનું પ્રમુખ કારણ વૃક્ષછેદન અને તેનો રામબાણ ઇલાજ વૃક્ષારોપણ છે. તે વિશે વિગતવાર ચર્ચા કરી વૃક્ષોને માનવની જરૂર નથી, પરંતુ માનવજીવન વૃક્ષ વગર શક્ય નથી તે ભાવ વિદ્યાર્થીઓમાં દૃઢ કરાવી શકાય. વૃક્ષના એક એક અંગ-તેના પંચાંગ માનવ માટે પરમ ઉપયોગી છે. આવનારી પેઢી માટે માનવ સંપત્તિ નહીં મૂકે તો ચાલશે, પણ વૃક્ષો વાવવા ખૂબ જરૂરી છે તે અંગે પણ વાત કરી શકાય.

સ્વાધ્યાય

(અ) ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો લખો.

(૧) પહેરેગીર (૨) હિંડોળો (૩) ભાડૂત (૪) લાચાર

(૫) સમણું (૬) અફસોસ (૭) સીડી (૮) સુલભ્ય

૨. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

(૧) દસ વર્ષનો સમયગાળો -

(૨) કાચ કે ધાતુ વગેરેની ચાર ખૂણાવાળી ચકતી -

(૩) ઘરના ઉપલા ભાગમાં કરેલી ખુલ્લી જગા -

(૪) ઓરડા કે મકાનના છાપરાનો અંદરનો ભાગ -

(૫) વિશિષ્ટ ગુણધર્મ -

૩. **નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા વિશેષણ શોધો.**

(૧) ---- લીમડો (૨) ---- પાન (૩) ---- લીંબોળી (૪) ----પવન

૪. **કોષ્ટક પૂર્ણ કરો.**

(૧)	કૃતિમાં આવેલી વિરુદ્ધાર્થી શબ્દની જોડીઓ	
(૨)	કૃતિમાં આવેલા જોડશબ્દો	

(આ) ૧. **નીચેનાં વિધાનનાં કારણ અને પરિણામ જણાવો.**

	વિધાન	કારણ	પરિણામ
(૧)	બંગલાના માલિકે છત મજબૂત ન બનાવી		
(૨)	વહેલી સવારની કોયલની ગોઠડી		

૨. **કૃતિને આધારે લખો.**

(૧) માનવ સ્વભાવની ખાસિયત -

(૨) લીમડાનાં કાર્ય -

(૩) બંગલા સામેની ખુલ્લી જગા માટે વપરાયેલાં શબ્દો -

(૪) લીમડો હોવાની આડઅસરો -

(૫) ખરી પડેલી લીંબોળીની થતી દશા -

(૬) ખડકીને પોળમાં રહેતા લોકો -

(૭) વાંદરાઓની મિજબાનીના સ્થળ

૩. **કારણ લખો.**

(૧) લેખિકા જોયેલાં સપનાં સાચાં પાડવાની મહેનત કરવાનું ચૂકી ગયાં, કારણ કે -

(૨) લેખિકા જૂના ઘરની જગ્યાએ જવાનું ટાળે છે, કારણ કે -

(૩) સોસાયટીના સંચાલકો દર વર્ષે વૃક્ષને થોડાં કપાવી નાખે છે, કારણ કે -

(૪) વાનરટોળી પિકનિક કરવા આવે ત્યારે માનવો માટે કમ્પાઉન્ડ કરફ્યુ લાગે, કારણ કે -

૪. **આકૃતિ બંધ પૂર્ણ કરો.**

(૧) કૃતિમાં આવેલા

ફૂલ ↓ | વેલ ↓ | રમત ↓ | ફળ ↓ | સિંચન પદ્ધતિ ↓ | ઋતુ ↓

(૨) આ જીવો માટે લીમડો હતો

કાગડો ↓ | ખિસકોલી ↓ | વાંદરો ↓

(ઇ) ૧. સમાસનો વિગ્રહ કરી પ્રકાર લખો.

(૧) પ્રવેશદ્વાર (૨) વૃક્ષરાજ (૩) ધૂળમાટી (૪) વર્ષાધારા

(૫) ચોમાસુ (૬) રંગછાયા (૭) ક્રીડાસ્થાન (૮) નવાંકુરો

૨. રૂઢિપ્રયોગના અર્થ લખો.

(૧) વસવસો કરવો (૨) વાત પડતી મૂકવી (૩) વેરવિખેર થઈ જવું (૪) ગોઠડી માંડવી

૩. કૃતિમાં આવેલા શબ્દયુગ્મ શોધી જોડી બનાવો.

૪. સંધિ વિગ્રહ કરો.

(૧) પ્રત્યુત્તર (૨) નવાંકુર (૩) કિશોરાવસ્થા (૪) સુરાવલિ

(ઈ) ૧. લેખિકા ભાડવાત તરીકે રહેતાં હતાં તે બંગલાનું વર્ણન કરો. ૨. પાનખર પછીનો લીમડાનો જીવનક્રમ વર્ણવો.

૩. લેખિકાએ કરેલું અમદાવાદનું વર્ણન તમારા શબ્દોમાં લખો.

(ઉ) ૧. 'વૃક્ષના ભોગે કરાતો વિકાસ' - વર્ગમાં સમૂહ ચર્ચા કરો.

૨. 'ભારતીય સંસ્કૃતિમાં વૃક્ષનું મહત્ત્વ' - વર્ગમાં તમારા શબ્દોમાં રજૂ કરો.

(ઊ) ૧. લીમડાના વિવિધ ઉપયોગો વિશે પ્રકલ્પ તૈયાર કરો.

૨. 'વૃક્ષ બચાવો' જેવાં ઘોષવાક્યો તૈયાર કરી વર્ગમાં ચોંટાડો.

વિશેષ વાંચન

પિતા...

પિતા એટલે ઘરનો વડલો, સંતાપો સહી છત્ર ધરે એને પિતા કહેવાય. જાહેરમાં જે પ્રેમ કરે તે મા અને ખાનગીમાં જે પ્રેમ કરે તે પિતા. આંખથી રડે તે મા અને અંતરથી રડે તે પિતા, લાગણીઓથી નવડાવનાર મા... તો માંગણીઓ પૂરી કરનાર પિતા. આપણને સૃષ્ટિ આપે તે મા પણ દૃષ્ટિ આપે તે પિતા. પિતૃપ્રેમને વર્ણવવા તો શબ્દો પણ ઓછા પડે. શિશુના જન્મ સમયે પેંડા વહેંચતા પિતા, એના ભવિષ્યની સલામતી માટે પોતાની જરૂરિયાતો ઓછી કરીને પણ બચત કરે છે. સંતાનને પાપા પગલી કરાવે તો ક્યારેક પોતાના ખભે બેસાડી ફરાવે તો વળી ક્યારેક પીઠ પર બેસાડી ઘોડેસવારી કરાવે. પ્લેગ્રુપથી પીએચ.ડી. સુધીના સંતાનના અભ્યાસ માટે હસતા મોંએ પોતાની જાત ઘસતા પિતા સંતાનના જીવન ઘડતર અને સંસ્કાર ચણતરમાં પણ મહત્ત્વની ભૂમિકા બજાવે છે.

અલ્લાઉદ્દીનના જીનની જેમ સંતાનોની- પરિવારની ઇચ્છાઓ - જરૂરિયાતો પૂરી કરી પોતાની કર્તવ્યનિષ્ઠા દ્વારા પરોક્ષ સ્વરૂપે પોતાનો પ્રેમ અભિવ્યક્ત કરતા પિતાને પિછાણવામાં આપણે ક્યારેક પાછા પડીએ છીએ. ઘરના, સંતાનના હિતમાં ક્યારેક કડક નિર્ણય લેતા પિતા આપણને રુક્ષ લાગે છે. પણ પિતા રુક્ષ નહીં પણ વૃક્ષ છે. એની છાયામાં બેસીએ તો જ શીતળતા અનુભવાય.

પિતા પાસેથી સંતાનને પંચામૃત સમો પ્યાર મળે છે. આ પંચામૃત એટલે માતાની મમતા, પિતાનું વાત્સલ્ય, દાદા-દાદીનો પ્રેમ, શિક્ષકનો સ્નેહ અને મિત્રની માયા.

૫. દીપા મલિક – કંઈજ અશક્ય નથી !

પ્રફુલ શાહ

૨૫ માર્ચ, ૧૯૫૯ના રોજ સાવરકુંડલામાં જન્મેલા પ્રફુલ શાહ પત્રકારત્વ ક્ષેત્રે કાર્યરત છે. તેમણે કટાર લેખન, નવલકથા, ફિલ્મ, નાટક, વેબફિલ્મ, ટી.વી.સીરિયલ, જેવાં વિવિધ ક્ષેત્રોમાં પોતાની સર્જનાત્મકતાના ચમકારા પાથર્યા છે. 'દશ્યમ અદશ્યમ', 'યુદ્ધ કેસરી', 'ઝિન્દાદિલીનાં સરનામાં', 'અગ્નિજા' તેમની બહુચર્ચિત કૃતિઓ છે. તેમને મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા રામનારાયણ પાઠક પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.

સૂર કૃતિનો

પ્રસ્તુત મુલાકાતમાં 'અડગ મનના મુસાફરને હિમાલય પણ નડતો નથી' તે પંક્તિ ચરિતાર્થ થઈ છે. સીધા પ્રવાહમાં વહેતા જીવનમાં અચાનક વંટોળ સર્જાયા. શારીરિક રીતે દીપાબહેન એટલા અક્ષમ બન્યાં કે પોતાની રોજિંદી નિત્યક્રિયાઓ પણ જાતે ના કરી શકે. આવી પરિસ્થિતિમાં લોકોની આંખોમાં દેખાતી દયા, પોતાના તરફ જોવાનો લોકોનો દષ્ટિકોણ દીપાબહેનને મંજૂર નહોતો. એમણે લોકોની માનસિકતાનો જડબાતોડ જવાબ બોલીને આપવાને બદલે કંઈક કરીને આપવાનું નક્કી કર્યું. જે-જે ક્ષેત્રે લોકોએ દીપાબહેનને અસમર્થ ગણાવ્યાં તે બધાં જ કામો દીપાબહેને સવાઈ સફળતાપૂર્વક કરી બતાવ્યાં. પછી એ પોતીકાંઓ પર આર્થિક બોજ બનવાની વાત હોય કે પોતાનાં જ બાળકોને ખવડાવવા - ભણાવવા માટેની અસમર્થતાની વાત હોય. બધાંનો જવાબ આપ્યો. તેમની હિંમત, દૃઢ મનોબળ અને ઇચ્છાશક્તિથી ધીમેધીમે નવી નવી રાહ ખુલતી ગઈ, ક્ષિતિજો વિસ્તરતી ગઈ. તેમને સર્વોચ્ચ ખેલરત્ન પુરસ્કાર તથા અર્જુન ઍવોર્ડથી નવાજવામાં આવ્યા. સાથે તેઓ સમાજસેવા અને દિવ્યાંગ માટેનાં કાર્યો પણ કરતાં રહ્યાં.

દીપા મલિક માત્ર નામ નથી, જીવંત પ્રેરણા છે. કરોળિયાને પણ માથું નમાવવું પડે એવો અપ્રતિમ પુરુષાર્થ છે. સ્વીમીંગ(તરણ), જેવેલિન(ભાલાફેંક), શોટપુટ(વજનદાર ગોળાફેંક) અને ડિસ્કસ્ ઇવેન્ટ(ધાતુની ગોળ ચકતી કે રકાબી ફેંક)માં ૨૩ આંતરરાષ્ટ્રીય મેડલ અને ૬૮ રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરીય મેડલ તેઓ જીત્યાં છે. આ સિદ્ધિનું મહત્ત્વ ખૂબ અદકેરું છે કારણ કે શરીરનો છાતી નીચેનો ભાગ નિષ્ક્રિય હોવા છતાં તેમણે આટલાં બધાં જ્વલંત પરાક્રમ કરી બતાવ્યાં છે. રમતગમત ક્ષેત્રે અપાતું રાષ્ટ્રનું સર્વોચ્ચ સન્માન ખેલરત્ન તથા ૪૨ વર્ષે સૌથી મોટી ઉંમરે અર્જુન ઍવોર્ડ મેળવનારાં દીપાબહેનને નામે અનેકવિધ સિદ્ધિ, રેકોર્ડ અને પ્રશસ્તિપત્રો છે. આ બધાની બરાબરી કોઈ બીજા પણ કદાચ કરે પણ તેમનો પુરુષાર્થ, જુસ્સો, લડાયકવૃત્તિ અને હિમ્મત માટે વિશેષણો વાપરીએ એટલાં ઓછાં પડે.

દીપા મલિક સાથે ખાસ વાતચીત શરૂ કરતાં અગાઉ એમના વિશે પાયાની માહિતી જાણવી પડે. ૧૯૭૦ની ૩૦મી સપ્ટેમ્બરે હરિયાણાના ભૈસવાલ ગામે જન્મ. પિતા બી. કે. નાગપાલ અને પતિ વિક્રમસિંહ બન્ને લશ્કરમાં કર્નલ. હાલ દિલ્હી નજીકના ગુડગાંવમાં પતિ અને બે દીકરીઓ સાથે રહેતાં આ નારીરત્ન સાથે ટેલિફોન પર થયેલી સવિસ્તાર સવાલ-જવાબની આપ-લેના મહત્ત્વના અંશ આ મુજબ છે –

''દીપાબહેન, સૌ પ્રથમ તો અનન્ય સિદ્ધિ અને સાહસ બદલ અભિનંદન, આ ઇન્ટરવ્યુ વિદ્યાર્થીઓ માટે છે એ જણાવતાં મને આનંદ થાય છે...''

''આભાર આપનો. વિદ્યાર્થીઓ માટે વાત કરવાની મને વિશેષ ખુશી છે. તમે નહિ માનો પણ છઠ્ઠા ધોરણમાં નાદિયા કૉમેન્સી વિશેનો પાઠ વાંચીને મને રમતગમતમાં સક્રિય થવાની પ્રેરણા મળી હતી. ત્યાર બાદ હું હેલન કેલર, મેડમ ક્યુરી અને રાણી લક્ષ્મીબાઈ વિશેના પાઠ ભણી, જે આજેય મન પર અંકિત છે. બાળપણનાં કોમળ મન પર પડેલી છાપ અમીટ હોય છે. ઉંમરનો એ તબક્કો આસાનીથી બધું શીખવા, સ્વીકારવાનો તબક્કો હોય છે.''

''આપે મેળવેલા ચંદ્રક અને ઍવોર્ડની યાદી ઘણી પ્રશંસનીય છે, લાંબી છે. પરંતુ શું આપે ક્યારેય જીવનમાં હતાશા કે નિરાશા અનુભવી ખરી ?''

''હા, ૧૯૯૯માં મને કરોડરજ્જુ પર ગાંઠ હોવાનું નિદાન થયું હતું. ત્રણ શસ્ત્રક્રિયા થઈ. ૧૮૩ ટાંકા આવ્યાં. છાતીથી નીચેના ભાગમાં લકવો થઈ ગયો. હલનચલન અશક્ય બની ગયું. હું વ્હીલચેર પર કેદ થઈ ગઈ. મારાં સાસરિયાં બધાંએ માની લીધું કે દીપા હવે રૂમમાંથી બહાર નહિ નીકળે. વીસ વર્ષ અગાઉ આજના જેવી વ્હીલચેરની વ્યવસ્થા નહોતી. આર્મી હોસ્પિટલમાં સર્જરી પછી હું અમારા અહમદનગર નજીકના ફાર્મ હાઉસમાં આવી. ત્યાં એક રૂમમાં હું અને એક નર્સ. એ મારી દુનિયા. મને થયું કે શું આમ જ મારી જિંદગી પૂરી થઈ જશે ? મને રમવું, પ્રવાસ કરવો, લોકોને મળવું ખૂબ ગમે. પણ હવે એ શક્ય નહોતું. વ્યવસ્થા, સંભાળ અને સારવાર બધું હતું પણ મને એ સોનાનું પિંજરું લાગતું હતું. અકસ્માત બાદ મારું ધ્યાન રાખવા પતિએ પણ નોકરી છોડી દીધી હતી. સાચું કહું તો દિવ્યાંગતા પ્રત્યેનો આ અભિગમ મને નાપસંદ હતો. હું વ્હીલચેરગ્રસ્ત ગણાતી. એક જ શહેર, એક રૂમમાં જ રહેવાનું. હું પોતાની મેળે મળ-મૂત્ર વિસર્જન કરવા પણ સક્ષમ નહોતી. મારું જીવન જાણે

એક વ્યવસ્થા હતી. ખર્ચાળ સાચવણ હતી. 'હકીકત મેં બોલું તો લોગો કી સોચ અપંગ થી.' એમના વિચાર મુજબ હું કંઈ કરી ન શકું. એ તબક્કો-સ્થિતિ અત્યંત નિરાશાજનક, હતાશા ઉપજાવનારા હતા.''

''આમાંથી બહાર નીકળવા આપે શું કર્યું ? ''

''સાચું કહું તો હું મૂંઝાતી હતી, ખૂબ ગુંગળાતી હતી. એક દિવસ મેં નિર્ણય કરી લીધો કે મારે લોકોનો આ દૃષ્ટિકોણ બદલવો પડશે. એમના મનમાં બે વાત જડ થઈ ગઈ હતી. એક, બાળકોને જમાડી નહિ શકું. બે, આર્થિક બોજ બનીને રહી જઈશ. સૌથી પહેલાં મેં અમારા ફાર્મહાઉસની બાજુમાં નાનકડી હોટલ શરૂ કરી. એ ૨૦૦૩નો સમય. હોટેલ તો ન કહી શકાય, પણ નાનાં-નાનાં ફુડ પેકેટ બનાવીને ઘરે-ઘરે મોકલવાની વ્યવસ્થા શરૂ કરી. ધીરે-ધીરે એક, બે, ચાર ટેબલ-ખુરશી મૂકાવ્યા. આ કામ સરસ ચાલ્યું. એક સમયે તો હું મારા પતિના પેન્શનથી પણ વધુ કમાવા માંડી હતી. આમાં આર્થિક પગભર થવા સાથે પોતાનાં બાળકોને તો

ઠીક, અન્યોને જમાડવાનું શક્ય કરી બતાવ્યું.''

''ઉમદા વિચાર અને એની ધ્યેયપૂર્તિ ઘણું શીખવી જાય છે...''

''મને વધુ એક વાત શીખવા મળી. મારે ત્યાં યુવાન લશ્કરી જવાનો ખાવા આવે. એમની પાસેથી મને કોમ્પ્યુટર અને ગુગલ વિશે ખબર પડી. ભણેલી તો હતી એટલે નિતનવું શોધવા – જાણવા માંડી. આજેય ગુરુપૂર્ણિમાએ મારા આ યુવાન ગુરુઓને વંદન કરું છું. આ પ્રોજેક્ટમાં અજાણતાં જ હું સમાજસેવા કરવા માંડી. મારી હોટેલમાં ડિલિવરી માટે સાંજે યુવાનોની જરૂર પડે. પણ નોકરી આપવા માટે મેં શરત રાખી કે તમારે દિવસે ભણવાનું, મોબાઈલ રિપેરિંગ શીખવાનું, કોમ્પ્યુટર શીખવાનું, કાર ચલાવતાં શીખવાનું કે અન્ય કામો શીખવાનાં. એનો ખર્ચ હું આપીશ.આટલું કરે એને જ નોકરીએ રાખું. પાંચેક વર્ષમાં હું ૮૦ જેટલાં બાળકોનું પુનઃ વસન કરી શકી. આજે બધા લાઈફમાં સેટ છે. કોઈક પાસે તો બબ્બે ગાડી છે. એક સમયે ઘણાંને શંકા હતી કે હું મારાં બાળકોના ભણતરનું ધ્યાન નહિ રાખી શકું પણ મેં અન્યનાં ૮૦ બાળકોને ભણાવી બતાવ્યાં, હું આ બાળકોને, તેમના પરિવારજનોને મદદ કરવા માંડી.''

''આ આર્થિક સ્વાવલંબન અને સમાજસેવા વચ્ચે રમતગમત ભણી કેવી રીતે વળ્યાં ?''

''મારા આ કામકાજ બદલ મને આત્મનિર્ભરતા ઍવોર્ડ મળ્યો. એ સમયે ઘણાંએ એ બદલ ટીકા કરી કે હોટેલમાં કામકાજ તો પતિ અને સસરા કરે, અને આ બહેન આવી ગયાં ઍવોર્ડ લેવાં. હકીકતમાં પતિદેવ હોટેલમાં પગ પણ મૂકતા નહોતા. એટલે મેં જોશમાં આવી નક્કી કર્યું કે મારા શરીરથી થઈ શકે અને લોકો જોઈ શકે એવું કામ કરવું છે. એટલે મેં મોટરસાઈકલ ચલાવવાનું શરૂ કર્યું. આમેય મને મોટરસાઈકલ ચલાવવાનો ખૂબ શોખ. પરંતુ એ સમયે મહિલાઓ આ વાહન ચલાવતી નહોતી. મેં પોતાને ફાવે એવી મોટરસાઈકલ બનાવડાવવા માટે ફાંફાં માર્યાં. દિલ્હી ગઈ, મુંબઈ ગઈ પણ મેળ ન ખાધો. દિલ્હીમાં એક ભાઈ વ્યક્તિગત અભિરુચિ પ્રમાણેની વિશિષ્ટ મોટરસાઈકલ બનાવી આપે.

એમાં મુશ્કેલી એ હતી કે મારી પીઠ–ખભા નબળાં હતાં, જે મોટર સાઈકલનો ભાર વહન ન કરી શકે. આમેય બાળપણમાં ગાંઠને લીધે ૧૯૭૭માં મારી પહેલી સર્જરી થઈ હતી. પુણેની હોસ્પિટલમાં શસ્ત્રક્રિયા બાદ ત્રણ વર્ષ સુધી હું દિવ્યાંગ તરીકે રહી ગઈ હતી, ત્યારે મનમાં ડર બેસી ગયો હતો કે ગમે ત્યારે ફરી ગાંઠ થશે. અને એ સમયે ફરીથી મારું ઓપરેશન શક્ય નહોતું કારણ કે પીઠ ઘણી કપાઈ ચુકી હતી.''

''આટલી બધી શારીરિક મુશ્કેલી વચ્ચે તો રમતગમતનો શોખ વધુ મુશ્કેલ બન્યો હશે ને !''

''ખભા નબળા હોવાથી મોટરસાઈકલ ચલાવવાનું શક્ય નહોતું. આના ઉકેલ માટે ૨૦૦૫માં હું દિલ્હી ગઈ, છ મહિનાનો રિફ્રેશર કોર્સ કર્યો. એ સમયે હાઇડ્રો થેરેપીમાં વોટર એક્સરસાઈઝ શરૂ કરાવી. મને આનંદ થયો કે હું નથી પાણીમાં ડૂબતી કે નથી ડરતી. અહમદનગર પાછા ફરીને હું આર્મી સ્વીમીંગ પુલમાં પ્રેક્ટિસ કરવા માંડી. એ વખતે બધાંને એમ કે હું કંઈ કરી નહિ શકું. સૌ મને કહેતાં – કિતની લકી હૈ, સાસ–સસુર ને રખા હૈ, પતિને છોડા નહિ. પરંતુ આ બધાંની પરવા કર્યા વગર હું તરવા જવા માંડી. આ જોઈને ત્યાંના વિલાસ દૌને નામના ભાઈએ સૂચન કર્યું કે મારે તરણ સ્પર્ધામાં ભાગ લેવો જોઈએ. મેં ઘરે વાત કરી તો બધાંને આશ્ચર્ય થયું. અંતે હું મારી હોટેલના એક છોકરાને લઈને દિલ્હી ગઈ. ત્યારે ૩૬ વર્ષની ઉંમરે મેં રાષ્ટ્રીય સ્પર્ધામાં ત્રણ ગોલ્ડ મેડેલ મેળવ્યા. સાથોસાથ આંતરરાષ્ટ્રીય ઈવેન્ટ માટે પસંદ થઈ. ૨૦૦૬માં કુઆલાલમ્પુર ગઈ અને ત્યાં એક ઇન્ટરનેશનલ એથ્લેટનો જન્મ થયો. મારો બીજો નંબર આવ્યો.''

''વાહ એટલે સ્વીમીંગમાં જામી પડ્યાં એમ ને?''

''એ સમયે નવો ટવીસ્ટ આવ્યો લાઇફમાં. મેં ઇન્ડિયાનો ટ્રેકસુટ પહેરીને ઇન્ટરનેશનલ મેડલ સાથે મોટરસાઈકલની ઇચ્છા કરી તો એ આસાનીથી મળી

ગઈ. એ ચલાવતી વખતે ખબર પડી કે માત્ર હાથથી કાર ચલાવી શકાય એવું ગેજેટ આવ્યું છે. હું ગાડી ચલાવવા માંડી તો લાયસન્સની જરૂર પડી. પરંતુ કેમેય કરીને આર.ટી.ઓ. વાળા લાયસન્સ આપવા તૈયાર ન થયા. હું નવ મહિના સુધી લડી અને અંતે મહારાષ્ટ્રમાં કાર લાયસન્સ મેળવનારી પહેલી દિવ્યાંગ બની. પછી મેં હિમાલયમાં કાર ચલાવવા માટેના સૌથી દુર્ગમ રસ્તા પર યોજાતી 'રેઈડ ધ હિમાલયા'માં ભાગ લીધો. લેહ-લદ્દાખમાં ૧૮ હજાર ફૂટની ઊંચાઈએ સબ ઝિરો ટેમ્પરેચરમાં ૧૭૦૦ કિ.મી. ગાડી ચલાવી હતી. એમાં અગાઉ કોઈ દિવ્યાંગ પુરુષ કે સ્ત્રીએ ભાગ લીધો નહોતો. હું સર્વપ્રથમ બની.''

''આ બધામાં યમુના નદી પાર કરવાનો વિક્રમ કેવી રીતે રચાયો ?''

''સ્વીમીંગ સ્પર્ધામાં ભાગ લેતી વખતે મને એક હકીકત સમજાઈ કે ઠંડીમાં મારું શરીર બરાબર કામ આપતું નથી. ભારતમાં શિયાળો હોય કે યુરોપમાં સ્પર્ધા હોય. ઠંડા હવામાનમાં આપણો ગજ ન વાગે. હવે ગરમ

પાણીના સ્વીમીંગ પુલ લાવવા ક્યાંથી ? મને તરવામાં જરાય વાંધો નથી કે તકલીફ પડતી નથી એ સાબિત કરવા મેં ૨૦૦૮માં યમુના નદી પાર કરીને વિશ્વવિક્રમ રચ્યો. આમાં સામા પ્રવાહે હું એક કિ.મિ. તરી હતી.''

''વાહ વાહ - આપ દિવ્યાંગ ખેલાડીઓના લાભાર્થે સક્રિય થયા એ કઈ રીતે બન્યું ?''

''રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય નામના પછી મને દિવ્યાંગો માટે ખેલનીતિ સમજાવા માંડી. બીજા દેશમાં કેવી સગવડ હોય છે, એ જાણતી થઈ હું. મેં એ અંગે ચર્ચા શરૂ કરી, માંગણી મૂકી એટલે સ્પોર્ટ પોલીસી ઘડવામાં મને સામેલ કરાઈ.''

''આપણે ખેલકૂદ પ્રત્યે ઓછો ઉમળકો કેમ ધરાવીએ છીએ અને ખાસ તો છોકરીઓ અને દિવ્યાંગોને પ્રોત્સાહન માટે શું જરૂરી છે ?''

''ખેલકૂદને કારકિર્દી બનાવવામાં અગાઉ અસલામતી બહુ હતી. તાલીમ માટે સમય અને પૈસા જોઈએ. એમાં સફળતા ન મળે અને ભણતર પર પણ અસર થાય તો બંને બગડે એવું લોકો માનતા. ખર્ચા સામે રિટર્ન ઓછું હોવાની લાગણી હતી. હવે બધું બદલાઈ રહ્યું છે. સ્પોર્ટસ માટે સ્કોલરશીપ છે. વધારાના માર્ક્સ છે. ક્વોટા છે. સ્પોર્ટસ સુપર પાવર બનવાના દેશનેય ફાયદા છે. જો કે મારી પાસે નહોતા પગ કે નહોતા અનુસરવા માટે પદચિહ્ન. બધું પોતે જ ઊભું કરવું પડ્યું. ખેર, જવા દો આજે છોકરીઓ પણ સ્પોર્ટસ્‌માં સક્રિય થઈ રહી છે. ઝળકી રહી છે. અમારા હરિયાણામાં તો ગામડાનાં છોકરા-છોકરી ખેલકૂદમાં નામ રોશન કરે છે. આજના યુવાનો માટે હું થોડું કહીશ. સફળતાનો કોઈ શોર્ટકટ નથી. ધગશ અને શિસ્ત રાખો. દિલ ચાહે એ કરો. એમાં ખુશી મળશે. શીખો, સદૈવ શીખતા રહો. શીખવા માટે કોઈ ઉંમર મોટી નથી. હું આજેય શીખું છું. શીખાય એટલું શીખો. પૂરી નિષ્ઠા રાખો તો કંઈ જ અસંભવ નથી.''

ટૂંકમાં, દીપાબહેન એટલે 'નથીંગ ઇઝ ઇમ્પોસિબલ.'

માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવતાં પહેલાં વિદ્યાર્થીઓને 'મુલાકાત'ના સ્વરૂપ વિશે માહિતી આપી શકાય. વ્યક્તિ વિશેષની મુલાકાત પહેલાં શું પૂર્વતૈયારી કરવાની હોય અને મુલાકાત દરમિયાન શું તકેદારી રાખવાની હોય તે વાત કરી શકાય. અહીં વિદ્યાર્થીઓને અરૂણિમાસિંહ, નિકવૉય ચીક અને એવા જ બીજા દિવ્યાંગ મહાનુભવો કે જેમણે શારીરિક મર્યાદાઓને અવગણીને પણ એવી સિદ્ધિઓ મેળવી છે, જે સંપૂર્ણ રીતે શારીરિક સક્ષમ લોકો પણ ન મેળવી શકે, તેમનાં દૃષ્ટાંત આપી શકાય. 'જ્યાં ચાહ છે, ત્યાં રાહ છે'ના ભાવ વિદ્યાર્થીઓમાં દૃઢ કરી શકાય. જીવનમાં આવનારી કોઈ પણ વિપરીત સમસ્યાઓનો હિંમતપૂર્વક સામનો કરી તેમાં પણ ઝળહળતી સફળતા મેળવવાનો સંદેશ આપી શકાય.

સ્વાધ્યાય

(અ) ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો લખો.

(૧) હોંશ (૨) અજોડ (૩) પક્ષાઘાત (૪) મહેનત
(૫) સંભાળ (૬) સ્વાશ્રય (૭) પ્રોત્સાહન (૮) ઉત્સાહ

૨. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

(૧) નિયમબદ્ધ વર્તન –
(૨) મુશ્કેલીથી જઈ શકાય તેવું –
(૩) પશુ-પક્ષીને પૂરી રાખવા બનાવેલું સળિયાનું ઘર –
(૪) દર્દીની દવાદારૂ સાથેની માવજત –

૩. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા વિશેષણ શોધો.

(૧) ---- પરાક્રમ (૨) ---- વિચાર (૩) ---- વાતચીત (૪) --- મન
(૫) ----સન્માન (૬) ---- રસ્તા (૭) ---- સાચવણ (૮) ---પાણી

૪. નમૂના મુજબ લખો : સક્રિય – નિષ્ક્રિય

(૧) આશા (૨) સક્ષમ (૩) સ્વાવલંબન (૪) સગવડ

(આ) ૧. અંકમાં જવાબ લખો.

(૧) દીપાબહેને મેળવેલા આંતરરાષ્ટ્રીય મેડલ –
(૨) દીપાબહેને મેળવેલા રાષ્ટ્રીય, રાજ્યસ્તરીય મેડલ –
(૩) કરોડરજ્જુ પર થયેલી શસ્ત્રક્રિયા –
(૪) તરણ સ્પર્ધામાં દીપાબહેને ત્રણ મેડલ જીત્યા ત્યારની તેમની ઉંમર –
(૫) લાયસન્સ મેળવવા માટે લાગેલો સમય –
(૬) 'રેઈડ ધ હિમાલયા'માં દીપા બહેને ગાડી ચલાવીને કાપેલું અંતર –

૨. કૃતિના આધારે લખો.

(૧) રમતગમત ક્ષેત્રે અપાતું સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માન –
(૨) સ્વાવલંબન માટે દીપા મલિકને મળેલ ઍવૉર્ડ –

(૩) દીપા મલિકને તરણ સ્પર્ધામાં ભાગ લેવાની સલાહ આપનાર -
(૪) મહારાષ્ટ્રમાં કાર લાયસન્સ મેળવનાર પ્રથમ દિવ્યાંગ -
(૫) હિમાલયના દુર્ગમ રસ્તા પર યોજાતી સ્પર્ધા -
(૬) દીપા મલિકના યુવાન ગુરુઓ -
(૭) દીપા મલિકને મન સોનાનું પિંજરું હતું -
(૮) હતાશામાંથી બહાર નીકળવા દીપા મલિકે કરેલી પ્રવૃત્તિ -

૩. કોષ્ટક પૂર્ણ કરો.

દીપા મલિક રમે છે તે રમતો	
કૃતિમાં વર્ણવેલા દીપા મલિકના ગુણો	
નોકરી માટે દીપા મલિકે રાખેલી શરત	
દીપા મલિક નાનપણમાં જેમના વિશે પાઠ ભણ્યા છે તે સ્ત્રીઓ	
દીપા મલિકને ગમતી પ્રવૃત્તિઓ	
દીપા મલિકને મળેલા ઍવોર્ડ	

૪. નીચેનાં વાક્યોને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો :

(અ) (૧) છાતીથી નીચેના ભાગમાં લકવો થઈ ગયો.
(૨) કરોડરજ્જુ પર ગાંઠ થઈ.
(૩) ત્રણ શસ્ત્રક્રિયા થઈ.
(૪) દીપા મલિક વ્હીલચેર પર કેદ થઈ ગયાં.

(આ) (૧) વિલાસ દૌંને દીપા મલિકને તરણ સ્પર્ધામાં ભાગ લેવા કહ્યું.
(૨) દીપા મલિક રાષ્ટ્રીય સ્પર્ધામાં ત્રણ ગોલ્ડ મેડલ જીત્યાં.
(૩) તરણનો મહાવરો શરૂ કર્યો.
(૪) દીપા મલિકે રિફ્રેશર કોર્સ કર્યો.

(ઇ) ૧. પારિભાષિક શબ્દો માટેના ગુજરાતી શબ્દો લખો.

(૧) કેરિયર (૨) મેડલ (૩) ઈવેન્ટ (૪) પેન્શન
(૫) પ્રેક્ટીસ (૬) ગેજેટ (૭) લાયસન્સ (૮) રેકોર્ડ

૨. રૂઢિપ્રયોગના અર્થ લખો.

(૧) ફાંફા મારવાં (૨) મેળ ન પડવો (૩) ગજ વાગવો (૪) જામી પડવું

૩. અલંકાર ઓળખો :

(૧) મારું જીવન જાણે એક વ્યવસ્થા હતી. (૨) કરોળિયાને પણ મસ્તક નમાવવું પડે.
(૩) એવો અપ્રતિમ પુરુષાર્થ છે એમનો. (૪) રુપાનું મુખ ચંદ્રથી પણ વધુ સુંદર છે.

૪. **સમાસનો વિગ્રહ કરી પ્રકાર લખો :**

(૧) કામકાજ (૨) સમાજસેવા (૩) રમતગમત (૪) લેહલદ્દાખ

(ઈ) ૧. રમતગમત ક્ષેત્રે છોકરીઓ અને દિવ્યાંગોને વધુ પ્રોત્સાહન આપવા માટે શું કરી શકાય તે લખો.

૨. રમતગમત ક્ષેત્રે કારકીર્દિ બનાવવા ઇચ્છુક લોકોને આવતા પ્રશ્નો વિશે લખો.

૩. આપણા દેશમાં ક્રિકેટ જેટલી લોકપ્રિયતા અને રમત માટે મળતી સુવિધા બીજી રમતમાં મળતી નથી - તમારો મત વ્યક્ત કરો.

(ઉ) **દીપા મલિક અને એમના જેવા જ બીજા તમે જાણતા હો તેવા મર્યાદાને ઓળંગીને મહાન બનનારા લોકોના જીવન પરથી મળતો સંદેશ તમારા શબ્દોમાં વર્ગમાં વ્યક્ત કરો.**

(ઊ) **નીચેની વ્યક્તિઓ વિશે ઇન્ટરનેટ પરથી માહિતી એકઠી કરી ચાર્ટ બનાવો.**

૧. બોમ્બ બ્લાસ્ટમાં બંને હાથ ગુમાવ્યા છતાં પીએચ.ડી. કરનાર - માલવિકા ઐયાર.

૨. ભારતીય મૂળનો અમેરિકન નાગરિક - સ્પર્શ શાહ.

૩. પેરા બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ જીતનાર - માનસી જોશી.

૪. બ્લાઈન્ડ જુડો ચેમ્પીયનશીપમાં કાંસ્ય પદક મેળવનાર - જાનકી.

અપઠિત ગદ્યાંશ

આપેલો ગદ્યાંશ વાંચી તેની નીચે આપેલી કૃતિ કરો :

મિત્રો, તમને તો ખબર જ હશે, કે વાહનવ્યવહારની પ્રગતિને કારણે માણસો આજે ઘણું બધું કામ સરળતાથી કરતાં થયા છીએ. જે પહેલાં શક્ય ન હતું. પરંતુ માણસની આ પ્રગતિએ જ તેને આજે પ્રદૂષણના ભરડામાં ભરાવ્યો છે. અસંખ્ય વાહનોના ધુમાડાને કારણે પ્રદૂષિત થતી હવા માણસો શ્વાસમાં લે છે. તેને કારણે નાનાં બાળકો અને મોટા લોકોમાં રોગપ્રતિકારશક્તિ ઓછી થવાને કારણે શ્વસન સંબંધી રોગો, આંખના રોગો, વારંવાર શરદી-ઉધરસ-કફ જેવા નાકના રોગો, કાનમાં ધાક પડવી જેવા કાન સંબંધી રોગો, ચામડીના વિવિધ રોગો અને માનસિક રોગો-જેવા કે ઝડપથી થાકી જવું, કામ કરવાનો ઉત્સાહ મંદ થવા વગેરે બીમારીઓ થાય છે. માટે જ આવી દૂષિત હવાથી આપણું રક્ષણ કરવું જોઈએ, તે માટે - ● પહેલો ઉપાય એ કે નજીકની અવરજવર માટે ચાલતા જવું. ● સાયકલનો ઉપયોગ કરવો. ● દૂષિત હવામાં જતી વખતે મોઢા પર કપડું બાંધવું. ● આપણાં પર્યાવરણવિદોએ બતાવેલો એક ઉપાય સી.એન.જી. પણ છે જાણો છો, સી.એન.જી. શું છે ? તેનું આખું નામ 'કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ' છે. ● પેટ્રોલની સરખામણીમાં તે ખૂબજ સસ્તું છે. ● બીજા ઇંધણની સરખામણીમાં તેનો ઉપયોગ કરતાં ખર્ચ પણ-ઓછો આવે છે, પ્રદૂષણ ઓછું થાય છે. ● બીજા ઇંધણોથી ચાલતાં ખાનગી તેમજ સાર્વજનિક વાહનોમાં થોડો ખર્ચ કરીને સી.એન.જી. વાહનમાં ફેરવી શકાય છે. ● પ્રદૂષણ જેવી વિકટ સમસ્યાને હળવી બનાવવામાં સી.એન.જી. સહાયક બની શકે છે.

સ્વાધ્યાય

(અ) લખો :

(૧) સી.એન.જી.ના ફાયદા (૨) પ્રદૂષણથી થતી બિમારીઓ

(આ) પ્રદૂષણ રોકવા માટેના ઉપાયો સૂચવો.

૬. હું લક્ષ્મી...

કિશોર ગૌડ

કિશોર ગૌડનો જન્મ ઈ.સ. ૧૯૫૧માં અમદાવાદમાં થયો હતો. મરાઠી ભાષા વિસ્તારમાં વસવાટના પરિણામે મરાઠી ભાષા અને સાહિત્ય પ્રત્યે રુચિ પ્રબળ બની. તેમણે સૌ પ્રથમ દયા પવાર લિખિત ‘બલુતં’ પુસ્તકનો અનુવાદ કર્યો. જેને સમીક્ષકો અને વાચકોએ આવકાર્યો તથા અકાદમીએ પુરસ્કૃત કર્યો. આગળ જતાં તેમણે ૫૦ થી વધુ પુસ્તકોનો અનુવાદ કર્યો.

સૂર કૃતિનો

પ્રસ્તુત કૃતિમાં સ્ત્રી-પુરુષ, પશુ-પક્ષી, વૃક્ષ, નદી, વગેરેની જેમ જ કિન્નરો પણ આ સમાજનું જ એક ઘટક છે, એ વાત વર્ણવવામાં આવી છે. સાથે જ કિન્નર હોવું એમાં તેમનો કોઈ વાંક નથી તે વાત સ્પષ્ટ રીતે સમજાવવામાં આવી છે. તે છતાં સમાજની ઉપેક્ષા, તિરસ્કાર, હાંસીને કારણે તેમને દરેક ક્ષેત્રે સહેવાં પડતાં કષ્ટોનું હૃદયસ્પર્શી આલેખન કરવામાં આવ્યું છે. જો કિન્નરને તક મળે તો તેઓ પણ દરેક કાર્ય કરવા સક્ષમ છે તે આપણને લક્ષ્મીના ઉદાહરણ દ્વારા સમજાવવામાં આવ્યું છે.

પોતાના બાળપણ વિશે અનેક મોટા મોટા લોકોએ ખૂબ સરસ લખ્યું છે. બાળપણની સુંદર કવિતાઓ પણ કેટલી બધી... બાળપણનાં મધુર સ્મરણોમાં દરેક જણ ખોવાયેલાં હોય છે. પણ હું નહીં. કારણ કે મારું બાળપણ લગીરેય સારું ગયું જ નથી. નાનાં બાળકો પર સહુ કોઈ પ્રેમ કરે છે. તેમને લાડ લડાવે છે. મારા જીવનમાં પણ લાડ-પ્રેમની ઉણપ ક્યારેય નહોતી, આજેય નથી. પરંતુ બાળપણ કહેતાં મને સાંભરે છે ફક્ત મારી માંદગી...!

મિત્રો, હું છું લક્ષ્મી,

મમ્મી, પપ્પા, મોટી બહેન રૂક્મણી, નાનો ભાઈ શશીનારાયણ અને હું લક્ષ્મીનારાયણ ઉર્ફે રાજુ એવો અમારો પરિવાર થાણેના સિદ્ધેશ્વર તળાવ કાંઠે એક માટીના ઘરમાં રહેતાં હતાં. નાનપણથી જ મને અસ્થમા હતો. હજુ પણ તેણે મારો સાથ છોડ્યો નથી. તેને કારણે નાનપણમાં મારી ખૂબ સંભાળ લેવામાં આવતી. હું સતત માંદો રહેતો હોવાથી અનેક બંધનો હતાં. અહીં રમીશ નહીં, ત્યાં જઈશ નહીં, આ ખાઈશ નહીં, તે પીશ નહીં... કંટાળો આવતો મને. હું સાત વર્ષનો હતો ત્યારે મને એક સાથે ટાયફોઇડ, મલેરિયા અને ન્યૂમોનિયા થયા હતા. ડૉક્ટર, હોસ્પિટલ, દવાઓનો મારો, ઇન્જેક્શન, સલાઈન... મારી આશા છોડી દેનાર ડૉક્ટર્સના પરાકાષ્ઠાપૂર્ણ પ્રયત્નો અને મારાં મમ્મી-પપ્પાની પ્રાર્થનાના બળે હું બચ્યો. મારી મમ્મીને થયેલાં સાત બાળકો પૈકી અમે ત્રણ જ જીવ્યાં હતાં અને તેમનું એ જીવથી યે વધુ જતન કરતી હતી.

માંદગીમાંથી ઊઠ્યા પછી હું વધુ અશક્ત થયો. વધુ સંભાળ... અધિક નિયંત્રણો... મારાં મોટાં બહેનનો – દીદીનો મારી ઉપર ખૂબ પ્રેમ હતો. અત્યંત સાવચેતીપૂર્વક તે મારી સંભાળ લેતાં હતાં. હું માટીમાં તો રમતો નથી ને ? આચરકૂચર ખાતો નથી ને ? વધારે શ્રમ કરતો નથી ને ?

આ બધાંને કારણે હું ક્યારેય સમોવડિયાં બાળકોમાં વધુ રમ્યો જ નથી. દોસ્તો સાથે મન મૂકીને નાચ્યો-કૂદ્યો હોઉં, ભરપૂર મસ્તી કરી હોય, માટીમાં ખરડાઈને ઘરે આવ્યો હોઉં.... મને યાદ જ આવતું નથી. ઘરમાં, આસપાસ બધાંય હોવા છતાં હું એકલો

થતો ગયો... પોતાનામાં જ ખોવાયેલો રહેતો.

અલબત્ત એકલો હતો, બીમાર હતો. છતાંય મને નાચવું અત્યંત પ્રિય હતું અને મારી માંદગીની મેં આ રુચિ પર ક્યારેય અસર થવા દીધી નહિ. નાનપણથી જ કોઈ પણ ગીત સાંભળું કે મારા પગ થનગનવા લાગતા... શાળાના શિક્ષકોને આ ધ્યાનમાં આવતા, તેમણે શાળાના દરેક કાર્યક્રમમાં મને સ્ટેજ પર ઊભો કર્યો... છેક જુનિયર કેજીથી. હું પણ સ્ટેજ પર જાઉં કે પોતાને ભૂલી જતો, ભાન ભૂલી જતો હતો. મને દમ ચડે છે, ખાંસી આવે છે, અણગમતું થાય છે એ તરફ મારું ધ્યાન જ ન રહેતું. કદાચ મારા મંદવાડનો એ વિસામો હતો...!

પણ મારો આ વિસામો કેટલાક જણાને અત્યંત ખૂંચવા લાગ્યો હતો. નાચે એટલે છોકરી, સ્ત્રી જેવા સમીકરણ ધરાવનાર આપણા સમાજમાં લોકો મને બાયલો, પાવૈયો, મામૂ એમ ચીડવવા લાગ્યા હતા. મારી કળામાં હું મારી માંદગી ભૂલી જવા ઇચ્છતો હતો, પણ તે સહજ સરળ ન હતું. હું એક છોકરો હતો અને મારા શરીરમાં જે કળા હતી એ સ્ત્રીની કળા હતી અને એટલે જ સમાજની દૃષ્ટિએ હું કલાકાર ન હતો, બાયલો હતો... નાચનારો ?

હા, હું સાચે જ સ્ત્રી જેવો હતો. મારું વર્તવું, બોલવું, ચાલવું સ્ત્રી જેવું હતું. પણ તે એવું શાથી ? એ સમજવાની મારી વય ન હતી.

તમે પણ સિગ્નલ પર, ટ્રેનમાં, કોઈના સારા પ્રસંગે આશિષ વરસાવી લાગો લેતા કિન્નરોને જોયા હશે. હા, કિન્નર કહો, પાવૈયો કહો કે ટ્રાન્સજેન્ડર કહો. તમારા મનમાં પણ તેમને જોઈને કુતૂહલ નિર્માણ થતું હશે. લોકો પાસેથી તેમના વિશે ઘણી વાતો સાંભળી હશે, તમારા મનમાં કદાચ તેમના માટે શંકા, કુશંકા જિજ્ઞાસા નિર્માણ થયા હશે. તમારી એ જિજ્ઞાસાનું હું સમાધાન કરીશ.

મિત્રો, જ્યારે પણ કોઈ બાળક જન્મે ત્યારે તેના લિંગ પરથી તેને છોકરો અથવા છોકરી ઘોષિત કરવામાં આવે છે. પરંતુ કેટલાંક બાળકો પુરુષો તરીકે જન્મ લે, નાનપણમાં એ પુરુષ તરીકે જ ઊછરે પરંતુ તેની જાતીયતા, તેનાં લિંગભાવ સ્ત્રીનાં હોય છે. તેની જનનેન્દ્રિય પુરુષની હોવા છતાં તેના વિચાર, લાગણીમાં સ્ત્રીત્વ દેખાય છે. પરંતુ સમાજ કેવળ સ્ત્રી અથવા પુરુષ લિંગ પરથી જ તે મુજબ લિંગભાવ નક્કી કરે છે અને તેવા જ લિંગભાવની તે સ્ત્રી પુરુષ પાસે અપેક્ષા રાખે છે. નિસર્ગે કરેલ છબરડો સમાજને સમજાતો નથી.

બેથી ચાર વર્ષની વયના બાળકનું વર્તન તેની રમતો તેનો લિંગભાવ દર્શાવતું નથી. પરંતુ તે ગાળામાં આજુબાજુના લોકોએ આપેલ બાળક કે બાળકી જેવી ઓળખ તે સ્વીકારે છે. પછી આ ઓળખને નકારવી બાળકો માટે મુશ્કેલ બને છે.

૪થી ૬ વર્ષની વય સુધી આ લિંગ-લિંગભાવ ભેદ બાળક-બાળકીઓનાં વર્તનમાં, બોલવામાં, પહેરવેશ રુચિમાં જોવા મળે છે. છ વર્ષની વય સુધીમાં બાળકનું સ્ત્રૈણ વર્તન સ્પષ્ટ થાય છે. પોતે અન્ય બાળકો કરતાં જુદો છે, એ સમજાયા પછી મનમાં અસ્વસ્થતા ચિંતા અનુભવાય છે. પોતાની ઉપર રોષ પણ જાગે છે. એ બાળક ક્યારેક પોતાના ભાવોને દબાવીને પૌરુષેય વર્તવાનો પ્રયત્ન કરતો રહે છે. પરંતુ કુમાર વયમાં અને તારુણ્યાવસ્થામાં પોતાનામાંનો આ ભેદ તેને તીવ્રપણે અનુભવાય છે. બાળકીની જેમ જીવવામાં આનંદ અનુભવાય છે અને પુરુષની જેમ વર્તવું અણગમતું લાગે છે. સહેલીઓમાં ભળવાની ઇચ્છા થાય છે અને પુરુષો માટે આકર્ષણ અનુભવાય છે.

પોતાનામાંનો આ ભેદ તે પોતે પણ પહેલાં સ્વીકારી શકતો નથી. કેટલાક સમય પછી તે આ લિંગભેદ સ્વીકારે છે. સ્ત્રી જેવું જીવવું તેને ગમે છે, એટલું જ નહીં તે પોતે મનથી સ્ત્રી જ છે એ તેને સમજાય છે. અત્યાર સુધી મનની અંદરના આ સંઘર્ષને તેણે મનમાં જ ધરબી રાખ્યો હોય છે. પરંતુ હવે તે અસહ્ય થવાથી

તે સમાજ સમક્ષ વ્યક્ત કરવા ઇચ્છે છે. એમ કરતાં તેણે સમાજની પ્રચંડ રિબામણીનો અનુભવ કરવો પડે છે. લોકો તેને બાયલો કહી મજાક ઉડાવે છે, માતા-પિતા, સગાં-વ્હાલાં, મિત્રો બધાંય તેની પર સખ્તાઈ કરે છે. ન સાંભળે તો ધમકાવે છે. વખત આવ્યે ઘરની બહાર, સમાજથી વિખૂટો ફેંકી દે છે. તેથી તેણે પોતાને સ્વીકારનાર કિન્નરોના સમાજમાં જવું પડે છે.

મારું નસીબ એટલું સારું હતું કે અંગ્રેજી શિક્ષણ અને પ્રેમાળ શિક્ષકોએ મને સભામાં શ્રોતાઓ સમક્ષ ભાષણ કરવા માટે જરૂરી નીડરતા, આત્મવિશ્વાસ, આત્મસન્માન મેળવવામાં મદદ કરી. મારા ઘરના લોકોએ મારા લિંગભાવનો આદર કર્યો, તિરસ્કાર કરવાને બદલે હૂંફ આપી, મારા મિત્રો બનાવવાનો કસબ ઉપયોગી નીવડ્યો, મારી સમજણ મને કિન્નરોના પ્રશ્ન આંતરરાષ્ટ્રીય સ્તરે લઈ જવામાં ઉપયોગી નીવડી. પરંતુ કિન્નરોનું જીવન એટલું સરળ નથી. સ્ટેજ તો છોડો, સમાજમાં તેમને આજે પણ સ્થાન નથી.

ક્યાં સુધી તેઓ પોતાનું જીવન મરતાં સુધી મૂંગા મોઢે તાણભરી અવસ્થામાં ઢસડતાં રહેશે ? મનને ગૂંગળાવતા સમાજ સમક્ષ ગુપ્તતા જાળવી જીવતા રહેશે ? સંસાર, છૈયાં છોકરાં, આત્મસન્માનસહિત સમાજમાં જીવવું આ બધી બાબતોને સ્વપ્નવત્ ગણી ઊંઘમાં પણ ભૂલથી પણ આવું સ્વપ્ન ન જોનાર, સમાજની દૃષ્ટિમાં રોજ દેખાનારી કુચેષ્ટા, શંકા, ભય, તિરસ્કારને સહેતા કિન્નરોની મુશ્કેલીઓનો અંત ક્યારે આવશે ? આવા અનેક પ્રશ્નો થકવી નાખે છે.

સમાજ પ્રાણી, પક્ષી, વૃક્ષો પર્વત બધાંને સૃષ્ટિનાં વિવિધ રૂપો માની પ્રેમથી સ્વીકારે છે. સ્ત્રી-પુરુષ, નર-માદાના ભેદને પણ સ્વીકારે છે તો અમને, કિન્નરોને શાથી સ્વીકારી શકતો નથી ? અમારા જુદાંપણાને શાથી સ્વીકારી શકતો નથી ? અમારામાં પણ તેમના જેવાં જ માણસાઈ, ગુણ વૈશિષ્ટ્ય, બુદ્ધિમત્તા, કળા-કૌશલ્ય છે. આ સાદા સત્યને સમજતાં સમાજ કેટલાં વર્ષ લેશે ?

ગમે એટલો મોટો, વિકસિત દેશ હોય, ટ્રાન્સજેન્ડર્સને દરેક દેશમાં ભેદભાવનો સામનો કરવો પડે છે. પરંતુ હવે અમારાં જ સંગઠનો અમારા પ્રશ્નો હાથ ધરવા લાગ્યાં છે. દેશના, વિશ્વના નીતિ ઘડવૈયાઓ સમક્ષ જઈને રજૂ કરવા લાગ્યાં છે. બીજી તરફ સમાજને આ પ્રશ્ને સંવેદનશીલ બનાવવાનું કામ થઈ રહ્યું છે. આ પ્રશ્ન એકપક્ષી રીતે ઉકેલી શકાય તેમ નથી. આ કામને મહત્ત્વ અને વેગ મળવા જોઈએ. તો જ સમાજના કિન્નરો તરફ જોવાની દૃષ્ટિ બદલાશે. આ સમાજના જ એક ઘટક તરીકે સ્વમાનભેર જીવન જીવી શકશે.

થાણેમાં મારું ઘર છે તે યેઉરની તળેટી પાસે ઘરની બારીમાંથી યેઉરનો ડુંગર આખોય બાથમાં લઈ શકાય, એટલો નજીક દેખાય છે. મારા ઘરની બારી અને આ ડુંગર વચ્ચે એક નાનકડી ટેકરી છે. લીલું ઘાસ ઓઢીને બેઠેલી, ગાય-ઢોર હંમેશાં ચરતાં હોય છે તેની પર, સતત હરફર હોય છે. આ ટેકરી પર... અને એટલે જ એ મને જીવંત લાગે છે. આ જીવંત ટેકરી પર એક વૃક્ષ છે, શેનું છે કોણ જાણે, મેં ક્યારેય જઈને નથી જોયું. છે સુંદર, ઘટાદાર, બારેય મહિના લીલું હોય છે... વાયરા સાથે સળવળતું હોય છે. પણ એકલું જ, સાવ એકલું, આમ તે બધાંની વચ્ચે હોય છે. લીલુંછમ ઘાસ એને વળગેલું હોય છે. થોડાં ઝાડવાય હોય છે તળેટી પાસે, પણ બીજું કોઈ વૃક્ષ નથી એની સાથે. આ ઊંચા વૃક્ષનું એકલવાયાપણું એટલે જ નજરમાં સમાય છે, અનેક વખત હૈયામાં શૂળ ઉપસાવી જાય છે. આ વૃક્ષ તરફ જોઉં ત્યારે મને થાય કે, મારું જીવન આવું જ તો છે... સહુની વચ્ચે, પણ છતાંય એકલી... ?

માર્ગદર્શક સ્તંભ

આ કૃતિનું અધ્યાપન કરાવવાની શરૂઆત કરતાં પહેલાં પ્રશ્નોત્તરી દ્વારા કિન્નરો વિશે વિદ્યાર્થીઓનું મંતવ્ય/માન્યતા જાણી શકાય. ત્યાર બાદ કૃતિમાં જણાવેલ વાસ્તવિકતા વર્ણવી, તેમની આ શારીરિક સ્થિતિમાં કિન્નરોનો કોઈ વાંક નથી તે જણાવી શકાય. માત્ર અને માત્ર સમાજની ઉપેક્ષા, હાંસી અને તિરસ્કારને કારણે તેમને સહેવી પડતી તકલીફો, શોષણ વિશે જણાવી શકાય. કિન્નરોને પણ આ સમાજના એક ઘટક તરીકે સ્વમાનભેર જીવવાનો હક્ક છે તે વિચાર દૃઢ કરાવી શકાય.

સ્વાધ્યાય

(અ) ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો લખો.

(૧) જરાપણ (૨) ઓછપ (૩) બિમારી (૪) પ્રતિબંધ

(૫) હુન્નર (૬) કાંટો (૭) ગોટાળો (૮) કુદરત

૨. 'અણ' ઉપસર્ગ લગાવી શબ્દ બનાવો :

દા.ત. અણગમતું

અણ

૩. પાઠમાંથી નીચેના શબ્દો આગળ આવતાં વિશેષણો લખો :

(૧) ---- સ્મરણો (૨) ---- શિક્ષકો (૩) ---- મસ્તી (૪) ---સમાજ

(૫) ----નિયંત્રણો (૬) ---- દેશ (૭) ---- વર્તન (૮) ---પ્રસંગ

૪. (અ) 'પગ થનગનવા' એટલે 'નાચવું' તેજ રીતે 'પગ' સાથે નીચેનાં ક્રિયાપદો જોડી બનતા રૂઢિપ્રયોગોના અર્થ લખો:

પગ
- ઉપાડવા –
- આવવા –
- ટકવા –
- વધારવા –
- તોડવા –

(આ) રૂઢિપ્રયોગ અને તેના અર્થની જોડી મેળવો :

'અ' વિભાગ	'બ' વિભાગ
(૧) હૂંફ આપવી	(અ) ચૂપચાપ સહન કરવું
(૨) હૈયામાં શૂળ ઉપડવું	(આ) સંભાળ લેવી
(૩) મૂંગા મોઢે સહેવું	(ઇ) સહાયતા કરવી
(૪) જતન કરવું	(ઈ) ખૂબ દુ:ખ થવું

૫. ઉદાહરણ મુજબ તીવ્રતાદર્શક શબ્દો બનાવો : દા.ત. - લીલું - <u>છમ</u>

(૧) અંધારું - ------------ (૨) ભોળું - ------------ (૩) મોંઘુ - ------------

(૪) સીધું - ------------ (૫) લાંબું - ------------ (૬) હલકું - ------------

(આ) ૧. આકૃતિબંધ પૂર્ણ કરો :

(૧)

(૨)



(૩)



(૪)



(૫)



(૬)

૨. કૃતિના આધારે લખો.

'અ' વિભાગ	'બ' વિભાગ
(૧) બેથી ચાર વર્ષ	(અ) પોતાનામાંનો ભેદ તીવ્રપણે અનુભવાય
(૨) ૪થી ૬ વર્ષ	(આ) બાળક કે બાળકીની ઓળખ સ્વીકારે
(૩) ૭ વર્ષ	(ઇ) બાળકનું સ્ત્રૈણ વર્તન સ્પષ્ટ થાય
(૪) કુમારવયમાં	(ઈ) તેનું વર્તન તેનો લિંગભાવ દર્શાવતું નથી

૩. સમજીને લખો :

(૧) કિન્નર દ્વારા સમાજ સમક્ષ પોતાનો લિંગભાવ વ્યક્ત કરવાનું પરિણામ –

(૨) લક્ષ્મીએ નાનપણમાં ન કરેલી કૃતિઓ –

(૩) લક્ષ્મીના જીવનમાં નીચેનાં ઘટકોનું યોગદાન :

(અ) પ્રેમાળ શિક્ષક –

(આ) ઘરના લોકો –

(ઇ) લક્ષ્મીની સમજણ –

(ઇ) ૧. સંધિ છોડો :

(૧) અત્યંત (૨) તારુણ્યાવસ્થા (૩) સંઘર્ષ (૪) સંવેદન

૨. સમાસનો વિગ્રહ કરી પ્રકાર લખો :

(૧) નરમાદા (૨) કળાકૌશલ્ય (૩) સગાંવ્હાલાં (૪) માતાપિતા

૩. અર્થ બદલ્યા વિના વાક્યનું રૂપાંતર કરો :

(૧) બાળપણ લગીરેય સારું ગયું નથી.

(૨) હજુ પણ તેણે મારો સાથ છોડ્યો નથી.

(૩) સમાજ કિન્નરોને સ્વીકારતો નથી.

૪. અલંકાર ઓળખો.

(૧) મારું જીવન પણ આવું જ છે, સહુની વચ્ચે છતાંયે એકલી.

(૨) આ ટેકરી મને જીવંત લાગે છે.

(૩) વૃક્ષનું એકલવાયાપણું એટલે જ નજરમાં સમાય છે.

(ઈ) 'તૃતીય પંથીઓનું સમાજમાં સ્થાન' વિશે તમારો મત જણાવો.

(ઉ) (૧) તૃતીય પંથીઓની પરિસ્થિતિ સુધારવા માટેના ઉપાયોની ચર્ચા કરો.

(૨) 'અમારાં જ સંગઠનો અમારા પ્રશ્નો હાથ ધરવા લાગ્યા છે' – લક્ષ્મીના આ વિધાનના અનુસંધાનમાં નીચેના વિષય પર વર્ગમાં સમૂહ ચર્ચા કરો – સમાજના તિરસ્કૃત ઘટકોના પ્રશ્નોના ઉકેલ માટે સંગઠનની આવશ્યકતા.

(ઊ) લક્ષ્મીની જેમ જ સમાજમાં વિવિધ ક્ષેત્રે આગળ વધેલ તૃતીયપંથીઓ વિશે માહિતી મેળવો.

વિશેષ વાંચન

મીંદડી

ગામના પાદરે આવેલા ભાડિયા કૂવે વહેલી સવારથી પાણી ભરવા પનિહારીઓની ભીડ જામતી. આખો દિવસ ચાલે એટલું પાણી ભરી લેવા દોડાદોડ કરતી પનિહારીઓને જોઈને સામસામી દિશામાં મારંમાર જતી કીડીની હાર યાદ આવી જતી. રસ્તામાં સામે મળી જતી સહિયર સાથે બે ત્રણ વાક્યમાં વાત પૂરી કરીને પનિહારી પાછી હારમાં દોડી જતી. ખાલી બેડા લઈને જતી કે ભરેલી હેલ લઈને આવતી પનિહારીઓથી ગામ આખું છવાઈ જતું. પછી તો આખો દિવસ કાં તો ઢોરમાં ને કાં તો છોરામાં – વખત ક્યા મળવાનો હતો.

આવા કામઢા સમયમાં બિચારી સમરતના માથે કમનસીબે એક સામટી ત્રણ આપત્તિ આવી પડી હતી. એક તો પાણી સીંચતા સીંચતા સમરતના હાથમાંથી છટકીને હાંડો ભાડીયામાં ડૂબી ગયો. હવે આ હાંડાને કાઢવો કેવી રીતે ! કૂવામાં પડી ગયેલ હાંડો-ઘડો કે ડોલને મીંદડી નાખીને કાઢી આપનાર ગામમાં એક માત્ર અરજણ હતો. મીંદડી પણ તેની સિવાય કોઈની પાસે નહોતી. હવે મુશ્કેલી એ હતી કે સમરતને જોતાંવેંત આ અરજણની આંખમાં સાપોલિયા રમવા લાગતા. એકાદ વખતે તો સમરતે તેને ટપાર્યો પણ હતો. હવે આ અરજણ પાસે જવું કેમ કરીને ! સમરતને મુંઝવણ થવા લાગી.

બીજું એ કે આજે રોંઢા ટાણે તેની કઝાડી સાસુ ગામતરેથી આવી જવાની હતી. હવે જો તે સમય પહેલાં સમરત ચકચકિત કરીને હાંડો પાણીયારામાં ગોઠવી ન દે તો એ સમરતને મારી મારીને તેના આખા શરીરે ગોબા જ પાડી દે. આ બધામાંથી સાંગોપાંગ નીકળવું છતાં અરજણને છેટો ને છેટો રાખવો એ વળી ત્રીજી મુશ્કેલી હતી. તો પછી કરવું શું ? સમય પણ સાચવવાનો હતો.

અંતે મન મક્કમ કરીને સમરત અરજણની ખડકીએ પહોંચી. ભાડીયામાંથી હાંડો કાઢી આપવાની વિનંતી કરતા નીચી નજર રાખી ઊભી રહી. અરજણ તેને એકનજરે જોઈ જ રહ્યો. અરજણની આંખના સાપોલિયા કૂદાકૂદ કરવા લાગ્યા. સમરતને થયું, ‘મૂઓ ક્યાંક મારું બાવડું ન પકડી લે’ અરજણ કશું બોલ્યા વગર તેને જોઈ જ રહ્યો હતો. સમરતથી હવે ઊભું રહેવાય તેમ ન હતું તેથી બોલી :

“મારો ભાઈ કરું, હાલને મારા વીરા, મારી સાસુ જો આવી જશે તો...” સમરતની આંખમાંથી પહેલું આંસુનું ટીપું ખરે તે પહેલા તો મીંદડી લેતોક અરજણ મોટી મોટી ડાંફ ભરતો ભાડીયે પહોંચી ગયો. સીસણીએ મીંદડી બાંધીને ભાડીયામાં નાખીને આમતેમ ઘૂમાવવા લાગ્યો. મીંદડીની પકડમાં આવી ગયેલો હાંડો કાઢીને સમરતને આપ્યો ત્યારે જ અરજણે નિરાંતનો શ્વાસ ખાધો.

કૂવાની આસપાસ વેરાયેલા લીંબુના ફાડીયાથી હાંડાને ચકચકિત કરી, ભરીને સમરત જ્યારે ઘરભણી હાલતી થઈ ત્યારે સાસરીયાના ત્રાસથી કૂવે પડીને મરી ગયેલ બહેનને જાણે સજીવન કરતો હોય તેમ અરજણ જોઈ રહ્યો હતો. સમરતને તો શું, ગામ આખાને ખબર ન હતી કે ડૂબી ગયેલા હાંડાની હારોહાર પંડના ભાડીયામાં ડૂબી ગયેલા પોતાના લખમણ જતિના અવતારને પણ અરજણે ખેંચી કાઢ્યો અને તે ખેંચી કાઢનાર મીંદડીને જોતો હોય તેમ શેરીના વળાંક તરફ વળતી સમરતને એકીટશે જોઈ રહ્યો...

– ઈજ્જતકુમાર ત્રિવેદી

તું નાનો હું મોટો એવો ખ્યાલ જગતનો ખોટો,
ખારા જળનો દરિયો ભરિયો, મીઠા જળનો લોટો. – પ્રેમશંકર ભટ્ટ

ટૂંકીવાર્તા

વાર્તાઓ માનવના ઉદ્‌ભવ સાથે વિકસેલો સાહિત્ય પ્રકાર છે. ભારતીય ટૂંકી વાર્તાના મૂળ ઉપનિષદો, જાતકકથાઓ કે પંચતંત્ર અને હિતોપદેશ જેવી કથાઓમાં હોવાનું કેટલાકનું માનવું છે. પરંતુ આવી વાર્તા એ ટૂંકી વાર્તા નથી.

આપણે ત્યાં અંગ્રેજી શબ્દ 'શોર્ટ સ્ટોરી'ના અનુવાદ રૂપે ટૂંકી વાર્તા શબ્દ આવ્યો છે. વિશ્વસાહિત્યમાં પણ ટૂંકી વાર્તા સૌથી તરુણ સ્વરૂપ છે અને આપણી ભાષામાં પણ એ નવીન સાહિત્ય પ્રકાર છે. નેથેનિયલ હોથોર્ન, એલન પો, ગોગોલ વગેરે વિદ્વાનોને short storiesના જન્મદાતા ગણવામાં આવે છે.

ટૂંકી વાર્તાને કનૈયાલાલ મુનશીએ 'અર્વાચીન સાહિત્યનું અપૂર્વપુષ્પ' તરીકે ઓળખાવી છે તો કેટલાક એને 'પરદેશી છોડ' પણ કહે છે. કેટલાક વિવેચકોએ ટૂંકી વાર્તાને ગદ્યદેહે વિચરતું ઊર્મિકાવ્ય કહ્યું છે. રા.વિ.પાઠક નોંધે છે કે 'ટૂંકી વાર્તા જીવનના કોઈ રહસ્યને ઓછામાં ઓછાં પાત્રો વડે, ઓછામાં ઓછા બનાવોથી, ઓછામાં ઓછા શબ્દોમાં નિરૂપિત કરે છે.' વિજયરાય વૈદ્યે કહ્યું છે, 'એક જ સંપૂર્ણ સંસ્કાર મન પર પાડે તે નવલિકા.' અંગ્રેજી વિવેચક હડસને પણ કહ્યું છે, 'A short story must contain one and only one informing idea' ધૂમકેતૂ ટૂંકી વાર્તાને તણખા સાથે સરખાવતાં કહે છે કે, ''જે વીજળીના ચમકારાની જેમ સોંસરવી નીકળી જાય. સૂતેલી લાગણીઓને જગાડી, વાંચનારની આસપાસ એક નવીજ કાલ્પનિક સૃષ્ટિ ઘડી કાઢે તે ટૂંકીવાર્તા.''

નવલકથા અને નવલિકા (ટૂંકી વાર્તા)નાં લક્ષણો લગભગ સમાન છે. વસ્તુ, પાત્ર, સંવાદ, પરિવેશ, ભાષાશૈલી, રસ અને જીવનદર્શન. આ તત્ત્વો બંને સ્વરૂપોમાં પ્રયોજાય છે, પણ તેમના પ્રયોજનની રીત બંનેમાં જુદી જુદી હોય છે. ટૂંકી વાર્તામાં પણ કોઈ પણ બે કૃતિમાં આ લક્ષણોમાં સમાનતા જોવા મળતી નથી. ટૂંકી વાર્તાનાં લક્ષણો સર્જકે -સર્જકે જુદાં પરિણામરૂપે જોવા મળે છે.

ટૂંકી વાર્તામાં વસ્તુ પ્રમાણમાં નાનું હોય છે. તેમ છતાં તેમાં વિશાળ સૃષ્ટિ સમાયેલી હોય છે. ઉમાશંકર જોશીએ પણ કહ્યું છે કે 'ટૂંકી વાર્તા એટલે અનુભૂતિ કણ' એ અનુભૂતિમાં ચમત્કૃતિ હોવી જોઈએ. ટૂંકી વાર્તામાં વસ્તુનિરૂપણની અનેક પદ્ધતિઓ છે. વસ્તુ જે પ્રકારની હોય તેને અનુરૂપ પદ્ધતિ લેખકે પ્રયોજવી જોઈએ. સામાન્ય રીતે વાર્તાકારો નવલિકાનો અંત અણધાર્યો, ચમત્કૃતિપૂર્ણ બનાવવાનો પ્રયત્ન કરે છે. અંત ચમત્કૃતિપૂર્ણ હોય એનો વાંધો નહિ પણ તે પ્રતીતિકર હોવો જોઈએ.

ટૂંકી વાર્તાનું સ્વરૂપ જેમ જેમ વિકસતું ગયું તેમતેમ ઘટનાને બદલે પાત્રનું મહત્ત્વ વધતું ગયું. વ્યક્તિના અનેક પાસાં હોય છે. વાર્તાકાર મુખ્ય પાત્રોના એકાદ પાસા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. પાત્ર ચાહે કોઈ પણ હોય પણ તે સજીવ, જીવંત બને તે અગત્યનું છે. પાત્રાલેખન માટે કથનાત્મક અને નાટ્યાત્મક બંને પદ્ધતિ વાપરી શકાય છે.

સંવાદ એ ટૂંકી વાર્તાનું આકર્ષક લક્ષણ છે. પાત્રોના સંવાદો દ્વારા તેમનું વ્યક્તિત્વ ઊઘડતું જાય છે. સંવાદો તેજસ્વી, ધારદાર, પ્રસંગને

અનુરૂપ અને પ્રસંગોચિત હોવા જોઈએ. સંવાદ દ્વારા લેખક નહીં પણ પાત્રો બોલી રહ્યાં છે એવું લાગવું જોઈએ.

ટૂંકી વાર્તામાં પરિવેશ-વાતાવરણનું અનેરું મહત્ત્વ છે. ઉમાશંકર જોશીની 'શ્રાવણી મેળો' જેવી નવલિકામાં તો વાતાવરણ જ મુખ્ય હોય છે. વર્તમાન સમયની વાર્તામાં સામ્પ્રતકાળનું વાતાવરણ આલેખાય છે. જ્યારે ઐતિહાસિક નવલિકામાં તે કાળનું વાતાવરણ સર્જાય છે જે ટૂંકી વાર્તામાં વાતાવરણની વિશેષ પ્રધાનતા ન હોય તેવી વાર્તામાં સ્થળકાળના વાતાવરણ માટે લેખક થોડી ભૂમિકા બાંધી દે તે પૂરતું હોય છે.

ટૂંકી વાર્તામાં ભાષાશૈલી પણ મહત્ત્વનું ઘટક છે. ભાષા વાર્તા વિષયને, પાત્ર, વાર્તાના કાળખંડને અનુરૂપ હોવી જોઈએ. દરેક લેખકની ભાષાશૈલી આગવી હોય છે. કાવ્ય-નાટકની જેમ ટૂંકી વાર્તામાં પણ રસનિષ્પત્તિ થાય છે. ટૂંકી વાર્તામાં એક કે બે રસ આવી શકે. મુખ્ય તો એક જ. વિશ્વની અનેક ઉત્તમ નવલિકાઓ કરુણ રસપ્રધાન છે. કવિતાની જેમ નવલિકા પણ જીવન સમીક્ષા કરે છે. ટૂંકી વાર્તામાં જીવનનું કોઈને કોઈ રહસ્ય કલાત્મક રીતે વ્યક્ત થવું જોઈએ.

ચાલો, કેટલીક ટૂંકી વાર્તાઓ માણીએ.

સ્વાધ્યાય

૧. ટૂંકી વાર્તાના ઉદ્ભવ વિશે જણાવો.
૨. ટૂંકી વાર્તામાં વસ્તુનું મહત્ત્વ લખો.
૩. ટૂંકી વાર્તાના સ્વરૂપ વિશે વિવિધ મહાનુભવોના મત જણાવો.
૪. ટૂંકી વાર્તાનાં લક્ષણો જણાવી કોઈ પણ એક લક્ષણ વિશે સમજાવો.
૫. ટૂંકી વાર્તામાં પાત્ર અને સંવાદનું મહત્ત્વ વર્ણવો.
૬. ટૂંકી વાર્તામાં પરિવેશ અને ભાષા શૈલીની આવશ્યકતા વર્ણવો.

કેટલીક વાંચવી અને માણવી ગમે તેવી વાર્તાઓ અને તેના સર્જક

- મીરાંણી - ધૂમકેતુ
- દાદાજી - કુન્દનિકા કાપડિયા
- ભીખું - ધૂમકેતુ
- જી'બા - ઝવેરચંદ મેઘાણી
- સળિયા - રાધેશ્યામ શર્મા
- ગોવાલણી - મલયાનિલ
- માને ખોળે - સુંદરમ્
- મારી ચંપાનો વર - ઉમાશંકર જોશી
- વાની મારી કોયલ - ચુનિલાલ મડિયા
- આ ઘેર પેલે ઘેર - જયંતિ દલાલ
- એવું કોણ કરે ? - ગુલાબદાસ બ્રોકર
- દર્પણ - ધીરુબેન પટેલ
- વાડો - મોહન પરમાર
- મા - પન્નાલાલ પટેલ
- મુકુન્દરાય - રામનારાયણ પાઠક
- જમનાનું પૂર - રામનારાયણ પાઠક

૧. અંજળપાણી

પીતામ્બર પટેલ

ઈ.સ.૧૯૧૮માં પાટણમાં જન્મેલા પીતામ્બર પટેલ એક ખ્યાતનામ નવલકથાકાર અને વાર્તાકાર છે. 'રસિયો જીવ', 'ખેતરને ખોળે', 'ધરતીના અમી', 'નીલ ગગનનાં પંખી', 'શ્રદ્ધાદીપ' જેવી લોકભાગ્ય કૃતિઓમાં તેમણે ગુજરાતનું ગ્રામજીવન, સમાજ જીવન અને શહેરી જીવનનું સુંદર નિરૂપણ કર્યું છે.

સૂરજડોશીને ખૂબ સમજાવ્યાં એટલે તેમણે ગળગળા અવાજે કહી દીધું : ''સારું તાણ ભૂરીને કાલ દોરી જજો...'' આટલું બોલતાં-બોલતાં તો ડોશી હાંફી ગયાં અને ઊભાં થઈ ઘર તરફ વળ્યાં. જતાં જ તેઓ ભૂરીને વળગી પડ્યાં. તેના ગળા પર, મોં પર, પીઠ પર હાથ ફેરવવા લાગ્યાં. સાસરે વળાવતાં મા જે રીતે દીકરીને પંપાળે એ રીતે સૂરજડોશી ભૂરીને પંપાળી રહ્યાં હતાં.

''ભૂરી... ભૂરી ! કાલ તો તું જતી રહેવાની...'' આટલું બોલતાં-બોલતાં તો સૂરજડોશીની આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યાં. ભૂરી કાંઈ સમજી ન હોય તેમ ડોશી સામે માથું હલાવવા લાગી. જાણે પૂછતી ન હોય : ''શું કરવા રોવો છો મા !''

સૂરજડોશી તો રડ્યે જતાં હતાં. ભૂરીના ડિલ પર હાથ ફેરવતાં જાય ને રડ્યે જાય. ડોશીનો હાથ ભૂરી ચાટવા લાગી. ડોશીની સામે માથું હલાવવા લાગી. એ મૂંગું પ્રાણી ડોશીને કહી રહ્યું હતું : ''મા ! હવે રડો તો મારા સમ છે ! એવું તે શું છે તે રડ્યા જ કરો છો...!''

અને ડોશીએ મૂક વાણી સાંભળી હોય તેમ ભૂરીના મોં પર હાથ ફેરવતાં બોલ્યાં : ''ભૂરી ! હું તને અળગી કરું છું... ભૂરી ! વાંક-ગનો માફ કરજે... હવે મળાય, ન મળાય...'' ડોશીનો સાદ ફાટી ગયો. તેઓ ભૂરીને બાઝી પડ્યાં અને એને બચીઓ ભરી કહેવા લાગ્યાં : ''ભૂરી... ભૂરી ! આ શું થવા બેઠું છે...''

જાણે ભૂરીથી એક ઘડીયે જુદાં ન પડવાનો નિરધાર કર્યો હોય એમ સૂરજડોશી ભૂરીની પાસે બેસી જ રહ્યાં. ન તો તેમને રોટલા કરવાનું ભાન રહ્યું, ન તો ભૂરીને ઓગાઠ નાખવાનું ભાન રહ્યું.

ભૂરીને અળગી કરતાં સૂરજડોશીનો જીવ કપાઈ જતો હતો. ભૂરી સાથે એવી તો માયા બંધાઈ ગઈ હતી કે તેને નજરથી દૂર કરી શકતાં ન હતાં. છેલ્લાં દસેક વર્ષથી તો એ બંને જણ સુખદુ:ખનાં સાથી બની ગયાં હતાં. ભૂરીને ઉછેરીને મોટી કરનાર સૂરજડોશી હતાં. મમતાથી તેઓ ભૂરીને પાળતાં આવ્યાં હતાં. સૂરજડોશીની જિંદગીમાં માયા-મમતા રાખે એવું બીજું હતુંય કોણ ? એક દીકરી હતી એ તો સાસરે ઘર કરીને રહી હતી. પંડે વિધવા બાઈ એકલી કરે શું ? એટલે તો જીવનની રહીસહી લાગણી ભૂરીમાં રેડી હતી. એમની આખા દિવસની પ્રવૃત્તિ પણ ભૂરીમય થઈ ગઈ હતી. ભૂરીને ચાર નીરવી, ભૂરીને દોહવી, ભૂરીને ચરવા લઈ જવી, ભૂરીને પાણી પાવા લઈ જવી, ભૂરીનું છાણ ઉપાડવું. ભૂરીની જગ્યા કોરી કરવી અને ભૂરી સાથે વાતો કરવી. કોઈને નવાઈ લાગશે, પણ સૂરજડોશી સાચે જ ભૂરી સાથે વાતો કરતાં. જે રીતે મા દીકરીને ઠપકો આપે, વઢે, ઝઘડે અને વહાલ કરે... એ બધું સૂરજડોશી ભૂરી સાથે કરતાં. ભૂરીએ સૂરજડોશીના જીવતરમાં દીકરી કરતાંય વધુ નજીકનું સ્થાન લઈ લીધું હતું. એ ભૂરીને હવે આંખથી અળગી કરવાનો સમય આવ્યો હતો. કાલે તો ભૂરીને દોરી જશે એ વિચારમાત્રથી સૂરજડોશીનું હૈયું ચિરાઈ જતું હતું.

''ના...ના ! મારે ભૂરીને નથી વેચવી...'' તેમનાથી બોલી જવાયું : પણ બીજી જ પળે પાછો



વિચાર આવ્યો : ''તો ખીલે બાંધીને ભૂખે મારી નાખવી છે ? ઘરમાં શું છે તે ખવડાવીશ ?''

''મારે ભૂરી નથી વેચવી, નથી વેચવી'' એમ તો સૂરજડોશી એક મહિનાથી કહેતાં હતાં. વાસના કેટલાય સમજાવીને તૂટી ગયા તોય નહોતાં માનતાં. તેમનાં કુટુંબીઓ પણ કહેતાં હતાં :

''ડોશી ! તમે નકામા જક પકડીને બેસી રહ્યાં છો. ભૂરીને નહિ વેચો તો ખવડાવશો શું. તમારું કપાળ? અમને કાંઈ ઢોર દવલાં હતાં તે વેચી દીધાં ? સમો તો ઓળખવો જોઈએ ને ! છપનાનેય આંટી જાય એવો તો કાળ પડ્યો છે ! સેમમાં લીલું પાંદડુંય નથી, પછી ઢોરને શું ખવરાવી જિવાડવાં ? ખેડૂતને તો ઢોર છોકરાં બરાબર છે, પણ શું કરે... છૂટકો જ ન હોય ત્યાં ?''

''તો શું કરું ? ભૂરીને વેચી દઉં ?'' સૂરજડોશી વારંવાર એનો એ પ્રશ્ન પૂછતાં હતાં.

''ડોશી ! આજે નહિ વેચો તો કાલે વેચવી પડશે; અને જો જક કરીને બેસી રહેશો તો ભૂરીને ભૂખી મારી નાંખશો. મૂંગા ઢોરના નેહાકા લેવાથી શો ફાયદો ?''

''પણ આ રોયા કુણ જાણે ભૂરીને ક્યાંય લઈ જાય... ત્યાં કસાઈવાડે જઈને વેચી દે તો...''

''એ તો જે જેનું કરમ... આપણે તો કાંઈ જાણીને કસાઈને નથી વેચતાં ને ? પછી આગળપાછળનું તો કુણ જોવા બેઠું છે ? આમ ને આમ વિચાર કર્યામાં રહી જશો ને એક દા'ડે મફત આલવા નીકળશો તોય કોઈ ભૂરીનો અછોડો નહિ પકડે. એમ સમજો કે બે પૈસા મળશે તો તમેય મૂઠી દાણા ભાળશો.''

ડોશીને આ પ્રમાણે ખૂબ સમજાવ્યાં એટલે એમણે હા પાડી; પણ હા પાડીને આવ્યા પછી હૃદયના ઊંડાણમાંથી એક જ સૂર નીકળતો હતો : ''ના... ના... મારે ભૂરી નથી વેચવી...''

ડોશીની સ્થિતિ સાપે છછુંદર ગળ્યા જેવી થઈ હતી. તેમને ભૂરીની માયા હૈયાથી છૂટતી ન હતી અને ભૂરીને ખવરાવવા ઘરમાં તણખલુંય ન હતું. તોય તેમણે આ ગડમથલ સામે ખૂબ ટક્કર ઝીલી હતી. ગામમાંથી ઘણાંખરાંએ ઢોર વેચી દીધાં હતાં. જેમની પહોંચ નહોતી તેમણે તો ઘણાં વહેલાં ઢોર કાઢી નાખ્યાં હતાં. ''જોઈએ છીએ... થાય છે.'' કહેતાં હતાં તેમણેય થાકીને ઢોર વેચી દીધાં હતાં. જેમની પાસે ઘાસનો સંગ્રહ હતો અને કૂવાનું સાધન હતું તેઓ ગજા પ્રમાણે એકબે ઢોર રાખીને બેઠા હતા. જેમની પાસે કંઈ જ સાધન ન હોય અને ઢોરને ન વેચ્યું હોય એવાં આખા ગામમાં એક સૂરજડોશી હતાં. તેમણે ભૂરીને જિવાડવા શું નહોતું કર્યું? જ્યાં સુધી ચરવા જેવું હતું ત્યાં સુધી તો ડોશી ભૂરીને લઈને સીમમાં નીકળી જતાં. ખૂણેખાંચરે ફરી વળ્યાં હતાં. ક્યાંય તણખલુંય બાકી રહેવા દીધું ન હતું. વરસાદ વગર ચારો ક્યાંથી થાય ? ધરતીમાંથી અમી ચુસાઈ ગયું હોય એમ ઝાડ પણ પાંગરતાં ન હતાં. સૂરજડોશી પાસે પૂળા ન હતા, આગળપાછળનું બીજું ઘાસ ન હતું. હવે શું કરવું? ભૂરીને શું ખવડાવવું ? બીજું તો કંઈ હતું નહીં, એટલે

બાવળ, ખીજડો કે એવાં ઝાડનાં ડાળાં કાપી લાવી, તેનો કૂટો ભૂરીને ખવડાવવા લાગ્યાં.

દસેક દિવસમાં તો સીમમાં હતાં એટલાં ઝાડ બુઠ્ઠાં થઈ ગયાં. બધાં ડાળાંપાંખડાં કપાઈ ગયાં. જે ને તે કૂટો કરતાં હતાં. ધરતીમાંથી મૂળિયાં કાઢીને ખવડાવતાં હતાં. એકએક ગાઉ ફરતાં તો 'કૂટો' રહેવા દીધો ન હતો. સૂરજડોશી પરોઢિયે ઊઠે, અંધારામાં ને અંધારામાં ગાઉ-બે-ગાઉ તો નીકળી જાય. જેમતેમ કરીને ડાળાં, પાંખડાં, મૂળિયાં ભેગાં કરે, બપોરે એને કૂટે અને ભૂકો કરીને ખવડાવે. ભૂરીને ખવડાવતાં જાય ને વાતો કરતાં જાય. આ તેમનો નિત્યક્રમ હવે વધુ ચાલે તેમ ન હતો. ગામેગામ આ સ્થિતિ હતી. જે ને તે ઝાડનાં ડાળાં કાપી જતાં હતાં. આખો પ્રદેશ વેરાન થઈ ગયો. હતો. હજી તો ઉનાળો કાઢવાનો હતો. આકરામાં આકરા ચારપાંચ મહિના કેવી રીતે કાઢવા ? સૂરજડોશીને પણ આ ભય સતાવી રહ્યો હતો. બીજાની આગળ દુ:ખ રડયેય શો ફાયદો ? તેઓ ભૂરીને જ કહેતાં :

''ભૂરી ! આજે તો દોઢ ગાઉથી કૂટો લાઈ છું, હોં... શું કરું... વગડામાં સમ ખાવાય લીલું ઝાડ રહ્યું નથી. કે ભૂરી... ઉનાળો કેમ કરીને કાઢશું ? હવે તુંય મારી પેઠે આખા રોટલાને બદલે ફડચ રોટલો ખા... મારી ઉંમર સામું તો જો ! ઘરડે ઘડપણ મારાથી કેટલી હડીઓ થાય ? સાચું કહ્યું છું, ભૂરી ! હવે તો મારાથી કૂટો નથી થતો.'' અને ભૂરી માથું હલાવે એટલે કહે : ''હવે છાનીમાની ખા, પેટે પાટા બાંધીને પણ તારું પેટ ભરીશ.''

પણ હવે તો એ પણ થઈ શકે તેમ ન હતું. હડીઓ કાઢવા છતાં 'કૂટો'ય ન મળે પછી શું કરવું ? જેને લીધે તેઓ જીવ્યાં અને એમને લીધે જે જીવી એ ભૂરીથી જુદાં થવું પડશે ! સૂરજડોશીએ સંસારમાં તડકીછાંયડી ઘણી જોઈ હતી. રંડાપામાં તેમણે જીવતર કેમ કાઢ્યું હતું એ તો એક એમનું મન જાણતું હતું. જુવાનીનાં વર્ષો એકની એક દીકરીની માયામાં વિતાવ્યાં હતાં અને ઘડપણમાં ભૂરી સાથે. ભૂરી દૂધ આપતી એમાંથી ડોશીનું ઘર ચાલતું અને ભૂરી હૂંફ આપતી એથી એમનું ખાલીખમ જીવતર ભર્યું રહેતું. આવી ભૂરીને નજર આગળથી અળગી કરતાં ડોશીનું હૈયું કેમ ન ચિરાઈ જાય ?

સવારમાં દા'ડો ઊગ્યો હશે ને વાસમાં કૂતરાં ભસવા લાગ્યાં. સૂરજડોશી સમજી ગયાં કે નક્કી ભેંસને લેવાવાળો આવ્યો. એ વખતે તેઓ બેઠાંબેઠાં ભૂરીને ગઈ કાલનો વધેલો કૂટો ખવરાવી રહ્યાં હતાં. જેમણે વચ્ચે રહીને ભેંસનો સોદો પતાવ્યો હતો એ ભાઈ અંદર આવ્યા અને બોલ્યા :

''ડોશી ! લ્યો, ભૂરીને દોરી આપો એટલે ટાઢે-ટાઢે આ લોકો જતા રહે.'' અને લેવાવાળાને ઉતાવળ હોય એમ તે ભાઈ પણ બોલ્યા :

''પાંચ-છ ગાઉની લાંબણે જવાનું છે. બપોર ચડતાં પહેલાં ત્યાં પહોંચી જવાય તો સારું...'

સૂરજડોશી એમ ને એમ બેસી રહ્યાં હતાં. નવા માણસને જોઈ ભૂરી ઘૂંકારિયાં કરતી હતી અને ફૂંફાડા મારતી હતી.

''ગાંડી થઈ છે કે શું ? આમ ગાંડા કરાતાં હશે?'' ભૂરીને ઠપકો આપી ડોશીએ તેને માથે હાથ ફેરવ્યો. ડોશીના શબ્દોની જાદુઈ અસર થઈ હોય એમ ભૂરી નીચું મોં કરી ખાવા લાગી. ''જુઓ, ભાઈ ! મેં મારી ભૂરીને દીકરીની પેઠે સાચવી છે. મારી પંડે મીં કોશીર કરી હશે, પણ ભૂરીને કદી દખી કરી નથી. આજથી ભૂરીને તમને સોંપું છું... એને પાળજો, સાચવજો અને ભગવાનને માથે રાખી એને દુ:ખી કરશો નહિ...''

''એ શું બોલ્યાં, ડોશી... મારે ઘેર તો તમારી ભૂરી લીલાલહેર કરશે. બે તો કૂવા છે. એ લીલીછમ જેવી ચાર ખાશે અને મજા કરશે અને મારે તો રામરાજ્ય છે...''

''બસ તાણ, મારે એટલું જ જોવે. મને બે પૈસા ઓછા આલશો તો હું કંઈ નહિ બોલું. પણ જે દા'ડે મને સમાચાર મળશે કે ભૂરી દખમાં પડી છે તે દા'ડે હું તમારા

આંગણેથી ભૂરીને દોરીને ચાલતી થઈશ, હા...''

દીકરીનાં સાસરિયાંને ભલામણ કરતાં હોય એવી ભલામણ ડોશી ભૂરી માટે કરી રહ્યાં હતાં. અને દીકરીને મા તેને સાસરે વેદનાભર્યાં હૈયે વિદાય કરે તે રીતે ભૂરીને ખીલેથી છોડી, ઘર બહાર કાઢી, અછોડો તેના નવા માલિકના હાથમાં આપી દીધો.

ગોંદરા સુધી સૂરજડોશી સાથે આવ્યાં. ફરીફરીને ડોશી એની એ ભલામણો કરતાં હતાં. ભૂરીના ડિલ પર સ્નેહભીનો હાથ ફેરવ્યા કરતાં હતાં. ભૂરીને અળગી કરવી ગમતી ન હતી એટલે ડોશી વાતો કરવાના બહાને ભૂરી પાસેથી ખસતાં જ ન હતાં. પેલાએ બેત્રણ વાર કહ્યું :

''ડોશી ! અમારે મોડું થાય છે. હવે તમે પાછાં વળો.''

અને ભેંસના હાંકવાવાળાએ ડચકારો બોલાવ્યો.

''જા, ભૂરી, સુખી થજે... આપણાં અંજળપાણી હતાં તેટલું સાથે રહ્યાં. આપણાં અંજળપાણી ખૂટ્યાં, ન'કર આવો વખત આવે ખરો?'' ડોશીની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં, ભૂરી પણ વાતને સમજી ગઈ હોય તેમ આગળ વધવાને બદલે પાછાં ડગ ભરવા લાગી.

એક જણ ભેંસને ખેંચતો હતો, બીજો પાછળથી ડચકારો બોલાવતો. ધીમેથી મારતો હતો. પેલા ઘણુંય મથતા હતા, પણ ભૂરી આગળ ડગ ભરતી ન હતી. પેલાને ખીજ ચડી તે જોરથી મારવા લાગ્યો, ભૂરી વીફરી. તે રાંઢવું છોડાવવા કૂદકા મારવા લાગી, દોરવાવાળાને મારવા દોડતી હોય તેમ શીંગડાં ઊંચાં કરી ફૂંફાડા મારવા લાગી.

ગામમાંથી ઘણી ભેંસો વેચાઈ હતી, આ જ ગોંદરે થઈ લેનારા દોરી ગયા હતા. પણ કોઈએ ભૂરી જેવો ઉધમાત નહોતો કર્યો. આ તો હઠીલી હોય તેમ ડગ ભરતી ન હતી. ભૂરી તોફાન કરવા લાગી, એટલે પેલાએ ઉપરાછપરી બેત્રણ લાકડીઓ લગાવી દીધી. એ જોઈને સૂરજડોશીનો જીવ કપાઈ ગયો.

''ઊભા રહો... એને મારશો નહિ... હું દોરી આપું છું.''

અને ડોશી ભૂરી પાસે ગયાં. ભૂરી કાકલૂદીભરી આંખે ડોશી સામે જોઈ રહી, જાણે કહેતી હતી : ''મા ! મને તરછોડશો નહિ... સુખમાં કે દુઃખમાં હું તમારો સાથ નહિ છોડું.''

ડોશીએ તેને પંપાળી અને તેના કાનમાં કહ્યું : ''ભૂરી ! જા, દીકરી ! મારે ઘેર હવે શું ખાવાનું રહ્યું છે તે માયા છોડતી નથી ? ત્યાં તું સુખી થઈશ. જા, બેટા ! આવું તોફાન તને શોભે ?... જા, ડાહી થઈને આગળ હેંડ...''

અને ડોશીએ આગળ ચાલવાની ઇશારત કરી. પેલાએ દોરવા ઘણાય પ્રયત્ન કર્યા, પણ ભૂરીએ ડગ ન ભર્યું તે ન જ ભર્યું. ભૂરી તો વળી-વળીને ડોશીનો હાથ ચાટતી હતી. ડોશીના હૈયામાં મોં છુપાવી દયા યાચતી હતી.

''એ એમ નહિ ચાલે... ફટકાર્યાં વગર તે ડોબું ચાલતું હશે કે ?'' અને તેના લેનારે લાકડી મારીને ભેંસને ખેંચવાનું કહ્યું. ડોશી તરફ ફરીને તે બોલ્યો : ''ડોશી ! તમે જરા આઘા રહેજો. એ તમને જોઈને હેંડતી નથી.''

ત્રણચાર જણા ડોશી આગળ ઊભા રહ્યા ને તેમને ઢાંકી દીધાં. ઉપરાઉપરી લાકડીઓ પડવા લાગી. ભૂરી કૂદકા મારતી હતી, પૂછડું ઉછાળતી હતી. જીવ અકળાઈ ગયો હોય એમ તે ભાગી જવા હડીઓ કાઢતી હતી. સૂરજડોશી આડે માણસોનું ઓઠું હતું. ભૂરીની પીઠ પર પડેલી લાકડીઓ તેમના બરડામાં પડતી હોય એમ તેઓ રડતાં હતાં.

પેલા લોકો મારીમારીને થાક્યા ડોશીથી પણ હવે તો જીરવાતું ન હતું. તેઓ એકદમ આગળ આવ્યાં અને બોલ્યાં : 'લાવો, અછોડો મારા હાથમાં આપો... જુઓ, એ હેંડે છે કે નહિ...'' અને જતાંક ડોશીએ અછોડો હાથમાં લીધો અને ગામ ભણી ચાલવા મંડ્યાં.

''પણ, ડોશી ! આ શું કરો છો ?... તમે કઈ બાજુ દોરી જાઓ છો ?''

''હું મારા ઘેર દોરી જાઉં છું... મારે ભૂરીને નથી વેચવી...''

''પણ...'' તેમના કુટુંબીઓ વચ્ચે બોલી ઊઠ્યાં.

''પણ ને બણ. મારા જીવતા તો ભૂરી મારાથી જુદી નહિ થાય. મારા મરી ગયા પછી તમારે જે કરવું હોય તે કરજો.'' અને સામે ફરીને ડોશી બોલ્યાં : ''તમારા પૈસા પાછા લઈ જજો; મારે ભૂરી વેચીને પેટ નથી ભરવું. ખાવાનું નહિ મળે તો બેય જણાં ભૂખે મરી જઈશું... લે, ચાલ, દીકરી...''

ભૂરીનો હરખ માતો ન હોય એમ ડોશીની આગળ થઈ તે ચાલવા મંડી.

એ બંનેને જતાં જોઈ કોઈકે કહ્યું :

''ડોશી હાથે કરીને કૂવામાં પડે છે. એય મરશે ને ભૂરીનેય મારશે...''

પણ સૂરજડોશી ભૂરીને ખીલે બાંધી જુદું જ કહેતાં હતાં :

''ભૂરી ! અંજળપાણી મોટી વાત છે. અંજળ હશે ત્યાં લગણ તો આપણને કોઈ જુદું કરવાનું નથી. આવડી મોટી ધરતી પડી છે. ગમે ત્યાં જઈને પેટ ભરશું... ભૂરી ! મારી ભૂરી ! તને અળગી નહિ કરું હોં !''

અને ભૂરી માનું હેત ઝીલતી હર્ષનાં આંસુ નિતારી રહી હતી.

સ્વાધ્યાય

૧. વાર્તાના આધારે લખો.

(૧) સૂરજડોશીની દૈનિક પ્રવૃતિ

(૨) સૂરજડોશીએ ભૂરીના ખરીદનારને કરેલી ભલામણ

(૩) પોતે બીજા સાથે નહીં જાય તે દર્શાવવા ભૂરીએ કરેલું વર્તન

(૪) ભૂરીને દોરી જવા હાંકનારે કરેલા પ્રયત્ન.

૨. આકૃતિ બંધ પૂર્ણ કરો.

દુકાળ દરમિયાન સૂરજડોશીનો નિત્યક્રમ

૩. 'ડોશીની સ્થિતિ સાપે છછુંદર ગળ્યા જેવી થઈ હતી' – વિધાન તમારા શબ્દોમાં સમજાવો.

૪. ભૂરીને પોતાની સાથે રાખવા સૂરજડોશીએ કરેલા પ્રયત્નો લખો.

૫. 'દુકાળગ્રસ્ત પ્રદેશ – એક કરુણતા' તમારો મત લખો.

૬. માનવ અને પશુ વચ્ચેનો લાગણીનો સંબંધ દર્શાવતો કોઈ પ્રસંગ લખો.

૨. શહીદનો દીકરો

મોહનલાલ પટેલ

સાહિત્યકાર અને શિક્ષણકારના સુભગ સમન્વય મોહનલાલ પટેલનો જન્મ ૨૫ એપ્રિલ, ૧૯૨૭ના રોજ થયો હતો. તેમણે ગુજરાતી સાહિત્યના ટૂંકી વાર્તા, લઘુકથા, નવલકથા, નિબંધ ચરિત્રલેખન, વિવેચન જેવા વિવિધ ક્ષેત્રોનું ખેડાણ કર્યું છે, 'હવા તુમ ધીરે બહો', 'હેતનાં પારખા', 'મોટી વહુ', 'ટૂંકી વાર્તા મીમાંસા', 'અંતિમ દીપ' તેમની જાણીતી કૃતિઓ છે.

જમનાનો પતિ આઝાદીની લડતમાં સામી છાતીએ બંદૂકની ગોળી ખાઈને શહીદ થયો હતો. ગામ આખું એના નામની ઇજ્જત કરતું હતું. ગામની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં સ્વાતંત્ર્ય દિને અને પ્રજાસત્તાક દિવસે ધ્વજવંદન પછીનાં પ્રવચનોમાં એનું ખૂબ અદબપૂર્વક સ્મરણ થતું.

પણ જમના, પતિ વિશેની વાત નીકળતાં જ નારાજ થઈ જતી. પતિની વાત ચાલતી હોય ત્યાંથી ઊઠીને ચાલવા માંડતી. ક્યારેક તો અધીરી બનીને પતિ વિશે વાત કરનારને ચૂપ થઈ જવા કહેતી.

જમનાના આ વલણને ગામલોકો પાગલપણું કે જડતામાં ખપાવતા અને એના ઉપર તરસ ખાતા. પણ જમના એના મનમાં એકદમ સ્પષ્ટ હતી – લગ્ન પછી પૂરાં બે વર્ષ પણ થયાં નહોતાં અને પતિએ પોતાનો કે બાળક જુગલનો કશો જ વિચાર કર્યા વગર, આંખો મીંચીને જીવ ફેંકી દીધો છે. નિભાવ માટે જમીન-જાગીર કે રોકડ ભંડોળ કશું નહોતું. રહેવા માટે ફક્ત એક ખોરડું-નળિયાંવાળું ઘર... પતિ પોતાને રઝળતી મૂકીને ચાલ્યો ગયો છે.

અને એમાંય આઝાદી પછી સમય બદલાતાં કાયમનું દેવામાં ડૂબેલું લોક બે પાંદડે થવા લાગ્યું અને પોતાની સ્થિતિ એની એ રહી, ત્યારે એના મનમાં રહેલી પેલી અસંતોષની લાગણી સાથે ઈર્ષાનો અગ્નિ પણ ભળ્યો અને પોતાની આ સ્થિતિ માટે પતિનો વારંવાર દોષ જોવા લાગી.

રોજ સાંજે કે સવારે કોઈ એને મજૂરીએ લઈ જવા માટે નક્કી કરવા આવતું ત્યારે, એ પરણીને આ ઘરમાં આવી એ વખતે પતિએ કહેલી ઘણીઘણી વાતો એને યાદ આવી જતી. પતિ એ વખતે બી.એ.ના છેલ્લા વર્ષમાં હતો. બી.એ. થયા પછી એ વકીલાતનો અભ્યાસ કરવાનો હતો. મોટો વકીલ બનીને ખૂબ કમાવાનો હતો. મોભો, ધન, બંગલો, ગાડી...

એ બધું યાદ કરીને એ પતિને શાપતી હતી અથવા તો પતિને શાપવા માટે જ એ બધું યાદ કરતી હતી. સ્વપ્નાં છિન્નભિન્ન થઈ ગયાં હતાં અને ફળિયામાં સૌથી ગરીબ અને કંગાળ સ્થિતિમાં દિવસો પસાર કરવાની હાલત થઈ હતી.

એક દિવસ ગામના બે યુવાનો જમના પાસે આવ્યા. એની પાસે એના સ્વર્ગસ્થ પતિનો ફોટોગ્રાફ માગ્યો.

જમનાએ બેદરકારીથી પૂછ્યું : 'એમના ફોટાને તમારે શું કરવો છે ?'

'લક્ષ્મણભાઈનો ઓઈલ પેઈન્ટ કરેલો ફોટો પંચાયતઘરમાં મૂકવાનો ઠરાવ થયો છે. એમનો ફોટો તો છે ને?'

'ફોટો છે, પણ આપવાનો નથી.'

'કેમ ?'

'નથી આપવો, બીજું શું ?'

આ જુવાનોને જમનાની ખબર તો હતી, પણ આટલી હદ સુધી એ જઈ શકે એવી કલ્પના એમને નહોતી.

એક જણે કહ્યું : 'જમનાકાકી, આમાં તો લક્ષ્મણભાઈ પ્રત્યેનું ઋણ ફેડાય છે.'

'અને તમારે તો એમાં ગર્વ લેવા જેવું છે.'' બીજો જુવાન બોલ્યો.

'ખબરદાર...' જમના એકાએક તાડૂકી ઊઠી.

બે પળ તો જુવાનો ચૂપ થઈ ગયા. પછી એકે કહ્યું : 'તમે અમને ફોટો નહીં આપો તો ગામના વડીલ કે આગેવાનો એ લેવા આવશે.'

'તો એમને પણ મણની જોખીશ.' કહી આ છોકરાઓને ટાળવા જ જાણે, જમના પાણી ભરવાના મિષે ઘર બહાર ચાલી ગઈ.

જુવાનોને ત્યાંથી નિરાશ થઈને પાછા ફરવું પડ્યું.

પાણી ભરીને આવ્યા પછી જમનાએ પતિનો ફોટોગ્રાફ જે એક બેગના તળિયે હતો તે ત્યાંથી ખસેડીને બીજી એક જૂની બેગના તળિયે મૂકી દીધો. જાણે વધારે અગમ જગ્યાએ સંતાડતી હોય !

જુગલની સ્થિતિ જુદી હતી. ઘરમાં મા પિતા ઉપર દોષારોષણ કરતી પણ સ્કૂલમાં તો પિતાનાં ગુણગાન જ સાંભળવાં મળતાં, સ્કૂલમાં કોઈ પણ મહેમાન આવે ત્યારે એનો 'શહીદના દીકરા' તરીકે ખાસ પરિચય અપાતો, મહેમાન પણ પોતાના પ્રવચનમાં શહીદ લક્ષ્મણનો ઉલ્લેખ અવશ્ય કરતા. ઘણી વાર દીકરો સ્કૂલમાં થતી આવી બધી વાતો વિષે માને કહેવા ઇચ્છતો, પણ માનો ચહેરો જોતાં જ એની જીભ સિવાઈ જતી. એક વખત ગામના જ એક ગૃહસ્થ જે આઝાદીની ચળવળમાં ભાગ લઈ ચૂક્યા હતા અને લક્ષ્મણના ગાઢ પરિચયમાં હતા એમણે પોતાના પ્રવચનમાં લક્ષ્મણ વિષે ઘણી વાતો કરી. એની સાથેનાં સંસ્મરણો વર્ણવતાં એ ગળગળા થઈ ગયા ને આંખ ઊભરાઈ આવી. આ વાત જુગલના મનમાં એટલી બધી ઉછાળા મારી રહી હતી કે ઘરે આવી ને એ વિષે માને કહેવાની ઇચ્છા એ દબાવી શક્યો નહીં. એણે કહ્યું : ''બા, તું બાલુભાઈને ઓળખે છે ?''

''ક્યા બાલુભાઈ ?''

''મુંબઈ રહે છે. મોટા વેપારી છે.''

''હા, એમને ઓળખું છું.''

''એ બાપુની સાથે ભણતા ?''

જમનાની આંખ પહોળી થઈ. છોકરાએ એ જોયું. એટલેથી જ એ વાત અટકાવી દેત, પણ એ કિશોરમાં એવી કંઈ આવડત નહોતી. એ તો મા સામે જોઈ રહ્યો.

માએ છણકો કરીને કહ્યું : ''... તે તારે શું કહેવું છે ?''

''આજે એ અમારી સ્કૂલમાં આવ્યા હતા.''

''હવે એ ઠગનું મારી આગળ નામ ન લઈશ. બધા બદમાશ અને ચોર છે. તારા બાપાને એ બધાએ જ ભેગા મળીને શૂળીએ ચઢાવ્યા અને આપણને રઝળતાં કરી મૂક્યાં. બાપમાં અક્કલ નહીં ત્યારે ને... પેલા બધાના રવાડે ચઢ્યા ન હોત તો આજ તમારી આવી દશા ન હોત... તું 'બાપ બાપ' કરી રહ્યો છે. ખબરદાર, હવે જો એ બાલુફાલુની વાત કરી છે તો.''

છોકરાએ સ્કૂલમાં બાલુભાઈને આંસુ લૂછતાં જોયા હતા. વળી, એમની વાણીમાં હૃદયનો ઉમળકો હતો એટલે છોકરો એટલો બધો પ્રભાવિત થયો હતો કે એમનું પ્રવચન પોતાની સમગ્ર ચેતના દ્વારા પી રહ્યો હતો. અત્યાર સુધી ઘણાને પિતાની પ્રશંસા કરતાં એણે સાંભળ્યા હતા. એ દ્વારા એના પિતાની એના ચિત્તમાં એક છબી જરૂર અંકિત થઈ હતી. પણ આજે તો બાલુભાઈએ એ છબીમાં જાણે કે પ્રાણપ્રતિષ્ઠા જ કરી દીધી !

બાલુભાઈના પ્રવચન પછી છોકરાને પોતાના પિતા વિશે વધારે જાણવાની એક અધીરાઈભરી ઉત્કંઠા જ જાગી હતી ને એ પ્રવચન દરમિયાન જાગેલું કૌતુક



સમાવવા આજે એ અજાણ્યે પણ માનો આશ્રય લેવા માગતો હતો. ક્યા સવાલો એ પૂછવા માગતો હતો એની એને કશી ખબર નહોતી. એને તો મનમાં જાગેલું કૌતુક જ સમાવવું હતું. જેમ બાલુભાઈ બોલ્યે ગયા અને એ એમની વાણી પીતો રહ્યો એવી જ કશીક તરસથી એણે મા આગળ આ વાત છેડી હતી. પિતાની વાત નીકળતાં જ મા ગુસ્સે થઈ જાય છે એટલું તો એ સમજતો થયો હતો. પણ પેલા કુતૂહલનું જોર એટલું તો પ્રબળ હતું કે એ મા આગળ બાલુભાઈની વાત કાઢ્યા વગર રહી શક્યો નહોતો. પણ મા બરાબર એની રીત પ્રમાણે જ ગુસ્સે થઈ ગઈ અને છોકરો કશું જ ન કહી શક્યો, કશું પૂછી ન શક્યો.

પણ દિવસેદિવસે છોકરાનું પિતા તરફનું ખેંચાણ હવે વધવા લાગ્યું. જેમજેમ એની સમજણ વધતી ગઈ, તેમતેમ એ ખેંચાણ વધતું રહ્યું. એક ફોટા સિવાય પિતાની કોઈ નિશાની ઘરમાં દેખાતી નહોતી. પિતાનાં પુસ્તકો, નોટબુકો વગેરે બધુંય માએ પસ્તીવાળાને આપી દીધું હતું. એની એક આછી સ્મૃતિ એના ચિત્તમાં જળવાઈ રહી હતી. એક દિવસ એને પિતાનો પેલો ફોટોગ્રાફ જોવાની ઇચ્છા થઈ આવી. માએ એને બેગમાં મૂકેલ હતો એની એને ખબર હતી. મા ક્યાંક બહાર ગઈ હતી ત્યારે એણે પેલી બેગ ફેંદવા માંડી. એની આ મથામણ ચાલતી હતી એ દરમિયાન મા આવી ચઢી. 'શું ખોળે છે, જુગલ ?' એણે પૂછ્યું.

અત્યાર સુધીમાં જુગલના મનમાં એક સંસ્કાર તો દઢ થઈ ચૂક્યો હતો કે પોતે એક શહીદનો પુત્ર છે. શહીદનો પુત્ર અસત્ય બોલે નહીં. પોતે જે વસ્તુ શોધી રહ્યો હતો એ કહી દેવામાં જોખમ હતું એ સમજતો હતો, પણ સાથે સાથે બેગમાં એ ફોટો નહોતો એટલે એનું શું થયું એ જાણવું પણ જરૂરી હતું. થોડી ક્ષણો સુધી જવાબ આપવા બાબતમાં એ દ્વિધામાં રહ્યો એટલે માએ ગુસ્સામાં કહ્યું :

'બોલતો કેમ નથી ?' મોઢામાં મગ ભર્યા છે ? '

હવે જુગલે જવાબ આપ્યો : 'બાપુનો ફોટો શોધતો હતો.'

'એ ફોટાને તારે શું કરવો છે ?'

'જોવો છે.'

'એમાં શું જોવાનું છે ? તેં નથી જોયો ?'

'ના, બાપુનો ફોટો આ બેગમાં છે એટલી ખબર હતી, પણ તેં મને કદી બતાવ્યો નથી.'

'જોવાની જરૂર પણ નથી.'

'એ ફોટો તને નહીં મળે.'

'છે તો ખરો ને ?'

'છે, એ બેગ સરખી કર. બધું હતું તેમ ગોઠવી નાખ.'

જુગલે સૂચના પ્રમાણે બધું ગોઠવી દીધું.

એ દિવસે જુગલ સ્કૂલમાં ગયો એ પછી જમનાએ જે બેગમાં પેલો ફોટોગ્રાફ સંતાડ્યો હતો એ

બેગ ઉઘાડી. એણે એ ફોટો કાઢ્યો અને તેના તરફ જોઈ રહી. ભરાવદાર ચહેરો, મોટી મોટી તેજસ્વી આંખો, વાળ કાળાં ભમ્મર જુલ્ફાં, એક લટ કપાળ ઉપર ઝૂલતી હોય એમ બંકિમ બનીને ઊતરી આવી હતી...' જમના એ જોઈ રહી. હેતુ વિના જોતી હોય એમ. એને ટીકી ટીકીને જોવું નહોતું. છતાં જોઈ રહી હતી. ખૂબ ઝડપથી શરીર લઈ રહેલો જુગલ જ જાણે એમાં દેખાતો હતો. વીસ વર્ષે કદાચ જુગલનો જ આ ફોટો હશે. એ જુગલના ફોટા ઉપર જ ઝૂકી રહી હોય એમ બોલીય ખરી : 'રૂપાળો પણ એવો જ છે અને ભણવામાં પણ એવો હોશિયાર. કદાચ વધારે...'

એણે કાચ ઉપર લાગેલો ધુમાડો ભીના કપડાથી સાફ કર્યો. ફ્રેમ ઉપરથી કાળાશ પણ બરાબર ઘસી ઘસીને સાફ કરી અને પછી અગાઉ હતો એ બેગમાં મૂક્યો. જાણે જુગલનો ફોટો મૂકતી હોય એમ.

સાંજે જુગલ સ્કૂલેથી આવ્યો અને નાસ્તો કર્યા પછી બહાર જતો હતો એ વખતે એને રોકીને જમનાએ કહ્યું : ''તારા બાપુનો ફોટો જોવો હતો ને ?''

જુગલના મનમાં એક ધ્રાસ્કો પડ્યો. સામે ચાલીને બા આમ કેમ પૂછતી હતી ? એણે ફોટો ફાડી તો નહીં નાખ્યો હોય ને ? જુગલે બીતાં બીતાં કહ્યું : 'હા.'

જમના જુગલને અંદર લઈ ગઈ. બેગ ઉઘાડીને પેલો ફોટો એના હાથમાં મૂક્યો.

આજ જાણે પહેલી વાર પોતાના પિતાને જોતો હોય એમ જુગલ એ ફોટા સામે તાકી રહ્યો અને આજ સુધી ધીરેધીરે મનમાં સરજી રાખેલી પિતાની છબી સાથે ફોટામાંના ચહેરાની એકેએક પેશી સરખાવતો હોય એમ નિહાળતો રહ્યો.

સવારે દીકરાને નારાજ કર્યાના રંજનું સાટું વાળતી હોય એમ જમના જુગલને ટગર ટગર જોઈ રહી.

મા-દીકરો પોતપોતાની રીતે અત્યંત પ્રસન્ન હતાં. ઘણી પળો આમ વીતી ગઈ. પછી દીકરો બોલ્યો :

'બા, મારા બાપુ આવા હતા ?'

'હા, બેટા, ફોટો ગમે છે ?'

'હા, બહુ જ.'

'તારી પાસે એ રાખ.'

'દીવાલ ઉપર ટાંગીએ તો ?'

'ના, મેડી ઉપર તારી પેટીમાં રાખજે.'

દીવાલ ઉપર શોભા બની રહે એવા ફોટાને પેટીમાં પૂરી રાખવાની આ કિશોરની ઇચ્છા નહોતી. પણ અત્યારે મા આગળ એ કશી દલીલ કરવા માગતો નહોતો. વખતે મળેલ ખજાનો લૂંટાઈ જાય. માની ઇચ્છા પ્રમાણે એ ફોટાને એ મેડી ઉપર લઈ ગયો.

બે દિવસ પછી બપોરના સમયે જમના મેડી ઉપર ગઈ. ત્યારે એની નજર જુગલના ભણતરની જગ્યા તરફ જતાં સ્થિર થઈ ગઈ. જુગલના અભ્યાસ માટેના ઈસ્કોતરા ઉપર દીવાલને ટેકવીને પતિનો ફોટો ગોઠવેલો હતો અને એના ઉપર સૂતરની આંટીનો હાર લટકતો હતો. ફરી એક વાર જમના એ ફોટા તરફ ટીકી ટીકીને જોઈ રહી. એના મનમાં શું ચાલી રહ્યું હતું એ પોતે પણ સમજી શકતી નહોતી. એ માત્ર બબડી : આવો આ તો, એના બાપ ઉપર ગાંડો થઈ ચાલ્યો છે ! પછી ઈસ્કોતરા આગળ પાથરેલા કંતાન ઉપર વિખરાયેલાં પુસ્તકો એણે સરખાં કરીને મૂક્યાં. એ પુસ્તકો વિષે જમના જાણી શકી હોત તો એ ઊકળી ઊઠત. એ બધાં ક્રાંતિવીરો અને રાષ્ટ્રપુરુષોનાં ચરિત્ર પુસ્તકો હતાં.

સાંજે જુગલ ઘેર આવ્યો ત્યારે વળી જમના એની ખબર લેવા માંડી : 'તારા બાપુનો ફોટો તારી પેટીમાં રાખવાનું તને નહોતું કહ્યું ?'

'કહ્યું હતું.'

'તો પછી એને ઈસ્કોતરા ઉપર કેમ ગોઠવ્યો ?'

જુગલે કશો જવાબ આપ્યો નહીં.

માએ કહ્યું : 'પેલી સૂતરની આંટી ક્યાંથી લાવ્યો?'

'અમારા એક સાહેબ પાસેથી. એ રોજ બે કલાક કાંતે છે.'

એમણે તને એ શા માટે આપી ?'

'મેં માગી એટલે એમણે ખુશ થઈને આપી.'

મા કશાક વિચારમાં ખોવાઈ એટલે એ ચૂપ રહી. માને શાંત જોઈ જુગલે એની સંમતિ મેળવવાના હેતુથી પૂછ્યું : 'બા, ફોટો જેમ છે એમ રહેવા દઉં ને ?'

'રહેવા દેજે. પણ તારે તારા બાપ જેવા થવાનું નથી.'

'કેમ ?' એકાએક અને ભૂલથી જ જુગલે પ્રશ્ન પૂછી નાખ્યો.

'ઘરના માણસને રઝળતા કરવાનો ધંધો આપણે નથી કરવો.'

'તું મૂંઝાઈશ નહીં, બા. હું તને કદી રઝળવા નહીં દઉં.'

'હું તો રઝળી ચૂકી, તારી પાછળનાની વાત કરું છું.'

જુગલ થોડો સંકોચાયો. પણ વાતનો દોર બદલ્યા સિવાય એ બોલ્યો : 'જોજે ને બા, હવે શનિ-રવિ હું મજૂરીએ જઈશ અને તને અઠવાડિયામાં બે દિવસ આરામ આપીશ.'

'તને તે કોણ મજૂરીએ લઈ જતું'તું ?'

'કેમ ? હવે તો મને બધુંય આવડે છે. વાઢવાનું, ખોદવાનું...'

દીકરાની નિર્દોષ વાત સાંભળીને માનું હૈયું વાત્સલ્યથી ઊભરાયું. દીકરાને છાતી સરસો ચાંપી દેવા એને ઉમળકો થઈ આવ્યો. પણ એણે એમ ન કરતાં કહ્યું : 'દિવાળી વખતે લોકોનાં વાસણ ઊટકી શકીશ.

'હા, હા, કેમ નહીં ? ગાંધી બાપુએ કહ્યું છે – કોઈ કામમાં નાનમ નથી.'

ચોંકી ઊઠતી હોય એમ મા ગંભીર બની ગઈ. એને દૂર દેખાઈ રહેલો ભય નજીક આવતો દેખાયો. નક્કી આ છોકરો એના બાપના પગલેપગલે જ ચાલવા લાગ્યો છે...

જુગલ ઘણા સારા ગુણથી એસ.એસ.સી. પાસ થયો અને એ પછી કૉલેજમાં દાખલ થવાનો પ્રશ્ન આવીને ઊભો રહ્યો.

મા કૉલેજના નામથી જ ભડકતી હતી. એણે જુગલને કહ્યું : 'ભાઈ, આપણે કૉલેજ-બૉલેજ કંઈ કરવી નથી.'

'એમ કેમ, બા ?'

'એ આપણું ગજું નહીં.'

'તું ખર્ચની વાત કરે છે ?'

'હા, કૉલેજ ભણવા તું અમદાવાદ જાય. અમદાવાદનો ખર્ચ કાઢવો ક્યાંથી ? તું તારે નાની મોટી જે મળે તે નોકરી જ લઈ લે.'

'ખર્ચની તું ચિંતા શા માટે કરે છે, બા ? મને સ્કોલરશીપ મળશે. ભણવાની સાથે હું કશુંક કામ શોધી લઈશ. છેવટે છાપાંની ફેરી કરીશ અને હોસ્ટેલના ખર્ચ માટે બાલુકાકાએ સધિયારો આપ્યો છે.'

જમનાની આંખ પહોળી થઈ.

'તું બાલુભાઈને કાગળ લખે છે ?'

'ના, બા. એમણે મારું પરિણામ જાણ્યું હશે. એમણે જ સામે ચાલીને લખ્યું. હોસ્ટેલનો બધો ખર્ચ આપવાની એમણે તૈયારી બતાવી છે. પણ હું એ લેવાનો નથી. કોઈ રસ્તો નહીં હોય તો જુદી વાત. અભ્યાસ તો કરવો છે.'

'તારાં કપડાંલત્તાનું શું ?'

'એનીય સગવડ કરી દીધી છે. યાદ છે, જ્ઞાતિ તરફથી મળેલા પેલા એકસો એકાવન રૂપિયા તેં મારી પાસે જ રહેવા દીધા હતા તે ?'

'તેં રાખી મૂક્યા છે ?'

'હા, એનાં કપડાં થઈ રહેશે.'

એ સાંજે જુગલ ખાદીભંડારમાં જઈને ઝભ્ભા-લેંઘા વગેરે લઈ આવ્યો. આ જોઈને મા કંઈ રાજી થઈ હોય એવું લાગ્યું નહીં. એણે કહ્યું :

'કૉલેજમાં ભણનારા આજકાલ કેવાં કેવાં કપડાં પહેરે છે એની તને ખબર નથી ?'

'કોઈ તો ગમે તે પહેરે...'

'પણ મને આ લગીરે પસંદ નથી. તારા બાપુ પણ આવું જ પહેરતા હતા.'

ખુશીની એક લકીર જુગલના ચહેરા ઉપર ખેંચાઈ રહી. એ બોલ્યો : 'બા તારો નહીં તો, બાપાનો આત્મા તો રાજી થશે ને ?'

'બાપુનો આત્મા !' જમના બબડી : 'જ્યારે ત્યારે બાપુને વચ્ચે કેમ લાવે છે ?'

માના આ શબ્દો સાંભળી જુગલ જરા ઉદાસ થયો.

થોડા જ દિવસ પછી દીકરો દૂર જવાનો હતો એટલે એને નારાજ કરવાનો માનો જીવ ચાલતો નહોતો. એણે કહ્યું : 'હશે ભાઈ, તને જે ગમ્યું તે ખરું.' કહી એ ઉપર ચાલી ગઈ.

જુગલને કૉલેજમાં અભ્યાસ માટે જવાનો દિવસ આવી પહોંચ્યો. જમનાએ જુગલને આજ સુધી એક દિવસ માટે પણ પોતાનાથી અળગો કર્યો નહોતો. આજ એ જવાનો હતો એટલે એના મન ઉપર એક અજાણ્યો અજાણ્યો ભાર હતો. બપોરે એ મેડી ઉપર ગઈ. ત્યારે જુગલ બેગ ભરતો હતો.

મા પાસે આવી એટલે જુગલ બોલ્યો : 'બા, બાપુનો ફોટો સાથે લઈ જાઉં?'

જમના માટે આ અણધારી વાત હતી. દીકરાને શો જવાબ આપવો એ એને સૂઝતું નહોતું. એણે કહ્યું : 'ફોટો લઈ જવાની શી જરૂર છે ?'

'મને લાગે છે બા કે આજ સુધી મારી જે પ્રગતિ થઈ એ બધી બાપુની પ્રેરણાથી જ થઈ છે. એમની છબી જોઉં છું ને મને કંઈ કંઈ પ્રેરણાઓ થાય છે. મારું મન કહે છે કે આ સાથે લઈ જાઉં. ત્યાં ટેબલ ઉપર એ ગોઠવીશ.'

થોડી વાર તો જમના વિચારમાં ખોવાયેલી રહી. પછી બોલી :

'તારું મન કહેતું હોય તો લઈ જા, દીકરા. પણ એક કામ કર.'

'શું ?'

'તારા બાપુના ફોટાની જગ્યાએ તારો ફોટો મૂકતો જા. ફોટા વગરનો ઇસ્કોતરો હવે તો મનેય નહીં ગમે.'

'પણ બા, મારો ફોટો તો ક્યાં પડાવ્યો જ છે ?'

'તો પછી ગાંધી મહાત્માનો જ મૂક.'

જુગલનું દિલ કોળી ઊઠ્યું. હજુ બસ પકડવાની ચાર કલાકની વાર હતી. બજારમાં જઈને એ ગાંધીજીનો એક મઢેલો ફોટો લઈ આવ્યો અને ઈસ્કોત્તરા ઉપર ગોઠવી દીધો. રાત્રે સૂના ઘરમાં જમનાને ચેન પડતું

નહોતું. માના હૈયામાં કેટકેટલા પાતાળ કૂવા હોય છે એની તો આજે જ એને ખબર પડી, એ બધાય કૂવા એક-સામટા ઊભરાઈ રહ્યા હતા. જુગલ અહીં હતો ત્યારે પાતાળનાં આ બધાં નવાણ ક્યાં સુકાઈ ગયાં હતાં ? બાળ જુગલને એ મારતી-ઝૂડતી ત્યાંથી માંડીને તે એને મૂછનો દોરો ફૂટ્યો ત્યાં સુધી એના ઉપર વારંવાર કરેલી ઝાંઝ એને એકસામટી યાદ આવી ગઈ. દીકરો બાપને સંભારે એમાંય ખિજાવાનું ? જમનાના ચિત્તમાં-હૈયામાં ઊથલપાથલ મચી રહી હતી. 'જુગલ વગર તો શ્વાસ પણ પાધરો લઈ શકતો નથી.' કહેતાં એની આંખ ચૂઈ પડી.

રાત્રે સૂવા ટાણે એ મેડી ઉપર આવી. જુગલ રોજ માત્ર કંતાનભેર સૂતો હતો. આજ જમના એ કંતાન ઉપર જ સૂઈ ગઈ. જુગલ રોજ આમ અખવાળે પડી રહેતો ? સવાર સુધીમાં તો એકેએક હાડકું કળવા જ લાગે ! (માને ખબર નહોતી કે હોસ્ટેલમાં લોખંડના પલંગ ઉપર બિછાવેલું ગાદલું જુગલને આજ ઉઘાડી આંખે કેટલું બધું ખૂંચતું હતું !)

જમનાએ કોડિયું સળગાવ્યું. પેલા ઈસ્કોતરા તરફ નજર માંડી. બપોર સુધી તો જુગલના બાપનો ફોટો ત્યાં હતો. જુગલ એ લઈ ગયો. દીકરાને બાપનાં લાડ તો મુદ્દલે મળ્યાં નથી અને છતાં એનો એને કેટલો બધો હેવા લાગ્યો છે ! અને હું ? અભાગણી, રોજ એમને ફીટ ફીટ કરું છે ? કોણ સાચું ! દીકરો કે હું ? અને પછી તો જમના કોણ સાચું ? ના વિચારે જ ચઢી ગઈ. દીકરો તો જન્મ્યો ત્યારથી બાપના નામ ઉપર વરસતો રહ્યો અને હું ? પરણ્યાનાં પોણા બે વર્ષ માફ. એ પછી ? ઝેર વાટતી રહી, ઝેર વાટતી રહી.... દીકરો તો એમની આંખનાં અમી છાંટણાંથી પાંગરતો રહ્યો, હોંશિયાર થતો રહ્યો અને હું અભાગણી... અને મારા ઉપરેય પણ એ તો અમૃતની વાણી જ ઢોળતા હતા ને !

બે દિવસ પછી કૉલેજ અને હૉસ્ટેલમાં વ્યવસ્થિત થઈ ગયા બાબતનો જુગલનો કાગળ આવ્યો. મા રાજી થઈ. એણે પણ વળતો જવાબ લખ્યો અને પત્તાની પાછળની બાજુએ લખ્યું : તારી પાસે તારા બાપુનો ફોટો છે એવો બીજો ન નીકળે ? નીકળી શકતો હોય તો કઢાવીને મને મોકલજે. એને મઢાવીને ગાંધી બાપુના ફોટાની જોડાજોડ જ મૂકવો છે.

સ્વાધ્યાય

૧. **વાર્તાના આધારે લખો.**

(૧) જમનાની નારાજગીનું કારણ -

(૨) જુગલને આવડતાં કામ -

(૩) અમદાવાદનો ખર્ચ કાઢવાના જુગલના ઉપાય -

(૪) પતિના ફોટાને જોઈ જમનાના મનમાં જાગેલા ભાવ -

૨. **'જમનાના નારી હૃદયની વ્યથા માટે સમાજ કારણભૂત છે.' - તમારો મત લખો.**

૩. **શહીદના પરિવાર તરફ સમાજની જવાબદારી વિશે તમારો મત લખો.**

૪. **'આપણે ચેનથી સૂઈ શકીએ એ માટે સીમા પર જવાનો જાગે છે.' - તમારા શબ્દોમાં લખો.**

પૃથ્વી સમું નહીં બેસણું આભ સમું નહીં છત્ર,
પ્રેમ સમી નહીં માધુરી, આપ સમો નહીં મિત્ર. - ઉશનસ્

૩. સરપ્રાઈઝ

કનુ અડાસી

ગુજરાતી સાહિત્યના ગગને ચમકતા તારલા સમા શ્રી કનુભાઈ અડાસીએ નવલકથા, વાર્તા જેવા વિવિધ સાહિત્ય સ્વરૂપોનું ખેડાણ કર્યું છે. 'હથેળીમાં રણ', 'વારસો', 'એક અધૂરી જિંદગી', 'પાવર-ગેમ' આ એમની જાણીતી કૃતિઓ છે.

પ્રોફેસર નલિન વ્યાસે લેખ પૂરો કર્યો અને ફરી વાંચવાનું ચાલુ કર્યું. ખાતરી થઈ ગઈ કે કશી ક્ષતિ રહી ગઈ નથી. પછી એણે લેખની નીચે મરોડદાર અક્ષરે હસ્તાક્ષર કર્યા. પાનાં વ્યવસ્થિત ગોઠવી સ્ટેપલ પિન મારી એણે બૂમ પાડી... ''કમલા...!'' કંઈ જ જવાબ ન મળતાં એણે ફરી બૂમ પાડી. ''...કમલા...!''

એને લાગ્યું. કમલા આવતી કાલની પ્રોફેસર્સ કૉન્ફરન્સ માટે પોતાના વક્તવ્યની તૈયારી કરતી હશે. અત્યંત એકાગ્ર હશે તેથી એને બૂમ નહિ સંભળાઈ હોય. નલિને અવાજ સહેજ ઊંચો કર્યો ''પ્રોફેસર કમલા વ્યાસ...''

બાથરૂમનો દરવાજો ખોલી કમલા બહાર આવી. ગાઉનનાં બટન બંધ કરતાં એણે નલિન સામે જોયું. ''તેં મને બોલાવી ?''

''બોલાવવા બૂમો પાડી. મને લાગે તેં છેલ્લી જ બૂમ સાંભળી. તે પહેલાંની બૂમો...''

એ વાક્ય પૂરું કરે તે પહેલાં કમલાએ કહ્યું, ''પહેલી બે બૂમો સંભળાયાનો આભાસ થયેલો પણ શૉઅરના છંટકાવ હેઠળ એ આભાસ સ્પષ્ટ નહિ થયેલો. પ્રોફેસર કમલા વ્યાસ સાંભળ્યું એટલે ખ્યાલ આવ્યો કે આગળના બે-ચાર ટહુકા નિષ્ફળ ગયા હશે તેથી ડૉક્ટર નલિન વ્યાસે પ્રોફેસર કમલા વ્યાસના નામનો સુદીર્ઘ લહેકો કર્યો.''

લેક્ચરર પતિ અને પ્રોફેસર પત્ની આ જ લિહાજમાં વાતો કરતાં; જાણે કોલેજના કોમન-રૂમમાં શિક્ષણના કોઈ વિષયની ચર્ચા થતી હોય. એક પ્યાલો ચા પીવી હોય તો 'ચા બનાવને' એમ કહેવાને બદલે ચાથી મળતી તાજગી વિશે પ્રલંબ પ્રસ્તાવના બંધાતી. જળમાં રહે તે જળચર ને 'ટી'(ચા) પર રહે તે ટીચર.

લગ્નજીવનની શરૂઆતમાં ગમ્મત ખાતર અપનાવેલી શૈલી એમની વચ્ચે ટેવ બનીને ટકી ગઈ હતી.

એમના સહકાર્યકરોમાં પણ લાંબું પિષ્ટપેષણ કરવાની ટેવ થોડે ઘણે અંશે હતી જ પણ નલિન અને કમલાના પ્રલંબ વાર્તાલાપો અને રસભરી ચર્ચાઓને મુકાબલે એ ટેવ ખાસ નોંધપાત્ર લાગે નહિ તેથી આ દંપતીની ચર્ચા કર્યા કરવાની ટેવને 'એક્સ્ટ્રા પિરિયડ'નું લેબલ મળ્યું હતું.

આ એક્સ્ટ્રા પિરિયડ અત્યારેય ચાલત. શરૂઆત થઈ ચૂકી હતી; એવામાં ફોનની ઘંટડી રણકી.

ભીની હથેળી ખભે પથરાવેલા ટુવાલ પર લૂછી કમલાએ રિસીવર ઊંચક્યું.

ફોન એકના એક પુત્રે વૉશિંગ્ટનથી કર્યો હતો.

કમલાએ વાતો કરી... સાંભળી... પછી ફોન નલિનના હાથમાં આપ્યો.

દંપતીને વાતનો વિષય મળ્યો.

દીકરો મોન્ટુ... નામ તો હતું અનિકેત પણ લાડનું નામ ત્રીસ વરસ થઈ ગયાં હતાં અને છતાંય બદલાયું ન હતું. એની પત્ની કેતકી પણ એને મોન્ટુ જ કહેતી હતી.

મોન્ટુએ વિચાર વહેતો કર્યો હતો.

અમેરિકાને અલવિદા કરી એ ઇન્ડિયા પાછો આવવા... ફોર ગુડ... હંમેશને માટે પાછો આવવા પ્લાન કરતો હતો. એણે મમ્મીને કહેલું, ''ડિફિકલ્ટ નથી. હન્ડ્રેડ એન્ડ નાઈન્ટી થાઉઝન્ડ... એક લાખ નેવું હજાર ડૉલરની બચત પાંત્રીસના ભાવે કન્વર્ટ કરે તોપણ ઇન્ડિયામાં એ મોટી રકમ હતી. વન કેન લીવ કમ્ફર્ટેબ્લી. મમ્મી આપણે બધાં એશ-આરામથી રહી શકીએ.'

પછી પપ્પાને એણે કહેલું, 'વેલ ડેડ, આઈ એમ પ્લાનિંગ રિટાયરમેન્ટ.''

ફોન ચાલુ હતો ત્યારે જ નલિને એક લાખ નેવું હજાર ડૉલરના આંકડાને પાંત્રીસથી ગુણી લીધા હતા.

સાડી છાસઠ લાખ લઈને દીકરો દેશમાં પાછો આવે તો વટ પડી જાય. પૈસાનો પાવર જ કૈંક ઓર છે. અર્થશાસ્ત્રનાં પ્રાથમિક પુસ્તકોમાંનું પેલું વાક્ય એને યાદ આવી ગયું. મની ઈઝ પાવર. મની ઈઝ વોટ મની ડઝ. પૈસા ભલે દીકરાના હોય છતાં છાસઠ લાખ પચાસ હજાર બોલતાં એની છાતી ખાસ્સી ચાર ઇંચ ફૂલી.

'દીકરો ગાડીમાં ફરે હોં ! છાસઠ લાખની રકમ વજનદાર ગણાય.'

ઇન્ડિયન રોડ પર ફેરવવા મોન્ટુ કઈ ગાડી લે એ વિશે રસપ્રદ અટકળો ચાલી. અંતે પતિ-પત્ની વચ્ચે હરખભેર સંમતિ સધાઈ.

'કાર તો જોઈએ જ. બીજાઓ માટે ભારતમાં એ લક્ઝરી હશે પણ મોન્ટુ માટે તો જિંદગીની પ્રાથમિક જરૂરિયાત હતી.'

નલિને કહ્યું... ''આ ઘર પણ નાનું પડે.''

''એમ તો રાજમહેલ પણ નાનો પડે.'' કમલાએ કહ્યું.

નલિન સમજી ગયો. આ સાદું વાક્ય ન હતું. કમલાની કેતકી તરફની ચીડ છતી થતી હતી. પરણીને આવી તે જ દિવસથી કેતકીનાં વલણ અને વર્તન કમલાને ખૂંચ્યાં હતાં.



ઘર પરિવારનાં સ્વજનોથી ભરેલું હતું. રસોઈ કરનાર બાઈ રાખેલી હતી. કોઈને કંઈ જ કામ કરવું પડવાનું ન હતું. ઉલ્લાસપૂર્વક કેતકીએ બધાંની સાથે હસી-બોલીને વાત કરવી તો જરૂરી હતું ને ! પણ કેતકીએ બેડરૂમનું બારણું બંધ કરી દીધું હતું. પાંચ-સાત મિનિટના ગાળા પછી મોટે ઘાંટે એણે મોન્ટુનેય બોલાવી લીધેલો.

બપોરે જમવાના સમયે મોન્ટુ કે કેતકી દેખાયાં નહિ. કમલાએ બેડરૂમના દરવાજે ટકોરા માર્યા પણ કંઈ જ જવાબ નહિ. સહેજ હડસેલો મારતાં બારણું ખૂલી ગયું પણ રૂમમાં કોઈ જ ન હતું. સૌને આશ્ચર્ય થયેલું કે વરઘોડિયું ગયું ક્યાં ? અને તેય કોઈને કશી જ ખબર આપ્યા વિના !

મોન્ટુ પડોશમાં જવું હોય તોય જણાવીને જ જતો. એ આજે કોઈનેય જણાવ્યા વિના ક્યાં ગયો ? મંદિરે માતાજીનાં દર્શને તો નહિ ગયો હોય ? દર્શન કરવા

જવું હોય તો ચૂપચાપ ચાલ્યા જવાની ક્યાં જરૂર હતી ?

મહેમાનોની હાજરીમાં કમલા ગમ ખાઈ ગઈ પણ એના મનમાં કેતકીના બેજવાબદારીપણાની ગાંઠ વળી ગઈ.

કમલાને કડપ દાખવતી સાસુ બનવું ન હતું. પુત્રવધૂ સાથે સખ્ય સાધવું હતું. દીકરી બનાવીને વહાલ વરસાવવું હતું. પણ કેતકીના વલણની રુક્ષતા આડે આવી પ્રસંગો સામાન્ય અને નજીવા હતા છતાં એનો ઓથાર ગંભીર હતો.

દાખલા તરીકે કેતકી માટે કમલા આઈસ્ક્રીમ લાવેલી. મમ્મી હમણાં નથી ખાવો એમ કહીને એણે એ રાખી મૂકેલો.

કેતકીનો કોઈ દોસ્ત મળવા આવ્યો એને એણે પેલો ફ્રિજમાં રાખેલો આઈસ્ક્રીમ ખવડાવી દીધો. આ ઘટનામાં કોઈ વાંધો ઊઠાવવા જેવો મુદ્દો હતો ખરો ? છતાં કમલાને કેતકી પ્રત્યે અણગમો થઈ ગયો. આ છોકરી લાગણીની વાત જ સમજતી નથી. એને લાગવા માંડ્યું પોતાના પિયરિયાં આવે તો કેતકી ખીલી ઊઠતી. કૉલેજના દોસ્તો આવ્યા હોય ત્યારે એનો ઉત્સાહ માતો ન હતો. એ સિવાયની પળોમાં કેતકીનું વર્તન ઠંડું રહેતું.

મોન્ટુ પાછો આવે તો સાથે રહે એવું માનવાનું ચોક્કસ કારણ ન હતું. દીકરો પોતાનો હતો પણ વહુ ? વહુ ક્યાં મોન્ટુનાં માબાપ સાથે એક રસ થઈ હતી ? અમેરિકાથી એ જ્યારે આવેલી ત્યારે વધુમાં વધુ દિવસો એ પોતાનાં મા-બાપ સાથે પથરાયેલી રહેતી. એકલી જાય તો જાણે સમજ્યાં પણ સાથે મોન્ટુનેય લઈ જતી. ઘણી વાર તો કમલાને લાગતું કે મોન્ટુ ઇન્ડિયા આવે ત્યારે કેતકીનાં મા-બાપ સાથે જ રહેવા આવતો હતો. એ આવશે એ સાથેના વિચારોનો તલસાટ તૃપ્તિ સુધી નો'તો પહોંચતો. કમલાને દરેક વખતે એક ખટકો રહી જતો. બે માસ્તરો (દુભાયેલી હોય ત્યારે કમલા પ્રોફેસરને માસ્તરગીરી ગણાવતી)ના પગારમાં મોન્ટુને હાયર સેકન્ડરી પછી અમેરિકા ભણવા મોકલ્યો. પોતે અનેક અગવડો વેઠી દીકરાને ડૉક્ટરેટ સુધી પહોંચાડ્યો હતો. એ છોકરો પોતાનાં વ્યવહાર-વર્તનનાં ત્રાજવામાં પોતાનાં દૂર દૂરની સગાઈના સાળાઓ, સાઢુઓ અને સાસુ-સસરાને નમતું જોખે છે એવું જણાય ત્યારે નલિન કમલાની જેમ બબડી ન નાખે તોય એને અપમાન તો લાગે જ. વ્યક્ત નહિ કરેલા અને ગણીગણીને ગાંઠે બાંધેલા અનુભવો આક્રોશ બનીને ભભૂકે નહિ તે માટે નલિનને ખૂબ કાળજી રાખવી પડતી.

ગયે વખતે મોન્ટુ અને કેતકી ફક્ત ચાર અઠવાડિયાં માટે ઇન્ડિયા આવેલાં. ત્યારે કૉલેજમાં પરીક્ષાઓ ને સુપરવિઝનની સીઝન ચાલતી હતી. એ જાણ્યા પછી કેતકીએ વિવેક કરેલો, ''મમ્મી-પપ્પા તમે રજા લઈ લો. આ વખતે અમે ગોવા, મહાબળેશ્વર અને બૅંગ્લોર જવાનાં છીએ.'' બસ ત્યાર પછી એ વિશે કશી વાત નહિ.

એમના પ્રવાસમાં કેતકીનાં માબાપ જોડાયેલાં. પાછાં આવ્યાં ત્યારે એમને અમેરિકા જવાના ફક્ત ચાર દિવસ રહેલા તેમાં પૂરા ત્રણ દિવસ મોન્ટુ એની સાસરીમાં ભરાઈ રહેલો. છેલ્લે દિવસે પેકિંગ કરતી વખતે બેગમાંથી કાજુનાં બે પેકેટ નીકળ્યાં. એ પેકેટ મોન્ટુએ કમલાને આપતાં કહેલું, ''મમ્મી ! ગોવાથી કાજુ લીધેલા તે બહાર કાઢવાના જ રહી ગયેલા. પાંચસો ગ્રામનું પેકેટ બતાવી એણે કહ્યું, - આ તમે રાખજો ને બીજું પેકેટ કેતકીના પપ્પાને આપજો. કેતકીના પપ્પા માટે ફાળવેલું પેકેટ કિલોનું હતું.

નલિનને ખબર પડી ત્યારે એ ગુસ્સે થઈ ગયો.

મોન્ટુ બહારથી આવ્યો ત્યારે એણે કમ્પાઉન્ડના દરવાજા પાસે કાજુ વેરાએલા જોયા. એણે પૂછ્યું, 'મમ્મી, આમ કેવી રીતે થયું ?'

નલિને જ જવાબ આપ્યો, ''મેં ફેંકી દીધું. એક વાત સમજી લે. તું કશુંય લાવ્યો હોય એમાં તારી મા અથવા બાપ માટેનાં પેકેટ, બીજાનાં પેકેટ કરતાં ઓછામાં ઓછાં એક ગ્રામ વધારે વજનનાં હોવા જોઈએ.

અરે ! ખિસ્સાના રૂમાલ લીધા હોય તો મારા માટેનો રૂમાલ એક દોરાવાર મોટો હોવો જોઈએ; તારી બુલંદી પાછળ અમારાં સ્વપ્નોનું વાવેતર છે. એ લોકો તો તૈયાર માલ પર ટપકી પડ્યાં છે.''

પણ આ જ વાત કેતકી અને મોન્ટુના ગયા પછી કમલાએ કરી ત્યારે નલિને એને સમજાવવાનો પ્રયત્ન કરેલો :

''આપણો છોકરો આપણે ત્યાં જન્મ્યો. મોટો થાય ત્યાં સુધીમાં આપણા વર્તનમાંથી એણે કેટલાય વાંધાવિરોધ સુષુપ્ત મનમાં સંઘરી રાખ્યા હોય. જ્યારે એ સાસરીમાં જાય ત્યાં મોન્ટુભાઈ અને મોન્ટુલાલ મોન્ટુલાલ થાય. બધે જ માનમરતબાનો વરસાદ વરસે. સાળાઓ આઈસ્ક્રીમ પાર્લર પર લઈ જાય ને સાઢુઓ પાંઉભાજી ખાવા નોતરે. ધીમે ધીમે એ પલ્લું ભારે થતું જાય. આ એક યુનિવર્સલ ફિનોમિના છે.''

પછી તો બધુંય ભુલાઈ ગયું.

દીકરો અને વહુ અમેરિકામાં છે – વૉશિંગ્ટનમાં એ વાત સ્ટાફ-રૂમમાં વટ મારવા પૂરતી ઉપયોગી રહી ગઈ.

કોઈ પૂછે – દીકરાના ને વહુના શા સમાચાર છે તો નલિન જ જવાબ આપતો... ''પરમ દિવસે ફોન આવેલો. મઝામાં છે.'' એ ફોન કેતકીના બાપ પર આવેલો ને ત્યાંથી સમાચાર મળેલા એવું કહેવાનું એ ટાળતો.

સમાચારનો 'સોર્સ' ગમે તે હોય. એ મઝામાં છે એટલે બસ.

★★★

મોન્ટુ ઇન્ડિયા પાછો આવી જવા માગે છે એ સમાચારથી ખુશ થવું કે નાખુશ થવું એ નલિન કે કમલા કોઈ નક્કી ન કરી શક્યાં. આમ ગણો તો સમાચાર સારા જ હતા ને ! પોતાનો દીકરો નજર સામે રહે એ કેટલી ખુશનસીબીની વાત હતી ! વળી આ તો પેલી બાળવાર્તાના પોપટ જેવો દીકરો ! પરદેશમાં કમાણી કરી આવેલો. પાંખ ખંખેરે એટલે ડૉલરમાંથી રૂપાંતર પામેલા રૂપિયાનો વરસાદ. ચકચકાટ મોટરમાંથી ઊતરી સેલ્સ ઇન્ડિયાના ભોંયરામાં જઈ થ્રી-ડોર ફ્રિજ ગમ્યું... મોકલી આપો. કૂકિંગ રેન્જ ગમી. શી કિંમત છે ? કિંમત નહિ જોવાની. ગમે એટલે કહી દેવાનું 'મોકલી દો' અને આ ટૅબલ-લૅમ્પ ? ઘરમાં ત્રણ ટૅબલ-લૅમ્પ છે... એ જૂના થઈ ગયા... ફેંકી દો અથવા કોઈને આપી દો. હેવ ધી હાઉસ કમ્પ્લીટલી રિનૉવેટેડ. જૂની ચીજોને વળગી નહિ રહેવાનું. આપણી સામે એક જ જિંદગી છે. એને માણી લેવાની. વસ્તુ લાવીને એક વાર વાપરીએ એટલે એની કિંમત વસૂલ. ત્યાર પછી વસ્તુઓ આપણી કાળજીને કારણે ટકે એ બધો કન્ઝ્યુમર્સ સરપ્લસ. અમેરિકામાં તો જૂની ચીજો ગાર્બેજમાં જાય કે પછી ગારાજ-સેલમાં મૂકી દેવાય. નો-બડી બોધર્સ ફોર રિપેર ઓર રિસાઈક્લિંગ. ધેટ્સ ધી જોબ ફોર પુઅર નૅશન્સ. ધી રિચ ગો ફોર ન્યુ થિંગ્ઝ વિથ ઈમ્પ્રુવ્ડ ટૅક્નોલૉજી. નલિનની કલ્પનામાં મોન્ટુના વિચારોના પડઘા પડવા માંડ્યાં. મારો બેટ્ટો ! 'મા-બાપ સિવાય બીજું બધું બદલી નાખવાની વાત કરતો. કમલાનેય મોન્ટુ સાથે રહેશે એ ખયાલ પર રચાયેલી કલ્પનાની ઇમારત દમામદાર લાગતી છતાં મોન્ટુની બૈરી કેતકીનો વિચાર કરતાં એને સહેજ અસુખ થઈ આવતું. દીકરો તો લાગણીશીલ હતો. ડિસિપ્લિન્ડ હતો, પણ એની વહુ જાણે દીકરાને ગળે પટ્ટો બાંધીને, પાળેલા કૂતરાને લઈને વિહરતી હોય તેમ વર્તતી. કમલાને આ નહોતું ગમતું. ભૂતકાળમાં બનેલી નાની-મોટી ઘટનાઓની યાદના ઉઝરડા એને અસ્વસ્થ બનાવી મૂકતા. એને ખાતરી થઈ ગઈ હતી કે મોન્ટુને પણ હવે કેતકીના પડ્યા બોલ ઊઠાવી લેવાની આદત પડી ગઈ હતી એટલું જ નહિ, આનંદ પણ આવતો'તો. આનંદ આવે ત્યાં સુધી ઠીક, એમાં એને સાર્થકતા લાગતી હતી.

પરણેલાં સંતાનોનાં પોતાના 'સ્પાઉઝ' પ્રત્યેનાં વલણોની ચર્ચા જામતી ત્યારે ઍકેડેમિક આદત પ્રમાણે લાં... બી વાતો થતી ત્યારે નલિન કમલાને પૂછતો,

''હું તારા કહ્યામાં નથી રહેતો ?'' તો કમલા કહેતી - ''ધેટ્સ એ ડિફરન્ટ થિંગ. કેતકી વધારે પડતી પઝેસિવ છે.'' નલિનને કેતકી પઝેસિવ લાગતી એના કરતાં મોન્ટુ વધારે ઝૂકી જતો લાગતો. પતિ કહ્યાગરો હોય એ એની સજ્જનતા ગણાય પણ દીકરો વહુના કહ્યામાં રહે એ બાયલાપણામાં ખપાવી દેવાય.

ચર્ચાઓ રોજની થઈ પડી હતી. પણ એક દિવસ કમલાએ વિચાર વહેતો મૂક્યો. ટુ બેડરૂમ્સ આર નોટ ઈનફ. પહેલો માળ ચણાવવો જ જોઈએ. કમલાને વિચાર આવ્યો પછી હા-નાનો સવાલ ક્યાં હતો ? રવિવારે સવારે આર્કિટેક્ટ આવ્યો ને ઉપર બે બેડરૂમ બનાવવાના નકશા બનાવવાનું નક્કી કરવામાં આવ્યું.

મોન્ટુ આવે તે પહેલાં બાંધકામ, રંગરોગાન બધું જ પતી જવું જોઈએ.

નલિન અને કમલાએ નક્કી કર્યું. ધિસ ઈઝ એ સિક્રેટ, મોન્ટુને જણાવવાનું નહિ. ઈટ વિલ બી એ



સરપ્રાઈઝ ફોર ધેમ. એ પ્લેઝન્ટ સરપ્રાઈઝ, ગિફ્ટ ફોર ધી હોમ-કમિંગ બર્ડ, પણ થોડી વાર પછી એમને સવાલ ઊઠ્યો. વેવાઈ ગામમાં જ હતાં. એ જાણે તો એની દીકરી અને જમાઈને જણાવ્યા વિના રહે ? વેવાઈ વગર બોલાવ્યે આવતા નહિ. એમની એ ટેવ કામમાં લેવાની. કન્સ્ટ્રક્શનનું કામકાજ ચાલે એ વખતમાં વેવાઈને નોતરું દેવાનું નહિ.

આર્કિટેક્ટ સાથે વાત કર્યે દસ દિવસ થઈ ગયા છતાં એનો પત્તો ન હતો. કોઈ અજાણ્યા ધંધાદારીને પકડ્યો હોત તો જુદી વાત હતી. આ ધવલ પંડિત તો મોન્ટુનો મિત્ર હતો. ખાસ મિત્ર.

રાહ જોઈને કંટાળ્યા પછી કમલાએ ધવલને ફોન કર્યો. અરે ભૈ ! શરૂઆતથી જ ઢીલ કરે છે તો પછી ધાર્યું કામ ક્યારે પૂરું થશે ?

કમલાએ નલિનને વાત કરી. આ છોકરો ખરો છે. કહે છે આન્ટી અનિવાર્ય ન હોય તો બીજા બે બેડરૂમ બંધાવવાની કંઈ જ ઉતાવળ ન કરશો. મોટું ઘર એ દુ:ખનું કારણ બની જતું હોય છે. એને કેમ સમજાતું નથી કે ઉપર બે બેડરૂમ આપણે મોન્ટુ માટે બંધાવવાના છે, કોઈ આલતુ-ફાલતુ મહેમાનો માટે નહિ. ધવલ સમજાવે છે કે મકાનનું એક્સટેન્શન કરાવવાથી મ્યુનિસિપલ ટેક્સ વધી જશે. વધે વધવાનો હોય તો ! સરકાર એના ભાગનું લઈ જશે. મેઈન્ટેનન્સનો ખર્ચ વધશે. ટેક્સ વધશે આવી બધી ગણતરી કરાતી હશે પોતાના સંતાનની સુખાકારી સાધવાની હોય એવે વખતે ? ખર્ચના હિસાબ કરીને આવાં નાનાંમોટાં આયોજન કરવાં પડે એવી સ્થિતિ ક્યાં હતી ? ખૂટવાનું નથી; ને ખૂટશે તો મોન્ટુ ક્યાં નથી ? ડૉલરનો દલ્લો લઈને આવવાનો છે. એના દરજ્જા પ્રમાણેનું ઘર જોઈએ કે નહિ ?

કમલાની વાત સાંભળીને નલિનને ધવલ પર ગુસ્સો આવ્યો. એનું કામ આપણી યોજના પ્રમાણે પ્લાન બનાવીને સરકારી વિધિઓ પતાવી કામ ચાલુ કરાવવાનું છે. આપણને આવી સલાહ આપવાની

શી જરૂર છે ? મોન્ટુનો દોસ્ત છે એટલે આપણે એને દીકરાની જેમ ગણીને માન આપીએ છીએ તો પોતાની મર્યાદામાં રહીને આપણું કામ સગવડભર્યું બનાવવાને બદલે એ આપણો વડીલ બનીને આપણને સલાહ આપવા બેસે છે.

નલિનને ગુસ્સો ચઢ્યો અને થોડી વાર પછી ઊતરી ગયો. એને લાગ્યું ધવલને ઘણાં કામ હશે. મોટાં મોટાં અને ખાસ્સી જવાબદારીવાળાં કામ હશે. એને એવુંય લાગતું હોય કે મારું કામ ફી લીધા વગર કરી આપવું પડશે.

પછી તો ધવલને ઘેર જુદા જુદા સમયે ફોન જોડ્યા. કશો જ પ્રતિભાવ નહિ. બે મહિના વીતી ગયા ધવલનો મેળાપ જ થતો ન હતો. સદ્‌ભાગ્યે ધવલની પત્ની એક વાર હાથમાં આવી ગઈ. એણે જણાવ્યું કે છેલ્લા ત્રણ મહિનાથી ધવલનું ઘેર આવવાનું કે જમવાનું કઈ જ ઠેકાણું ન હતું. કન્સ્ટ્રક્શનની સાઈટ પર જ એ સમય ગાળતો હતો. કોઈ ખાસ મિત્રનું અરજન્ટ કામ હાથમાં લીધું હતું.

નલિનને તો પૂછવાનુંય ન સૂઝત પણ કમલાએ ધવલ ક્યાં મળી શકે એ જગાઓનું લાંબું લિસ્ટ બનાવ્યું. જ્યાં જ્યાં ધવલનાં કામ ચાલતાં હતાં તે સાઈટ પર નલિને આંટા માર્યા. છેવટે ધવલ ગાંધીનગર હાઈવે પર નવા બંધાતા બંગલાઓની સાઈટ પર મળી ગયો; ત્યારેય એ તો કારણ વગર મકાનનું એક્સટેન્શન ન કરવાની સલાહને જ વળગી રહ્યો.

નલિનને એક રીતે ધવલની સલાહ ઠીક લાગી પણ મોન્ટુ અને એની વહુ ઇન્ડિયા આવે ત્યારે એમને રહેવા માટેની સગવડ પૂરી પાડવાની ધૂન સવાર થઈ હતી. તેથી એ સલાહને માન આપી મોન્ટુ આવશે ત્યારે જોયું જશે એવો નિર્ણય લઈ શકાયો નહિ. ધવલને બદલે બીજા કોઈને કામ સોંપવું પડશે એમ વિચારી નલિન છૂટ્ટો પડ્યો. ત્યાર પછી કમલા અને નલિને પહેલે માળે બે બેડરૂમ બાંધવાની વાત કરવાનુંય બંધ કર્યું. એ બંનેને મનોમન લાગ્યા કરતું હતું કે ધારણા પ્રમાણે કોઈ જ કામ થતું ન હતું. મોન્ટુની મોટર અને ઐશ્વર્યભરી રહેણીકરણીની કલ્પના સવાર થઈ ગઈ. ગમગીનીનો ઓથાર અનુભવાતો હતો. કારણ કળાતું ન હતું.

થોડા થોડા દિવસે અમેરિકાથી મોન્ટુના ફોન આવ્યા કરતા. નલિન અને કમલા મોન્ટુ આવે ત્યારે આ નાના ઘરમાં કેવી રીતે રહેશે, એમને અગવડ પડશે એવી ચિંતા કરતાં હતાં.

એક સાંજે ધવલ નલિન અંકલ અને કમલા આન્ટીને મળવા આવ્યો. ધવલની બેદરકારીને કારણે બંગલાના એક્સટેન્શનનું કામ શરૂ ન કરાયું એ વાતે કમલાએ ખૂબ મર્યાદાપૂર્વક બળાપો કાઢ્યો. નલિને પ્રેમપૂર્વક દુ:ખ વ્યક્ત કર્યું.

''તને દીકરાની જેમ ગણ્યો અને તને કામ સોંપ્યું...''

નલિનની વાત વચ્ચેથી જ કાપી ધવલે કહ્યું, ''કાકા... તમારા દીકરા તરીકે જ વિચારીને વર્ત્યો છું. તમને ખોટો ખર્ચ કરતાં રોકવાની મારી ફરજ મેં બજાવી છે. સવાલ કેવળ ખર્ચનો જ હોત તો મેં રાત-દિવસ કામ કરાવીને તમારી યોજના પ્રમાણે પહેલે માળે બે બેડરૂમ બનાવડાવી દીધા હોત ને હજીય કંઈ બગડતું નથી. કાલે રવિવાર છે. તમે અને આન્ટી બંને ફ્રી હો તો સવારે દસ વાગે મારે તમને બંનેને એક જગાએ લઈ જવા છે. ત્યાર પછી તમે કહેશો તેમ કરીશું.''

''તું અમને ક્યાંય લઈ જાય તેથી શો ફરક પડે છે? મોન્ટુ અને કેતકીને માટે થોડીક સગવડ કરી દેવાની વાત ખોરંભે પડી. એ ઘટના કેવી રીતે નિવારી શકાય ?''

''કાકા, આ વાત આપણે કાલે નવેસરથી વિચારીશું, અત્યારે હું ઊઠું છું.'' કહી ધવલે વિદાય લીધી.

બીજે દિવસે ધવલ આવ્યો અને નલિન અને કમલાને ગાંધીનગર હાઈવે પર બંધાતી નવી વસાહત પર લઈ ગયો. બે જોડિયા બંગલાના ગેટ પાસે એણે કાર

ઊભી રાખી.

ગાડીમાંથી ઊતરતાં નલિને નોંધ્યું કે બંને બંગલાનાં પ્રવેશદ્વાર અલગ હોવા છતાં એની એક દીવાલ સહિયારી હતી. બંને બંગલામાં આસપાસ એક કમ્પાઉન્ડ વૉલ હતી ને પ્રવેશદ્વાર પણ એક જ હતું.

ધવલે એ બંનેને એ બંગલાની અંદર ફેરવ્યાં. ડ્રોઈંગરૂમ મોટો હતો ને ત્રણેય બેડરૂમ પણ ખાસ્સા મોટા હતા. બેય બંગલાની સહિયારી દીવાલમાં બંને ડ્રોઈંગરૂમ વચ્ચે એક પ્રવેશદ્વાર હતું.

કમલાને લાગ્યું આટલાં મોટાં બે મકાનો બતાવીને ધવલ શું કહેવા માગતો હશે ? એણે મનોમન નક્કી કર્યું. પોતાના હાલના મકાનનું એક્સટેન્શન કરશે તો આ જાતની મોટી બેડરૂમો રખાવશે. બારીઓ લો-લેવલે મુકાવશે જેથી બેડ પર પવન આવે... પવનથી જ પંખા ફરે... પંખાથી પવન નહિ.

નલિને તો બંને મકાનોની મોકળાશ અને સગવડોને ખૂબ વખાણી... ધવલ આપણે ઉપર બાંધીએ તો ડિઝાઈન પ્રમાણે...

ધવલ વચ્ચે બોલી ઊઠ્યો.

''કાકા, તમારે મકાન બાંધવાની જરૂર જ નથી. તમે જેને માટે મકાન બાંધવાની યોજના કરતા હતા તેનું જ આ મકાન છે.''

''અને આ બાજુનું કોનું છે ?'' કમલાએ પૂછ્યું.

''એ છે તમારા વેવાઈનું. કેતકીનાં માબાપનું.''

આ સમાચારથી બંને અવાક્ બની ગયાં.

ધવલ બોલ્યે જતો હતો... ''કાકા, આ તમારે માટે સરપ્રાઈઝ હતી. તમારા દીકરાએ મને આ વાતની તમને ખબર જ ન પડે એવી સાવચેતી રાખવા સૂચના આપેલી, પણ એ લોકો માટે તમારી માળ બંધાવવાની રઢને લીધે મેં તમને પેટછૂટી વાત કરી દીધી.''

કમલા તો જાણે કંઈ જ સાંભળતી ન હતી.

એને કળ વળી ત્યારે એણે નલિનને પૂછ્યું ''મોન્ટુની આપણને સરપ્રાઈઝ આપવાની વાત તને ગમી?''

''ગમવા ન ગમવાની આપણને તક જ ક્યાં મળી છે? એ જેટલો આપણો દીકરો છે, એથી વધારે એ કેતકીનો વર છે ને એથીય વધારે આપણા વેવાઈનો જમાઈ છે. વાત ત્યાં જ પતી જાય છે. હવે મામલો આપણા હાથમાં રહ્યો નથી... આપણે તો હવે બાકીની જિંદગી એ આપ્યા કરે એ સરપ્રાઈઝ સ્વીકાર્યા કરવાની.''

સ્વાધ્યાય

૧. વાર્તાના આધારે લખો.

(અ) દંપતીની ચર્ચા કરવાની ટેવને મળેલું લેબલ -

(આ) મોન્ટુ સાસુ-સસરા સાથે ફરવા ગયો -

(ઇ) માતા-પિતા માટે લાવેલા કાજુનું વજન -

(ઈ) સાસુ-સસરા માટે લાવેલા કાજુનું વજન -

૨. આકૃતિ બંધ પૂર્ણ કરો.



૩. 'સરપ્રાઈઝ' શીર્ષકની યથાર્થતા વર્ણવો.

૪. 'સાસુ વહુના સંબંધો - માન્યતા, ભ્રમણા વાસ્તવિકતા' તમારા શબ્દોમાં લખો.

૫. 'આજના માતા-પિતાને મળતી સરપ્રાઈઝ - લગ્ન બાદ પુત્રનું બદલાયેલું વર્તન' અંગે તમારા વિચારો જણાવો.

૪. બૅન્ક બૅલેન્સ

ધર્મેન્દ્રસિંહ રાઠોડ

કટારલેખક અને વાર્તાકાર ધર્મેન્દ્રસિંહ રાઠોડનો જન્મ ૧૯-૪-૫૪ના રોજ મધ્યપ્રદેશના સેમલીયામાં થયો હતો. તેમના 'વર્તુળ બહારની લાગણી' અને 'ધબકાર' વાર્તાસંગ્રહો તથા 'કુંપળ લીલીછમ' જેવા લઘુકથાસંગ્રહ પ્રકાશિત થયા છે. વિવિધ સામયિકો અને વર્તમાનપત્રોમાં તેઓ કટાર લખે છે.

ત્રીજા માળે આવેલ અમારા ફ્લૅટનાં પગથિયાં દરરોજ ઊતરવાં અને ચડવાનો મારો રોજનો ક્રમ હતો. પરંતુ આજે સાંજે પગથિયાં ચડી ઘરમાં દાખલ થયો અને શ્વાસ ચડ્યો. મારા શ્વાસોચ્છ્વાસની ગતિ જોઈ પુત્રવધૂએ પાણીનો ગ્લાસ ટેબલ પર મૂક્યો અને મારી પીઠ પર હાથ ફેરવવા લાગી. તેનો હાથ ફરતો રહ્યો. થોડી વારે હું સ્વસ્થ થયો.

''પપ્પાજી, હવે કેમ છે ?'' તેણે પૂછ્યું.

''સારું છે, આ પગથિયાં જરા ઝડપથી ચડ્યો એટલે... અને બેટા, હવે છાસઠ થયાં. ક્યારેક થાય આવું. ચિંતા નહીં કરવાની.'' મેં સહજભાવે કહ્યું.

કમલ ઘેર આવ્યો ત્યારે ફૅમિલી ડૉક્ટરને સાથે લઈને આવ્યો હતો. ડૉક્ટરે મારું બી.પી.વગેરે તપાસ્યું. બધું જ નોર્મલ હતું. હતી તો માત્ર સંતાનોની મારા તરફની ચિંતા.

સવારે મૉર્નિંગ વૉકમાં અને સાંજે ગાંધી પાર્કમાં જૂના મિત્રોને મળ્યા વગર મને ચાલતું નહીં. આ બંને મેળાપ મારું 'ટૉનિક' હતું ! કમલ એ જાણતો હતો. મારા આશ્ચર્ય વચ્ચે પંદરેક દિવસ પછી રવિવારની સવારે એક ટ્રક અમારા ફ્લૅટની નીચે આવીને ઊભો હતો.

''નજીકમાં સરકારી ક્વાર્ટર છે. ત્યાં ગ્રાઉન્ડ ફ્લોર પર આપણે રહેવા જવાનું છે.'' કમલે કહ્યું.



''પણ... ત્યાં તારા પગારમાંથી મોટું ઘરભાડું કપાશે અને આ ફ્લૅટના હપ્તા પણ ચૂકવવાના. મને પૂછવું તો હતું !''

''પપ્પાજી, કેટલાક નિર્ણય લેવાનો અધિકાર હવે અમને પણ આપો.'' પુત્રવધૂએ હસીને કહ્યું. બપોરના એક વાગ્યા સુધીમાં નવા ઘરમાં સામાન પણ ગોઠવાઈ ગયો. કમલ બધા માટે સારી હોટલમાંથી જમવાનું લઈ આવ્યો હતો. જમીને બે-અઢી વાગ્યે કમલ અને પુત્રવધૂ તેમના રૂમમાં જઈ ઊંઘી ગયાં. પાંચ વર્ષના લાલાને મારા પડખામાં સૂવાની આદત હતી. થોડી વારે એ પણ ઊંઘી ગયો અને હું વિચારતો રહ્યો...

આઠેક વર્ષ પહેલાં સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયો ત્યારે વીસેક લાખ રૂપિયા આવ્યા હતા. કેટકેટલી સલાહ મળેલ 'જો જો હો... લાગણીમાં આવી બાળકો પાછળ ખર્ચી નાખતા નહીં. આ મરણમૂડી કહેવાય. ખાતામાં પૈસા પડ્યા હોય તો વૃદ્ધવસ્થામાં બીમારી સામે લડી શકાય. સારી હૉસ્પિટલમાં સારવાર લઈ શકાય. પૈસા હોય તો બાળકો પણ સારસંભાળ લેવામાં કાળજી લે.' વગેરે ઢગલો સલાહસૂચનો મિત્રો અને સંબંધીઓ દ્વારા મળ્યાં હતાં, પરંતુ હું મારા સ્વભાવ પ્રમાણે જ ચાલ્યો. પુત્રને ફ્લૅટ ખરીદવા મોટી રકમ આપી અને નિવૃત્તિ પછી અન્ય કેટલાક વ્યાવહારિક ખર્ચાઓ પણ આવ્યા. પરિણામે બૅન્ક બૅલેન્સ્નું તળિયું દેખાયું.

આજે આ ઉંમરે બૅન્ક બૅલેન્સ્ લગભગ નહિવત્. પરંતુ સામે પક્ષે જે કાંઈ હતું એ સો ટચના સોના જેવું હતું. લાગણીઓથી લચપચ હતું.

સ્વાધ્યાય

૧. **વાર્તાના આધારે લખો.**

(૧) પપ્પાજીનો રોજનો ક્રમ -

(૨) પગથિયાંનો પ્રશ્ન ઉકેલવા કમલે કરેલી વ્યવસ્થા -

(૩) બૅન્ક બૅલેન્સનું તળિયું દેખાવાનું કારણ -

(૪) નિવૃત્તિ સમયે લોકોએ આપેલી સલાહ -

૨. **આકૃતિબંધ પૂર્ણ કરો.**

(અ)



(આ)



૩. **'સાચું બૅલેન્સ તો લાગણીઓનું' - તમારો મત જણાવો.**

૪. **'બૅન્ક બૅલેન્સ' વાર્તા પરથી તમને મળતો સંદેશો લખો.**

> ચઢી આવે કદી કોઈ ભૂખ્યો, કોઈ હાંકી કાઢે છે,
> નથી કંઈ પેટ જેવું; અન્નકૂટ એને જમાડે છે. – અમૃત ઘાયલ

સાહિત્ય ઝરૂખો

★ યોગ્ય પર્યાય પસંદ કરો.

❁ અયોગ્ય ઘટક ઓળખો.

(અ) ખંડકાવ્ય (આ) સૉનેટ (ઇ) ગરબો (ઈ) નવલકથા

❁ જ્ઞાનપીઠ ઍવોર્ડ મેળવનાર પ્રથમ ગુજરાતી કોણ હતા ?

(અ) રવિશંકર મહારાજ (આ) ઉમાશંકર જોષી (ઇ) કે. કા. શાસ્ત્રી (ઈ) કાન્ત

❁ નીચેના પૈકી કયું તખલ્લુસ રામનારાયણ પાઠકનું નથી.

(અ) દ્વિરેફ (આ) જયભિખ્ખુ (ઇ) સ્વૈરવિહારી (ઈ) શેષ

❁ 'વૈષ્ણવજન તો તેને કહીએ' આ પંક્તિ કયા કવિની છે ?

(અ) નરસિંહ મહેતા (આ) અખો (ઇ) દુલા ભગત (ઈ) મીરાંબાઈ

❁ પ્રેમાનંદની કઈ કૃતિ દર ચૈત્ર માસમાં ગવાય છે ?

(અ) કુંવરબાઈનું મામેરું (આ) ઓખાહરણ (ઇ) નળાખ્યાન (ઈ) સુદામાચરિત્ર

❁ જાપાન દેશનો કયો સાહિત્યપ્રકાર ગુજરાતી સાહિત્યમાં આવ્યો છે ?

(અ) મુક્તક (આ) હાઈકુ (ઇ) સૉનેટ (ઈ) ખંડકાવ્ય

❁ વિશ્વકક્ષાએ થયેલા વાર્તાસંચયમાં 'ધૂમકેતુ'ની કઈ વાર્તાને સ્થાન મળ્યું હતું ?

(અ) બિલિપત્ર (આ) સોનેરી પંખી (ઇ) ભૈયાદાદા (ઈ) પોસ્ટ ઑફિસ

❁ પ્રથમ ગુજરાતી ટૂંકીવાર્તાનું શીર્ષક શું હતું ?

(અ) શ્રાવણી મેળો (આ) ગોવાલણી (ઇ) ત્રણ અડધું બે (ઈ) જુમો ભીસ્તી

❁ 'વિશાળે જગ વિસ્તરે નથી એક માનવી, પશુ છે, પક્ષી છે વનોની છે વનસ્પતિ'–પ્રખ્યાત પંક્તિ કયા કવિની છે ?

(અ) બાલમુકુંદ દવે (આ) ઝીણાભાઈ દેસાઈ (ઇ) હરીન્દ્ર દવે (ઈ) ઉમાશંકર જોશી

❁ કાકા કાલેલકરને કયું બિરૂદ આપવામાં આવ્યું છે ?

(અ) ગુજરાતનો નાથ (આ) સવાઈ ગુજરાતી (ઇ) ગુણવંત ગુજરાતી (ઈ) ગુજરાત પ્રહરી

❁ 'સૉનેટ' કાવ્યમાં કેટલી પંક્તિ હોય છે ?

(અ) પંદર (આ) ચૌદ (ઇ) બાર (ઈ) તેર

❁ 'હાટ ' – તળપદા શબ્દનું શિષ્ટરૂપ આપો.

(અ) બદલો (આ) બજાર (ઇ) સાથે (ઈ) હાથ

❁ 'હાજી કાસમ, તારી વીજળી રે' લોકગીતમાં વીજળી કોનું નામ છે ?

(અ) ટિકિટ (આ) આગબોટ (ઇ) માનવી (ઈ) જાન

❁ મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ-પુણેના કાર્યાલયને કયા નામે ઓળખવામાં આવે છે ?

(અ) બાલભારતી (આ) વિદ્યાભારતી (ઇ) સરસ્વતી સદન (ઈ) શિક્ષા સદન

❁ 'તીર્થોત્તમ' કાવ્યનો સાહિત્ય પ્રકાર કયો છે ?

(અ) હાઈકુ (આ) સૉનેટ (ઇ) અછાંદસ (ઈ) ભજન

❁ 'પ્રવાસ એટલે હાલતી ચાલતી વિદ્યાપીઠ' -ઉક્તિ કોની છે ?

(અ) સ્વામી આનંદ (આ) કાકાસાહેબ કાલેલકર

(ઇ) સ્વામી સચ્ચિદાનંદ (ઈ) કનૈયાલાલ મુનશી

❁ પરદેશી છોડ તરીકે ઓળખાતો સાહિત્ય પ્રકાર કયો ?

(અ) લઘુકથા (આ) નવલકથા (ઇ) ટૂંકીવાર્તા (ઈ) પ્રવાસવર્ણન

❁ ઝીણાભાઈ રતનજી દેસાઈનું તખલ્લુસ શું છે ?

(અ) ઘનશ્યામ (આ) દર્શક (ઇ) સ્નેહરશ્મિ (ઈ) શેષ

❁ 'ઈંધણા વીણવા ગઈ'તી મોરી સૈયર' ગીતના રચયિતા કોણ છે ?

(અ) રાજેન્દ્ર શાહ (આ) રમેશ પારેખ (ઇ) સુરેશ દલાલ (ઈ) ફાલ્ગુની પાઠક

❁ અમરત કાકી, મંગુ પાત્રો કઈ કૃતિના છે ?

(અ) ભારેલો અગ્નિ (આ) અમૃતા (ઇ) લોહીની સગાઈ (ઈ) કલ્પતરુ

❁ કયા ગુજરાતી સાહિત્યકારને જ્ઞાનપીઠ ઍવોર્ડ પ્રાપ્ત થયો નથી ?

(અ) નર્મદ (આ) રાજેન્દ્ર શાહ (ઇ) પન્નાલાલ પટેલ (ઈ) ઉમાશંકર જોષી

❁ 'પહેલો વરસાદ'ના કવિ કોણ છે ?

(અ) મકરંદ દવે (આ) હરીન્દ્ર દવે (ઇ) વેણીભાઈ પુરોહિત (ઈ) અવિનાશ વ્યાસ

❁ ગદ્ય દેહે વિચરતું ઊર્મિકાવ્ય એટલે ?

(અ) ટૂંકીવાર્તા (આ) પ્રવાસવર્ણન (ઇ) નવલકથા (ઈ) આત્મકથા

❁ જોડણીની દષ્ટિએ સાચો શબ્દ ઓળખો.

(અ) સ્તુતિ (આ) સ્તુતી (ઇ) સ્તૂતિ (ઈ) સ્તૂતી

❁ નીચેનામાંથી કયો સિંહનો પર્યાયવાચી શબ્દ નથી.

(અ) સાવજ (આ) વનરાજ (ઇ) કેસરી (ઈ) કપિલ

અલંકાર

અલંકાર એ ભાષાનો શણગાર છે. કથનને સુંદર સચોટ અને રસપૂર્ણ બનાવવા માટે, અલંકારો વપરાય છે. કેટલાક અલંકારોનો - અભ્યાસ આપણે ધોરણ દસમા અને અગિયારમામાં કર્યો. બીજા કેટલાક મહત્ત્વના અલંકારો નીચે મુજબ છે.

(૧) દૃષ્ટાંત અલંકાર : ઉપમેયને ઉપમાન સાથે સિદ્ધ કરવા એના જેવું જ બીજું ઉદાહરણ આપેલું હોય તેને દૃષ્ટાંત અલંકાર કહે છે. અહીં એક હકીકતને બીજા ઉદાહરણથી સ્પષ્ટ કરી છે.

દા.ત. - પીળાં પર્ણો કદી નથી થતાં કોઈ કાળે જ લીલાં
ભાંગ્યાં હૈયાં ફરી નથી થતાં કોઈ કાળે રસીલાં...

જેમ પીળાં પાન કદી ફરીથી લીલાં ન થઈ શકે તેમ ભાંગ્યા હૈયાં ફરીથી પહેલાં જેવાં રસીલાં ન બની શકે.

(૨) વ્યતિરેક અલંકાર : જ્યારે ઉપમેયને ઉપમાનથી ચડિયાતું બતાવાય છે તેને વ્યતિરેક અલંકાર કહે છે. અહીં એક વસ્તુ, પરિસ્થિતિ કે વ્યક્તિને અન્ય વસ્તુ, પરિસ્થિતિ કે વ્યક્તિથી ચડિયાતા બતાવાય છે.

દા.ત. - (૧) રાધાનું મુખ ચંદ્રથીએ સુંદર છે.
અહીં રાધાના મુખને ચંદ્ર કરતાં ચડિયાતું બતાવાયું છે.
(૨) વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ, માડીનો મેઘ બારે માસ રે...
(૩) એ તો મહાદેવથી એ મોટા છે.

(૩) અનન્વય અલંકાર : જ્યારે ઉપમેયને ઉપમેય સાથે જ સરખાવાય છે, અન્ય કોઈ ઉપમાન હોતું જ નથી તેને અનન્વય અલંકાર કહેવાય છે. એટલે કે (અર્થાત્) આપેલ ઉપમેય જેવું અન્ય કશું જ નથી એવું દર્શાવાય છે.

દા.ત. - (૧) મા તે મા - અહીં મા જેવું અન્ય કોઈ નથી. માની તુલના અન્ય કોઈ સાથે કદી ન થઈ શકે, તેવું દર્શાવાય છે.
(૨) ગાંધીજી તે ગાંધીજી. (૩) હિમાલય એટલે હિમાલય.
(૪) લક્ષ્મી તે લક્ષ્મી. (૫) ભાઈ તે ભાઈ.

(૪) અતિશયોક્તિ અલંકાર : જ્યારે ઉપમેયને અસાધારણ બતાવાય છે અને ઉપમાન કરતાં તેને અધિકગણું દર્શાવાય કે તેને અતિશયોક્તિ અલંકાર કહે છે.

દા.ત. - (૧) મૂર્તિની વિરાટતા ક્ષણવાર હૃદયને ધબકતું અટકાવી દે છે.
મૂર્તિ વિરાટ છે પણ તેને હૃદયના ધબકારા અટકી જવાની ક્રિયા સાથે જોડી અતિશયોક્તિ કરાઈ છે.

(૨) બ્રહ્માંડના પાયા ડગમગે છે.

(૩) શિવાજીએ તલવાર કાઢી ને હજારો યોદ્ધા ઢળી પડ્યા.

(૫) વ્યાજસ્તુતિ અલંકાર : જ્યારે ઉપમેય અને ઉપમાનમાં નિંદા વડે વખાણ અને વખાણ વડે નિંદા કરવામાં આવે તેને વ્યાજસ્તુતિ અલંકાર કહેવામાં આવે છે.

દા.ત.- (૧) અરે ! તમારા દાંત જાણે લસણની કળી !

અહીં દાંત લસણની કળી જેવા પીળા છે તે હકીકતને વખાણરૂપે રજૂ કરવામાં આવી છે.

(૨) શું તમારી બહાદુરી ! જે જોઈને ઉંદર નાઠા ...!

(૩) અરે તમે તો હીરો ! છેલ્લી પાટલીએ બેસનારા !

(૬) વિરોધાભાસ અલંકાર : જ્યારે બે અલગઅલગ વસ્તુઓને એકી સાથે રજૂ કરતાં - વિરોધ ઉત્પન્ન થાય/વિરોધનો આભાસ ઉત્પન્ન થાય તેને વિરોધાભાસ અલંકાર કહેવાય.

દા.ત.- (૧) જેઠ તપી રહ્યો જગમાં રે, એને શ્રાવણ આંખે,

અહીં ધોમધખતા જેઠમાં પણ શ્રાવણ અવિરત વહે છે. આંખેથી વિરોધી પરિસ્થિતિનો ભાવ છે.

સ્વાધ્યાય

- અલંકાર ઓળખો :

(૧) હીરા તે હીરા અને કાચ તે કાચ.

(૨) એમની વાણી તો અમૃતથીયે મીઠી છે.

(૩) હે સિંધુ, તું ખારો છે, છતાં અમીરસ ભર્યો છે.

(૪) એ નાટક એટલું કરુણ કે, થિયેટરે અશ્રુ-સાગર બની ગયું.

(૫) હલકા તો પારેવાની પાંખથી મહાદેવથીયે મોટાજી.

(૬) છગન માયકાંગલો નથી, પાપડતોડ પહેલવાન છે.

(૭) અને બધી પાછી હવામાં ઝાડ હલે એમ વાંકી વળી હસવા લાગી.

(૮) ચાકરની બુદ્ધિ તે ચાકર જેવી.

(૯) ઊંચીનીચી ફર્યા કરે જીવનની ઘટમાળ, ભરતી એની ઓટ છે, ઓટ પછી જુવાળ.

(૧૦) તેના ધનુષ્યટંકારની સાથે જ શત્રુઓએ જીવવાની આશા છોડી દીધી.

(૧૧) પવનપાંખે ઊડતું હરણબચ્ચું ઓચિંતુ જ સામે શિકારીને જોતાં ફફડી ઊઠે એમ ગોવાની હાજરીમાં સંતી ફફડી ઊઠી.

(૧૨) દાંતરડું ચલાવતી હોય એમ 'કરપ' કરતાંકને સ્નેહીજનના સવાલને કાપી નાખ્યો.

(૧૩) આકાશધરા ત્યાં કંપ્યાં, ડોલ્યાં ચૌદ બ્રહ્માંડ.

નવરસ

સાહિત્ય એટલે નવરસનું મિશ્રણ. રસ એ સાહિત્યનું હૃદય છે. જેમ ખારો, ખાટો, તીખો કે ગળ્યો રસ રસોઈનો સ્વાદ વધારે તેમ સાહિત્યના નવરસ સાહિત્યનો આસ્વાદ વધારે છે. શબ્દ, છટા, અને લખાણની લિપિ રસથી મજબૂત બને છે. કાવ્યશાસ્ત્રમાં રસનું વિશેષ મહત્ત્વ ગણાયું છે. રસને લીધે જ સાહિત્ય રુચિકર બને છે. રસ શબ્દોને મઠારે છે અને વાંચનનો રસ જગાડે છે. સાહિત્યના નવરસોમાં શૃંગારરસ, કરૂણરસ, વીરરસ, ભયાનકરસ, શાંતરસ, રૌદ્રરસ, હાસ્યરસ, અદ્ભુતરસ અને બીભત્સરસ છે.

(૧) શૃંગારરસ : શૃંગારરસ એ પ્રેમરસ છે. કલ્પના, રોમાંચ અને હકીકતમાં આ રસ છલકે છે. આ રસ જીવનમાં આશા સીંચે છે. લોકમાનસ પર તેની ઊંડી છાપ છે. કાલિદાસે મેઘદૂતમાં તથા ભર્તૃહરિએ શૃંગારશતકમાં આ રસને સીંચ્યો છે.

દા.ત. – પ્રિયે, તુજ લટે ધરું ધવલ સ્વચ્છ મોગરો,
નહીં, નિકટ એથિ પર્સ હક આ સમે માહરો. – બ.ક.ઠાકોર

(૨) કરૂણરસ : કરૂણરસ એ દર્દ, દુ:ખ કે વિરહનું દ્યોતક છે. આ રસ આંસુ વહેવડાવે તેવો પ્રબળ છે. કરૂણરસ પથ્થર દિલને પણ પીગળાવવાની ક્ષમતા ધરાવે છે. ‘અભિજાત શાકુંતલમ્’માં શકુંતલાની વિદાય સમયે વન, વેલી, વૃક્ષો રડતાં દર્શાવ્યાં છે.

દા.ત. – કાળજા કેરો કટકો મારો ગાંઠથી છૂટી ગયો,
મમતા રૂએ આજ વેળુમાં વીરડો ફૂટી ગયો... – દુલાભાયા કાગ

(૩) વીરરસ : વીરરસ શૌર્ય અને બહાદુરીને દર્શાવે છે. યુદ્ધ, લડાઈનાં વર્ણનમાં વીરરસ છલકે છે. નર્મદ જેવા કવિ લોકમાનસને જગાડવા વીરરસ સભર કવિતા લખી ચેતના સીંચે છે.

દા.ત. – ‘સહુ ચલો જીતવા જંગ બ્યુગલ વાગે
યા હોમ કરીને પડો ફતેહ છે આગે... – નર્મદ

(૪) ભયાનકરસ : હૃદયમાં અણચિંતવ્યા દ્રશ્યને જોતાં અથવા તેનું મનન કરતાં ઉપજતી લાગણી કે ભય એ ભયાનકરસ છે. ડરામણા દૃશ્ય, સ્મશાનનું વર્ણન કરવા માટે ભયાનકરસનો ઉપયોગ થાય છે. ભયાનકરસ ભલભલાને ધ્રુજાવે તેવો હોય છે.

દા.ત. – સુસવાટા મારતા પવનથી અથડાતી બારીઓ...
વીજળી ગુલ અને બળતી માત્ર એક મીણબત્તી...

(૫) શાંતરસ : મનુષ્ય હૃદયને શાંતરસ શાંતિ પ્રદાન કરે છે. આ રસ થકી કામ, ક્રોધ, જેવો ભાવ શાંત થઈ, પ્રેમ અને વૈરાગ્યની પુષ્ટિ થાય છે.

દા.ત. – મૈત્રીભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકળ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે. – ચિત્રભાનુ

(૬) રૌદ્રરસ : હૃદયમાં ક્રોધ સાથે ઊઠતા તોફાનની લાગણી એ જ રૌદ્રરસ છે. શિવ તાંડવ, અંબામાનો મહિષાસુરને હણવા માટે પ્રકોપ, ભૂકંપ, પૂર, અતિવૃષ્ટિ, ત્સુનામીની ઘટના વર્ણવા રૌદ્રરસ પ્રયોજાય છે.

દા.ત. – ઊભો રે' જે ...... ત્રાડ પડી છે ઊભો રે' જે,
ગીરના કુત્તા તું ઊભો રે' જે...
કાળમુખા તું ઊભો રે' જે... – ઝવેરચંદ મેઘાણી

(૭) હાસ્યરસ : જીવનમાં ઘટેલી વિનોદી ઘટનાનું વર્ણન હાસ્યરસથી થાય છે. જીવન હલકું ફૂલકું બને છે. મન પ્રફુલ્લિત રહે છે. મનુષ્ય તણાવમુક્ત રહે છે અને જીવન રસમય બને છે.

દા.ત. – દેવતા તરીકે તને સ્વર્ગમાં નહીં જીરવાય,
એ ડરથી જ વારંવાર હું પૃથ્વી પર આવું છું.

(૮) અદ્‌ભુતરસ : હૃદયમાં ઊઠતી અલૌકિકતા કે વિસ્મય ભાવની લાગણી, ચમત્કાર, વગેરે અદ્‌ભુતરસથી વર્ણવી શકાય છે. આ રસ સૌંદર્યનું પ્રતીક છે. કુદરતી દશ્ય, ફૂલ, જાદુગરના ખેલ, વગેરેમાં આ રસ ઝળકે છે. વ્યક્તિગત ગુણ પણ અદ્‌ભુતરસ દર્શાવે છે.

દા.ત. – ''વિશાળે જગ વિસ્તરે નથી એક માનવી,
પશુ છે પક્ષી છે વનોની છે વનસ્પતિ''

(૯) બીભત્સરસ : હૃદયમાં જુગુપ્સા, અણગમો કે અશ્લીલ ભાવ, ઉપજાવતી લાગણી બીભત્સરસ દર્શાવે છે. યુદ્ધના વર્ણન, કે બળાત્કાર જેવી દુર્ઘટનાના વર્ણનમાં બીભત્સરસ પ્રતિબિંબિત થાય છે.

દા.ત. – પીપળાનાં સૂકાં પાન ખરે તેમ
લાશના ઢગલા થવા લાગ્યા
માંસનો કીચડ થયો ને
લોહીની નદીઓ વહેવા લાગી''...

સ્વાધ્યાય

• પંક્તિઓમાં સમાવિષ્ટ રસ ઓળખો :

(૧) જળ થળ પોકારે થરથરી ;
કબરુંની જગ્યા રહી નવ જરી.

(૨) ખડ્‌ગને માંડવે ખેલવા હો !
મારે રણલીલાના કોડ.

(૩) વીંધાય છે પુષ્પ અનેક બાગના
પીંખાય છે પાંખ સુરમ્ય પંખીની

(૪) પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા,
જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો રામ.

(૫) દશે દિશાએ એનો હીંચકો હિલોળતો
એનું રૂપ છે અરૂપ કો વિરાટ

(૬) અંધારી રાત
ભયાનક જંગલ
કારમી ચીસ

(૭) સળગે છે, જો
ગાઢ આલિંગનથી
આ અંગેઅંગ.

વિશેષણ-વિશેષ્ય

અક્સીર દવા	અજોડ ઉપાય	અડાબીડ જંગલ	આકરી કસોટી
અનિવાર્ય સંજોગ	અણધારી આફત	અમાનુષી અત્યાચાર	કાળો કેર
એકલદોકલ મુસાફર	કડકડતી ઠંડી	કડવો ઘૂંટડો	કારમી ચીસ
કાળું ભમ્મર	ખૂનખાર જંગ	ગાંડું તૂર	ઘનઘોર આકાશ
ઘેઘૂર વડલો	ઘોર અંધકાર	જીવલેણ અકસ્માત	ઠંડી ક્રૂરતા
ચાંપતી તપાસ	ચોંકાવનારી વિગતો	ધોમધખતો તાપ	ધોધમાર વરસાદ
ડાહ્યો ડમરો	તુમુલ યુદ્ધ	પઠાણી વ્યાજ	બળબળતો બપોર
નવું નકોર	નીરવ શાંતિ	મોંઘું દાટ	રામબાણ ઈલાજ
બુલંદ અવાજ	ભડભડતો અગ્નિ	સમી સાંજ	સળગતો પ્રશ્ન
રૂપરૂપનો અંબાર	લીલું છમ	સોળ આની પાક	હકડેઠઠ મેદની
સણસણતો જવાબ	સનસનાટીભર્યાં સમાચાર	વેરણ વીજળી	ધમધોકાર ધંધો
સૂસવાતો પવન	સો ટચનું સોનું	હળાહળ ઝેર	વેધક દૃષ્ટિ

સ્વાધ્યાય

- ખાલી જગ્યામાં યોગ્ય વિશેષણ/ વિશેષ્ય લખો :

(૧) ---વડલો (૨) સળગતો --- (૩) કડકડતી --- (૪) --- ઘૂંટડો

(૫) --- ઈલાજ (૬) ધોધમાર--- (૭) અજોડ --- (૮) --- આફત

ઉપમા

મોતીના દાણા જેવા અક્ષર	કુમળું કળી જેવું	નરમ ઘેંશ કે મીણ જેવું
દૂધ જેવું ઊજળું	ગરમ લાય જેવું	મલમલ જેવું ઝીણું
કુંભકર્ણ જેવા ઊંઘણશી	ગરીબ ગાય જેવું	ઠંડું ગાર (બરફ, હિમ) જેવું
ઊંટ (કે તાડ) જેવું ઊંચું	મધ જેવું ગળ્યું	તલવારની ધાર જેવું તીક્ષ્ણ
દરિયા જેવું ઊંડું	ચામડા જેવું ચવડ	તીખું મરચા જેવું

વજ્ર જેવું કઠણ	પવન જેવું ચંચળ	તરણા જેવું તુચ્છ
ઝેર (કે વખ) જેવું કડવું	દીવા જેવું ચોખ્ખું	ગોકળગાય જેવું ધીમું
કંચન જેવી કાયા	ગુંદર જેવું ચીકણું	ધોયેલું મૂળા જેવું
નિમકહલાલ કૂતરા જેવું	જાડું પાડા જેવું	વિરાટ બ્રહ્માંડ જેવું
બીકણ સસલા જેવું	ભોળું પારેવા જેવું	શુદ્ધ સોના જેવું
વિકરાળ વાઘ જેવું	લીસું માખણ જેવું	સુંવાળું રેશમ જેવું
સફેદ હંસ જેવું	લુચ્ચું શિયાળ જેવું	સીધું સોટા જેવું
સહેલું રમત જેવું	હલકું ફૂલ જેવું	ઝડપી વીજળી જેવું

સ્વાધ્યાય

- ઉપમા સંબંધિત યોગ્ય જોડી જોડો.

'અ' જૂથ		'આ' જૂથ	
(૧)	ગળ્યું	(અ)	રેશમ
(૨)	સુંવાળુ	(આ)	મલમલ
(૩)	હલકું	(ઇ)	ગોકળગાય
(૪)	ઝીણું	(ઈ)	મધ
(૫)	ધીમું	(ઉ)	ફૂલ

ઉચ્ચાર સામ્ય - અર્થભેદવાળા શબ્દો

અનલ (-ળ)	-	અગ્નિ	અનિલ	-	પવન
અપેક્ષા	-	ઇચ્છા, આશા	ઉપેક્ષા	-	તિરસ્કાર, બેદરકારી
અફર	-	ફરે નહિ એવું, અચલ, નિશ્ચલ	અફળ	-	નિષ્ફળ, નકામું, વાંઝિયું
અબજ	-	ગાણિતિક સંખ્યા	અજબ	-	નવાઈ ઊપજે એવું
અભિનય	-	વેશ ભજવવો તે	અભિનવ	-	તદ્દન નવું, શિખાઉ
અવર	-	બીજું, ઉતરતું	અવળ	-	અવળું, વાંકું
આજ	-	આજે	આ જ	-	આ વિના કોઈ નહિ.
આરસ	-	સંગેમરમરનો પથ્થર	આળસ	-	એદીપણું, સુસ્તી
ઈનામ	-	બક્ષિસ	ઈમાન	-	પ્રામાણિકતા

ઉગાડવું	-	ઊગે એમ કરવું	ઉઘાડવું	-	ખોલવું
ઉપહાર	-	ભેટ	ઉપાહાર	-	નાસ્તો, અલ્પાહાર
કઠોર	-	કઠણ; દયા વગરનું	કઠોળ	-	દાળ બનાવી શકાય એવું અનાજ
કેશ	-	વાળ	કેસ	-	મુકદ્દમો
કેરાં	-	કેરડીનાં ફળ	કેળાં	-	કેળનાં ફળ
ખરું	-	સાચું	ખળું	-	કણસલાંમાંથી અનાજ કાઢવાની જગા
ગૃહ	-	ઘર	ગ્રહ	-	પૃથ્વી, શુક્ર, વગેરે ગ્રહ
ચરણ	-	પગ	ચલણ	-	નાણું; અમલ
ચિર	-	લાંબા વખત સુધી; લાંબું	ચીર	-	રેશમી વસ્ત્ર; ચીરી
ચૂક	-	ભૂલ; કસર	ચૂંક	-	નાની ખીલી, પેટની આંકડી
જગ	-	જગત	જંગ	-	યુદ્ધ
જનમોત્રી	-	જન્મકુંડળી ઉપરથી જોષીએ બનાવેલી પત્રિકા	જમનોત્રી	-	જમના નદીનું મૂળ
જર	-	પૈસો	જળ	-	પાણી
ડામ	-	ચપકો, લાંછન, ટીકો	દામ	-	કિંમત, ધન
ઢાલ	-	રક્ષક વસ્તુ	ઢાળ	-	ઢોળાવ, ઢબ
તખ્ત, તખત	-	સિંહાસન, રાજગાદી	તખ્તો-તખતો	-	રંગભૂમિ; મંચ, તક્તો (અરીસો, મઢેલું ચિત્ર)
તરણી	-	નૌકા	તરૂણી	-	યુવાન સ્ત્રી
તરંગ	-	મોજું	તુરંગ	-	કેદખાનું, ઘોડો
દોશી	-	કાપડ વેચનારો	દોષી	-	અપરાધી
નિર્ધન	-	ગરીબ	નિધન	-	મરણ
નિયત	-	નક્કી થયેલું તે	નીયત	-	ઈમાન; દાનત, નૈયત
નિશ્ચિત	-	નક્કી કરેલું	નિશ્ચિંત	-	ચિંતા વગરનું
નિંદવું	-	નિંદા કરવી	નીંદવું	-	નકામું ઘાસ ખોદી કાઢવું
પરિણામ	-	ફળ; નતીજો	પરિમાણ	-	માપ, એકમ
પાણિ	-	હાથ	પાણી	-	જળ

પુર	–	શહેર, નગર	પૂર	–	પૂરેપૂરું, જળની રેલ
પુરી	–	નગરી	પૂરી	–	એક તળેલી ખાવાની વાનગી
પ્રણવ	–	ઓમકાર	પ્રણય	–	પ્રેમ
પ્રણામ	–	નમસ્કાર	પ્રમાણ	–	માપ, સાબિતી
પ્રસાદ	–	કૃપા, પ્રસન્નતા, નિર્મળતા	પ્રાસાદ	–	મહેલ
બોલ	–	વચન	બૉલ	–	દડો
ભવન	–	મકાન; અસ્તિત્વ	ભુવન	–	જગત, લોક
યાર	–	દોસ્ત	યાળ	–	સિંહની ગરદનના વાળ
રવિ	–	સૂર્ય, રવિવાર	રવી	–	શિયાળુ પાક
વધુ	–	વધારે	વધૂ	–	વહુ, પત્ની
લક્ષ્ય	–	ધ્યેય	લક્ષ	–	લાખ, એક રકમ
શત	–	સો	સત	–	સાચું, સાચાપણું
પહેલા	–	પ્રથમ	પહેલાં	–	પૂર્વે
શંકર	–	શિવ	સંકર	–	ભેળસેળ, મિશ્રણ
સુવા	–	એક વનસ્પતિનાં બીજ(સવા)	સૂવા	–	ઊંઘવા
સૂજ	–	સોજો	સૂઝ	–	સમજ
અકસ્માત્	–	એકાએક	અકસ્માત	–	અણધાર્યો બનાવ
શાપ	–	બદદુવા	સાપ	–	સરિસૃપ પ્રાણી
સીમંત	–	એક શુભ પ્રસંગ	શ્રીમંત	–	પૈસાદાર
કડુ	–	એક વનસ્પતિ	કડું	–	હાથનું ઘરેણું
મુરત	–	મુહૂર્ત (શુભ સમય)	મૂરત	–	મૂર્તિ
સારું	–	ઉત્તમ	સારુ	–	માટે
મહી	–	દહીં	મહીં	–	અંદર
કૃતજ્ઞ	–	કરેલા ઉપકારને જાણકાર	કૃતઘ્ન	–	કરેલા ઉપકારને ભૂલનાર

સ્વાધ્યાય

- **અર્થભેદ લખો :**

(૧) શાલ – ------------------ , સાલ – ------------------

(૨) શાપ – ------------------ , સાપ – ------------------

(૩) સહજ – ------------------ , સહેજ – ------------------

કહેવત

'લોક' કે 'જન સમાજ'માં પ્રચલિત ઉક્તિને લોકોક્તિ કે કહેવત કહેવાય છે. કહેવત એટલે પરંપરાથી કહેવાતું હોય તેવું ઉપયોગી, માર્ગદર્શક, જ્ઞાનયુક્ત, અનુભવયુક્ત, સંક્ષિપ્ત, સૂત્રાત્મક, માર્મિક કથન. થોડામાં ઘણું કહેવાની શક્તિ એનામાં હોય છે.

જેમકે 'કુમળો છોડ વાળીએ તેમ વળે.' ઊગતા છોડની ડાળી કુમળી હોવાથી વાળવી હોય એ દિશામાં વળી શકાય છે. જ્યારે વૃક્ષ મોટું થયા બાદ ડાળી મજબૂત બની જતાં તેને વાળી શકાતી નથી. એ જ રીતે માનવોમાં સંસ્કાર રોપિત કરવા માટે બાલ્યાવસ્થા શ્રેષ્ઠ છે. મોટું થયા પછી બાળક નવી બાબતો જલદી ગ્રહણ કરી શકતું નથી. એ રીતે પુખ્ત વ્યક્તિ પોતાનામાં સરળતાથી પરિવર્તન લાવી શકતી નથી.

★ **નીચે કેટલીક કહેવતો અને તેના અર્થ આપ્યા છે તેનો અભ્યાસ કરીએ.**

(૧)	અધૂરો ઘડો છલકાય ઘણો. ખાલી ચણો વાગે ઘણો.	–	ઓછી આવડત હોય તે વધારે દેખાવ કરે.
(૨)	ઉતાવળે આંબા ન પાકે.	–	ઉતાવળ કરવાથી કામ સારું થાય નહિ.
(૩)	દુકાળમાં અધિક માસ.	–	મુશ્કેલીમાં વધારો થવો.
(૪)	પગ જોઈને પછેડી તણાય.	–	આવક મુજબ ખર્ચ કરવો.
(૫)	પારકા ભાણે મોટો લાડુ.	–	આપણી વસ્તુ કરતાં બીજાની વસ્તુ સારી લાગે.
(૬)	પ્રથમ ગ્રાસે મક્ષિકા.	–	પ્રારંભમાં જ વિઘ્ન નડવું.
(૭)	બકરું કાઢતાં ઊંટ પેઠું.	–	નાનું વિઘ્ન દૂર કરવા જતાં મોટું વિઘ્ન આવવું.

કહેવતોમાં અમુક કહેવતો એવી છે જેમનો અર્થ એક જ છે. એટલે કે એક જ અર્થ ધરાવતી એક કરતાં વધારે કહેવતો છે.

(૧)	કરે તેવું પામે.	–	કરણી તેવી ભરણી. / વાવો તેવું લણો.
(૨)	ઝાઝા હાથ રળિયામણા.	–	ઝાઝી કીડીઓ સાપને તાણે.
(૩)	ખોદે ઉંદર ને ભોગવે ભોરિંગ.	–	કીડી સંચે ને તેતર ખાય./ લડે સિપાઈ ને જશ જમાદારને.
(૪)	દાનત તેવી બરકત.	–	જેવી ભાવના તેવી સિદ્ધિ.
(૫)	ફરે તે ચરે ને બાંધ્યું ભૂખે મરે.	–	જ્યારે વળે પરસેવો ત્યારે મળે મેવો.
(૬)	ઉતાવળે આંબા ન પાકે.	–	ધીરજનાં ફળ મીઠાં.

★ જ્યારે કેટલીક કહેવતો એવી છે જે એકબીજાથી વિરુદ્ધ અર્થ ધરાવે છે.

(૧) ન બોલવામાં નવ ગુણ.	–	બોલે તેનાં બોર વેચાય.
(૨) ઝાઝા હાથ રળિયામણા.	–	ઝાઝા રસોઈયા રસોઈ બગાડે.
(૩) માગ્યા કરતાં મરવું ભલું.	–	માગ્યા વિના મા પણ ન પીરસે.
(૪) વિશ્વાસે વહાણ ચાલે.	–	વિશ્વાસ સગા બાપનોય નહિ.
(૫) નમ્યું તે ભગવાનને ગમ્યું.	–	નીચી બોરડી સૌ કોઈ ઝૂડે.
(૬) ઘરડાં ગાડાં વાળે.	–	સાઠે બુદ્ધિ નાઠી.

સ્વાધ્યાય

૧. નીચેની કહેવતની વિરુદ્ધાર્થી કહેવત લખો :

(૧) ન બોલ્યામાં નવગુણ. (૨) માંગ્યા વિના મા પણ ન પીરસે. (૩) સાઠે બુદ્ધિ નાઠી.

૨. નીચેની કહેવતની સમાનાર્થી કહેવત લખો :

(૧) ધીરજનાં ફળ મીઠાં. (૨) લડે સિપાઈ ને જશ જમાદારને. (૩) વાવો તેવું લણો.

ઉપક્રમ

- નીચેના ચિત્રો જોઈને કહેવત ઓળખો.



અરજીપત્ર લેખન

અરજીપત્ર એ પત્રલેખનનો એક વિશિષ્ટ પ્રકાર છે. અરજીકર્તા જો અસરકારક પત્રલેખન કરે તો તેનો ખાસ પ્રભાવ પડે છે.

અરજી લખનારે નીચેની બાબતોનું ધ્યાન રાખવું જોઈએ.

- અરજીપત્રમાં અરજી કરનારે પોતાનું નામ, સરનામું, તારીખ, વગેરે સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરે લખવા જોઈએ.
- અરજીનો હેતુ/વિષય/સંદર્ભ સ્પષ્ટ લખવા.
- જેમને અરજી કરી હોય તેમને માનવાચક સંબોધન કરવું.
- જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, અનુભવ વગેરે મુદ્દા સ્પષ્ટ લખવા.
- રસ અને રુચિના વિષયોનો ઉલ્લેખ કરવો.
- ભાષાનો વિનયપૂર્વક ઉપયોગ જરૂરી છે.
- આત્મવિશ્વાસ અને કાર્યદક્ષતા જેવા ગુણોનો ઉલ્લેખ કરવો.
- અરજીપત્ર સાથે માંગેલા પ્રમાણપત્રોની નકલો બીડવી જોઈએ.
- બીડેલાં પ્રમાણપત્રોની નોંધ અરજીના અંતે ડાબી બાજુએ કરવી.
- નીચે અરજી કરનારે ડાબી બાજુ સહી કરવી.
- આજના સમયમાં e-mail દ્વારા પણ અરજી મોકલી શકાય છે.
- અરજીપત્ર મોકલવા માટેની અંતિમ તારીખ પહેલાં અરજી પહોંચતી કરવી જોઈએ.

ઉદાહરણ : (e-mail સ્વરૂપમાં)

નીચેની જાહેરખબરના અનુસંધાનમાં અરજી કરો.

'મુંબઈ સમાચાર' તા. ૧|૧|૨૦૨૦

જોઈએ છે.

ધો. ૮થી ૧૦ માટે ગુજરાતી ભાષા વિષય શિક્ષક

યોગ્યતા - બી.એ., બી.એડ.

અનુભવ - શિક્ષણક્ષેત્રે લઘુતમ ચાર વર્ષનો અનુભવ જરૂરી.

સંપર્ક - આદર્શ વિદ્યાલય, ગોરેગાંવ (પશ્ચિમ), મુંબઈ ૪૦૦૦૬૨.

તા. ૩।૧।૨૦૨૦

પ્રતિ,

આચાર્યશ્રી,

આદર્શ વિદ્યાલય,

ગોરેગાંવ (પશ્ચિમ),

મુંબઈ ૪૦૦૦૬૨.

વિષય : ગુજરાતી ભાષા વિષયના શિક્ષકની જગ્યા માટે અરજીપત્ર

સંદર્ભ : 'મુંબઈ સમાચાર'માં તા.૧।૧।૨૦૨૦ના રોજ છપાયેલી જાહેરખબર

માનનીય આચાર્યશ્રી,

સવિનય જણાવવાનું કે તા.૧।૧।૨૦૨૦ના 'મુંબઈ સમાચાર'માં આવેલ જાહેરખબરમાં દર્શાવ્યા મુજબ આપની સંસ્થામાં ગુજરાતી ભાષા વિષયના શિક્ષકની જરૂર છે તેના અનુષંગે હું આ અરજીપત્ર મોકલું છું.

મારી ઉંમર ૩૦ વર્ષ છે. મારી માતૃભાષા ગુજરાતી છે અને મેં ગુજરાતી ભાષામાં જ શિક્ષણ મેળવ્યું છે. અધ્યાપન પ્રત્યે મારી સવિશેષ રૂચિ છે. મેં ગુજરાતી વિષય સાથે બી.એ. કર્યું છે તથા બી.એડ.નો અભ્યાસ કર્યો છે. શાળા-કોલેજમાં અભ્યાસની સાથેસાથે મેં વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, અભિનય, જેવા અનેક કાર્યક્રમોમાં ભાગ લીધો છે, સંચાલન કર્યું છે. વાંચન, લેખન અને સંગીત મારા શોખના પ્રમુખ વિષય છે. હું છેલ્લા ચાર વર્ષથી ગુરુકુળ વિદ્યાલય, વિરારમાં ધો. ૮થી ૧૦ના વિદ્યાર્થીઓને ગુજરાતી વિષય ભણાવું છુ.

જો મને આપની સંસ્થામાં કામ કરવાની તક મળશે તો હું નિષ્ઠાપૂર્વક ફરજ બજાવીશ. આ સાથે જરૂરી પ્રમાણપત્રો જોડું છું. આપના સકારાત્મક પ્રત્યુત્તરની આશા રાખું છું. ધન્યવાદ.

આપનો વિશ્વાસુ,

અ.બ.ક.

૪૫, રામનિવાસ, આરે રોડ,

ગોરેગાંવ (પૂર્વ),

મુંબઈ ૪૦૦ ૦૬૩.

e-mail - guj@yahoo.com

જોડેલાં પ્રમાણપત્રો -

(૧) એસ.એસ.સી.નું પ્રમાણપત્ર અને ગુણપત્રિકા

(૨) એચ.એસ.સી.નું પ્રમાણપત્ર અને ગુણપત્રિકા

(૩) બી.એ.નું પ્રમાણપત્ર અને ગુણપત્રિકા

(૪) બી.એડ્.નું પ્રમાણપત્ર અને ગુણપત્રિકા

સ્વાધ્યાય

- **નીચેની જાહેરખબરના અનુસંધાનમાં અરજી તૈયાર કરો.**

જોઈએ છે - કૉમ્પ્યૂટર ઓપરેટર

યોગ્યતા - ઓછામાં ઓછું ૧૨ ધોરણ પાસ, કૉમ્પ્યૂટરનું પાયાનું જ્ઞાન આવશ્યક.

અનુભવ - ઓછામાં ઓછો ૧ વર્ષનો અનુભવ જરૂરી.

સંપર્ક - શ્રીરાજપ્રજ્ઞા એસોસિએટ્સ, એમ. જી. રોડ, ઘાટકોપર (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૮૬. **સમય -** સવારે ૧૦થી સાંજે ૬

મુલાકાત/સાક્ષાત્કાર

કોઈ પણ વ્યક્તિનો સાક્ષાત્કાર કે ઇન્ટરવ્યુ લેવો એ એક કળા છે. આ મુલાકાત સમાચારપત્ર કે દૂરદર્શન પર રજૂ થાય તો લોકો નેતા-અભિનેતા-સમાજસેવક કે સાહિત્યકાર જેવા મહાનુભાવોના સંઘર્ષની કે જીવનયાત્રાની વાત, પ્રગતિની કથા, તેઓના પ્રેરણાસ્રોત અને અંગત-જીવન વિશે જાણી શકે છે. કેટલીક વખત મુલાકાત લેનાર પ્રશ્નોની યાદી બનાવીને મોકલી આપે છે. આજે તો ફોન પર પણ મુલાકાત લેવાય છે. મુલાકાત લેતી વખતે લેનારને પહેલેથીજ તેમના કાર્યક્ષેત્ર, જીવનક્ષેત્ર, અન્યકાર્યની જાણકારી હોવી ખૂબ જરૂરી છે. તેમનું માનભંગ થાય તેવા પ્રશ્નો ન પૂછવા જોઈએ. તેમની પ્રેરણાત્મક વાતો લોકો સુધી પહોંચે તેવા પ્રયાસ કરવા જોઈએ.

મુલાકાત માટે આવશ્યક નિયમો

- બોલનારની વાત વચ્ચેથી ન કાપવી.
- મુલાકાત પારદર્શક અને પ્રામાણિક હોવી જરૂરી
- સાંભળવા અને બોલવામાં સમતુલા
- અસભ્ય અથવા દ્વિઅર્થી ભાષા ન બોલવી.
- સ્વરમાં તીવ્રતા કે ઉત્તેજના ન હોવી જોઈએ.
- મુલાકાત પૂર્ણ થયા બાદ આભાર પ્રગટ કરવો.
- મુલાકાત લેનારે ટૂંકા, સ્પષ્ટ પ્રશ્નો પૂછવા.
- સંવાદ દરમ્યાન અહીંતહીં ન જોવું.

મુલાકાત લેનારમાં નીચેના ગુણો આવશ્યક છે.
હાજરજવાબીપણું, જીજ્ઞાસાવૃત્તિ, સમયપાલન, નીડરતા, સત્યવાદિતા

★ **પ્રસિદ્ધ સમાજસેવકની મુલાકાત માટેના નમૂના પ્રશ્નો :**

(૧) આપે આ ક્ષેત્રમાં પ્રવેશ કેવી રીતે મેળવ્યો ?
(૨) આપના જીવનમાં પ્રેરણા સીંચનાર પ્રેરણામૂર્તિ કોણ છે ?
(૩) આપના મતે સમાજસેવાની સાચી વ્યાખ્યા શું છે ?
(૪) સમાજમાં સેવાના નામે ચાલતા ધતિંગ વિષે આપ શું કહેશો ?
(૫) સમાજસેવા એ સમાજ પરિવર્તનનું માધ્યમ છે - આ અંગે આપનો શો અભિપ્રાય છે ?
(૬) આપના આ કાર્યમાં આપના પરિવારનો કેટલો સહયોગ છે ?
(૭) આપના કાર્યનો વિરોધ કરનારો વર્ગ ખરો ? આપ એનો સામનો કેવી રીતે કરો છો ?
(૮) ઉત્તમ સમાજસેવકમાં કયા ગુણો હોવા જોઈએ ?
(૯) સરકારે આ પ્રકારનાં કાર્યોમાં સહયોગ કર્યો છે ? કેવી રીતે ?
(૧૦) આપ સમાજને શો સંદેશ આપવા ઇચ્છો છો ?

- **આજ રીતે તમે કોઈ નેતા, અભિનેતા, ખેલાડીની મુલાકાત માટેના પ્રશ્નો તૈયાર કરો.**

વક્તવ્ય

★ **વક્તવ્ય તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :**

- કયા કાર્યક્રમ માટે વક્તવ્ય તૈયાર કરવાનું છે તથા વક્તત્વ માટેની સમયમર્યાદા અનુસાર વક્તવ્ય તૈયાર કરવું. કાર્યક્રમ અનુસાર પ્રાસંગિક સંબોધન, અભિવાદન કરવું.
- વક્તવ્યની શરૂઆતમાં પ્રસ્તાવના રૂપ વક્તવ્ય, ત્યારબાદ મુખ્ય વિષય પરનું વક્તવ્ય અને છેલ્લે સમાપન કરવું.
- શ્રોતાઓનો રસ જળવાઈ રહે તે રીતે મધ્યમ ગતિ અને સ્પષ્ટ ઉચ્ચારણ સાથે વક્તવ્ય રજૂ કરવું.

અહંકારની આહુતિ વિના જીવન નકામું.

ઉપસ્થિત સર્વેને મારા સવિનય નમસ્કાર !

‘હું... કરું- હું... કરું એ જ અજ્ઞાનતા
શકટનો ભાર જેમ શ્વાન તાણે...’

અહંકાર એટલે હુંકાર. કોઈપણ ક્રિયાનો કર્તા પોતાને ગણવો એટલે જ અહંકાર, પોતાના પદ, પૈસા, પાવરનો અહંકાર કરવો એ સોનાની થાળીમાં લોઢાની મેખ સમાન છે. આપણે આપણાં જીવન યજ્ઞને સફળ બનાવવો હોય તો સૌ પ્રથમ આપણે તેમાં આપણાં અહંકારની આહુતિ આપવી જોઈએ. કારણ કે જ્યારે અહંકારનો ત્યાગ કરવામાં આવે છે, ત્યારે દરેક દુ:ખોનો અંત આવી જાય છે અને સમજણશક્તિની આંખો ખુલી જાય છે.

વ્યક્તિમાં ભલેને વિશિષ્ટ-વિરાટ શક્તિઓ ઝળહળતી હોય, પરંતુ જો એ શક્તિઓ અહંકારથી દૂષિત થઈ ગઈ હોય તો એની હાલત વિષબિંદુથી દૂષિત દૂધપાક સમી થઈ જાય છે. તે દૂધપાક જેમ નુકશાનકારક બને એમ જ પેલી શક્તિઓ પણ ખુદ તે વ્યક્તિ માટે જ નુકશાનકારક નીવડે છે. એથી વિપરિત, વ્યક્તિમાં ભલેને શક્તિ સાવ સામાન્ય સ્તરે વિલસતી હોય કિંતુ જો એ નમ્રતાથી મંડિત થઈ ગયેલી હોય તો એ સાકર મિશ્રિત દૂધ સમી થઈ જાય છે. સાકર મિશ્રિત દૂધ જેમ સૌને આશીર્વાદ રૂપ બને છે એમ આ શક્તિ પણ સ્વ પર સૌને અનુકૂળ બની શકે છે, માટે જ કહ્યું છે કે,

અહંકારને નાથો મથી, આજે છો તો કાલે નથી,
ચૂરેચૂરો કરો એનો, હોય નહીં ખરખરો.

વ્યવહાર જગતમાં પણ આપણે જોઈ શકીએ છીએ કે આવડત ધરાવતી પણ અહંકારી વ્યક્તિ લોકપ્રિય બની શકતી નથી. એના મુકાબલે થોડી ઓછી હોંશિયારી, અલ્પ આવડત ધરાવતી પણ નમ્ર, વિનયી વ્યક્તિ જલદી લોકપ્રિય બને છે. માટે જ કહેવાય છે ને, ‘નમે તે સૌને ગમે.’

અહંકાર કેટલો ખતરનાક છે એ આપણને પ્રખ્યાત ઇતિહાસકાર ચાર્લ્સ બીઆર્ડના એક વિધાનમાં જોવા મળે છે. ચાર્લ્સને એકવાર કોઈ જિજ્ઞાસુએ પૂછ્યું કે, ‘‘ઇતિહાસની આટલી વિસ્તૃત જાણકારી મેળવ્યા પછી તમે એની હજારો ઘટનાઓમાંથી શો બોધ તારવ્યો ?’’ ચાર્લ્સના ઉત્તરનું પ્રથમ વાક્ય હતું કે, ‘ભગવાન જેનો નાશ ચાહે છે તેને સર્વ પ્રથમ સત્તાના મદથી પાગલ બનાવે છે.’’ ઐતિહાસિક

ઘટનાઓની એરણ પર આ વાક્ય એટલું સચોટ પુરવાર થાય છે કે જેમાં લેશ પણ સુધારણાનો અવકાશ ન રહે. યાદ કરીએ દુર્યોધનને, એના અહંકારે માત્ર એનો જ નહીં સમસ્ત કુરુવંશનો નાશ કર્યો. વિદ્યાશક્તિમાં અંધ બનેલ રાવણના અહંકારનું પરિણામ એ આવ્યું કે એણે સીતા તો ગુમાવી, સોનાની લંકા ગુમાવી, જાન ગુમાવી અને ઉજ્જવલ યશ પણ ગુમાવ્યો. આજે પણ રાવણને અહંકારનું પ્રતીક માની દર દશેરાએ એનું દહન કરવામાં આવે છે. અહંકારના આવાં આવાં નુકશાનો નજર સમક્ષ રાખીને કોઈકે કહ્યું છે કે, ''અહંકાર એ પતનની પાયલોટ કાર છે.' અને 'બધી જ મહાન ભૂલોના પાયામાં અહંકાર હોય છે.'

આપણે પણ જો અહંકારના કારણે પતન ન ઇચ્છતા હોઈએ તો અહંકારની આહુતિ આપે જ છૂટકો છે.

અસ્તુ.

સ્વાધ્યાય

(અ) તમારી કોલેજમાં આયોજિત વૃક્ષારોપણ કાર્યક્રમ અંતર્ગત વૃક્ષોનું મહત્ત્વ સમજાવતું વક્તવ્ય તૈયાર કરો.

(આ) વિદ્યાલયના વિદાય સમારોહ પ્રસંગે તમારા મનોભાવો વ્યક્ત કરતું વક્તવ્ય તૈયાર કરો.

(ઇ) તમારી કોલેજમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિત્તે પ્રાસંગિક વક્તવ્ય તૈયાર કરો.

માહિતી રૂપાંતરણ

વિદ્યાર્થીમિત્રો, તમે અત્યાર સુધી ગદ્ય પરિશીલન, સંક્ષેપીકરણ શીખ્યા છે. આ વર્ષે તમે માહિતી રૂપાંતરણ શીખશો. જેમાં શાબ્દિક રૂપમાં આપેલી માહિતીને આપણે કોષ્ટક, ફ્લોચાર્ટ, જેવી વિવિધ રીતે રજૂ કરીશું.

દા.ત. - માહિતી

આગ બુઝાવવા માટે પાણી અને રેતીનો, શુષ્ક પાઉડર ને ફીણનો છંટકાવ કે કાર્બન ડાયૉક્સાઈડ જેવા ગૅસનો ઉપયોગ કરવામાં આવે છે. આગ માટે વિવિધ પ્રકારના નાના-ઊંચકી શકાય તેવાં અગ્નિ-શામકો પણ વપરાય છે. બાલદીઓ ભરીને પાણી કે રેતી છાંટીને આગ હોલવવાનો ઉપાય સહેલામાં સહેલો છે. જ્યારે પ્રચંડ આગ લાગી હોય ત્યારે હેન્ડપંપ વડે પાણીની ધાર છોડવામાં આવે છે. વળી અગ્નિશામક યંત્ર (ફાયર-એન્જિન)ની મદદથી ઊંચે સુધી ને લાંબે સુધી પાણીની ધારાઓ છોડીને આગ બુઝાવાય છે. ઊંચાં મકાનો પર પાણીનો મારો ચલાવવા તથા આગમાં ફસાઈ ગયેલી વ્યક્તિઓને બચાવવા માટે ઊંચી નિસરણીઓનો ઉપયોગ કરવામાં આવે છે.

આગ લાગે ત્યારે અમુક તકેદારી લેવી જરૂરી છે. સૌ પ્રથમ તો અગ્નિશામક દળને બોલાવવું જરૂરી છે. ઘરમાં આગ લાગી હોય તો બહાર ખુલ્લામાં જતાં રહેવું જોઈએ. અને બહાર નીકળવું શક્ય ન જણાય તો સુરક્ષિત સ્થળે, જમીન પર નીચેના ભાગમાં બેસવું જોઈએ. કારણ કે આગથી ફેલાયેલો ધુમાડો ઉપરની દિશામાં જતો હોય છે. તે ધુમાડો શ્વાસમાં જવાથી ગુંગળામણ થાય છે. આગ લાગે ત્યારે લિફ્ટનો ઉપયોગ ન કરવો જોઈએ. સીડી દ્વારા ઘરની બહાર નીકળી જવું જોઈએ. જો પહેરેલાં કપડાંને આગ લાગી ગઈ હોય તો જમીન પર આળોટીને તે બુઝાવી દેવી જોઈએ.

આગ : ઉપાય	
આગ બુઝાવવા માટે વપરાતાં યંત્રો	નાના-ઊંચકી શકાય તેવાં અગ્નિશામકો, બાલદીઓ ભરીને રેડવી, હેન્ડ પંપ, અગ્નિશામક યંત્ર
આગ બુઝાવવા માટે છાંટવામાં આવતા પદાર્થો	પાણી અને રેતી, શુષ્ક પાઉડર ને ફીણ, કાર્બન ડાયૉક્સાઈડ જેવા ગૅસ.
આગ વખતે રાખવાની તકેદારી	સૌપ્રથમ અગ્નિશામક દળને બોલાવવું, બહાર ખુલ્લામાં જવું, લિફ્ટનો ઉપયોગ ન કરતાં સીડીનો ઉપયોગ કરવો.

સ્વાધ્યાય

(અ) માહિતીનું રૂપાંતરણ કરો :

(૧) મિત્રો, ઘણાં વિદ્યાર્થીઓને કેલીગ્રાફી શીખતાં તમે સાંભળ્યું હશે. કદાચ તે સાંભળીને અને જોઈને તમે ‘અરે વાહ !’ અથવા તો ‘કેટલું સરસ !’ કે પછી ‘વાઉ’ એમ બોલી ગયા હશો ખરું ને ? પણ તમે તેના વિશે કંઈ જાણો છો ખરાં ? કેલીગ્રાફી એટલે સુંદરલેખન. આ કલાની શોધ દસમી સદીમાં થઈ હતી અને સમયાંતરે તેમાં પરિવર્તન થતું રહ્યું છે. તેના પાશ્ચાત્ય કેલીગ્રાફી, પૂર્વ એશિયાઈ કેલીગ્રાફી, દક્ષિણ એશિયાઈ કેલીગ્રાફી અને ઇસ્લામિક કેલીગ્રાફી જેવા પ્રકાર છે. કેલીગ્રાફી માટે ડ્રોઈંગબુક, ગ્રાફ પેપર, કેલીગ્રાફીની પેન, બ્રશ અને સારા પ્રકારની શાહીની જરૂર પડે છે.

આ કલાનો ઉપયોગ સર્જનાત્મક કલામાં થાય છે. દા.ત. પુસ્તકની ડિઝાઈન, ચિહ્નો, પ્રતીકો, મુદ્રાલેખ, લગ્નપત્રિકા, આમંત્રણપત્રિકા, જન્મદિવસ કે એવા પ્રસંગોના અભિનંદનકાર્ડ વગેરે બનાવવામાં થાય છે. તમારા સંગણકમાં ઉપયોગી ‘ફોન્ટ’ એ કેલીગ્રાફી જ છે.

આ કલા અભિવ્યક્તિનું પ્રભાવશાળી માધ્યમ છે. જે આપણી સર્જનશક્તિનો વિકાસ કરે છે. તથા આપણામાં શાંતિ, સ્વસ્થતા અને એકાગ્રતાના ગુણો ખીલવે છે તેમજ આપણી સૌદર્યદષ્ટિ વિકસે છે.

(૨) પહાડી ચિત્રકળા એ રાજપૂત ચિત્રકળાનો એક ભાગ છે. હિમાલયના પહાડી વિસ્તારો કાંગરા, જમ્મુ, ગઢવાલ, ચંબા, બસોલી, જેવા પ્રદેશોમાં જે ચિત્રકળા વિસ્તાર પામી તેને પહાડી ચિત્રકળા કહેવાય છે. મોગલ સામ્રાજ્યમાં અકબરના શાસન દરમિયાન કલા તથા કલાકારોને ખૂબ જ માન-સન્માન અને આદર મળતા. કલાના વિકાસ માટે ઘણાં કલાકેન્દ્રો શરૂ કર્યાં હતાં, પરંતુ ઔરંગઝેબે તે બધી જ શાળાઓ બંધ કરી કલાકારોને તડીપાર કર્યા ત્યારે કલાકારોએ જુદા જુદા સ્થળે આશ્રય મેળવ્યો. પ્રાકૃતિક સૌંદર્ય અને શાંતિથી આકર્ષાઈ ઘણા કલાકારોએ પહાડી ક્ષેત્રના રાજાઓને ત્યાં આશ્રય મેળવ્યો અને ત્યાંના રાજાઓ દ્વારા તેમની ચિત્રકળાને પ્રોત્સાહન આપી વિસ્તૃત કરાઈ જે પહાડી ચિત્રકળા તરીકે ખ્યાતિ પામી.

પહાડી ચિત્રો બનાવવા સિયાલકોટ પેપર (બ્રાઉન પેપર) પર લાલ રંગ કરવામાં આવે છે પછી તેના પર સફેદ આવરણ કરી તેની સપાટીને ઘસી લીસી બનાવાય છે અને તેના પર કાળા અથવા કથ્થઈ રંગથી ચિત્રો દોરવામાં આવે છે. મુખ્ય આકૃતિને જાડી તથા સ્પષ્ટ રૂપરેખા આપવામાં આવે છે. ત્યાર પછી રંગકામ કરવામાં આવે છે. પ્રાથમિક ચિત્ર, રંગકામ અને અંતિમ ઓપ જુદા જુદા કલાકારો દ્વારા કરવામાં આવે છે. પહાડી ચિત્રકળામાં સ્થાનિક અને મોગલ ચિત્રકળાનું મિશ્રણ જોવા મળે છે. તે સમયના વૈષ્ણવ સંપ્રદાયની તેના પર ઘણી અસર દેખાય છે. મીરાંબાઈ, તુલસીદાસ, કબીર, જયદેવ, ચૈતન્ય, જેવા કવિઓની કવિતાના વિષયો પર તેનાં અદ્ભુત ચિત્રો જોવા મળે છે. જુદા જુદા રાજાઓના આશ્રય નીચે પહાડી ચિત્રકળા જુદી જુદી રીતે પ્રસ્તુત થઈ, પરંતુ તેનાં મુખ્ય લક્ષણો એક સરખાં જ હોય છે. પહાડી ચિત્રકળા મુખ્ય બે ભાગમાં વર્ગીકૃત થાય છે. કાંગરા શૈલી અને બસોલી શૈલી.

સ્વ-સર્જન

- નીચેનું ચિત્ર જોઈ સ્વરચિત કાવ્ય/વાર્તા/સંવાદ/પરિચ્છેદ લખો.

કલમ અને તલવાર

કલમ : તલવાર, તું તારી જાતને ગમે તેટલી ઊંચી માન. પણ ખરેખર મોટી તો હું જ છું.

તલવાર : તું ? મારાથી મોટી ? જરા માપીને ખાતરી કરી લે કે મોટું કોણ છે ? અને હા, મારી ધાર કેવી ચમકે છે ? તારા મોં પર તો કેટલી કાળાશ છે ?

કલમ : આકાર અને ચમક-દમકથી મોટું થઈ જવાતું નથી. મોટા તો ગુણોથી થવાય. તું તો હિંસા કરે છે, ગળાં કાપે છે, લોહી વહાવે છે. શું આ નિર્દયતા તારી મોટાઈ છે ?

તલવાર : હા, હું હિંસા કરું છું પણ વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના રક્ષણ માટે. મારા ભયથી બધાં શાંત રહે છે.

કલમ : રક્ષણ ધારથી નહિ, બુદ્ધિ અને જ્ઞાનથી થાય. હું લોકોને જ્ઞાનરૂપી પ્રકાશ આપું છું. તેમનામાં રહેલા સુષુપ્ત વિચારોને જાગૃત કરું છું. લોકોમાં વીરતા ને દેશભક્તિનાં બીજ પણ હું જ વાવું છું.

તલવાર : વિચારોથી કંઈ જ થતું નથી. રામ, કૃષ્ણ, શિવાજી, ચંદ્રગુપ્ત, નેપોલિયન, જેવા વીરો શત્રુઓનો નાશ કરીને જ અમર બન્યા છે.

કલમ : પણ તારા આ વીરોને મારા ભક્તોએ જ અમરતા આપી છે તે તું કેમ ભૂલી જાય છે ? રામને અમર બનાવનાર વાલ્મિકી તને યાદ નથી ? મહાકવિ કાલિદાસ અને તુલસીદાસને શું ભૂલી ગઈ ? કવિઓની કવિતાથી જ વીરોમાં ઉત્સાહ આવે છે.

તલવાર : વાહ ! જીભ ચલાવવામાં તો તને કોઈ જીતી ન શકે.

કલમ : ના બહેન, મારે જીતવું નથી. હું તો ફક્ત એટલું જ કહેવા ઇચ્છું છું કે મારી શાહી વિના તારી ધારનું કોઈ મહત્ત્વ નથી.

તલવાર : સાચી વાત છે. બહેન, મને લાગે છે કે આપણે બંને મળીને કામ કરીએ તો બધાંનું ભલું થશે. હું દેશના રક્ષણની જવાબદારી ઉપાડીશ અને તું એક નવા સુંદર સમાજની રચનાના કાર્યમાં લાગી જા.

કલમ : આ વાત બરાબર. તો મિલાવ હાથ..
(બંને હસીને હાથ મિલાવે છે.)

શાંતિ અને અહિંસા



સુખ સમૃદ્ધિ પામવાનો એ જ છે એક ઉપાય;
શાંતિ અને અહિંસા તણો મહિમા છે કમાલ.

જ્યાં વહેતી હતી નદી દૂધની, ત્યાં વહે છે આજે લોહી ;
અને નળમાં તો પીવાનું પાણી મળે નહીં.
અહિંસા અપનાવીને જુઓ તમે કમાલ;
નાહક માંડી છે મારકાપની બબાલ. સુખ સમૃદ્ધિ...

પોત પોતાના સ્વાર્થ માટે લડે છે સહુ;
'મેરા ભારત મહાન' ફક્ત બોલે છે સહુ,
વિરોધ દર્શાવવા અપનાવો સત્યાગ્રહ;
તોડફોડ એ તો છે માત્ર દુરાગ્રહ. સુખ સમૃદ્ધિ....

જાત-પાતના ભેદને વિસારી,
બની જાઓ સહુ ભારતવાસી,
ચીન, પાકિસ્તાન, નેપાળ રહ્યા છે ઘેરી;
એક થઈ દઈએ સહુને તગેડી. સુખ સમૃદ્ધિ...

ભારતની કીર્તિ અવકાશને આંબે,
ખેડૂત ખુશહાલ, બધાં ભોજન પામે,
હરીભરી ધરતી ખુશ થઈ લહેરાયે,
એવું ભારત વિશ્વગુરુ બની જાયે . સુખ સમૃદ્ધિ...

સ્વાધ્યાય

- નીચેનું ચિત્ર જોઈ સ્વરચિત કાવ્ય/વાર્તા/સંવાદ/પરિચ્છેદ લખો.









પરિશિષ્ટ - ૧

શબ્દો અને શબ્દાર્થ

વિધાત્રી	-	પ્રારબ્ધની અધિષ્ઠાત્રી દેવી
બાળસંઘાતી	-	બાળપણથી સાથે હોય તે
ધારણ	-	ટેકો, આધાર
વાચક	-	વાક્ય, વાચન
જામિની	-	રાત્રિ
વપુ	-	શરીર
કિંકરી	-	દાસી
ખેચરી	-	પંખિણી
રણ	-	લડાઈનું મેદાન
કોળે	-	ખીલવું, પાંગરવું, ફૂલવું
ગેબ	-	અદૃશ્ય
પેખી	-	જોઈને
રૂસણે	-	રિસાવું
ચોગમ	-	ચારે દિશામાં, ચોમેર
તિતિક્ષા	-	સહનશીલતા
ખચીત, ખસૂસ	-	જરૂર, અવશ્ય
ફર્લાંગ	-	માઈલનો આઠમો ભાગ
હેઠવાડે	-	નીચે
કમાનદાર	-	કમાનવાળું, અર્ધગોળાકાર
સરિયામ	-	મુખ્ય
લાંઠ	-	ખંધું, ગાંઠે નહિ તેવું
રઈસ	-	અમીર
બાથોડિયા	-	વલખાં
જવનિકા	-	પડદો
પાર્ષદ	-	દેવનો સેવક
તાલેવંત	-	પૈસાદાર, તવંગર
સહુલિયત	-	સુગમતા, સહેલાઈ
સરપાવ	-	ઇનામ, શાબાશી
સમષ્ટિ	-	સમગ્રતા, સમુદાય

સખાવત	-	દાન, ખેરાત
સખુન	-	બોલ, વેણ, શબ્દ
સર્જના	-	સર્જવું તે
શાખ	-	આબરૂ
નેમ	-	હેતુ, લક્ષ્ય
બહાલી	-	મંજૂરી
બિછાત	-	પાથરણું, જાજમ
પ્રહરી	-	પહેરેગીર
જક	-	જીદ, હઠ
રેખાંકન	-	કેવળ રેખાઓની સહાયથી ચિત્ર દોરવું
નાન્દી	-	નાટકના પ્રારંભમાં બોલાતો શ્લોક
અનામત	-	સાચવી રાખવા સોંપેલું, થાપણ
અવેજ	-	નાણું, મૂડી, સાટા જેટલી કિંમતનો માલ
દવલાં	-	અળખામણાં, અણમાનીતાં
વાસ	-	પોળ, મહોલ્લો
નિભાવ	-	ભરણપોષણ
નવાણ	-	જળાશય
અગમ	-	ગૂઢ
મિષે	-	બહાને
ઝાંઝ	-	ગુસ્સો, રીસ
ઉધમાત	-	ઉત્પાત, તોફાન
ઓઠું	-	પડદો, અંતરો
ગરનાળું	-	પાણી આવવા - જવા માટે બાંધેલો સાંકડો માર્ગ

ઓરસિયો	– સુખડ, ઇત્યાદિ ઘસવાનો પથ્થર	મોપલાંવાળાં	– મલબારમાં વસતા એક જાતિના લોકો
બરનો માલ	– જાતનો માલ (અહીં ઉપયોગમાં આવે તેવો માલ)	બોયા	– પાણીમાંના ખરાબાની ચેતવણી આપવા માટે દરિયામાં તરતો રાખેલો લોઢાનો ગોળો.
આતવારિયા	– રવિવારિયા, રવિવારે જોવા મળતાં		

પરિશિષ્ટ – ૨

પારિભાષિક શબ્દો

- Affidavit – શપથપત્ર
- Agenda – કાર્યસૂચિ
- Agreement – કરાર
- Announcement – ઉદ્‌ઘોષણા
- Application – અરજી
- Approval – માન્યતા
- Assistant – સહાયક
- Automatic – સ્વયંસંચાલિત
- Budget – અંદાજપત્ર
- Calender – તારીખિયું
- Capital – મૂડી
- Casual – પ્રાસંગિક
- Census – જનગણના
- Circular – પરિપત્રક
- Compensation – ક્ષતિપૂર્તિ
- Confidential – ગોપનીય
- Encyclopaedia – જ્ઞાનકોશ
- Excise – જકાત
- Expert – તજજ્ઞ
- Field work – ક્ષેત્રકાર્ય
- Financial year – નાણાંકીય વર્ષ
- Grant – અનુદાન
- Guardian – પાલક
- Head quarter – મુખ્ય કાર્યાલય
- Manuscript – હસ્તપ્રત
- Merit – ગુણવત્તા
- Migration – સ્થળાંતર
- Notification – સૂચના
- Office – કાર્યાલય
- Permanent – કાયમી
- Poster – ભીંતપત્ર
- Qualification – યોગ્યતા
- Receipt – રસીદ
- Renovation – નૂતનીકરણ
- Report – અહેવાલ
- Reservation – આરક્ષણ
- Retired – સેવાનિવૃત્ત
- Revenue – મહેસૂલ
- Slogan – ઘોષવાક્ય
- Souvenir – સ્મરણિકા
- Supervisor – નિરીક્ષક
- Survey – સર્વેક્ષણ
- Terminology – પરિભાષા
- Therapy – ઉપચાર પદ્ધતિ
- Unanimous – સર્વસંમત
- Valuation – મૂલ્યાંકન
- Waterproof – જલરોધક
- Workshop – કાર્યશાળા

પરિશિષ્ટ - ૩

રેડિયો જોકી

આજે વ્યવસાય ક્ષેત્રે આધુનિક આગવું અને નવું નામ એટલે રેડિયો જોકી. રેડિયો જેવું શ્રાવ્ય માધ્યમ આજે ગામડાઓ સુધી પહોંચ્યું છે. રેડિયો જોકી (R.J.) એ રેડિયોના માધ્યમથી માત્ર સમાચાર જ નહીં પણ ગીત, સંગીત, જ્ઞાન, વિજ્ઞાન અને દેશવિદેશની ખબરો પહોંચાડે છે. નાની વાર્તાઓથી સાહિત્ય પીરસે છે. વ્યવસાયલક્ષી માહિતી પણ પહોંચાડે છે. આ માધ્યમ માટે નિયમો પણ હોય છે. રેડિયો જોકી બનનાર વ્યક્તિ પાસે નીચેના ગુણો જરુરી છે.



- **રેડિયો જોકીનાં કાર્યો :**

(૧) કાર્યક્રમ પ્રસ્તુતીકરણ

(૨) મહેમાનનો પરિચય

(૩) મુલાકાત લેવી

(૪) પોતાની વાત પ્રસ્તુત કરવી

(૫) શ્રોતાવર્ગ સાથે સંવાદ

(૬) બે ગીતોની વચ્ચે જોડાણ કરતી વાતચીત મૂકવી

(૭) ટેલીફોનના માધ્યમથી શ્રોતાઓ સાથે વાતચીત કરવી

(૮) કાર્યક્રમનું સુંદર સમાપન

- **રેડિયો જોકી વ્યવસાયના ફાયદા :**

(૧) વક્તૃત્વ શક્તિ ખીલે છે.

(૨) સાહિત્યવિષયક તેમજ અન્ય વિષયનું જ્ઞાન વધે છે.

(૩) જનતા સાથે સંપર્ક થતા વિચારોનું આદાનપ્રદાન થાય છે.

(૪) ભાષા શુદ્ધિ તેમજ આરોહ-અવરોહની સમજ મળે છે.

(૫) સાહિત્ય, સંગીત અને કલા પ્રત્યે અભિરુચિ વધે છે.

(૬) વ્યક્તિ માતૃભાષાના માધ્યમથી આર્થિક રીતે પગભર બને છે.

પરિશિષ્ટ - ૪

સાહિત્ય ક્ષેત્રે કાર્ય કરતી કેટલીક સંસ્થાઓ

(૧) ભારતીય જ્ઞાનપીઠ : સાંસ્કૃતિક જાગૃતિ, સાહિત્યિક વિકાસ, રાષ્ટ્રીય ઐક્ય તથા દેશની પ્રતિષ્ઠાના રક્ષણને વરેલી તથા ભારતીય ભાષાઓની સર્વોત્કૃષ્ઠ સર્જનાત્મક કૃતિને દર વર્ષે પુરસ્કૃત કરનારી આ સંસ્થાની સ્થાપના સ્વ. શાંતિપ્રસાદ જૈને ૧૯૪૪માં કરી હતી.

ભારતીય જ્ઞાનપીઠ તરફથી ભારતની બંધારણમાન્ય પંદર ભાષાઓમાંથી - દર વર્ષે પસંદ કરેલી કોઈ એક કૃતિને ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર આપવામાં આવે છે. ક્યારેક અનિવાર્ય સંજોગોમાં બે કૃતિઓ વચ્ચે પણ પુરસ્કાર વહેંચાય છે. સાહિત્યના ક્ષેત્રમાં ભારતના આ સર્વોચ્ચ બહુમાનમાં રૂ. એક લાખ, સોના તથા તાંબાનું બનેલું પ્રશસ્તિપત્ર તથા સરસ્વતીની કાંસાની બનેલી મૂર્તિ એનાયત કરવામાં આવે છે.

આજ સુધીમાં નીચેના ગુજરાતી સાહિત્યકારોને આ બહુમાન મળ્યું છે.

(૧) ૧૯૬૭ શ્રી. ઉમાશંકર જોષી
(૨) ૧૯૮૫ શ્રી. પન્નાલાલ પટેલ
(૩) ૨૦૦૧ શ્રી. રાજેન્દ્ર શાહ
(૪) ૨૦૧૬ શ્રી. રઘુવીર ચૌધરી

(૨) સાહિત્ય અકાદમી દિલ્હી : સાહિત્ય અકાદમીની સ્થાપના ૧૨મી માર્ચ, ૧૯૫૪ના રોજ કરવામાં આવી હતી. ભારતીય સાહિત્યનો વિકાસ સાધવો, ઉચ્ચ સાહિત્યિક મૂલ્યોની સ્થાપના કરવી, ભારતની બધી ભાષાઓની સાહિત્યિક પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરતા રહી તેમની વચ્ચે પરસ્પર સહકાર અને સમન્વય સાધવો તથા એકંદરે સમગ્ર દેશના સાંસ્કૃતિક ઐક્યને દૃઢ બનાવવું વગેરે હેતુઓ તેની સ્થાપના વખતે ધ્યાનમાં રખાયા હતા. આ સંસ્થાની સ્થાપના ભારત સરકારે કરી હોવા છતાં તેની રોજિંદી પ્રવૃત્તિઓમાં તે પૂરેપૂરી સ્વાયત્તતા ધરાવે છે.

અકાદમીનું મુખ્ય કામ સાહિત્યની ઉત્તમ કૃતિઓ પ્રગટ કરવાનું, તે ભાષાઓની શિષ્ટ-માન્ય કૃતિઓના અનુવાદો પ્રગટ કરવાનું તથા તે ભાષાઓ તથા તેમના સાહિત્ય વિશે માહિતી આપતા સંદર્ભ ગ્રંથો પ્રગટ કરવાનું છે.

(૩) ગુજરાત સાહિત્ય અકાદમી : ૧૯૮૧માં ગુજરાત રાજ્ય સરકારે અલગ ગુજરાત સાહિત્ય અકાદમીની સ્થાપના કરી.

ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા ચલાવતી પ્રવૃત્તિઓ -

- શિષ્ટ માન્ય પુસ્તકોના લેખકને તથા નવોદિત લેખકને સહાય
- ગ્રંથ પ્રકાશન યોજના અંતર્ગત ગુજરાતી ભાષાના ઉત્તમ પુસ્તકોનું પ્રકાશન
- ઉત્તમ ગુજરાતી પુસ્તકોને પારિતોષિક આપવા
- વિશ્વ સાહિત્યની ઉત્તમ કૃતિઓના ગુજરાતી અનુવાદ માટે સહાય

(૪) ગુજરાતી સાહિત્ય પરિષદ : ઇ.સ. ૧૯૦૫માં ગુજરાતી સાહિત્ય પરિષદની સ્થાપના થઈ. શ્રી. રણજીતરામ મહેતા એના આદ્યસ્થાપક છે. જ્ઞાનસત્રોનું આયોજન કરી વિવિધ સાહિત્યિક પ્રશ્નો અને સ્વરૂપોની ચર્ચા કરવામાં આવે છે. અધિવેશનો દ્વારા પરિસંવાદ, સાહિત્યપ્રદર્શનો, કવિ સંમેલનો યોજી સાહિત્યરસિકો માટે ઉત્તમ વાતાવરણનું નિર્માણ કરવામાં આવે છે.

'પરબ' નામનું સામયિક પ્રગટ કરે છે. ગુજરાતી ભાષા - સાહિત્યના અમૂલ્ય ગ્રંથ - નિર્માણનું કામ પરિષદે હાથ ધરેલું છે.

વિવિધ ચંદ્રકો અને પારિતોષિકો એનાયત કરી લેખકોને પ્રોત્સાહનનું અને સર્જનના ક્ષેત્રે ઊંચે લઈ જવાનું મહત્ત્વનું કામ આ સંસ્થા કરે છે.

- **ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા આપવામાં આવતા કેટલાંક પારિતોષિકો :**

૧.	શ્રી અરવિંદ (સુવર્ણચંદ્રક) પારિતોષિક	: ભક્તિવિષયક સર્વશ્રેષ્ઠ મૌલિક પુસ્તકને શ્રી હરિ ૐ આશ્રમપ્રેરિત પારિતોષિક.
૨.	ડૉ. ઉપેન્દ્ર પંડ્યા મહાનિબંધ પારિતોષિક	: યુનિવર્સિટી દ્વારા મંજૂર થયેલા સર્વશ્રેષ્ઠ મહાનિબંધને
૩.	ડૉ. ઉપેન્દ્ર પંડ્યા લલિત નિબંધ પારિતોષિક	: લલિતનિબંધના સર્વશ્રેષ્ઠ પુસ્તકને
૪.	શ્રી. ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક	: સાહિત્યના સર્વશ્રેષ્ઠ પુસ્તકને
૫.	શ્રી. ઉશનસ્ પારિતોષિક	: સર્વશ્રેષ્ઠ દીર્ઘ કાવ્યો (સૉનેટમાળા, ખંડકાવ્યો, પદ્યનાટક કે અન્ય પ્રકારનાં વર્ણનાત્મક ચિંતનાત્મક દીર્ઘકાવ્યોની કૃતિને.
૬.	શ્રી. એની બહેન સરૈયા પારિતોષિક	: કિશોર સાહિત્યના સર્વશ્રેષ્ઠ પુસ્તકને.
૭.	શ્રી. કાકાસાહેબ કાલેલકર પારિતોષિક	: નિબંધ, પ્રવાસ, સ્મરણો, જીવનચરિત્રોના સર્વશ્રેષ્ઠ પુસ્તક માટે
૮.	શ્રી. ગોપાળરાવ વિદ્વાંસ પારિતોષિક	: ભારતીય ભાષાંતરના સર્વશ્રેષ્ઠ પુસ્તક માટે
૯.	શ્રી. જ્યોતીન્દ્ર દવે હાસ્ય પારિતોષિક	: હાસ્ય, વિનોદ, કટાક્ષ વગેરના સર્વશ્રેષ્ઠ પુસ્તક માટે
૧૦.	શ્રી. તખસિંહ પરમાર પારિતોષિક	: પ્રકાશિત થયેલ સર્વશ્રેષ્ઠ પ્રથમ કાવ્યસંગ્રહ
૧૧.	શ્રી. દિનકર શાહ 'કવિ જય' પારિતોષિક	: પ્રકાશિત થયેલ સર્વશ્રેષ્ઠ પ્રથમ સર્જનાત્મક પુસ્તક
૧૨.	શ્રી. દિલીપ ચં. મહેતા પારિતોષિક	: ગઝલ સંગ્રહને
૧૩.	શ્રી. નટવરલાલ માળવી પારિતોષિક	: બાળસાહિત્યના સર્વશ્રેષ્ઠ પુસ્તકને

(૫) મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી : મહારાષ્ટ્રમાં વસતા અને ગુજરાતી ભાષામાં સાહિત્ય સર્જન કરતાં સાહિત્યકારોની કૃતિઓના પ્રકાશન માટે સહાય, ઉત્તમ કૃતિઓને પારિતોષિક આપી નવાજવી જેવી અનેક પ્રવૃત્તિઓ દ્વારા ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે કાર્યરત છે.





















- पाठ्यपुस्तक मंडळाची वैशिष्ट्यपूर्ण पाठ्येत्तर प्रकाशने.
- नामवंत लेखक, कवी, विचारवंत यांच्या साहित्याचा समावेश.
- शालेय स्तरावर पूरक वाचनासाठी उपयुक्त.

पुस्तक मागणीसाठी www.ebalbharati.in, www.balbharati.in संकेत स्थळावर भेट द्या.

साहित्य पाठ्यपुस्तक मंडळाच्या विभागीय भांडारांमध्ये विक्रीसाठी उपलब्ध आहे.

ebalbharati

विभागीय भांडारे संपर्क क्रमांक : पुणे - ☎ २५६५९४६५, कोल्हापूर- ☎ २४६८५७६, मुंबई (गोरेगाव) - ☎ २८७७१८४२, पनवेल - ☎ २७४६२६४६५, नाशिक - ☎ २३९१५११, औरंगाबाद - ☎ २३३२१७१, नागपूर - ☎ २५४७७१६/२५२३०७८, लातूर - ☎ २२०९३०, अमरावती - ☎ २५३०९६५



મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે - ૪૧૧ ૦૦૪.

गुजराती युवकभारती इयत्ता बारावी (गुजराती भाषा) ₹ 104.00